DISPLAY



# ખાદી આંદોલન

## સમાજશાસ્ત્રીય અભ્યાસ

આઈ. પી. દેસાઈ

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ · સુરત

# વેડછી આંદોલન

## સમાજશાસ્ત્રીય અભ્યાસ

આઈ. પી. દેસાઈ

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

આવૃતિ પહેલી ૧૯૮૨

પ્રકાશક :

ઘનશ્યામ શાહ,

નિયામક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ,

યુનિવર્સીટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ,

સુરત ૩૯૫૦૦૮

મુદ્રક :

પ્રતાપ દવે

પવન પ્રિન્ટરી,

વ્યારા ૩૯૪ ૬૫૦

# નિવેદન

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝે છેલ્લા દશ વર્ષમાં ગુજરાતના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પ્રક્રિયાઓને લગતા ઘણા અભ્યાસો કર્યાં છે. જે લેખો અને પુસ્તકો સ્વરૂપે પ્રસિદ્ધ પણ થયા છે. કમનસીબે મોટાભાગના અભ્યાસો એક યા બીજી મર્યાદાઓને કારણે અંગ્રેજીમાં લખાયા. જ્યારે અમે અંગ્રેજીમાં લખતા ત્યારે અમારા સૌ (સેન્ટરના સભ્યો)ના મનમાં એક વસવસો રહ્યા કરતો હતો–આજે પણ તે છે, કે આ લખાણો ગુજરાતના લોકો–ખાસ કરી વિદ્યાર્થીઓ અને શિક્ષકો, વિકાસના કામોમાં, આંદોલનોમાં, રોકાયેલા અને જાહેર સંસ્થાઓ ચલાવતા કાર્યકર્તાઓ અને જિલ્લા કે ગ્રામ કક્ષાએ કામ કરતા કર્મચારીઓ સુધી પહોંચ્યા નથી. જો અમે ગુજરાતીમાં લખીએ તો કદાચ પ્રસ્તુત અભ્યાસો તેમનામાંથા કેટલાક સુધી પહોંચવાની સુવિધા થઈ શકે. તેમના પ્રતિભાવો પણ મળી શક. તેઓ અમારા ગુણઅદોષો બતાવી શકે અને આ રીતે અરસપરસ ચર્ચાઓ થઈ શકે. આમ કરતાં વિદ્યાસંસ્થાઓ અને આમસમાજ વચ્ચે ખાઈ ઓછી થઈ શકે.

અમારાં લખાણોને ગુજરાતીમાં છપાવવા અંગે છેલ્લાં બે ત્રણ વર્ષથી અમે સતત પ્રયત્ન કરતા હતા. પરંતુ અમારાં સાધનો—આર્થિક અને માનવીય—ટાંચા પડતાં. અમારી આ મૂંઝવણ અમે

કેટલાક મિત્રો સમક્ષ રજૂ કરી અને તેઓએ ભાષાંતરનું કામ કરવા તત્પરતા બતાવી. એથી અમારો ઉત્સાહ વધ્યો. નાણાંકીય મદદ માટે અમે ઈન્ડીયન કાઉન્સીલ ઓફ સોશ્યલ સાયન્સ રીસર્ચ (આઈ. સી. એસ. એસ. આર.) અને ગુજરાત સરકાર પાસે અમારી યોજના મૂકી. તેઓએ અમારી યોજનાનો સ્વીકાર કર્યો અને ગુજરાતીમાં સેન્ટરના કેટલાંક લખાણોને પ્રકાશિત કરવા માટે અનુદાન આપ્યું. આ અનુદાન વગર વેડછી આંદોલનનું પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરવાનું શક્ય ન બન્યું હોત. અમે ગુજરાત સરકાર અને આઈ. સી. એસ. એસ. આર. નો અનુદાન માટે આભાર માનીએ છીએ. અલબત્ત આ લખાણોમાં વ્યક્ત થયેલા અને થનારા વિચારો તેમ જ અર્થઘટનો જે તે લેખકના છે અને ગુજરાત સરકાર, આઈ. સી. એસ. એસ. આર. કે સેન્ટરના સંસ્થા તરીકેના નથી તે સ્પષ્ટ કરવાની ભાગ્યે જ જરૂર છે.

'વેડછી આંદોલન' પરનું આઈ. પી. દેસાઈ કૃત પુસ્તક એ અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરવાનો અમારો પ્રથમ પ્રયત્ન છે. આ પુસ્તકનો સૌથી પહેલાં તરજુમો શાંતિભાઈ મેરાઈએ કર્યો, ત્યાર પછી એ પ્રતમાં હર્ષદ દેસાઈ, અચ્યુત યાજ્ઞિક, વિદ્યુત જોષી અને ઘનશ્યામ શાહે જરૂરી ફેરફારો કર્યા. આઈ. પી. દેસાઈ આખી પ્રત જોઈ ગયા એટલે આ ભાષાંતર સંયુક્ત પ્રયત્નનો પરિપાક છે. આ સૌ મિત્રોના અમે આભારી છીએ.

આ પુસ્તકો અંગે સૂચનો અને ટીકાટીપ્પણો આવકાર્ય છે.

ઘનશ્યામ શાહ
વિદ્યુત જોષી
ગુજરાતી પ્રકાશન સમિતિ,
સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

# પ્રસ્તાવના

વેડછી આંદોલનનો અભ્યાસ ઈ. સ. ૧૯૬૯માં પૂરો કરેલો. તે ઈ. સ. ૧૯૭૭માં અંગ્રેજીમાં છપાયેલો, ત્યારથી આજે પાંચ વર્ષ પછી ઈ. સ. ૧૯૮૨માં ગુજરાતીમાં બહાર પડે છે. પણ એકંદરે ૧૩ વર્ષ પછી પણ મને એમાં કંઈ ફેર કરવાની જરૂર લાગતી નથી. છતાં એ હકીકતો ધ્યાનમાં લેવી અનુચિત નથી. એક તો એટલાં વર્ષો મારી જિંદગીમાં પણ વધ્યાં અને બીજું જે સમાજમાં હું જીવું છું તેમાં અને તે સમાજના એક ભાગ તરીકે જે ઘટકનો અભ્યાસ કરેલો તે ઘટક અને તે સમાજનાં પણ તેટલાં વર્ષો વધ્યાં. વ્યક્તિ તરીકે મારામાં એક પ્રકારની સક્રિયતા ઘટે અને નિષ્ક્રિયતા વધે. તેનાં બે પાસાં ભૌતિક અને સામાજિક. વૈચારિક ક્રિયાઓ પણ તે બંને પાસાંમાં વધતી ઘટતી હશે અને સંબંધિત વિચારો પર પણ તેની અસર પડતી હશે. આ બાબતો લક્ષમાં રાખી એમ કહી શકાય કે સામાન્ય રીતે અમુક વર્ષો પછી જૂનું વાગોળવાની વૃત્તિ – પ્રવૃત્તિ વ્યક્તિમાં પ્રાધાન્ય મેળવવા માંડે. તેની એક દિશા એવી હોય કે અમારા વખતમાં આમ હતું અને હવે તો આમ છે. વળી તે 'આમ'

સારું કે નરસું છે તેવા અભિપ્રાયો પણ બંધાય અને ગાંઠ પણ વળે. એક કરતાં વધુ પ્રકારનાં પરિણામો શકય થાય. માણુસ પોતાના તરફ સંકેલાવા માંડે અને પ્રભુભક્તિ કે બીજી કોઇ રીતે સંતોષ માનવા માંડે. તેની સાથે વૈચારિક અળગાપણું (આઇસોલેશન) પણ આવે. બીજું શકય પરિણામ એ છે કે વ્યક્તિ વર્તમાન પ્રવાહો સાથે ધસડાવા માંડે. ઊગતી પેઢી આ બંને પ્રકારનાં પરિણામોનો તેને ફાવતી રીતે ઉપયોગ કરે. પહેલાં પ્રકારના પરિણમમાં તેને બાજુએ હડસેલે કે ગોઠવે. આમાં સૌજન્ય, મૃદુતા, કઠોરતા વગેરે વ્યક્તિ અને સંજોગો પ્રમાણે હોય. વાગોળવાની વૃત્તિ-પ્રવૃત્તિની બીજી દિશા એવી હોય કે માણુસ વૈચારિક સ્તરપર કઠોરતા જાળવી રાખે પણ ગાંઠ ન બાંધે અને વાગોળવાની - વૃત્તિ પ્રવૃત્તિને વર્તમાન સાથે જોડવા પ્રયત્નશીલ થાય. આ દિશામાં એક પ્રકારની જીવંતતા રહેવાની શકયતા છે. શકયતા કહેવાનું કારણુ એવું કે આ પ્રકારની સક્રિયતામાં પણુ ભૌતિક અને સામાજિક પાસાંઓ તો કામ કરતાં જ રહે અને તેની અસર સક્રિયતા પર જરૂર પડે, તેમાં વ્યક્તિએ કેટલું અને કેવી રીતે અનુકૂલન કર્યું તે તેના ઉપર આધાર રાખે છે. પણુ મુખ્ય વાત વૈચારિક સ્તરપર તેની અસર ન થવા દેવી તેવી જાગરુકતા રાખવી જરૂરી છે. આ જાગરુતા કેમ રાખવી તે વ્યક્તિદીઠ જુદું હોઈ શકે. સામાન્ય ઉપચાર બતાવી ન શકાય. તેમાં પણુ ભૌતિક-સામાજિક પરિસ્થિતિની અસરકારકતા ખરી એટલું કહી શકાય.

૧૩ વર્ષ પર લખેલું વાગોળવામાં મારો પ્રયત્ન જીવંતતા જાળવી રાખવાનો છે. તે રીતે ૧૩ વર્ષ પર જે કેટલીક વાતો ધ્યાનમાં લીધેલી અને કેટલીક લાધેલી, પણુ ચર્ચેલી નહીં તે વાતોને આજે વાગોળવામાં આત્મસંતોષ સિવાય બીજો કંઇ વર્તમાન સાથે સંબંધ હોય તો જ વિચારની જીવંતતા શકય છે. કેટલીક જૂની વાતોને વર્તમાન સાથે સંબંધ છે તેવી વાતોનો અહીં ફક્ત નિર્દેશ કરું છું.



(૧) એક એવો મત છે કે અંગ્રેજી ભણેલાઓ થકી આપણે પાશ્ચાત્ય સમાજ - સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા અને તે વિચારો તથા વ્યક્તિઓ થકી જ સમાજસુધારાની પરિણામકારક કે અપરિણામકારક ચળવળ કે આંદોલનો થયેલાં. વેડછી આંદોલનના અભ્યાસ પછી આ મત ચકાસવાની જરૂર જણાય છે. વેડછી વિસ્તારમાં ગાંધીવાળાઓ પહેલાં જે લોકોએ સુધારાની ચળવળ શરૂ કરેલી, તેમાંનો કોઈ અંગ્રેજી ભણેલો ન હતો. પ્રાશ્ચાત્ય સમાજ-સંસ્કૃતિની અસર હતી કે નહીં તે જોવા માટે તે વખતના અભ્યાસક્રમો જોવા જરૂરી છે. આ બાબતને ન્યાયક સ્વરૂપમાં પણુ લઈ શકાય દા.ત. કેળવણી, એટલે સંસ્થાકીય કેળવણીનો (ફોર્મલ એજ્યુકેશનનો) સમાજસુધારા અને પરિવર્તનમાં શું ભાગ, એવો પ્રશ્ન પુછાય તો છે જ પણુ તેનાં ફોર્મ્યુલેશન અને વિગતો નક્કી કરવામાં આ અભ્યાસમાંથી કંઈક ઉપયોગી સૂચનો મળે. ઉપયોગિતા બિનઉપયોગિતા શોધનારની દ્દષ્ટિ ઉપર આધાર રાખે.

(૨) કેળવણીની બાબતમાં તદ્દન પછાત વિસ્તારમાં થયેલા અનુભવો અને અખતરાઓ ઘણા અગત્યના છે. તે બે-ત્રણ પ્રકારના

છે. આપણે એક જ લઈએ. બૌદ્ધિક અને શારીરિક તથા સામાજિક સાંસ્કૃતિક તત્ત્વોનો મેળ બેસાડવાની મથામણ વેડછીમાં થયેલી. તે મથામણમાં રહેલ પ્રાયોગિક અભિગમ વિષે તો આપણને માન ઊપજે, કારણ એમાં કોઈ એમ. એ. કે પીએચ. ડી. થયેલા નહોતા. આપણે આજે પણ આ પ્રશ્નો છેડી શકયા નથી. પાછલા અનુભવો કામ લાગે એવા ખરા કે, એમ પૂછી શકાય. અખતરા કરવાની હિંમત અને દૃષ્ટિની આજના ડીગ્રીધારી નોકરિયાતો–કેળવણીકાર પાસે અપેક્ષા રાખવી ન જોઈએ. તેમની ક્ષમતાની શંકા કરવાની જરૂર નથી. સાધનો ટાંચા છે એમ પણ માની ન શકાય.

(૩) સમાજ સુધારણા અને પરિવર્તનમાં બીજો અગત્યનો ફાળો જેને આપણે ધાર્મિક તત્ત્વ કહીએ તેના વિશે વિશેષ અને ઊંડો અભ્યાસ જરૂરી છે એમ વેડછી આંદોલનના અભ્યાસમાંથી સૂચનો મળે છે. આજે જયારે સમગ્ર સમાજમાં ધર્મ વિશે એક પ્રકારની જાગૃતિ, મહારાજો અને બાપુઓ વડે ચાલતી ચળવળો કે આંદોલનો થકી પ્રબળ થઈ છે ત્યારે તેનો અભ્યાસ તો જરૂરી થાય છે. પરંતુ વેડછી આંદોલનમાં ભગત, ભૂવા, દેવ અને તેમના ઈડીયમ વાપરનારા રાજકીય કાર્યકરોનો ફાળો અને પરિણામો વિશે વિચાર કરવો અસ્થાને ન ગણાય. શરૂઆતમાં સર્જેલા અને વર્જેલાના સામાજિક વિભાગો થયેલા. કદાચ સ્વાતંત્ર્ય પછીના કાળમાં સતકેવલ, મોક્ષમાર્ગ વિગેરે સંપ્રદાયોની પણ આદિવાસી વિસ્તારમાં અસર પડી છે. આ બધાનો સામાજિક રાજકીય સંબંધ એક અભ્યાસનો વિષય બની શકે. આજના મહારાજો બાપુઓને સમજવામાં પણ કદાચ ઉપયોગી થાય. ભગતભુવાઓએ સર્જેલા વર્જેલાના આદિવાસી સમાજમાં તડ ઊભાં કરેલાં. સુરત શહેરનો જ દાખલો લઈએ તો



વિવિધ પ્રકારના ધાર્મિક વ્યાખ્યાનો, યજ્ઞો વિગેરેનો જબરદસ્ત જુવાળ કેટલાંયે વર્ષોથી ચાલુ છે. તેને પરિણામે એ સંતો, બાપુઓ અને મહારાજોના વ્યાખ્યાનોની અસરથી એકુંડઝન જેટલા ઉદ્યોગપતિઓ વેપારીઓ કે કોન્ટ્રાકટરો અસર પામેલા જોવા મળે ખરા કે? આદિવાસીઓએ એકડા તથા સર્જેલા–વર્જેલા એવા તડ કરેલા. પરંતુ આજના આધુનિક અને સુસંસ્કૃત વ્યાખ્યાન ગોઠવનારાઓ એ પ્રવચનમાં માનનારા અને તે પ્રમાણે વર્તનારાઓની મંડળી, કલબ કે એવું કંઈક સુશોભિત નામ આપી ભેગા મળતા હશે ખરા? બીજી અગત્યની વાત એવી કે આખી પ્રવૃત્તિ ગોઠવનારા આ જ લોકો છે. ધર્મ અને સમાજસુધારાની ચળવળનો તુલનાત્મક અભ્યાસ ઘણો બોધક નીવડવા સંભવ છે. જો કે કેટલાંક હિતોને બાધક પણ થાય.

(૪) આજે વેડછીવાળાઓ અને ગાંધીવાળાઓ તરફ જોવાની દૃષ્ટિ આપણા વર્તમાન અનુભવોથી રંગાયેલી હોય. પરંતુ જયારે જમીનદારો, પીઠાવાળાઓ અને કોન્ટ્રાકટરો તથા સરકારી માણસો એવા જ તે વિસ્તારમાં જતા હતા ત્યારે ત્યાં જઈ વ્યક્તિગત સ્વાર્થ બાજુએ રાખી તે લોકોમાં વચ્ચે પલાંઠીવાળી જેઓ બેઠા તેમની મહેનત પરિણામકારક પણ નીવડી એમાં શંકા નથી. આજે આપણી સમક્ષ પ્રશ્ન એવો છે કે આદિવાસીઓમાં (તેમજ બિન–આદિવાસીઓમાં પણ) જંગલ, પહાડી વિસ્તારોમાં ગામડામાં અને શહેરોમાં રિબાતો, કચડાયેલો શોષિત વર્ગ ખૂબ મોટો છે. અને ગાંધીવાળાઓ જયારે આદિવાસીઓમાં ગયેલા ત્યારના કરતાં પ્રશ્નની તીવ્રતા ઓછી નથી. અને જો એ જ લોકો આ રિબાતા, કચડાયેલા લોકોમાં જાય તો લોકોનો વિશ્વાસ સંપાદન કરી તેમને હતાશા અથવા નિરાશાની પરિસ્થિતિમાંથી પ્રવૃત્તિમાન કરવા માટે એમની જે પદ્ધતિ હતી તે જ કામ લાગે એટલે પરિણામકારક

છે. આપણે એક જ લઈએ. બૌદ્ધિક અને શારીરિક તથા સામાજિક સાંસ્કૃતિક તત્ત્વોનો મેળ બેસાડવાની મથામણ વેડછીમાં થયેલી. તે મથામણમાં રહેલ પ્રાયોગિક અભિગમ વિષે તો આપણને માન ઊપજે, કારણ એમાં કોઈ એમ. એ. કે પીએચ. ડી. થયેલા નહોતા. આપણે આજે પણ આ પ્રશ્નો છેડી શકયા નથી. પાછલા અનુભવો કામ લાગે એવા ખરા કે, એમ પૂછી શકાય. અખતરા કરવાની હિંમત અને દૃષ્ટિની આજના ડીગ્રીધારી નોકરિયાતો–કેળવણીકાર પાસે અપેક્ષા રાખવી ન જોઈએ. તેમની ક્ષમતાની શંકા કરવાની જરૂર નથી. સાધનો ટાંચા છે એમ પણ માની ન શકાય.

(૩) સમાજ સુધારણા અને પરિવર્તનમાં બીજો અગત્યનો ફાળો જેને આપણે ધાર્મિક તત્ત્વ કહીએ તેના વિશે વિશેષ અને ઊંડો અભ્યાસ જરૂરી છે એમ વેડછી આંદોલનના અભ્યાસમાંથી સૂચનો મળે છે. આજે જ્યારે સમગ્ર સમાજમાં ધર્મ વિશે એક પ્રકારની જાગૃતિ, મહારાજો અને બાપુઓ વડે ચાલતી ચળવળો કે આંદોલનો થકી પ્રબળ થઈ છે ત્યારે તેનો અભ્યાસ તો જરૂરી થાય છે. પરંતુ વેડછી આંદોલનમાં ભગત, ભૂવા, દેવ અને તેમના ઈડીયમ વાપરનારા રાજકીય કાર્યકરોનો ફાળો અને પરિણામો વિશે વિચાર કરવો અસ્થાને ન ગણાય. શરૂઆતમાં સર્જેલા અને વર્જેલાના સામાજિક વિભાગો થયેલા. કદાચ સ્વાતંત્ર્ય પછીના કાળમાં સત્કેવલ, મોક્ષમાર્ગ વિગેરે સંપ્રદાયોની પણ આદિવાસી વિસ્તારમાં અસર પડી છે. આ બધાનો સામાજિક રાજકીય સંબંધ એક અભ્યાસનો વિષય બની શકે. આજના મહારાજો બાપુઓને સમજવામાં પણ કદાચ ઉપયોગી થાય. ભગતભુવાઓએ સર્જેલા વર્જેલાના આદિવાસી સમાજમાં તડ ઊભાં કરેલાં. સુરત શહેરનો જ દાખલો લઈએ તો



વિવિધ પ્રકારના ધાર્મિક વ્યાખ્યાનો, યજ્ઞો વિગેરેનો જબરદસ્ત જુવાળ કેટલાંયે વર્ષોથી ચાલુ છે. તેને પરિણામે એ સંતો, બાપુઓ અને મહારાજોના વ્યાખ્યાનોની અસરથી એકુંડઝન જેટલા ઉદ્યોગપતિઓ વેપારીઓ કે કોન્ટ્રાકટરો અસર પામેલા જોવા મળે ખરા કે? આદિવાસીઓએ એકડા તથા સર્જેલા–વર્જેલા એવા તડ કરેલા. પરંતુ આજના આધુનિક અને સુસંસ્કૃત વ્યાખ્યાન ગોઠવનારાઓ એ પ્રવચનમાં માનનારા અને તે પ્રમાણે વર્તનારાઓની મંડળી, કલબ કે એવું કંઈક સુશોભિત નામ આપી ભેગા મળતા હશે ખરા? બીજી અગત્યની વાત એવી કે આખી પ્રવૃત્તિ ગોઠવનારા આ જ લોકો છે. ધર્મ અને સમાજસુધારાની ચળવળનો તુલનાત્મક અભ્યાસ ઘણો બોધક નીવડવા સંભવ છે. જો કે કેટલાંક હિતોને બાધક પણ થાય.

(૪) આજે વેડછીવાળાઓ અને ગાંધીવાળાઓ તરફ જોવાની દૃષ્ટિ આપણા વર્તમાન અનુભવોથી રંગાયેલી હોય. પરંતુ જયારે જમીનદારો, પીઠાવાળાઓ અને કોન્ટ્રાકટરો તથા સરકારી માણસો એવા જ તે વિસ્તારમાં જતા હતા ત્યારે ત્યાં જઈ વ્યક્તિગત સ્વાર્થ બાજુએ રાખી તે લોકોમાં વચ્ચે પલાંઠીવાળી જેઓ બેઠા તેમની મહેનત પરિણામકારક પણ નીવડી એમાં શંકા નથી. આજે આપણી સમક્ષ પ્રશ્ન એવો છે કે આદિવાસીઓમાં (તેમજ બિન–આદિવાસીઓમાં પણ) જંગલ, પહાડી વિસ્તારોમાં ગામડામાં અને શહેરોમાં રિબાતો, કચડાયેલો શોષિત વર્ગ ખૂબ મોટો છે. અને ગાંધીવાળાઓ જ્યારે આદિવાસીઓમાં ગયેલા ત્યારના કરતાં પ્રશ્નની તીવ્રતા ઓછી નથી. અને જો એ જ લોકો આ રિબાતા, કચડાયેલા લોકોમાં જાય તો લોકોનો વિશ્વાસ સંપાદન કરી તેમને હતાશા અથવા નિરાશાની પરિસ્થિતિમાંથી પ્રવૃત્તિમાન કરવા માટે એમની જે પદ્ધતિ હતી તે જ કામ લાગે એટલે પરિણામકારક

થાય ખરી. આજે ગાંધીવાદી સિવાયના બીજા ઘણા લોકો આદિવાસી વિસ્તારમાં અને બીજે રિબાતા, કચડાયેલા વર્ગોમાં કામ કરે છે તેમની પ્રવૃત્તિ સાથે પણ તુલના કરી શકાય.

આવું જ એક આંદોલન દહાણુ તાલુકાના વાર્લી વિભાગમાં ચાલ્યું હતું. વાર્લીઓમાં એક પ્રકારની જાગૃતિ આવેલી, પરંતુ પછી આજે ત્યાં શી પરિસ્થિતિ છે તે જાણવું પણ બોધક થશે. ત્યાંના આંદોલનની પદ્ધતિ તદ્દન જુદી હતી.

(૫) આ અભ્યાસનું તારતમ્ય એવું છે કે વેડછીવાળાઓની તે વખતના આદિવાસી સમાજ માટેની કાર્ય કરવાની પદ્ધતિ, તેને વરેલા કાર્યકરો અને આંદોલનનું ઉદ્દિષ્ટ બધામાં એકમેળ હતો અને પરિણામે આંદોલન સફળ રહ્યું અને અભ્યાસ કરનારનું (મારું) અનુમાન એવું બંધાયું કે એમની સફળતાનાં જે પરિણામો આવ્યાં તેમાંથી જે નવી પરિસ્થિતિ સર્જાઈ તે તેમના આદર્શો પ્રમાણેની નથી. તે વાત આ કાર્યકરો પણ માન્ય રાખે. પરિણામે સ્વાતંત્ર્યોત્તર સમયના કામમાંથી આંદોલનનું તત્ત્વ નીકળી ગયું છે. અને હવે જે કામ થાય છે તે પ્રાણ વગરની સક્રિયતાના સ્વરૂપનું છે. એ જ કાર્યક્રમો એ જ આદર્શો અને એ જ કાર્યકરો (સિવાય કે તેમના વિચારો ફેરવાય) હોય તો પણ એમાં નવો પ્રાણ પૂરી શકાય એમ નથી એવું મારું મંતવ્ય છે. ટૂંકમાં આંદોલનના આદર્શો-વિચારસરણી બદલવી પડે. તેને આંદોલનની સફળતાને પરિણામે આવેલા સામાજિક, આર્થિક તથા રાજકીય ફેરફારોને અનુરૂપ એવાં સૂત્રો પોતાની તથા સમાજની સામે ધરી ચાલવું પડે. તેવું એક સૂત્ર તે 'સમાનતા' જે ગાંધીના તત્ત્વજ્ઞાનથી વિરુદ્ધ નથી એટલું જ નહીં પણ સુસંગત છે અને સમગ્ર આમસમાજમાં જે



ફેરફારો આવ્યા છે તેને પણ અનુરૂપ છે. દેશના બંધારણમાંથી પણ એ નીપજે છે.

(૬) આ સૂત્રો પણ વેડછી આંદોલનની સફળતામાંથી જ જન્મે છે. આંદોલનનો એક હેતુ આદિવાસીને નવો માણસ એટલે એ આદિવાસી છે એવું યાદ પણ ન આવે એવો માણસ બનાવવાનો હતો. વાસ્તવિકતા જોતાં એક અર્થમાં અને એક સ્તરે એવો આદિવાસી ઉત્પન્ન થયો જ છે. બીજા અર્થમાં અને સ્તરે પણ તેવો માણસ જન્મ્યો છે. પણ તે ઉત્થાન પામેલો નહીં, ઊલમાંથી ચૂલમાં પડેલો. ડુંગર-જંગલમાં રહીને તેની સાથે જીવનનું તાદાત્મ્ય કેળવેલો આદિવાસી મટી એ આત્મીયતા વગરનો હાડમાંસ ને રુધિર ભરેલો મહેનતકશ અથવા મજૂર કે વધેલુંઘટેલું કે તપેલી થાળીએ વળગેલું ખાઈને જીવનાર એવો ખેડુ બની ગયો છે. આદિવાસી સમાજના મોટા સમુદાયની આ પરિસ્થિતિ છે. ડુંગર, જંગલ, જમીન એનાં રહ્યાં નથી. એ સરકાર થકી ઘણે અંશે નવા સર્જાતા સમાજના એક સ્તરની માલિકીનાં થયાં છે આદિવાસીના મોટા સમુદાયને સમજ પડતી નથી કે શું થઈ રહ્યું છે. તે સમજ કેળવનારું અને તેને અંગેના કાર્યક્રમોવાળું નવું આંદોલન જ પ્રાણવાન થઈ શકે. તે સમાનતાના સૂત્ર પર થઈ શકે. પણ એ નવો માણસ એટલે હવામાં અદ્ધર રહેલો નહિ પણ સમાજમાં રહેતો. વેડછી આંદોલનના પાયામાં ઈચ્છિત સમાજ ગાંધીવાદી સમાજ હતો. નવો આદિવાસી તે સમાજનો સભ્ય બને તે ઇચ્છિત હતું, પણ તે થયું નથી. તેથી કેટલાક વેડછી આંદોલનમાં ઓતપ્રોત થયેલાને લાગે કે બધું બગડી ગયું છે. એમાં સાચું એટલું કે એમણે જેવું ઇચ્છ્યું હતું તે નથી થયું પણ નવો આદિવાસી થયો નથી તે સાચું નથી. પ્રશ્ન એ છે કે તે વખતમાં કલ્પેલા સમાજ તરફ એને દોરી શકાય કે નહીં? આ પ્રશ્નના ઉત્તર વખતે ધ્યાનમાં રાખવાનું કે આદિવાસી સમગ્ર

સમાજથી અળગો રહ્યો નથી પણ ખૂબ સંડોવાયો છે. નીકળી ન શકે એટલો. સાથે અસમાનતા પણ જોઈ શકે છે. તેમાંથી તે તેની રીતે નીકળવાને ફાંફાં મારે છે. આનું ઉદાહરણ છાત્ર યુવા સંઘર્ષ વાહિનીના ગુજરાતી મુખપત્ર "વાહિની પ્રવાહ"ના તા. ૧-૪-૮૨ના અંક 'લાછરસની ઘટના અને તેના સંકેતો'ની નોંધમાંથી આપીએ. લાછરસની ઘટનાને અંતે બહેનોએ કહ્યું તે આ પ્રમાણે : "આ દિવેલીયાનું તો બહાનું જ સાહેબ, બાકી એમને દુઃખે અમે મંડળી બનાવી અને આગલે દાહડે ઝીણાકાકાને મળ્યા એ. અમારી તો સરકારને એક જ માગ છે. અમને તલાવડા ઊંડા કરવાનું કે રસ્તા કરવાનું કામ આપે. બાકી ઈમના ખેતરોમાં અમારે કામ નથી કરવું. ને સરકાર કામ ની આપવાની હોય તો પછી બોંબ ગોળા ફેંકે અમારી ઉપર જેથી આ ગુલામીમાંથી તો છૂટીએ." નોંધ લખનાર કહે છે: "આવી ઠોસ રજૂઆત કરનાર આ બહેનોને કશું સમજાવવાનું બાકી રહે છે ખરું ?" આ ગુલામીમાંથી છૂટવા માટે બોંબથી મરી જવું તે ગુલામીનો ઉકેલ નથી. એટલે આ દાખલો મોટા સમુદાયના વ્યર્થ ફાંફાનો છે.

આદિવાસી સમાજમાં બીજો નાનકડો પણ બોલકો અને આર્થિક, રાજકીય તેમ જ સામાજિક રીતે તંદુરસ્ત અને વગદાર નવો આદિવાસી જન્મ્યો છે. તેનો નવો સ્તર થયો છે. આ બીજા પ્રકારનો નવો આદિવાસી તે મોટા સમુદાયનું શોષણ અને તજ્જન્ય રિબામણ જોઈ શકે છે, એટલું જ નહીં પણ તેને અંગેની સમજ પણ કેળવે છે. પણ તે સમજ તે પોતાના સ્તરને ફાવતી એટલે તેનાં હિતોને ફાવતી. તે સ્તરના સભ્યો સમગ્ર આદિવાસી સમાજના પ્રતિનિધિ તરીકે માન્યતા પામે છે. આદિવાસી સમાજના મોટા સમુદાયના શોષણ રિબામણનો તે પોતાના સ્તરનાં હિતોમાં ઉપયોગ કરે છે. આમાં ડીગ્રીધારી નોકરીઆત તથા જમીન ધરાવનાર કે



નાના મોટા કોન્ટ્રાકટરો, વેપારી વિગેરે જે અખિલ હિંદ કક્ષાએ પણ મોટા પ્રમાણમાં ઊભા થયા છે તેવા લોકો. આ રીતે આ સ્તર સમગ્ર આમસમાજ સાથે જોતરાય છે. એના આ ગુણ સ્વરૂપ ફેંકી દેવાના નથી પણ સમજવાના છે. આ રીતે આદિવાસી સમાજ સમગ્ર સમાજ સાથે સમાન હિત ધરાવતો થયો છે. પેલો બીજો રિબાતો સ્તર પણ તેના ગુણ સ્વરૂપે સમગ્ર સમાજમાં જે મોટો સમુદાય (બિનઆદિવાસી) છે તેની સાથે સમાન હિત ધરાવે છે. આવા અર્થમાં વેડછી આંદોલનમાં કલ્પેલો નવો આદિવાસી અસ્તિત્વમાં આવ્યો છે. આ વાત આંદોલનમાં નવો પ્રાણ પૂરવા માટે અવગણી શકાય નહીં.

આદિવાસીઓનો નવો સ્તર સમગ્ર સમાજના સક્ષમ સ્તરની સાથે હરીફાઈના સંબંધથી જોડાય છે. તેમાં આગળ જવા માટે નીચેના સ્તરના શોષણ રિબામણનો ઉપયોગ કરે છે. અને તેમાં આદિવાસી બિનઆદિવાસી સમાનતાના સૂત્રનો પણ ઉપયોગ કરે છે. પણ એની સમાનતા અને પેલા લાછરસના મજૂરની સમાનતામાં ફેર છે, તે સમજવું જોઈએ. સમાનતાનું સૂત્ર આમ ફેંકી દેવું ન જોઈએ. પણ સમજીને આગળ ચલાવવું જોઈએ. આદિવાસી બિનઆદિવાસીના સંબંધની આ ભૂમિકા છે. આ સંબંધ સમજવામાં વિદ્વજ્જનોએ વાપરેલી વિભાવનાઓ જેવી કે 'એથ્નીસીટી' એથ્નીક 'આઈડેન્ટીટી, 'કલ્ચરલ આઈડેન્ટીટી' વિગેરેને પણ આ સંદર્ભમાં ઘટાવવી જરૂરી છે.

ગુજરાતમાં આદિવાસી સ્વાયત્તરાજનું સૂત્ર એકવાર જાગેલું અને બિહારમાં આજે પણ છે. તેને 'કલ્ચરલ આઈડેન્ટીટી' તરીકે ઓળખવાનો પ્રયત્ન થઈ શકે. તેની છણાવટમાં આપણે અત્રે પડતા

નથી. પણ ગુજરાતમાં તો તે જેમ જાગેલું તેમ બેસી ગયેલું. પણ તેને અવગણવા કરતાં તેને ઉપલા સ્તરના તે વખતના ફાંફા તરીકે પણ સમજી શકાય. આજે તેને એવી જરૂર નથી કારણ કે તે અખિલ ગુજરાત આર્થિક સામાજિક, રાજકીય ઘટનાઓમાં સંડોવાઇ ગયો છે. હવે તે ખાંડનું કારખાનું, નહેરના લાભો કે નાના મોટા ઉદ્યોગો માટેની સવલતો માટે પોતાની વગ વાપરે છે. આવી રીતે તે વ્યાપક સમાજના ઉપલા વર્ગ સાથે જોડાતો જાય છે, પરંતુ તે હરીફાઈના સંબંધે. જ્યારે પેલો બીજો મોટો વર્ગ ફાંફા મારે છે. તેના હિતની એને સમજ પડતી નથી. પણ હકીકતમાં તો તે પણ બિનઆદિવાસી સમાજના અથવા સમગ્ર સમાજના એવા જ મોટા સમુદાય સાથે જોતરાયેલો છે. તે હિત–સમજ નવા આંદોલનકારોએ આપવી પડશે.

આમ આદિવાસી સમાજ વિભાજિત થયો છે. પરંતુ તેનો નાનો સમુદાય વ્યાપક સમાજના નાના સમુદાય સાથે અને મોટા સમુદાય આમસમાજ સાથે સમાન હિતથી જોડાય છે તે હકીકત ધ્યાનમાં રાખવાની છે.

વેડછી આંદોલનમાં પડેલા બધા આદિવાસી સમાજમાં થતા આવા ફેરફારોથી અપરિચિત નથી, એટલું જ નહીં પણ સજાગ પણ છે. કદાચ બૌદ્ધિક સ્તરે છણાવટ વધારે ફળદાયી થાય. આ સજાગતાનું એક ઉદાહરણ તે અંત્યોદયનું સૂત્ર અને તે પ્રમાણેનું કામ. તેનાં પરિણામોનો અભ્યાસ પણ બોધક નીવડે.

અહીં બીજી એક વાતની નોંધ લઈ શકાય તે વેડછી આંદોલનમાં વ્યક્તિનો ફાળો. તેમાં જુગતરામ મોખરે. તે ન હોત તો બીજાએ કંઈક કર્યું હોત તેમ વિચારવું અનુચિત છે. હકીકત એ છે કે



તેમણે જીવન વેડછીને અર્પ્યું. તે પેટનો ખાડો પુરવા માટે કે લોકોની વાહવાહ મેળવવા માટે નહીં, પણ પોતે બાંધેલા આદર્શ–યુક્ત ધ્યેયને પહોંચવા માટે. તેમની એક દૃષ્ટિ એવી કે આંદોલન વ્યાપક બને અને તે માટે કાર્યકરો ઘડવા અને તે બધા સ્વતંત્ર રીતે કામ કરતા થાય. તેવા માણસો નીકળેલા. તેઓ આજે અન્ય સંસ્થાઓ ચલાવે છે. આ પ્રદાન નાનું સૂનું નથી. આજે એ બધા ભેગા મળી એમની પ્રવૃત્તિઓનું સરવૈયું કાઢે તો વૈચારિક રીતે આંદોલનને ફાયદો થાય.

અહીં છેવટે એક વાત કહેવી જરૂરી લાગે છે. "વેડછી આંદોલન" એવું જે શીર્ષક આપ્યું છે, તે એક દિવસ બધાએ ભેગા મળી ઠરાવ કરી આંદોલન ચલાવવું એવા અર્થમાં 'આંદોલન' લેવાનું નથી. 'આંદોલન' તો સંશોધકે કરેલું નીરપેક્ષીકરણ (એબ્સ્ટ્રેકશન) છે, જે છૂટાછવાયા મનમાં પડેલા વિચારોને હકીકત સાથે મેળ કરી કરેલી એક ગૂંથણી છે. આવા પ્રશ્નોની ચર્ચા પણ વિદ્વાનો કરી શકે.

વેડછી આંદોલનના અભ્યાસનું કામ મને સોંપવા બદલ હું ગાંધીઅન ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્ટડીઝ, વારાણસીનો આભારી છું. વેડછી આંદોલનના કાર્યકરોએ આ કામ દરમિયાન જે સહકાર અને મદદ આપ્યાં છે તે બદલ તેમનો આભાર. મુલાકાતો દ્વારા માહિતી એકત્ર કરવા માટે અને ગુજરાતીમાં પ્રથમ મુસદ્દો તૈયાર કરવા માટે શ્રી ભરત પાઠકનો આભાર માનું છું. ગુજરાતી અને અંગ્રેજી લખાણો વાંચીને સૂચનો કરનારનો, અનુવાદ કરનારનો તથા છપાવનારનો પણ આભાર માનું છું. અલબત્ત, જે કંઇ ભુલો રહી જતી હોય તેની જવાબદારી મારી છે.

માર્ચ, ૧૯૮૨
સુરત

—આઈ. પી. દેસાઈ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. પરિચય | ૧ |
| ૨. વેડછી આંદોલનની પાર્શ્વભૂમિકા | ૧૨ |
| ૩. વેડછીના કામનું મંડાણ | ૩૪ |
| ૪. ખાદી કામનું ભણતર એટલે આત્મરચનાની કેળવણી | ૪૫ |
| ૫. આંદોલનમાં ગુણાત્મક પરિવર્તન | ૫૨ |
| ૬. સ્વાતંત્ર્યોત્તર સમય અને વેડછી આંદોલન | ૭૪ |
| ૭. ભાવિ કાર્યક્રમની ઝાંખી | ૧૩૦ |
| ૮. સમાપન | ૧૪૯ |




## પરિચય

સુરત જિલ્લાના વાલોડ તાલુકામાં આવેલું વેડછી ગામ ત્યાંના 'સ્વરાજ્ય આશ્રમ' ને લીધે ખૂબ જ જાણીતું બન્યું છે. આ આશ્રમમાં શ્રી જુગતરામ દવેના માર્ગદર્શન હેઠળ છેલ્લાં પચાસ વર્ષોથી વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. આથી સ્વાભાવિક રીતે જ, વેડછી આશ્રમ આજુબાજુના વિસ્તારમાં થયેલાં કામોનું પ્રતીક બની ગયો છે.

વેડછી અને તેની આજુબાજુના વિસ્તારમાં થયેલાં આ કામને, વેડછી આશ્રમ અને તેનાં બીજાં કેન્દ્રોમાં રહેલા કાર્યકરો દ્વારા થયેલું હોવાથી, વેડછીનાં કામ તરીકે સ્વાભાવિક રીતે જ, ઓળખવામાં આવે છે. વેડછીનાં કામને સમજવા તેનાં ત્રણ પાસાં – પ્રદેશ, પ્રજા અને સંજોગો – જોવાં પડે.

**(૧) પ્રદેશ – વિસ્તાર :** વેડછી દ્વારા થયેલું કામ આજુબાજુના ત્રીસ માઈલ (લગભગ ૫૦ કિ. મી.) ના પ્રદેશમાં વિસ્તરેલું છે. આ બધો જંગલોનો પ્રદેશ છે. અહીં પથરાઈને કામ કરવા માટે વિપુલ સંખ્યામાં કેન્દ્રો અને કાર્યકરોની જરૂર પડે. અને વેડછીને તેટલી સંખ્યામાં કાર્યકરો અને કેન્દ્રો મળી પણ રહ્યાં છે. આ બધા કાર્યકરો અને કેન્દ્રો કયાં તો વેડછીની શાખા બની રહ્યાં છે, અથવા વેડછી સાથે ગાઢ રીતે સંકળાયેલાં રહ્યાં છે.

આ વિસ્તાર જંગલનો વિસ્તાર હોવાથી વિકસિત મેદાની વિસ્તારોમાં જે સગવડો, વાહન અને સંદેશાવ્યવહાર જેવી, હોય તેવી સગવડો આ વિસ્તારમાં ઉપલબ્ધ નથી બની.

**(૨) પ્રજા :** જંગલનો આ વિસ્તાર પછાત કહેવાય. તેમાં વસતી પ્રજા પણ વિકસિત પ્રદેશોની પ્રજા કરતાં જીવનની બધી બાબતોમાં પછાત છે. એટલે કે આ લોકો બીજી પ્રજા કરતાં માત્ર આર્થિક રીતે જ નહીં પરંતુ શૈક્ષણિક અને રાજકીય રીતે પણ પછાત છે. આ લોકો આદિવાસીઓ તરીકે ઓળખાય છે. રાનમાં વસતી પ્રજા હોવાથી તેઓ રાનીપરજ તરીકે પણ જાણીતા છે. આ વિસ્તારની આદિવાસી પ્રજા ચૌધરી, ગામીત, ધોડિયા, કોટવાળીયા વગેરે જુદી જુદી જાતિઓમાં વહેંચાયેલી છે. બધી આદિવાસી જાતિઓ સરખી પછાત નથી. આવી પછાત આદિવાસી જાતિ વચ્ચે કામ થયું હોવાથી ખાસ પ્રકારનાં કામ અને ખાસ પ્રકારના કાર્યકરોની જરૂર પડી.

**(૩) સ્વાતંત્ર્ય આંદોલન :** વેડછીમાં થયેલું કામ ગાંધીજીના નેતૃત્વ હેઠળ ચાલેલા સ્વાતંત્ર્ય આંદોલનના એક ભાગરૂપ હતું. વેડછી વિસ્તારમાં થયેલાં કામમાં જે ભરતી ઓટ આવ્યાં તે સ્વાતંત્ર્ય આંદોલનની પ્રક્રિયા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં હતાં, એટલું જ નહીં પરંતુ જે કામ થયું તેનું સ્વરૂપ પણ સ્વાતંત્ર્ય આંદોલનનાં સ્વરુપથી વ્યાપક પ્રમાણમાં અસર પામેલું હતું.

જ્યાં આ કામ થયું તે ભૌગોલિક પ્રદેશ અને જેમની વચ્ચે આ કામ થયું તે લોકોનાં સામાજિક લક્ષ્યો આ અભ્યાસ માટેનાં નિરીક્ષણનું ક્ષેત્ર આંકે છે તો સ્વાતંત્ર્ય આંદોલનના જે સમયમાં આ કામ થયું તે સમયને પૂર્વ સ્વાતંત્ર્ય અને અનુસ્વાતંત્ર્ય એવા બે સમયગાળામાં વહેંચી દેવાથી તે કામને સમજવું સહેલું બને છે.



સામાન્ય રીતે જેને વેડછીનું કામ ગણવામાં આવે છે તેમાં વેડછી આશ્રમ અને એવાં બીજાં કેન્દ્રો દ્વારા આદિવાસીઓમાં જાગૃતિ લાવવા માટે હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. વેડછી આશ્રમના આ પ્રયાસોથી આદિવાસીઓ જાગૃત થઈ પોતાના સમાજમાં સામાજિક પરિવર્તન લાવવા માટે પ્રવૃત્ત થાય તેવી આ કામમાં પડેલા કાર્યકરોની અપેક્ષા હતી. ઈ.સ. ૧૯૨૨ થી ૧૯૬૭ના સમય-ગાળામાં થયેલા આ પ્રયાસોએ આંદોલનનું સ્વરૂપ લીધું હોવાથી, અને આ આંદોલન વેડછીને કેન્દ્રમાં રાખી આજુ બાજુના ૩૦ માઈલના વિસ્તારમાં અને પચાસ વર્ષથી વધારે સમય સુધી ચાલુ રહ્યું હોવાથી આ કામને આંદોલન કહેવું વધુ ઉચિત છે. તેથી પ્રસ્તુત અભ્યાસ વેડછી આંદોલનનો અભ્યાસ કહી શકાય.

અહીં કોઈ નિશ્ચિત સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોને આધારે અભ્યાસ કરવાનો દાવો નથી. વળી આ અભ્યાસમાં ઉપકલ્પનાઓ (હાયપોથીસીસ) પણ નથી. એ અર્થમાં અહીં કંઈ સાબિત કરવાનો દાવો પણ નથી. પરંતુ આ અભ્યાસનો હેતુ વેડછીનાં કામ વિષે જે કંઈ માહિતી મળી તેને વર્ગીકૃત કરી આંદોલનના ચોકઠામાં રજૂ કરવાનો છે. આમ કરતાં આ અભ્યાસ વેડછી આંદોલનનો અભ્યાસ બને. આમ કરવામાં હકીકતોને વિભાવનાના સ્વરૂપમાં બદલીએ છીએ.

## આંદોલન એટલે શું ?

આંદોલનનો અભ્યાસ કરવા માટે આંદોલના વિવિધ ઘટકોનો વિચાર કરવો પડે. આ માટે આંદોલનને નીચે મુજબ ચાર ઘટકોમાં વહેંચી શકાય : (૧) ઇચ્છિત સ્થિતિનું ધ્યેય અથવા દિશા. (૨) કાર્યક્રમ (૩) કાર્યકરો અને (૪) સંગઠન. આ ચારેય ઘટકો પ્રમાણે માહિતી એકત્ર કરવાની હોઈ તેમને વિષે વિગતે જોઈએ.

(૧) આંદોલનની દિશા :

આંદોલનને ચોક્કસ દિશા હોય છે. પ્રવર્તમાન સ્થિતિ પ્રત્યેના અસંતોષની પરિસ્થિતિમાં તે ભવિષ્યમાં ઇચ્છિત સ્થિતિ પ્રાપ્ત કરવા તરફ લક્ષ્ય તાકે છે. આ સ્થિતિનું ચિત્ર અસ્પષ્ટ, અર્ધસ્પષ્ટ કે સ્પષ્ટ હોઈ શકે. જ્યારે રામરાજ્ય કે સુરાજ્ય પ્રાપ્ત કરવાની વાત કરવામાં આવે ત્યારે આ સ્થિતિનું ચિત્ર અસ્પષ્ટ છે તેમ કહી શકાય. જ્યારે પ્રજાસત્તાક સ્વરૂપની સરકાર પ્રાપ્ત કરવાનું ધ્યેય રજૂ કરવામાં આવે ત્યારે તેને અર્ધસ્પષ્ટ કહી શકાય. પરંતુ સ્વાતંત્ર્ય પહેલાં ભારતના કેટલાક લોકોએ બ્રિટીશ સામ્રાજ્યમાં ચાલુ રહીને, કેનેડાની જેમ,' 'ડોમીનીયન સ્ટેટસ'' મેળવવાની વાત કરી ત્યારે ભવિષ્યની સ્થિતિનું ચિત્ર સ્પષ્ટ હતું તેમ કહી શકાય.

ઇચ્છિત સ્થિતિનું ધ્યેય વિચારસરણી સાથે સંબંધ ધરાવે છે. આંદોલનનો દોરીસંચાર વિચારસરણી મુજબ થતો હોય છે. આથી આંદોલનના અન્ય ઘટકો વિચારસરણી સાથે સુસંગત હોવાં જરૂરી છે. આંદોલનના વિવિધ કાર્યક્રમો અને તેને અમલમાં મૂકવાના સાધનો જેટલે અંશે વિચારસરણી સાથે સંકળાયેલાં હોય તેટલે અંશે લોકોમાં સ્વીકાર્ય બને છે. સાધનો બે પ્રકારનાં હોય : બંધારણીય અને બિનબંધારણીય. બિનબંધારણીયમાં હિંસક અથવા તો અહિંસક પરંતુ સીધાં પગલાંઓનો સમાવેશ થઇ શકે. કામની પદ્ધતિના સંદર્ભમાં સાધનોને સુધારાવાદી અથવા ક્રાંતિકારી એવા બે પ્રકારોમાં પણ વહેંચી શકાય. ક્રાંતિકારી પદ્ધતિ સાથે હિંસક સાધનો સામાન્ય રીતે જોડાયેલાં હોય છે. કેવા પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે તેને આંદોલનનાં સ્વરૂપ સાથે (ઇચ્છિત સ્થિતિનાં ચિત્રનાં સ્વરૂપ સાથે) સંબંધ છે. પ્રવર્તમાન સમાજ વ્યવસ્થાની મર્યાદામાં રહીને તેમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે તે સુધારાવાદી. આમાં પ્રવર્તમાન સ્થિતિ ધીમે ધીમે બદલાય છે. જ્યારે ક્રાંતિકારી



આંદોલનમાં પ્રવર્તમાન સમાજ વ્યવસ્થાને તોડીફોડીને નવી રચના કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ઉપર જે સાધનોની વાત કરી તેને પદ્ધતિ અથવા અભિગમ તરીકે પણ સમજાવી શકાય.

(૨) કાર્યક્રમ :

આંદોલનનું બીજું મહત્ત્વનું ઘટક એટલે તેનો કાર્યક્રમ. ભવિષ્યની ઇચ્છિત સ્થિતિ પ્રાપ્ત કરવા માટે કેટલીક પ્રવૃત્તિઓ કરવી પડે છે. આ પ્રવૃત્તિઓ કરવા માટે જે યોજના ઘડી કાઢવામાં આવે તે કાર્યક્રમ. કાર્યક્રમ કેવો હોવો જોઈએ તે અંગે નેતાઓમાં અને કાર્યકરોમાં મતભેદ હોઈ શકે. પરંતુ કાર્યક્રમ માટે ગણનાપાત્ર બાબત એ છે કે જે લોકો સમક્ષ આ કાર્યક્રમ મુકાવાનો છે તેમને એ સ્વીકાર્ય હોવો જોઇએ. સ્વીકાર્ય ત્યારે બને જ્યારે લોકોની વિચારસરણી વિષયક, મનોવૈજ્ઞાનિક, સામાજિક અને ભૌતિક જરૂરિયાતો (નીડ્ઝ) સાથે તે કાર્યક્રમ સંકળાયેલો હોય અને તે કાર્યક્રમ થકી લોકોની જરૂરિયાતોની પૂર્તિ તરફ પ્રવૃત્તિ થતી હોય. આ જરૂરિયાતો લાંબાગાળાની કે ટૂંકાગાળાની, લોકોમાંથી ઉદ્ભવેલી કે બહારથી લદાયેલી – કોઈ પણ પ્રકારની હોઈ શકે. એવું પણ બને કે લોકો કાર્યક્રમ થકી પોતાની જરૂરિયાતો પ્રત્યે જાગૃત બને. કાર્યક્રમની લોકો દ્વારા સ્વીકૃતિ આંદોલનની ધ્યેય પ્રાપ્તિ પર અસર કરે છે. એટલું જ નહીં પરંતુ જેમ વધુને વધુ લોકો આ કાર્યક્રમને સ્વીકારે તેમ આંદોલનનો વ્યાપ પણ વધે છે.

(૩) કાર્યકરો :

આંદોલનનું ત્રીજું ઘટક એટલે આંદોલનના કાર્યકરો. કાર્યક્રમના અમલ માટે અને તેને લોકો સમક્ષ લઈ જઈને પાર પાડવા માટે કાર્યકરોની જરૂર પડે છે. કાર્યકરો બે પ્રકારના હોય. એક તો નેતાઓ અથવા નીતિના ઘડવૈયાઓ. બીજા કાર્યક્રમને અમલમાં

મુકનારાઓ. આ કાર્યકરોને આંદોલનની વિચારસરણી અને કાર્યક્રમ ગળે ઉતર્યાં હોવાં જોઈએ. આ કાર્યકરો આંદોલનના આદર્શોને સમર્પિત એવા સ્વયંસેવકો હોય છે અને તેમનામાં ત્યાગ અને નિઃસ્વાર્થ પ્રવૃત્તિ (સેવા)ની ભાવના પણ હોય છે. કાર્યકરો આંદોલનના કામના બદલામાં મહેનતાણું સ્વીકારે કે ન પણ સ્વીકારે. આ કાર્યકરો પૂર્ણ સમયના કે ખંડ સમયના હોઈ શકે.

(૪) સંગઠન :

આ ઘટક અન્ય ઘટકો જેટલું જ મહત્ત્વનું છે. જ્યાં અને જ્યારે કેટલાક લોકો સાથે મળીને કામ કરવા લાગે છે ત્યાં અને ત્યારે તેમના આંતર્સંબંધોનો સવાલ ઉપસ્થિત થાય છે. આ સંબંધો ઊંચ–નીચના છે કે સમાનતાના તેનો આધાર કાર્યકરો, તેમની શક્તિ, સત્તા અને કાર્યોના સંદર્ભમાં તેઓ કેવું સ્થાન ધરાવે છે તેના પર આધારિત છે. ક્યાં તો સંગઠનમાં ઔપચારિક રીતે નક્કી થયેલાં અને લોકોને અપાયેલાં સ્થાનનો કોટિક્રમ હોય છે અગર તો આવી કોઈ જાહેરાત વિના બધાને સમાન રીતે સ્વીકારવામાં આવે છે. બન્ને કિસ્સાઓમાં કાર્યો અને જવાબદારીઓ નિશ્ચિત તો હોય જ છે. સંગઠનમાં લોકોને દાખલ કરવાના, મહેનતાણું ચૂકવવાના, બઢતી આપવાના અને છૂટા કરવાના નિયમો અને પદ્ધતિઓ હોય છે.

જ્યારે ઇચ્છિત ધ્યેય વધુ શક્તિશાળી હોય અને કાર્યકરો તે ધ્યેયને સમર્પિત હોય તથા ધ્યેયપ્રાપ્તિ માટે ત્યાગ અને નિઃસ્વાર્થ-વૃત્તિની ભાવનાથી કામ કરવા તૈયાર હોય ત્યારે સંગઠનમાં ઔપચારિકતાનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે. આવે સમયે નિયમો નહીં પરંતુ કામ વધુ મહત્ત્વનું હોય છે. કામ નિશ્ચિત હોય છે. પરંતુ અમુક (નિષ્ણાત) કાર્યકર જ અમુક કામ કરી શકે તેવું હોતું નથી. બધા જ કાર્યકરો ગમે તે પ્રકારનું કામ કરવા તૈયાર હોય



છે. આ પરિસ્થિતિમાં તેમના પારસ્પરિક સંબંધો નિયમોને આધારે નહીં પરંતુ પરસ્પરની સમજણ અને ગોઠવણને આધારે રચાય છે. આવા બધા કાર્યકરો કોઈ એક સ્વીકૃત નેતાના હાથ નીચે કામ કરવા માટે તૈયાર હોય છે. તેનાથી વિરુદ્ધ જ્યારે ધ્યેયપ્રાપ્તિ થતી જતી હોય અને કાર્યકરોનું ધ્યેય પ્રત્યેનું સમર્પણ નબળું પડવા માંડ્યું હોય, ત્યારે તેમના પારસ્પરિક સંબંધો નિયમબદ્ધ બને છે અને સંગઠનમાં ઔપચારિકતાનું પ્રમાણ વધે છે. ટૂંકમાં કહીએ તો, અનૌપચારિકતા કે ઔપચારિકતાના પ્રભુત્વ પરથી તે સંગઠન અનૌપચારિક સંગઠન કે ઔપચારિક સંગઠન તરીકે ઓળખાય છે.

જેમ પ્રવૃત્તિઓનો ભૌગોલિક વ્યાપ અને પ્રકાર (તથા સંખ્યા) વધે તેમ અનૌપચારિક સંગઠન બિનકાર્યક્ષમ બનતું જાય છે. આ પરિસ્થિતિ આંદોલનનાં સ્વરૂપને અસર કરે છે. પ્રવૃત્તિઓ સ્થિર અને લાંબા ગાળાની બનવા સાથે પરિપાટીમાં સરતી જાય છે. પરિવર્તન લાવવા માટે ઉદ્ભવેલું સંગઠન, જે કંઈ પ્રાપ્ત થયું છે તે ટકાવી રાખવા (ચાલુ રાખવા) માટેનું સ્વૈચ્છિક અથવા કાનૂની સ્વરૂપનું ઔપચારિક મંડળ બની જાય છે. આનો અર્થ એમ પણ થઈ શકે કે આંદોલને જે કાંઈ પ્રાપ્ત કરવાનું હતું તે, અધૂરું કે પૂરું, પ્રાપ્ત કરી લીધું છે અને તે સમાજના વ્યાપક પ્રવાહમાં સમાઈ ગયું છે.

નિર્ણય લેવાની પ્રક્રિયા અને નેતૃત્વ સંગઠનનાં સ્વરૂપ સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. એટલે કે, શું કરવાનું છે, કઈ રીતે કરવાનું છે, જે કંઈ થયું છે તે બરાબર થયું છે કે નહીં તે બાબતનો નિર્ણય કરવાનું કામ જેમના હાથમાં છે તેઓ સંગઠનને અસર કરે છે. આથી જે લોકો નિર્ણયો લે અને જે રીતે નિર્ણયો લે તેની અસર સંગઠનનાં સ્વરૂપ પર પડે છે.

નેતૃત્વ સામાન્ય રીતે સંગઠનમાંના ભૂમિકા સંબંધોથી નક્કી થાય છે. આ સંજોગોમાં સંગઠનની અંદર રહીને નેતા કામ કરે છે. પરંતુ કયારેક નેતા સંગઠનની બહાર રહીને પણ સંગઠનના નિર્ણયોને અસર કરનારો હોઈ શકે.

ઉપર જે ઘટકોની ચર્ચા કરી છે તેમાંનું કોઈ એક ઘટક સ્વતંત્રપણે આંદોલનનો આકાર ન લઈ શકે. આંદોલન આ બધાં ઘટકોના સમન્વયમાંથી ઉદ્દભવે છે. તેથી કોઈ એક ઘટકનું બળાબળ આંદોલનનું સ્વરૂપ અને બળાબળ નકકી કરવામાં પોતાનો ભાગ ભજવી શકે.

પ્રકરણની શરૂઆતમાં જણાવ્યું છે તેમ આંદોલન જે પ્રદેશ અને જે લોકોમાં આકાર લે તે લોકો અને વ્યાપક સામાજિક સંજોગોની વચ્ચે અસ્તિત્ત્વ ધરાવે છે. આથી આંદોલનને ચકાસતી વખતે આ બાબતોને પણ ધ્યાનમાં લેવી ઘટે.

## વેડછી આંદોલન :-

જ્યારે આપણે વેડછીમાં થયેલાં કામને આંદોલન કહીએ ત્યારે આંદોલનનાં ઉપર દર્શાવ્યાં તે ઘટકો વેડછીનાં કામને પણ લાગુ પાડવાં જોઈએ. ઉપર જે ઘટકોની સામાન્ય ચર્ચા કરવામાં આવી છે તે અહીં વેડછીના સંદર્ભમાં જોવાં જોઈએ. જેથી તેને આધારે માહિતી એકત્રિત કરી શકાય અને તે માહિતીને વ્યવસ્થિત રીતે રજૂ કરી શકાય.

## આંદોલનની દિશા અને વિચાર સરણી :-

વેડછીમાં જે કામ શરૂ કરવામાં આવ્યું તે આદિવાસીઓની સ્થિતિ સુધારવાનું-સામાજિક સુધારણાનું કામ હતું. આ કામ



માટેની વિચારસરણી ગાંધીવાદી વિચારસરણી છે અને તેને એક સ્થિર પરિબળ તરીકે લેવામાં આવી છે. પ્રસ્તુત અભ્યાસમાં પૂર્વસ્વાતંત્ર્ય અને અનુસ્વાતંત્ર્ય સમયમાં તે સમસ્વરૂપે ચાલુ રહેતી આવી છે. આથી વિચારસરણી અંગેની માહિતીમાં કોઈ જ તફાવત પડતો નથી. આંદોલનની ગતિ સાથે જે કંઈ ફેરફાર થાય છે તે કાર્યક્રમ, કાર્યકર અને સંગઠનના ઘટકોમાં થાય છે. આથી વેડછી આંદોલનનાં અભ્યાસની માહિતીને પણ આ ત્રણ ઘટકોમાં વહેંચી દેવામાં આવી છે અને અભ્યાસના સમયગાળામાં આ ઘટકોમાં કોઈ પરિવર્તન આવ્યું છે કે કેમ તે જોવાનો પ્રયત્ન કરવામાં અવ્યો છે.

### (૨) કાર્યક્રમ :-

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વિવિધ ઠરાવો અને કાર્યકરોની ઔપચારિક અને અનૌપચારિક બેઠકો તથા ચર્ચાઓમાં જે કામ કરવાનું નક્કી થયું તેને આંદોલનના કાર્યક્રમો ગણવામાં આવ્યા છે. આંદોલનના કાર્યકરોએ જે કાંઈ પુસ્તકો લખ્યાં તેમાંથી તથા સંકળાયેલાં વિવિધ મંડળોના વાર્ષિક અહેવાલોમાંથી આ કાર્યક્રમની વિગતો મળી આવી છે.

### (૩) કાર્યકરો :-

કાર્યકરો એટલે કાર્યક્રમના ઘડતર અને/અથવા અમલમાં જેમણે ભાગ લીધો હોય તે લોકો. આમાં પગારદાર કારકુન, હિસાબનીશ, મંત્રી વગેરેનો સમાવેશ થઇ જાય છે.

### (૪) સંગઠન :-

કાર્યક્રમ અને કાર્યકરના પ્રમાણમાં સંગઠનને વ્યાખ્યાબદ્ધ કરવાનું કામ અઘરું છે. આમ છતાં માહિતી એકત્ર કરવામાં કાર્યકરોની લાયકાતો, ભરતીની પદ્ધતિઓ, તેમનું મહેનતાણું, વિવિધ

ભૂમિકા - સ્થાનો વચ્ચેના તફાવતો, અધિકાર, સત્તા તથા કાર્યોની વ્યાખ્યાઓ (અથવા તેમના અભાવનો નિર્દેશ) અને નાણાં જેવા કેટલાક મુદ્દાઓને ધ્યાનમાં લીધા છે. સમગ્ર રીતે જોઈએ તો પ્રસ્તુત અભ્યાસમાં સંગઠનને અંગત - અનૌપચારિક તથા બિનંગત ઔપચારિક તેવા વ્યાપક અને બિનચુસ્ત અર્થમાં લેવામાં આવ્યું છે.

## માહિતીના સ્રોતો અને એકત્રીકરણ :-

ઉપર જણાવ્યા મુજબ વેડછીનાં કામને જો આંદોલન કહેવું હોય તો તેનાં ઘટકોરૂપે કાર્યક્રમ, કાર્યકર અને સંગઠન કોને કહેવાં તે નક્કી કરી ત્યાર બાદ તેનાં સંબંધિત માહિતી એકત્ર કરી. માહિતી અનેક સ્રોતોમાંથી મળી. પ્રથમ સ્રોત તે લખાયેલું અને પ્રકાશિત કે અપ્રકાશિત સાહિત્ય છે. બીજો સ્રોત, ઈ. સ. ૧૯૪૭ પહેલાં અને પછી આંદોલનમાં સક્રિય રહેલા ત્રીસ જેટલા કાર્યકરો સાથેની વાતચીત અથવા લાંબી ખુલ્લી મુલાકાતો. આ કાર્યકરોની પસંદગી નિદર્શન દ્વારા નહોતી કરવામાં આવી. પસંદ થયેલી વ્યક્તિઓમાં આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ બન્ને હતા. ત્રીજો સ્રોત નિરીક્ષણનો છે. નિરીક્ષક સંસ્થાઓમાં રહ્યા. બેઠકોમાં ભાગ લીધો અને લોકો સાથે અનૌપચારિક વાતો કરીને પણ કેટલીક માહિતી એકત્ર કરી છે.

## માહિતીની રજૂઆત :-

આદિવાસીઓ વચ્ચે થયેલાં કામે જે આંદોલને આકાર લીધો અને જેને પ્રસ્તુત અભ્યાસ માટે 'વેડછી આંદોલન' એવું નામ આપવામાં આવ્યું છે તેનાં મૂળ ભારતના રાજકીય સ્વાતંત્ર્ય માટેના આંદોલનમાં રહેલાં છે. સમગ્ર અસ્તિત્વ ગાળા દરમિયાન બન્નેનો ગાઢ સંબંધ રહ્યો છે. આથી વેડછી આંદોલનના સમયગાળાને રાજકીય આંદોલન જે રીતે ચાલ્યું તેના સંદર્ભમાં વિભાજીત કરવો તે વધુ



અનુકૂળ છે. અને માહિતીની રજૂઆત પણ આ સમયગાળા મુજબ થઈ શકે. આવી રીતે રજૂઆત કરવા જતાં આંદોલનના ઈતિહાસનો કેટલોક ભાગ અનિવાર્ય સ્વરૂપે આવવાનો, પરંતુ તેથી પ્રસ્તુત અભ્યાસ સ્વાતંત્ર્ય આંદોલનના ઈતિહાસનો અભ્યાસ બનતો નથી.

પ્રસ્તુત અભ્યાસને (૧) ઈ. સ. ૧૯૪૭ પહેલાંનો સમય અને (૨) ઈ. સ ૧૯૪૭ થી ૧૯૬૭ વચ્ચેનો સમય એમ બે સમયગાળામાં વહેંચી દેવામાં આવ્યો છે.

## ઈ. સ. ૧૯૪૭ પહેલાંનો સમય :-

આ સમયગાળાને વધુ બે વિભાગમાં વહેંચી દેવામાં આવ્યો છે. (૧) ઈ. સ. ૧૮૮૫ થી ૧૯૨૨ સુધીનો સમય અને (૨) ઈ. સ. ૧૯૨૨ થી ૧૯૪૭ સુધીનો સમય. ઈ. સ. ૧૯૨૨ થી ૧૯૪૭ સુધીના સમયને આંદોલનના ભરતીઓટના સંદર્ભમાં પેટા વિભાજીત કરી શકાય. ઈ. સ. ૧૯૨૨ થી ૧૯૨૯ સુધીનો સમય રાજકીય આંદોલનમાં ઓટનો પરંતુ વેડછી આંદોલનમાં ભરતીનો સમય હતો. જ્યારે ઈ. સ. ૧૯૨૯ થી ૧૯૩૬ નો સમય સઘન રાજકીય પ્રવૃત્તિઓવાળો પરંતુ વેડછી આંદોલનના ઓટનો સમય હતો. ત્યાર બાદ ઈ.સ ૧૯૩૭થી ૧૯૪૨ નો ગાળો સ્થિર બનીને કામ કરવાનો હતો. આ સમયગાળા દરમિયાન કેટલાંક રાજ્યોમાં કોંગ્રેસી મંત્રી મંડળો અસ્તિત્વમાં આવ્યાં. ઈ. સ. ૧૯૪૨ થી ૧૯૪૫ વચ્ચેનો ટૂંકો ગાળો ફરી પાછો રાજકીય આંદોલનનો ગાળો હતો. છેલ્લે ઈ. સ. ૧૯૪૫ થી ૧૯૪૭ નાં ટૂંકા ગાળામાં ઈ. સ. ૧૯૪૨ સુધી થયેલાં કામને આગળ લઈ જવામાં આવે છે.

## ઈ. સ. ૧૯૪૭ થી ૧૯૬૭ વચ્ચેનો સમય:-

ઇ. સ. ૧૯૪૭ પછીનો સમય તેની પહેલાંના સમય કરતાં ગુણવત્તાની દષ્ટિએ અલગ પડી જાય છે. બન્ને સમયગાળા વચ્ચે

રાજકીય સંદર્ભોમાં સંપૂર્ણ પરિવર્તન આવે છે. ઈ.સ. ૧૯૪૭ પછી સરકાર એ ભારતીય સરકાર છે. પહેલાંના તબક્કામાં આંદોલન અને સરકાર વચ્ચે જે વિરોધના સંબંધો હતા તેને સ્થાને હવેના તબક્કામાં સહકારના સંબંધો સ્થપાય છે. સરકાર આંદોલનના કાર્યક્રમોને સ્વીકારે છે અને પોતાના વિકાસ કાર્યક્રમોમાં તેનો સમાવેશ કરે છે. તો પોતાને પક્ષે વેડછી આંદોલન આ વિકાસ કાર્યક્રમોના અમલમાં ભાગ લે છે. રાજકીય સંદર્ભ બદલાયાથી વેડછી આંદોલનમાં જે ગુણાત્મક પરિવર્તન આવે છે તેનાથી કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. એક પ્રશ્ન છે: "શું વેડછી આંદોલન ખતમ થયું છે?"

## ૨

# વેડછી આંદોલનની પાર્શ્વભૂમિકા

**પ્રદેશ :–**

જે પ્રદેશમાં આ આંદોલન પ્રસર્યું તે સુરત જિલ્લાના વાલોડ તાલુકાના વેડછી ગામની આજુબાજુનો ૩૦ માઇલનો (અથવા લગભગ ૫૦ કિ. મી. નો) વિસ્તાર છે. આથી આ પ્રદેશની જાણકારી મેળવવા સુરત જિલ્લાની ભૂગોળ જાણવી જરૂરી છે.

આજે આપણે જેને સુરત જિલ્લા તરીકે ઓળખીએ છીએ તેનો આકાર વેડછી આંદોલનની પૂર્વસંધ્યાએ ઘણો જુદો હતો. ઇ. સ. ૧૯૨૨ની પહેલાં અને ઈ. સ. ૧૯૪૭ સુધી આ



પ્રદેશ અર્ધો બ્રિટીશ તાબામાં અને અર્ધો ગાયકવાડી તાબામાં હતો. વ્યારા, સોનગઢ, મહુવા, નવસારી, ગણદેવી, માંડવીનો અમુક ભાગ વ. પૂર્વ બાજુના વિસ્તારો ગાયકવાડી દેશી રાજ્યમાં હતા. જ્યારે સુરત, ઓલપાડ, કામરેજ, બારડોલી, જલાલપોર, વલસાડ, બિલીમોરા વગેરે પશ્ચિમ બાજુના વિસ્તારો બ્રિટીશ રાજ્યના તાબામાં હતા. વેડછી ગામ બ્રિટીશ હદમાં હતું, પરંતુ તેનાથી થોડાક જ કિલોમીટર દૂરથી ગાયકવાડી સરહદ શરુ થતી હતી. આ રીતે જોઈએ તો વેડછી ગામ બ્રિટીશ અને ગાયકવાડી રાજ્યની હદ પર હતું. આ હકીકતે તેને વ્યૂહાત્મક મહત્ત્વ એ રીતે આપ્યું હતું કે જ્યારે જ્યારે વેડછી આશ્રમ જપ્તીમાં ગયો ત્યારે ત્યારે ચુનીભાઈ તથા અન્ય કાર્યકરોએ, બાજુના ગાયકવાડી રાજ્યની હદમાં માંડવાઓ બાંધી ખાદીકામ ચાલુ રાખ્યું હતું. બ્રિટીશ ધરપકડથી બચવા ઘણા કાર્યકરોએ બાજુનાં ગાયકવાડી ગામોમાં આશરો લીધો હતો.

દક્ષિણ ગુજરાતના અને સુરત જિલ્લાના ઊભા પટ્ટે બે વિભાગો પડી જાય છે. પશ્ચિમનો દરિયા કિનારાનો અને મેદાનોનો પટ્ટો તથા પૂર્વનો જંગલો અને પહાડોનો પટ્ટો. જ્યારે જ્યારે સુરત જિલ્લાનો સામાન્ય સંદર્ભ નીકળે છે ત્યારે આ કાંઠા અને મેદાની વિસ્તારનો જ ઉલ્લેખ હોય છે. દરિયા કિનારા અને મેદાનોનો બનેલો આ પટ્ટો પહેલેથી જ વિકસિત છે. ચોર્યાસી અને બારડોલીનો પ્રદેશ ખૂબ જ સારાં ખેતરોવાળો પ્રદેશ હતો. ગણદેવીની વાડીઓ પણ ખૂબ જ સમૃદ્ધ હતી. આથી જ મોટા ભાગના અનાવિલ અને બીજા ઉજળિયાતો પારસી તથા વહોરા જમીનદારો આ વિભાગમાં હતા. સુરત શહેરમાં રેશમ વણાટનો ઉદ્યોગ ખીલ્યો હતો. ત્યાં વ્યાપારીઓ વસતા હતા. બંદરેથી દેશી વહાણો દ્વારા વ્યાપાર ચાલતો હતો. દરિયા કિનારાના લોકો વહાણવટાની પ્રવૃત્તિને કારણે અન્ય લોકો સાથે સંપર્કમાં રહેતા અને આજે પણ રહે છે.

મુંબઈ–અમદાવાદ બ્રોડગેજ લાઇન અને હાઈ–વે આ પટ્ટીમાંથી પસાર થાય છે. આથી આ પટ્ટો વાહન-વ્યવહારથી બહારના વિસ્તારો સાથે સારી રીતે સંકળાયેલો છે.

સુરત જિલ્લાના આ પશ્ચિમ વિભાગમાંથી જેમ પૂર્વ તરફ જતા જઈએ તેમ મેદાનોનો ફળદ્રુપ પ્રદેશ ૫૦–૬૦ માઇલ પછી પૂરો થતો જાય છે અને જંગલો તથા પહાડોનો પ્રદેશ આવતો જાય છે. અહીં ફળદ્રુપ મેદાનો નથી. તેથી મેદાની પ્રદેશમાં જેટલી ખેતપેદાશો ઉપજે છે તેટલા પ્રમાણમાં ખેતપેદાશો ઉપજતી નથી. પૂર્વની આ પટ્ટીમાં આ સમયે ઉદ્યોગોએ કયાંય પ્રવેશ કર્યો નહોતો. આ વિસ્તાર ગાઢ જંગલો અને પર્વતોવાળો હોવાથી અહીં મોટાં ખેતરો પણ નહોતાં. અહીંનાં જંગલોમાં હિંસક પ્રાણીઓ પણ વસતાં હતાં.

જંગલ અને પર્વતોનો આ પટ્ટો સુરત–ભુસાવળ બ્રોડગેજ રેલ્વે લાઇન (તાપ્તી વેલી રેલ્વે) થી પશ્ચિમના મેદાની વિસ્તાર સાથે સંકળાયેલો છે. આ રેલ્વે લાઈન પર આવેલાં બારડોલી, મઢી, વ્યારા તથા સોનગઢ ગામો આ પટ્ટાનાં અન્ય ગામો કરતાં મોટાં અને પ્રમાણમાં વિકસેલાં હતાં. આ ગામો આદિવાસી વિસ્તારને બિન-આદિવાસી વિસ્તાર સાથે સાંકળતી કડી સમાન – વ્યાપાર કેન્દ્રો – બની ગયા હતાં. પ્રસ્તુત અભ્યાસનું કેન્દ્ર વેડછી મઢીના રેલ્વે સ્ટેશનથી પહોંચાય છે. તે જંગલ વિસ્તારની સીમા પર અને સુરતની પૂર્વે ૩૫ માઈલ દૂર આવેલું છે.

પ્રસ્તુત અભ્યાસના પ્રદેશમાંથી જેમ તાપ્તી વેલી રેલ્વે લાઈન પસાર થાય છે તેમ દક્ષિણ ગુજરાતના અન્ય આદિવાસી વિસ્તારોમાંથી બીજી ત્રણ નેરોગેજ રેલ્વે લાઈનો નીચે મુજબ પસાર થાય છે. ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર-રાજપીપળા લાઈન, કોસંબા-



ઉમરપાડા લાઈન અને બિલીમોરા-વઘઈ લાઈન. આ ત્રણેય લાઈનો જંગલ અને પર્વતોવાળા આદિવાસી પટ્ટાને પશ્ચિમના મેદાની પટ્ટા સાથે જોડે છે.

પ્રજા :-

પૂર્વનો જંગલો અને પર્વતોનો પ્રદેશ જેમ પશ્ચિમના મેદાની દરિયા કિનારાના પટ્ટાથી ભૌગોલિક રીતે અલગ પડી જાય છે; તેમ બન્ને પટ્ટાઓમાં વસતી પ્રજા પણ અલગ પડી જાય છે. પશ્ચિમ પટ્ટામાં વલસાડ, નવસારી, બિલીમોરા, સુરત, રાંદેર, ભરૂચ વગેરે મોટાં શહેરો વસેલાં છે. આ ઉપરાંત અહીં વિવિધ જ્ઞાતિઓની વસતિવાળાં ગામડાંઓ છે. પરંતુ જેમ આપણે પૂર્વ તરફ આગળ વધતા જઈએ તેમ વ્યવસ્થિત વસેલાં જ્ઞાતિવાળાં ગામડાંઓનું પ્રમાણ ઘટતું જાય છે અને ફળિયાંઓમાં વસતિ આદિવાસી જાતિઓનું પ્રમાણ વધતું જાય છે. મેદાનનાં ગામોમાં વસતિ પ્રજા 'ઉજળિયાત' તરીકે ઓળખાતી હતી, જ્યારે જંગલો અને પર્વતોમાં, ફળિયાઓમાં વસતિ પ્રજા તે સમયે કાળીપરજ તરીકે ઓળખાતી હતી. વેડછીનું કામ આ કાળીપરજ આદિવાસીના વિકાસ માટેનું કામ છે. આથી આપણે આ કાળીપરજ વિશે થોડી માહિતી મેળવી લેવી જોઈએ. એ આદિવાસીઓમાં અહીં મુખ્યત્વે દૂબળા (હળપતિ,) ચૌધરી, ધોડીયા, ગામીત અને કોટવાળિયા વસે છે.

દૂબળા :– દૂબળાઓ આદિવાસી તરીકે જાણીતા છે. પણ તેઓ બીજા આદિવાસીઓની માફક જંગલ કે ટેકરીઓ પર વસતા નથી. તેઓ મેદાની પટ્ટામાં વસતા જમીનદારોનાં ખેતરોમાં ખેતમજૂરો તરીકે કામ કરતા હતા અને જ્ઞાતિવાળાં ગામોમાં મુખ્યત્વે તેમનાં માલિકોનાં ખેતરોમાં ઝૂંપડાંઓ બાંધીને રહેતા હતા. જંગલ અને પહાડોના વિસ્તારોમાં મોટા જમીનદારો ન હોવાથી

દૂબળાઓ પણ નહોતા. વેડછીની બાજુમાં જ મહુવા અને બારડોલી તાલુકાઓમાં દૂબળાઓની વસ્તી ઘણી હતી. એ સમયે દૂબળા લોકો કાળીપરજની બધી જાતોમાં સુધરેલા ગણાતા હતા. આ સમયે ખેતમજૂરી ઉપરાંત કેટલાક દૂબળાઓ ખેતી પણ કરતા હતા. એક યા બીજા કારણોસર શરુનાં ઘણાં વર્ષો સુધી દૂબળાઓ માટે કંઈ જ કામ ન થઈ શક્યું.

**ચૌધરી:–** આ સદીની શરૂઆતમાં ચૌધરીઓ માત્ર લંગોટભેર રહેતા હતા. તેમની સ્થિતિ દૂબળા કરતાં ઘણી ખરાબ હતી; પરંતુ એ બે વચ્ચે મુખ્ય તફાવત એ હતો કે ચૌધરીઓ નાના ખેડૂતો હતા–સ્વતંત્ર હતા, જ્યારે દૂબળાઓ ખેતમજૂરો હતા–અર્ધગુલામ હતા. સરભોણ આશ્રમમાં નરહરિ પરીખ સાથે દૂબળાઓને ભણાવવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર જુગતરામ દવે ચૌધરીઓની વસ્તીવાળા વેડછી ગામમાં આવ્યા અને સફળ થયા. સમગ્ર સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન જે આશ્રમી પ્રવૃત્તિઓ ચાલી તે મુખ્યત્વે ચૌધરીઓ અને ધોડીયાઓની બહુમતીવાળા વિસ્તારોમાં વિકસી અને આ બે કોમોમાં વધુ કામ થયું. વેડછી આંદોલન પહેલાં પણ ચૌધરીઓમાં ગણ્યા–ગાંઠયા ભણેલા લોકો હતા અને તેમણે પોતાના સામાજમાં સુધારા પ્રવૃત્તિઓ ઉપાડી હતી, તેની વાત આ પ્રકરણમાં જ આગળ આવશે.

**ધોડીયા :–** ધોડીયાઓ પૂર્ણપણે જંગલ અને પહાડોમાં વસનારી જાતિ નથી. વળી અન્ય આદિવાસીઓની જેમ તેઓ પેટાજાતિમાં નહીં, પણ કુળોમાં વહેંચાયેલા હતા. બધા આદિવાસીઓમાં તેમની સ્થિતિ સૌથી સારી હતી. તેઓ લંગોટી મારી પોતડી બાંધતા, ખભે લુગડું નાખતા અને માથે નાની સરખી લાલ પાઘડી બાંધતા. સ્ત્રીઓ કાછડો મારી માથે પણ નાનું સરખું લુગડું નાખતી. ધોડીયાઓ પિત્તળ અને ચાંદીનાં દાગીના પણ પહેરતા. દાગીના જેમ વધારે તેમ ગૃહસ્થાઈનું લક્ષણ વધારે



તેમ માનતા. તેઓ અન્ય આદિવાસીઓ કરતાં વધુ ચોખ્ખા અને શરીરે મજબૂત હતા. દૂબળાઓની જેમજ તેઓ પણ ઉજળિયાતોના સંપર્કમાં હતા; પરંતુ ફરક એ હતો કે તેઓ ખેતમજૂર નહોતા, ખેડૂત હતા. તેઓ પોતાની જાતને અન્ય આદિવાસીઓ કરતાં ઊંચી ગણતા અને તેમના હાથનું ખાતા નહીં, જ્યારે ચૌધરી સિવાયના અન્ય આદિવાસીઓ ધોડિયાના હાથનું ખાતા હતા.

આ સદીની શરૂઆતથી જ ધોડિયાઓની સ્થિતિ અન્ય આદિવાસીઓ કરતાં આગળ હતી. તેમાં વળી મહુવા તથા વ્યારા વિસ્તારમાં સયાજીરાવે નિશાળો કાઢતાં તેનો સૌથી વધુ લાભ ધોડિયાઓએ ઉઠાવ્યો હતો.

**ગામીત :–** ગામીતો ભીલમાંથી છૂટી પડેલી એક પેટા જાતિ તરીકે ઓળખાતા હતા. (સ્વતંત્ર જાતિ તરીકે પછીથી સ્થાપિત થયા.) તેઓ ગામીત, ગામતડા કે માવચીના નામે ઓળખાતા. ઈ. સ. ૧૮૮૫માં વડોદરાના મહારાજા તેમના વિસ્તારમાં ફરવા નીકળ્યા ત્યારે તેમને જોઈને (ડરીને) નાસી ગયા હતા. તેઓ પણ નાના ખેડૂતો હતા. પરંતુ ઉંડાણના જંગલોમાં વસતા હોવાને લીધે વેડછીનું કામ શરુ થયું ત્યારે સ્વાતંત્ર્ય પૂર્વેનું કામ તેમના વિસ્તાર સુધી પહોંચ્યું નહોતું.

આ ઉપરાંત વેડછીનું કામ થયું તે વિસ્તારમાં નજીવી સંખ્યામાં કોટવાળીયા અને વસાવા પણ હતા. પરંતુ શરૂઆતના કામમાં તેમનો સંદર્ભ ક્યાંય જણાતો નથી.

### પરિવર્તન પહેલાં આદિવાસીઓની સ્થિતિ :

વેડછીનાં કામે જે પ્રદેશમાં આકાર લીધો ત્યાં મુખ્યત્વે ઉપરોક્ત જાતિઓ વસતી હતી. તેમની આર્થિક સ્થિતિમાં અને

જીવનનિર્વાહની રીતોમાં થોડેઘણે અંશે તફાવત હોવા છતાં મેદાનોમાં વસતા 'ઉજળિયાતો' કરતાં તેઓ સ્પષ્ટ પણે અલગ પડી આવતા અને બધા જ 'કાળીપરજ' તરીકે ઓળખાતા. બહારના સંપર્કોથી લગભગ અલગ, આર્થિક રીતે પછાત, શિક્ષણનો અભાવ – આવી બધી બાબતોમાં કાળીપરજના લોકો સમાન હતા અને જિલ્લાના ઉજળિયાત લોકો કરતાં અલગ પડી જતા.

આ રાનીપરજ લોકો જે ઉજળિયાતોના સંપર્કમાં આવતા તે જમીનદારો, વ્યાપારીઓ, પોલીસ કે જંગલ ખાતાના માણસો, જંગલ કોન્ટ્રાકટરો વગેરે હતા. આ બધા લોકો તેમનું વિવિધ રીતે શોષણ કરતા અને કાળીપરજ લોકો આગળ આવે તેવું ન ઇચ્છતા. આથી જ આદિવાસીઓ ઉજળિયાતો તરફ શંકાની નજરે જોતા અને ડરતા પણ ખરા. મોટા ભાગના આદિવાસીઓ તેમના પોશાકથી જ ગામડાઓમાં વસતા અન્ય બિનઆદિવાસીઓથી જુદા પડે છે. તેમનો ખોરાક તો અન્ય બિનઆદિવાસીઓ જેવો જ હતો. જુવાર, ચોખા અને કઠોળ. પરંતુ તેઓની મદ્યમાંસ લેવાની ટેવ તેમને મેદાનમાં વસતા દસ ટકા જેટલા ઉચ્ચ જ્ઞાતિઓના લોકોથી જુદા પાડે છે. કશાય વિરોધના ભય વિના કહી શકાય કે સુરત જિલ્લાની અને દક્ષિણ ગુજરાતની એંસી ટકા વસતિને જ્ઞાતિ તરીકે માંસાહારનો બાધ નથી. કદાચ આખા ગુજરાત માટે આ ટકાવારીમાં બહુ ફેરફાર નહીં હોય.

આદિવાસીઓની સ્થિતિનો ખ્યાલ ઈ.સ. ૧૯૨૪થી વેડછી આંદોલન સાથે સંકળાયેલા એક વૃદ્ધ કાર્યકરે કહેલા નીચેના શબ્દો પરથી આવે છે, "ગાયકવાડે નિશાળો ઉઘાડી. પરંતુ નિશાળ કરતાં વધારે દારૂનાં પીઠાં ખોલ્યાં. માસ્તર પીતા અને બધાયે પીતા. લોકો જંગલી પરિસ્થિતિમાં જીવતા હતા. તેઓ માત્ર લંગોટી પહેરતા અને માંસ, મરઘી, દારૂ અને તાડી તેમનો ખોરાક હતો.



"તે દિવસોમાં અંધશ્રદ્ધા અને વહેમો ઘણા પ્રચલિત હતા. દેવદેવીઓને બકરાં-મરઘાનાં બલિદાન ચઢાવતાં. દરેક ઘરના વાડામાં કોઈને કોઈ દેવીનું સ્થાનિક રહેતું. મારા ઘરમાં પણ હતું. દર વર્ષે એક વાર હોમ થતો. જો કોઈ માણસ માંદું પડતું તો ભગત ભુવાને બોલાવવામાં આવતા. દરેક બલિદાન વખતે દારૂ અને તાડી ફરિજયાત ગણાતાં.

"ઉજળિયાત લોકો ૧૯૧૪ ના યુદ્ધમાં કમાયા. રુની કિંમત પાંચ કવીન્ટલના રૂા. ૩૦૦ થી ૩૫૦ ની હતી. તેમણે ઘરો બાંધ્યા અને જમીન ખરીદી. લગ્ન પાછળ ખૂબ ખર્ચ કર્યા. ધીમે ધીમે રુના ભાવ ગગડયા. જીવન ધોરણ ઊંચું ગયું હતું. ખર્ચ વધ્યો હતો. લોકોને દેવાં કરવા પડયાં. જમીન વાણિયા અને પારસીઓના હાથમાં ચાલી ગઈ. અમારા લોકો પાસે તે વખતે જમીન હતી. આ બુટવાડા, કરચેલીયા અને એવાં બીજાં ગામો પારસી અને વાણિયાના આવ્યા પછી વસ્યાં. દારૂ તાડી ઉધાર લેવાને કારણે જમીન ગઈ. અભણ લોકો હિસાબ સમજતા નહોતા.

"ગાયકવાડે કાયદા ઘડયા. એનો આશય શુભ હતો. પરંતુ તેના અધિકારીઓએ કાયદાનો અમલ કર્યો નહિ. વાણિયા અને પારસી જ રાજ કરતા હતા. અધિકારીઓ તેમના હાથમાં રમતા હતા. વલવાડાના એક દેસાઈના રસોઈઆ તરીકે એક પારસી અહીં આવ્યો. એક આદિવાસી સાથે ભાગીદારીમાં તેમણે જમીન ખરીદી અને દારૂનું એક પીઠું પણ ખરીદ્યું. પછી તેણે આદિવાસીને હાંકી કાઢયો. અને ૧૯૨૧ સુધીમાં તેની પાસે ૨૦૦૦ એકર જેટલી જમીન થઈ ગઈ. સુધરેલા આદિવાસીઓએ શરૂ કરેલી સુધારા પ્રવૃત્તિઓની નિષ્ફળતા બાદ આદિવાસીઓ પણ દારૂના ધંધામાં જોડાયા.

"અમારો આખો સમાજ આર્થિક, સામાજિક અને નૈતિક રીતે પછાત હતો. આદિવાસીને માણુસ જ માનવામાં નહોતો આવતો. આ સમાજના માણુસને ઊંચે લાવવાનો હતો. બહારના બાકીના સમાજ સાથે ભેળવવાનો હતો."

## આબકારી નીતિ પરિવર્તન અને આદિવાસીઓ પર તેની અસર :

આદિવાસીઓએ જમીન કઈ રીતે ગુમાવી તથા જંગલના કોન્ટ્રાકટરો દારુના પીઠાના માલિકો અને અધિકારીઓ તેમના સ્થાપિત હિતમાં પરસ્પર કઈ રીતે સંકળાયેલા હતા તેનો ખ્યાલ આબકારી ખાતાએ લીધેલા એક જ વહીવટી પગલાને પરિણામે જે બન્યું તે પરથી આવે છે.

આદિવાસીઓ તેમનાં પોતાનાં ઝાડો તાડી માટે છેદતા અને પોતાને માટે દારૂ ગાળતા. પરંતુ બરાબર વીસમી સદીની શરૂઆતમાં બ્રિટીશ વહીવટી તંત્રે અને તેને પગલે વડોદરા, રાજપીપળા (ત્યારે નાંદોદ) વાંસદા, સચીન અને ધરમપુરના દેશી રજવાડાંઓએ, 'મદ્રાસ સીસ્ટમ' નામે ઓળખાતી નવી જકાત નીતિ દાખલ કરી. આ નીતિ અનુસાર અમુક સ્થળોએ દારુ, તાડી વેચવા માટેના હક્કોનું લીલામ કરવામાં આવતું. ગુજરાત રાજ્યમાં દારૂ બંધી દાખલ થઈ તે પહેલાં આજ પદ્ધતિને અનુસરવામાં આવતી હતી. સરકાર સિવાય બીજા સૌને દારૂ તાડીના ઉત્પાદનનો પ્રતિબંધ હતો. જો કોઈ એમ કરતું તો તેને સજા કરવામાં આવતી.

આદિવાસીઓએ દારૂ તાડી બનાવવાના તેમના હકકો ગુમાવ્યા પરંતુ તેઓ તેમની પીવાની આદતનો ત્યાગ કરી શકયા નહીં. તેમણે દારૂ તાડી દુકાનમાંથી ખરીદવાં પડતાં હતાં. આવી દુકાનો ઠેઠ ઉંડાણુના ગામોમાં સુદ્ધાં ખોલવામાં આવી હતી.



આદિવાસીઓએ પૈસા જોયા ન હતા. પૈસાના ચલણમાં કે લેવડદેવડમાં સમજતા ન હતા. ટૂંકમાં નાણાંકેન્દ્રી અર્થતંત્રથી તેઓ અજાણ હતા. તેમની મજૂરીના બદલામાં તેમને થોડા પૈસા અને પીવા માટે દારૂ આપવામાં આવતાં. પૈસા ગણતાં પણ તેમને આવડતું નહોતું. આનું પરિણામ એ આવ્યું કે આદિવાસીઓનું વધુ ને વધુ શોષણ થવા લાગ્યું અને તેઓ દેવાદાર બનવા લાગ્યા. તેમણે જમીન ગુમાવવા માંડી. તેઓ કયાં તો ગણોતિયા બન્યા અથવા ખેતમજૂરો.

એક મહત્વનો પ્રશ્ન અહીં એ ઊભો થાય છે કે આદિવાસીઓ જમીન ગુમાવતા હતા તેને માટે કોણ જવાબદાર હતું ? તેમની પીવાની આદત કે રાજ્ય વ્યવસ્થા અને અર્થવ્યવસ્થામાં આવેલું પરિવર્તન ? અગાઉ પણ તેઓ જમીન ગુમાવ્યા વિના પીતા હતા. સરકારી અધિકારીઓ, જંગલ કોન્ટ્રાકટરો, પીઠાવાળાઓ વગેરે પણ પીતા. પરંતુ તેમણે જમીન ગુમાવી નહીં, પ્રાપ્ત કરી. વાસ્તવમાં નવી રાજ્ય અને અર્થવ્યવસ્થાએ આદિવાસીઓની પીવાની આદતનો નિર્દયપણે લાભ લીધો.

આ પરિસ્થિતિમાં આદિવાસી વિસ્તારમાં કયાંક કયાંક શાળાઓ શરૂ થઈ. થોડાક આદિવાસીઓ ભણ્યા. ભણ્યા એટલે પ્રાથમિક ૪ થી ૬ ધોરણ ભણેલાને એમ લાગ્યું કે તેમની પાયમાલી માટે દારૂમાંસ જવાબદાર છે, બિન આદિવાસીઓ દ્વારા થતું શોષણ નહીં. આથી કેટલાક યુવાન જાગૃત આદિવાસીઓએ પોતાના સમાજમાં સુધારાઓ લાવવાના પ્રયાસો કર્યા. આ સુધારા પ્રવૃત્તિઓએ અને સ્વાતંત્ર્ય આંદોલન સાથેનાં તેનાં સંકલને વેડછી આંદોલન માટેના સંજોગો ઘડી આપ્યા.

## (૩) સંજોગો :

જ્યારે આપણે સંજોગોની વાત કરીએ ત્યારે બે પ્રકારના

સંજોગોનો ખ્યાલ કરવો પડે. (અ) આદિવાસીઓ દ્વારા સુધારા પ્રવૃત્તિઓ અને (બ) સ્વાતંત્ર્ય આંદોલન સાથે સંકલન.

**(અ) આદિવાસીઓ દ્વારા સુધારા પ્રવૃત્તિઓ :–** આ પ્રવૃત્તિઓ માટે કોઈ સંગઠન નહોતું. જે જાગૃત આદિવાસીઓને જે રીતે યોગ્ય લાગ્યું તે રીતની પ્રવૃત્તિઓ કરી.

**શિક્ષણ પ્રસાર :–** જે ગાયકવાડે દારૂનાં પીઠાંઓ ખોલ્યાં, તેમણે આજુબાજુના આદિવાસી છોકરાઓ એક જગ્યાએ રહીને ભણી શકે તે માટે 'ધાણુકા વસતિગૃહ' નામે જાણીતી નિવાસીશાળાઓ પણ શરૂ કરી. સર્વ પ્રથમ સોનગઢમાં ઈ. સ. ૧૮૮૫માં આવી શાળા શરૂ થઈ. તેને પગલે પગલે વ્યારા, મહુવા અને અનાવલમાં પણ શરૂ થઈ. ઈ. સ. ૧૮૯૮માં સોનગઢમાં છોકરીઓ માટે પણ આવી નિવાસીશાળા શરૂ થઈ.

તો બીજી બાજુ બ્રિટીશ હકૂમત નીચેના વિસ્તારમાં પણ નિવાસીશાળાઓ થોડા સમય પછી શરુ થઈ. ઈ. સ. ૧૯૦૪ માં માંડવી તાલુકાના ગોડસંબા ગામે બે છાત્રાલયો – એક કુમારો માટે અને એક કન્યાઓ માટે શરૂ કરવામાં આવ્યાં. ગોડસંબા બાદ ચીખલી તાલુકાના ખેરગામ મુકામે પણ એક છાત્રાલય શરૂ થયું.

સુરત જિલ્લાના કેટલાક ભાગોમાં મીશનરી સંસ્થાઓએ પણ રાનીપરજ છાત્રાલયો શરૂ કર્યાં. ખ્રિસ્તી મીશનરીઓએ વાંકલ અને ખેરગામમાં આવાં છાત્રાલયો શરૂ કર્યાં હતાં. તેની સામે, આદિવાસીઓના ખ્રિસ્તીકરણના વિરોધરૂપે વડોદરા આર્યકુમાર આશ્રમ તરફથી ખેરગામ મુકામે આશ્રમ શરૂ થયો. વાંસદામાં વાંસદાના મહારાજા તરફથી બાલાશ્રમ શરૂ કરવામાં આવ્યો.



આદિવાસી વિસ્તારમાં ગામડે ગામડે શાળાઓ કાઢવી અને ચલાવવી તે આ સમયે અઘરું કાર્ય હતું. તેથી આવી નિવાસી–શાળાઓ શરૂ થઈ. તેમ છતાં પ્રમાણમાં મેદાની ગણી શકાય તેવા વાલોડ અને મહુવાના વિસ્તારોમાં અનુક્રમે બ્રિટીશ શાસન હેઠળનાં સુરતનાં શિક્ષણ ખાતાંએ અને ગાયકવાડે દિનશાળાઓ શરૂ કરી હતી. પરંતુ આ દિનશાળાઓમાં શિક્ષકો તરીકે કોને મૂકવા તે પ્રશ્ન થઈ પડયો હતો. જંગલ પ્રદેશ, ખરાબ હવાપાણી, રોગ, ઉજળિયાતોનાં ઘરોનો અભાવ વગેરે કારણોને લીધે ઉજળિયાત શિક્ષકો આ ગામમાં જવા તૈયાર નહોતા. આથી દિનશાળાઓ લગભગ બંધ રહેતી. જ્યારે નિવાસી શાળાઓને માસ્તર ફત્તેહખાં જેવા શિક્ષકો મળી ગયા અને કામ ચાલ્યું.

ગાયકવાડે સ્થાપેલી નિવાસી શાળાઓનું નામ 'ધાણુકા વસતિગૃહ' હતું પરંતુ તેનો લાભ ધાનકાઓએ લીધો નથી. વસાવા, કાથોડી, દૂબળા, કોટવાળિયા કે નાયકા જેવા આદિવાસીઓમાં પણ પછાત – આદિવાસીઓ પણ આ શાળાઓનો લાભ લઈ ન શકયા. ત્યારે શરૂમાં ભણનારામાં હતા ધોડિયા, ચૌધરી અને કંઈક અંશે ગામીત. આગળ જોયું છે તેમ ધોડિયા અને ચૌધરી આદિવાસીઓ જમીનવાળા, ખેતી કરનારા, પ્રમાણમાં મેદાની વિસ્તારોની નજીક વસનારા અને સાપેક્ષ રીતે સ્થિતિસંપન્ન હતા. જે મા–બાપ પોતાની મહેનતથી કુટુંબનું ભરણ પોષણ કરી શકતાં તેમણે પોતાના સંતાનોને આ સમયે ભણવા મોકલ્યાં. બાકી તો મોટા ભાગનાં માબાપો પોતાનાં શાળેય વયનાં સંતાનોને ઢોર ચારવા મોકલતાં કે જેથી ઢોરના માલિકો પાસેથી થોડું ખાવાનું મળે. અથવા તો આ બાળકો ઘેર રહી પોતાના નાનાં ભાઈ–બહેનોનું ધ્યાન રાખતાં, જેથી મા–બાપ કમાવા જઈ શકે.

જે કેટલાક ભણ્યા અને તેમાંથી પણ ખાસ કરીને જે

શિક્ષકો થયા તે યુવાનોને પોતાની કોમની દશા સુધારવાનું મન થયું. આથી આદિવાસીઓ દ્વારા જ આદિવાસીઓમાં સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ શરુ થઈ.

**આદિવાસીઓ દ્વારા સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ :**

ગાંધીજીના આદેશથી ગાંધીવાદી કાર્યકરોએ આદિવાસી વિસ્તારોમાં આવી સમાજ સુધારાની પ્રવૃત્તિઓ શરૂ કરી. લગભગ એંસી વર્ષ પહેલાં આદિવાસીઓમાં સ્વયં સમાજ સુધારા પ્રવૃત્તિનાં મંડાણ થયાં હતાં. ખાસ કરીને વ્યારા તાલુકાનું ભગત કુટુંબ આ માટે ખૂબ જાણીતું બન્યું છે. ગામીત જાતિના આ કુટુંબના ધુરીયાભાઈએ પારસીની ગુલામી છોડી પોતાની ખેતી શરુ કરી. તેમાં કમાણી થઈ. તેમાંથી ઘાટામાં મંદિરની સ્થાપના કરીને આદિવાસીઓમાં ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિ શરુ કરી. આ ભગત કુટુંબના એક સભ્ય શ્રી દેવજી ભગતે માસ્તર ફત્તેહખાં અને પોતાના પુત્ર અમરસિંહ દ્વારા આદિવાસીઓમાં સમાજ સુધારાનું કાર્ય પણ શરુ કર્યું. અમરસિંહના પુત્ર કિશનસિંહે પણ સમાજ સુધારાનું કાર્ય ચાલુ રાખ્યું. શ્રીમંત સયાજીરાવે તેમની હોશિયારી જોઈ તેમને રાનીપરજ તપાસનીશ તરીકે નીમ્યા હતા. આમ આદિવાસીઓમાં સમાજ સુધારાની પ્રવૃત્તિઓ કરવામાં ઘાટાનું ભગત કુટુંબ અગ્રેસર હતું.

ઘાટાના ભગતોના પ્રયાસો ઉપરાંત દેવીના પવને પણ આદિવાસીઓ દ્વારા તેમની કોમમાં સુધારા પ્રવૃત્તિઓ શરૂ કરવામાં મદદ કરી. આ પવન ખાનદેશ તરફથી આવ્યો હતો. જે ગામમાં દેવીનો પવન આવ્યો હોય ત્યાં કેટલાક લોકોના દેહમાં દેવી આવતાં. આવી વ્યક્તિઓ જોરથી ધૂણવા લાગતી. પોતે દેવી હોય તેવી રીતે અન્યને આદેશ આપવા લાગતી. આવા આદેશોમાં દારુ, માંસ, મચ્છી વ. નો ત્યાગ, રોજ નહાવું, હાથપાણી લેવું વ. નો સમાવેશ થતો



હતો. આદિવાસીઓ દેવીના પવનને ચૂસ્તપણે અનુસરતા અને આ રીતે સુધારવાના ઉલ્લાસમાં પોતાના મરઘાં-બતકાં છોડી પણ મૂકતા. અલબત્ત, આવી રીતે દારૂ-માંસ છોડનારની સંખ્યા ઓછી હતી. દારૂ માંસને જેમણે વર્જ્ય ગણ્યા તે વર્જેલા કહેવાયા જ્યારે આ બધું ઈશ્વરનું સર્જન છે તેમ માની ભોગવનારાઓ સર્વે સર્જેલા ગણાયા.

આ દેવીનો પવન કેટલો સફળ થયો તેનું અનુમાન નીચે આપેલ તા. ૧૧-૩-૧૯૨૩ના સુરતના વર્તમાન પત્ર 'ગુજરાત મિત્ર' અને 'ગુજરાત દર્પણ'માં પ્રગટ થયેલ ડાયરેક્ટર ઓફ ઇન્ફર્મેશન ઓફ બોમ્બેના નિવેદન પરથી થઈ શકે છે.

" સાત મહિના પહેલાં એક પ્રકારની ધાર્મિક ચળવળ કાળીપરજમાં શરુ થઈ છે. એક દેવી બધે ફરતી અને લોકોને દારૂ તાડી ન પીવાનો આદેશ આપતી હતી. ગુજરાતના કેટલાક જિલ્લામાં આ ચળવળ પડી ભાંગી. પરંતુ પૂર્વમાં આવેલા માંડવી અને વાલોડ તાલુકાના ચૌધરીઓ દેવીના આદેશને વળગી રહ્યા. એ આખા વિસ્તારમાં દારુ તાડી બિલકુલ વેચાતાં નથી. આ અદ્દભુત પરિવર્તન વિષે કલેક્ટરે સરકારનું ધ્યાન દોર્યું છે અને આ નવા પ્રકારના જીવનને વળગી રહેવા માટે પ્રોત્સાહન આપવાનો નિર્ણય લેવાયો છે. આથી માંડવીની ૧૩ અને વાલોડની ૩ દુકાનો બંધ કરવાનો હુકમ અપાયો છે."

આ સમાચાર વેડછી આંદોલનના વિસ્તારમાં આંદોલનપૂર્વે સફળ થયેલી દારૂબંધીનો ખ્યાલ આપે છે. તો સાથે જ પરદેશી સરકારના દારૂબંધીનાં વલણ વિષે પણ ખ્યાલ આપે છે.

આ ઉપરાંત કેટલાક રાનીપરજ શિક્ષકોએ પણ સમાજ સુધારા

પ્રવૃત્તિઓ કરી. આવા કેટલાક શિક્ષકો મંડળી રચતા. તેઓ દર શનિવારે કોઈ એક ગામે એકત્રિત થતા. ત્યાં ભજનકિર્તનનો કાર્યક્રમ રાખતા. આ પ્રવૃત્તિને કારણે અનેક રાનીપરજ ગામોમાં ભજન મંડળીઓ ઊભી થઈ અને ગ્રામકાવ્યો રચાયાં. આવાં કાવ્યોમાં દારુતાડીનો ત્યાગ કરવાની અને પડેલી કોમને ઊંચે લાવવાની વાત આવતી. આ ગ્રામકાવ્યોના રચયિતાઓ પણ મોટેભાગે આ રાનીપરજ શિક્ષકો જ હતા. સાપ્તાહિક સભાઓમાં આ શિક્ષકો સમાજ સુધારા વિષે પ્રવચનો પણ આપતા. આવી સભાઓ પછી ધીમે ધીમે પરિષદો ભરાવી પણ શરૂ થઈ. ઈ.સ. ૧૯૦૫માં આવી એક પરિષદ વ્યારામાં ભરાઈ હતી તેનો ઉલ્લેખ મળે છે.

પ્રસ્તુત સમાજ સુધારા પ્રવૃત્તિઓને નજરે જોનાર અને તેમાં ભાગ લેનાર કેટલાક વયોવૃદ્ધ આદિવાસીઓ પાસેથી સાંભળેલી વાતો જોઈએ.

મનસુખ કે. પટેલ નામના એક ધોડિયાએ ઘાટા ગામના અમરસિંહને જોયેલા. તેમણે અમરસિંહ વિષે કહ્યું કે તેઓ મિટીંગો ભરતા. બામણીયા ગામમાં થયેલી મિટીંગમાં મેં પણ હાજરી આપી હતી. તેમની જીવનદૃષ્ટિ ધાર્મિક હતી. તેઓ કહેતા કે દારૂ અને તાડીથી માણુસ પાયમાલ થાય છે. એ પશુ બને છે. જો માણુસ ધર્મ પાળવા ઈચ્છતો હોય તો તેણે દારૂતાડી છોડી દેવાં જોઈએ. જેઓ દારૂતાડી છોડી દેતા તેમનું 'એકડા' નામે ઓળખાતું અલગ જૂથ બનતું. અમરસિંહે આવા એકડા રચવા તરફ લોકોને વાળ્યા. તેમની અસર અડધા લોકો પર થઈ, અડધા પર ન થઇ આ બધું ઈ.સ. ૧૯૨૦ પહેલાં બન્યું.

આદિવાસીઓમાં સમાજ સુધારાનો આવો એક પ્રસંગ રામાભાઈ ધોડિયા નામના એક સુધારકના પૌત્ર અમૃતભાઈ પટેલે



નીચે મુજબ કહ્યો : "તેમના દાદાએ તેમના કુટુંબની સ્ત્રીઓને ઘરેણાં ઉતારી નાખવાનું કહ્યું. તેઓ માનતા કે આ ઘરેણાં સ્ત્રીઓને માટે વિઘ્નરૂપ હતાં. તેમને સફાઈની આડે આવતાં. આ સુધારા માટે રામાભાઈને ન્યાત બહાર મૂકવામાં આવ્યા હતા."

સોનગઢ તાલુકાના ડોસવાડા ગામના ધનાભાઈ પીઠિયાભાઈ ઈ. સ. ૧૯૦૪માં જન્મ્યા હતા. સોનગઢની રાનીપરજ બોર્ડીંગમાં રહી ઇ. સ. ૧૯૧૯માં શાળાંત (વર્નાક્યુર ફાઇનલ–વ.ફા.) પરીક્ષા પસાર કરી હતી. તેમણે પછીથી ટ્રેઝરીમાં અને તલાટી તરીકે સરકારી નોકરી પણ કરી. આવા ધનાભાઈએ દેવીના પવન વિષે માહિતી આપતાં કહ્યું : "એક પુરુષ અને એક સ્ત્રી ખાનદેશ તરફથી આવ્યાં. સ્ત્રીને એક ખાડા નજીક બેસાડવામાં આવતી. સ્ત્રીને કોરાલી કહેતા જ્યારે પુરૂષ ગવલી તરીકે ઓળખાતો. લોકો તેમનાં દર્શને જતાં. પાસે જનારે ગવલીને લાલ કાપડનો ટુકડો આપવાનો રહેતો. તેમાં જોઈને તે કોણુ પવિત્ર છે અને કોણુ અપવિત્ર – એટલે કે કોણે માંસ ખાધું છે તે જણુાવતો. ત્યાર બાદ એક અથવા વધુ પુરુષો ગવલી બનતા અને બીજા ગામમાં જતા. પછી તે ગામમાં 'ભંડારો' (મીજબાની) થતો. આવો એક ભંડારો ઈ.પૂ. ૧૯૨૧–૨૨ના શિયાળામાં પુનમને દિવસે ડોસવાડાની સર્વે નં. ૩૮૮ વાળી જમીનમાં યોજાયો હતો.

પોતાને થયેલા દારુબંધીના ફાયદા તેમણે નીચે મુજબ કહ્યા : "ઘરમાં ચોકસાઈ આવી. રોજ સ્નાન કરતા થયા. આજુ–બાજુના આગેવાનો સાથે સંપર્કમાં આવ્યા. દેશ અને દુનિયાની જાણકારી મેળવતા થયા. સમજણમાં વધારો થયો. દીકરાઓને ભણુાવવા માંડયા. ખેતીવાડીમાં સુધારો થયો. હિસાબ રાખતા થયા અને વાણિયાથી છેતરાતા બંધ થયા. આવક વધી અને સારું ઘર બાંધ્યું."

પોતાનો વિકાસ દારુબંધીને જ આભારી છે તેમ ધનાભાઈની જેમ બીજા કેટલાક આદિવાસીઓ દઢ પણે માનવા લાગ્યા.

## સુધારા પ્રવૃત્તિઓમાં ઓટ :

તેમ છતાં આ દારુબંધીની પ્રવૃત્તિ લાંબી ન ચાલી. દારૂબંધીથી પીઠાંવાળાઓની આવક બંધ થતી. દારૂબંધી છોડીને સુધરેલાઓ ઉજળિયાતોનું ઘરકામ કરવા ન જતાં. સરકારની આબકારી આવકમાં ઘટાડો થયો. આ બધાં પરિબળોને કારણે દારુ ન પીનારાઓ પર, વડોદરા રાજ્યની મદદથી, ધણિયામાઓ અને પીઠાંવાળાઓ દબાણ લાવતા અને પકડીને ઢોરને નળીથી દવા પીવડાવે તેમ દારુ પીવડાવતા. મંડળીઓ રચીને ગામેગામ ફરનારા સુધારક આદિવાસીઓને મહુવા, વ્યારા અને સોનગઢના ગાયકવાડી વિસ્તારમાં દાખલ થવાની બંધી ફરમાવવામાં આવી. આદિવાસીઓને તેમની સભાઓમાં હાજર રહેવાની બંધી ફરમાવવામાં આવી. એટલું જ નહીં પણ અન્ય આદિવાસીઓને આ સુધારક આદિવાસીઓ સાથેના સંબંધો છોડી દેવા હુકમો અપાયા. તારીખ ૧૫-૧૧-૧૯૨૩ના રોજ ગુજરાતમિત્રમાં પ્રગટ થયેલા આ હુકમને અંતે નીચે મુજબ જણાવાયું હતું.

"સંબંધ ધરાવતા ઈસમોને આ હુકમ અપાયા છે કારણ કે એમ મનાય છે કે આ ઈસમો કાળીપરજમાં દારુતાડી બંધ કરાવી કોમો વચ્ચે સંઘર્ષ ઊભો કરવા તેમ જ પારસીઓને પાયમાલ કરવા માટે આ ચળવળ ફેલાવવાનો ઈરાદો ધરાવે છે."

આમ ઉજળિયાતો અને ગાયકવાડી સરકારના દબાણ અને વિરોધ પછી આ પ્રવૃત્તિ મંદ પડવા લાગી. દેવીનો પવન પણ લગભગ બંધ પડી ગયો. સુધરેલા એવા વર્જેલાઓને કોમ બહાર મૂકવામાં આવ્યા તથા તેમને વિવિધ રીતે હેરાન કરવામાં આવ્યા.



## સ્વાતંત્ર્ય આંદોલન સાથે સંકલન :

આ હકીકતોના પ્રકાશમાં જોઈએ તો ગાંધીવાદી કાર્યકરોએ સ્વયંસુધારણાની આ લગભગ મૃતઃપ્રાય થયેલી પ્રવૃત્તિને પુનર્જીવિત કરી અને તેમાં સુધારા-વધારા કર્યા. તેને આ અભ્યાસમાં આંદોલન તરીકે ઓળખવામાં આવી છે. આમ ગાંધીવાદી કાર્યકરો આદિવાસીઓમાંની સમાજસુધારા પ્રવૃત્તિના પ્રણેતા નહોતા. અત્યાર સુધી સુધારા પ્રવૃત્તિ કરીને જાગૃત બનેલો એક નાનકડો વર્ગ આવી તક ઝીલી લેવા માટે તૈયાર જ હતો. તેમની સુધારા પ્રવૃત્તિએ વેડછી આંદોલન માટે ભૂમિકા બાંધી આપી હતી. જો વેડછી આંદોલન આવતાં પહેલાં આ સુધારા પ્રવૃત્તિઓ ન થઈ હોત તો વેડછી આંદોલનનું ચિત્ર જુદું હોત. ભણેલા આદિવાસીઓ સ્વાતંત્ર્ય આંદોલન અને રચનાત્મક કામો માટે આવેલા ગાંધીવાદી કાર્યકરોના સંપર્કમાં આવ્યા ત્યારથી આ ભણેલા આદિવાસીઓ અને ગાંધીવાદી કાર્યકરો વેડછી આંદોલન માટે સાથે સંકળાયા.

આપણે આગળ જોયું તેમ સુધરેલા આદિવાસીઓ સુધારા માટે સભાઓ ભરતા. આ સભામાં માત્ર રાનીપરજ લોકો જ આવતા. જો કોઈ ઉજળિયાત આજુબાજુ જણાય તો સભા વિખેરી નાખવામાં આવતી; કારણ કે ઉજળિયાતો એટલે તેમની સુધારા પ્રવૃતિઓના વિરોધીઓ એમ તેઓ અનુભવે શીખ્યા હતા. આથી જ આવી સભાઓ અને સુધારા પ્રવૃત્તિઓને ઉજળિયાતોથી છાની રાખવાના પ્રયત્નો થતાં હજી સુધી ઉજળિયાતોએ તેમનામાં સમાજ સુધારાની પ્રવૃત્તિઓ કરીને આદિવાસીઓનો વિશ્વાસ પ્રાપ્ત નહોતો કર્યો.

ચૌરીચૌરાના હત્યાકાંડ પછી ગાંધીજીએ સત્યાગ્રહ બંધ કર્યો. તેમને લાગ્યું કે દેશને સત્યાગ્રહ માટે તૈયાર કરવો પડશે અને તેને માટે પ્રજામાં રચનાત્મક કામો કરવાં પડશે. આ પ્રયાસોના ભાગરૂપે

કેટલાક ગાંધીવાદી કાર્યકરોએ બારડોલીમાં સ્વરાજ્ય આશ્રમ સ્થાપ્યો હતો. બારડોલી આશ્રમના કેટલાક કાર્યકરોએ બહાર નીકળી ગામેગામ રેંટિયા પ્રવૃત્તિ શરૂ કરી હતી. આવા કાર્યકરોની એક મંડળી એક વખત આદિવાસીઓની ઉપર જણાવી તેવી સાપ્તાહિક સભામાં જઈ ચઢી. આ મંડળીમાં કુંવરજી મહેતા, કેશવભાઈ ગણેશજી પટેલ, ઉમેદરામ નાયક વ. હતા. આમ તો બીજા ઉજળિયાતોને જોઈને આદિવાસીઓ પોતાની સભાનું કામકાજ બંધ કરી દેતા. પરંતુ "આ તો બધા ગાંધીના માણસો છે અને એ બધા તો આપણે દારૂતાડી છોડીએ, ભણીએ ને પ્રગતિ કરીએ એમ ઈચ્છનારા છે, માટે તેમને સભામાં આવવા દેવામાં હરકત નથી," એમ નક્કી કરીને આવવા દીધા અને પોતાની સભામાં ભાષણ કરવાની વિનંતી કરી.

ગાંધીવાદી કાર્યકરોને આ લોકોમાં સુધારા અંગેની શકયતા જણાઈ અને તેમણે તેઓ સાથે સુધારા વિશે ચર્ચા કરી. આદિવાસીઓ માંસ અને માંસાહારી ખોરાકનો ત્યાગ કરી રહ્યા હતા, તેથી તેઓ પોતાના બકરાંઓને જંગલમાં છોડી આવતા હતા. ગાંધીવાદી કાર્યકરોએ તેમને એમ ન કરવા સમજાવ્યા અને કહ્યું કે આ બકરાં દૂધ માટે ઉપયોગી થઈ શકે અને તેથી આ બકરાં તેમણે રાખવા જોઈએ. પરંતુ આદિવાસી આગેવાનોએ એ દલીલ કરી કે જો તેઓ બકરાં રાખે તો તેઓને માંસ ખાવાની લાલચ થાય, આથી તેઓ બકરાં રાખવાનો ઈનકાર કરી રહ્યા હતા. તેઓ બકરાં રાખવા માટે સંમત થયા, પણ બધી મરઘીઓને છોડી મૂકી. આમ તે લોકોમાં હિન્દુઓના મધ્યમ વર્ગની સંસ્કૃતિ દાખલ થવાની પ્રક્રિયાને વેગ મળ્યો.

આ પછી ગાંધીવાદીઓ સાથેનો આદિવાસીઓનો સંપર્ક વધ્યો તેઓને ગાંધીવાદી કાર્યકરોમાં વિશ્વાસ બેઠો તે પછી આ કાર્યકરોએ આદિવાસીઓની એક પરિષદ બોલાવવાનો પ્રસ્તાવ મૂકયો. આ



પરિષદમાં વલ્લભભાઈ પટેલ અને કસ્તુરબાને આમંત્રણ આપવાનું સૂચન પણ તેમણે કર્યું. આદિવાસીઓએ પ્રસ્તાવ ઉત્સાહ-પૂર્વક સ્વીકારી લીધો અને આવી પહેલી પરિષદ ૧૯૨૩માં શેખપુર ખાતે યોજાઈ.

સુરતના અઠવાડિક "ગુજરાતમિત્ર અને ગુજરાત દર્પણ"ના તા. ૭-૧-૧૯૨૩ના અંકનો અહેવાલ કહે છે. 'દેવી બારડોલી તાલુકાના ગામોમાં પધાર્યાં છે અને લોકોને ગાંધીને અનુસરવાનો ઉપદેશ આપી રહ્યા છે. એ વિસ્તારના આદિવાસીઓએ દારૂ-તાડી અને માંસનો ત્યાગ કરવાનું નકકી કર્યું છે. પુરુષો અઠવાડિયામાં બે વાર અને સ્ત્રીઓ ત્રણવાર સ્નાન કરશે. ત્રણ માસ તેઓ સંયમ પાલન કરશે અને તેલ, ઘી અને લીલાં શાકભાજી ખાશે નહીં. તેઓ ચોરી, લૂંટફાટ અને વ્યભિચારથી અળગા રહેશે."

## શેખપુર પરિષદ :

એ જ અઠવાડિકનો તા. ૨૮-૧-૧૯૨૩ના અંકનો અહેવાલ જણાવે છે: "મહુવા તાલુકાના શેખપુર ગામે યોજાયેલ આદિવાસીઓની પરિષદે કેટલાક ઠરાવો પસાર કર્યા છે. તેમાંનો એક ઠરાવ આદિવાસીઓની સેવા માટે એક 'સેવા સંઘ' સ્થાપવાનો છે. આ સંઘનું દષ્ટિબિંદુ આદિવાસીઓની આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિમાં સુધારો કરવાનું રહેશે. કુવંરજી વિઠ્ઠલભાઈ મહેતા અને અન્ય ચાર વ્યકિતઓની એક સમિતિ એક આશ્રમ મઢી ખાતે અને એક શેખપુર ખાતે એમ બે આશ્રમો સ્થાપવા માટે નિમવામાં આવી છે."

પરિષદે આપેલો કાર્યક્રમ હતો: દારુબંધી, પરદેશી માલનો બહિષ્કાર, ચરખાનો પ્રચાર અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના સભ્યોની નોંધણી.

આ કાર્યક્રમના અમલ વિશે તા. ૧૭–૧૦–૧૯૨૩નો અહેવાલ કહે છે: "રાનવેરીની આજુબાજુના દશ ગામડાંઓના ચૌધરી અને ગામીતોની એક સભા રાનવેરી ખાતે યોજાઈ હતી. ડૉ. દલપતરામ, ભવાનીશંકર, ઘેલાભાઈ, અંબેલાલ અને ડાહ્યાભાઈના ભાષણો બાદ તેમની પંચાયતના પટેલોએ દારુ તાડીની બંધીનો એક ઠરાવ પસાર કર્યો. અને જે કોઈ પીએ તેને પાંચ રૂપિયાનો દંડ કરવામાં આવશે અને જે કોઈ ઠરાવનો ભંગ કરનારને પકડી આપશે તેને સવા રૂપિયાનું ઈનામ અપાશે, એમ નક્કી કરવામાં આવ્યું."

ઉપસંહાર :

પ્રદેશ, પ્રજા અને સંજોગો (પરિસ્થિતિ) નો જે પ્રકારનો મેળ રચાયો તેણે વેડછી આંદોલનની પાર્શ્વભૂમિકા બાંધી આપી. જે પ્રદેશમાં વેડછીનું કામ થયું તે પ્રદેશમાં ભૌગોલિક રીતે જોવા જઈએ તો પશ્ચિમના મેદાની પટ્ટા અને પૂર્વના જંગલપટ્ટાના સંગમસ્થાન પર છે. તદ્દન વિકસિત મેદાની પટ્ટામાં આ જાતિનું સમાજ સુધારણાનું આંદોલન લાંબા સમય માટે ન ચાલી શક્યું હોત. કારણ કે આ તબક્કે તેમને આવી કોઈ સમાજ સુધારા પ્રવૃત્તિની જરૂર નહોતી. તો બીજી બાજુ સંપર્કોથી તદ્દન કપાયેલા દૂરના વિસ્તારોમાં પણ આ પ્રવૃત્તિઓ કરવી શક્ય નહોતી. રાજકીય રીતે જોઈએ તો આ પ્રદેશ બ્રિટીશ હકૂમત હેઠળ પરંતુ ગાયકવાડી દેશી રાજ્યની તદ્દન નજીક હતો. ગાયકવાડી પ્રદેશમાં દારૂબંધી તથા બીજાં સમાજ સુધારાનાં કામો શક્ય નહોતાં તેથી આવાં કામો બ્રિટીશ હકૂમત હેઠળના વિસ્તારોમાં થયાં. પરંતુ આવાં સમાજ સુધારાનાં કામો કરનારાઓએ જ્યારે બ્રિટીશ હકૂમત વિરુદ્ધની રાજકીય પ્રવૃત્તિઓ કરી અને બ્રિટીશ હકૂમતે તેમની સામે પગલાં લેવા માંડયાં, ત્યારે તેમની બાજુનાં ગાયકવાડી ગામોમાં તેમને આશ્રય મળ્યો. આથી આવી વિશિષ્ટ પ્રાદેશિક ખાસિયતને લીધે આંદોલનનું સાતત્ય, કાર્યક્રમ અને



પ્રદેશના વિકલ્પોનો મેળ બેસાડીને, ચાલુ રહ્યું. આમ વેડછી આંદોલનના અભ્યાસમાં સ્થળનું વ્યૂહાત્મક મહત્ત્વ રહેલું છે, તે ધ્યાનમાં લેવું જરૂરી છે.

જે લોકોની વચ્ચે, અને જે લોકો માટે આ આંદોલન થયું તેઓ પણ એવું જ મહત્ત્વનું પાસું બન્યા. સમાજ સુધારાનું આંદોલન પછાત આદિવાસીઓ માટે કરવાનું હતું. પરંતુ એક બે અનુભવો બાદ આંદોલનના કાર્યકરોને સમજાયું કે તદ્દન પછાત એવા કોટવાળિયા જેવાઓમાં સમાજ–સુધારા પ્રવૃત્તિ આ તબક્કે શક્ય નહોતી, તો બીજી બાજુ ધણીયામાના અર્ધ–ગુલામ જેવા દૂબળાઓમાં આવી પ્રવૃત્તિઓ ચાલે તે ધણિયામાઓને મંજૂર નહોતું; પરંતુ પ્રમાણમાં સ્થિતિપાત્ર અને સહેજ આગળ વધેલા ચૌધરીઓ અને ધોડિયાઓમાં આ કામ શક્ય હતું. વેડછી આશ્રમ સ્થપાયો તે પહેલાં સરભોણ અને બારડોલીમાં રહીને કામ કરવાના પ્રયાસો નિષ્ફળ ગયા, જ્યારે ચૌધરીઓની વસતિવાળા વેડછી ગામમાં આ પ્રયાસો સફળ થયા. આ હકીકત વ્યાપક સમાજમાંથી કેવા પ્રકારના લોકોમાં સમાજ સુધારાની પ્રવૃત્તિઓ સફળ થઈ શકે તેના તરફ અંગુલી નિર્દેશ કરે છે. વ્યાપક સમાજમાંથી જે લોકો થોડા આગળ વધેલા છે તેમનામાં જ આવી પ્રવૃત્તિ સફળ થાય છે, અને જે લોકો આવી સમાજ સુધારણા કરવા જાય છે તે લોકો પણ આવા સહેજ આગળ વધેલા લોકો તરફ જ આકર્ષાય છે.

ત્રીજી બાબત આ આંદોલનના સંજોગો દર્શાવે છે. વેડછી આંદોલન પહેલાં કેટલાક ભણેલા આદિવાસીઓએ જાતેજ પોતાના સમાજમાં સુધારાની પ્રવૃત્તિઓ શરુ કરી હતી. આથી બહારથી આવતી સમાજ સુધારાની પ્રવૃત્તિઓ અને તેવી પ્રવૃત્તિ કરનારા કાર્યકરોને સ્વીકારી શકે તેવો નાનકડો વર્ગ આદિવાસીઓમાં જ

ઊભો થઈ ગયો હતો વળી સ્વયં સમાજ સુધારા પ્રવૃત્તિઓનું સ્વાતંત્ર્ય આંદોલન સાથે જે સમયે અને જે રીતે સંકલન થયું તે પણ મહત્વનું છે. સ્વયં સુધારા-પ્રવૃત્તિઓને શોષક બિનઆદિવાસીઓએ લગભગ દબાવી દીધી હતી અને સુધારક વર્ગ વિશાળ આદિવાસી સમાજથી અલગ પડી જવા લાગ્યો હતો (કોમ બહાર મુકાવા લાગ્યો હતો) એ સમયે સ્વાતંત્ર્ય આંદોલન સાથે સંકલન થતાં જાગૃત આદિવાસી વર્ગમાં ઉત્સાહ પ્રગટયો અને તેમની સમાજ સુધારા પ્રવૃત્તિઓને નવજીવન મળ્યું. સામાજિક પરિવર્તન માટેની ગાંધીવાદી વિચારસરણી આ સુધારાવાદી આદિવાસીઓની સામાજિક પરિવર્તન માટેની પ્રાથમિક જરૂરિયાતો સંતોષતી હતી. તેથી એ વિચારસરણી સ્વીકૃત બની. ગાંધીવાદી કાર્યકરો અન્ય બિનઆદિવાસીઓની જેમ તેમના શોષકો નહોતા, તેથી તેઓ પણ સ્વીકૃત બન્યા- સ્વાતંત્ર્ય આંદોલન તેમના સમાજને સમાજ સુધારા માટે સંગઠિત કરવા માટે વેગ આપતું હતું. અલબત્ત, તેમને સ્વાતંત્ર્ય આંદોલનની પૂર્ણ સમજ નહોતી, પરંતુ તેના કાર્યકરોમાં વિશ્વાસ તો હતો જ. આથી વેડછીનું કામ આવા આદિવાસીઓમાં, આવા પ્રદેશમાં અને આવા સંજોગોમાં સ્વીકૃત બન્યું અને તેણે આંદોલનનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

૩

## વેડછીના કામનું મંડાણ (સમયગાળો : ૧૯૨૨-૨૮)

**પ્રસ્તાવના :**

ઈ. સ. ૧૯૨૨ માં મગનલાલ ગાંધીએ બારડોલીમાં સ્વરાજ આશ્રમની સ્થાપના કરી. ગાંધીજીની આગેવાની હેઠળ ભારતીય



રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા ચાલનારી અસહકાર અને સવિનય કાનૂનભંગની લડતનો આ આશ્રમ સાથે નિકટનો સંબંધ હતો.

ગાંધીજીએ લોકો સમક્ષ અસહકારનો વિચાર ઈ. સ. ૧૯૨૦ માં રજૂ કર્યો હતો. તે વર્ષમાં સપ્ટેમ્બર માસમાં કલકત્તા ખાતે લાલા લજપતરાયના અધ્યક્ષપદ હેઠળ મળેલી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની પરિષદે અસહકારની લડત ચલાવવા અંગે ઠરાવ પણ પસાર કર્યો હતો. આ અસહકારના કાર્યક્રમમાં પરદેશી માલના બહિષ્કારનો અને ખાદીના પ્રચારનો સમાવેશ થતો હતો. જો પોતાના આ કાર્યક્રમને લોકો દ્વારા સ્વીકારવામાં આવે તો એક વર્ષમાં સ્વરાજ લાવવાની વાત ગાંધીજીએ ઈ. સ. ૧૯૨૧ની નાગપુર ખાતે મળેલી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિની (એ. આઈ. સી. સી) પરિષદમાં કરી. આ પરિષદમાં તિલક સ્વરાજય ફંડ એકત્રિત કરવાનું નક્કી થયું. વળી ચાર આના વાળા એક કરોડ કોંગ્રેસ સભ્યો નોંધવા અને દેશભરમાં વીસ લાખ રેંટિયાઓ ગુંજતા કરવા તેમ પણ નક્કી થયું. વેડછીના કામની શરુઆત પણ આ 'સ્વદેશી' અથવા તો 'ખાદી' કામના એક ભાગરુપે થઈ હતી. આથી વેડછીના કામનાં મંડાણ એટલે ખાદી કામનાં મંડાણ.

સ્વરાજ માટેનું આંદોલન શરૂ કરવાનું દબાણ ગાંધીજી પર વધતું ગયું. નવેમ્બરની ત્રીજી અને ચોથીએ મળેલી એ. આઈ. સી. સી.. ની મિટિંગમાં પ્રાંતિક કોંગ્રેસ સમિતિને પણ જો અમુક શરતો પૂરી થાય તો સત્યાગ્રહ કરવાની પરવાનગી આપવામાં આવી. ઠરાવ પસાર કરતી વખતે ગાંધીજીએ એ. આઈ. સી. સી. ના સભ્યોને જણાવ્યું કે પોતે પસંદ કરેલા ગુજરાતના એક તાલુકામાં સત્યાગ્રહનો આરંભ થશે. અને બીજા નેતાઓએ પોતાના પ્રાંતમાં એ પ્રમાણે કરવાનું રહેશે ગુજરાતમાં બારડોલી અને આણંદ તાલુકાની વચ્ચે

હરીફાઈ હતી પણ છેવટે બારડોલીની પસંદગી થઈ.

બારડોલીના લોકોએ સરકારી શાળાઓનો બહિષ્કાર કર્યો હતો. તાલુકાના ૮૦ ગામડાઓમાંથી ૫૧ ગામડાંઓમાં રાષ્ટ્રિય શાળાઓ શરુ થઈ. એ ગામડાંઓમાં દરેકના ઘરમાં રેંટિયો હતો અને બધા કાંતતા પણ ખરા. આ પ્રવૃત્તિને વધુ વેગવાન અને સંગઠિત બનાવવા માટે ૩૦ મી જાન્યુઆરી, ૧૯૨૨ના રોજ બારડોલી તાલુકા પરિષદ બોલાવવામાં આવી. પરિષદે તાલુકામાં સત્યાગ્રહ કરવા માટેનો ઠરાવ કર્યો. આ સાથે હિંદુ-મુસ્લિમ વચ્ચેની મૈત્રી, સહિષ્ણુતા અને સ્વાવલંબન પર ભાર મૂકવામાં આવ્યો. આ ઠરાવમાં એમ પણ કહેવામાં આવ્યું છે, "હિન્દુઓ જ્યાં સુધી અસ્પૃશ્યતા છોડે નહીં ત્યાં સુધી સ્વરાજ અશક્ય છે."

આ ઠરાવ પસાર કર્યાના બાર જ દિવસમાં સત્યાગ્રહ મુલતવી રાખવામાં આવ્યો કારણ કે ઉત્તર પ્રદેશમાં આવેલા ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામના લોકોએ પોલિસના માણસોને મારી નાંખ્યા અને પોલિસ ચોકી સળગાવી મૂકી. કોંગ્રેસ કારોબારીએ ૧૧-૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૨ના રોજ પસાર કરેલો ઠરાવ ઉપરના જેવો જ સૂચક છે, (ખાસ કરીને ભવિષ્યના કાર્યક્રમનો ખ્યાલ આપતો નીચેનો ભાગ).

(૧) કોંગ્રેસના એક કરોડ સભ્ય નોંધવા. જે વ્યક્તિઓ સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે સત્ય અને અહિંસાના સિદ્ધાંતને સ્વીકારે તેને જ સભ્યો તરીકે નોંધવા.

(૨) રેંટિયાની સંખ્યા અને ખાદીના ઉત્પાદનમાં વધારો કરવો. દરેક કાર્યકરે શુદ્ધ ખાદીનો ઉપયોગ કરવો અને કાંતવાનું શીખી લેવું.



(૩) રાષ્ટ્રિય શાળાઓ શરુ કરવી. પરંતુ સરકારી શાળાઓ પર પીકેટીંગ કરવું નહીં.

(૪) અસ્પૃશ્યોની સ્થિતિમાં સુધારો કરવો. તેઓ તેમના બાળકોને નિશાળે મોકલે તે માટે તેમના પર દબાણ લાવવું. જ્યાં ઉજળિયાત લોકોનું વલણ વિરોધી જણાય ત્યાં જુદી શાળાઓ અને જુદા કુવાઓની વ્યવસ્થા કરવી.

(૫) પીવા માટે ટેવાયેલા દરેક ઘરમાં દારૂબંધીની ચળવળ શરૂ કરવી.

(૬) દરેક ગામ અને શહેરમાં લવાદ પંચો સ્થાપવા. પરંતુ નિર્ણયના અમલ માટે સામાજિક બહિષ્કારનો આશરો લેવો નહિ.

(૭) માંદગી, આગ વગેરે પ્રસંગોએ લોકોની સેવા કરે એવું એક સેવા કેન્દ્ર શરૂ કરવું.

(૮) કોંગ્રેસના સભ્યો અને તે તરફ સહાનુભૂતિ રાખનારાઓએ ૧૯૨૧થી તેમની આવકનો ૧૦૦ મો ભાગ કોંગ્રેસ ફંડમાં જમા કરાવવો.

ગાંધીજીનો સ્વાતંત્ર્ય માટેનો કાર્યક્રમ સામાજિક પરિવર્તન કાર્યક્રમથી ખાસ જુદો ન હતો. તફાવત માત્ર એક જ બાબતમાં હતો કે આ કાર્યક્રમમાં સરકાર સામેના સવિનય કાનૂન ભંગના કાર્યક્રમનો પણ સમાવેશ થતો હતો. ગાંધીજીને મન રાજકીય સ્વાતંત્ર્ય એટલે ધાર્મિક સહિષ્ણુતા અને જુદા જુદા ધર્મોના જૂથ વચ્ચે એકતા, અસ્પૃશ્યતાવિહીન હિંદુ કોમ, માદક પીણાંનો ત્યાગ, લવાદ દ્વારા ઝગડાનો નિકાલ અને સમાજસેવા.

સામાન્યપણે પરદેશી માલના અને ખાસ કરીને બ્રિટિશ માલના બહિષ્કારના ગાંધીજીના આર્થિક કાર્યક્રમની એક જમા બાજુ

પણ હતી અને તે હાથે કાંતેલા અને હાથે વણેલાં કપડાંનો વધુને વધુ ઉપયોગ. બ્રિટીશ વ્યાપાર ઉપર એના શાં આર્થિક પરિણામો આવે કે ન આવે પરંતુ ગાંધીજીને મન કાંતણ અને વણાટનો અર્થ કાંતણ અને વણાટનો ધંધો નહીં પરંતુ આત્મસંયમ અને આત્મવિશ્વાસના ગુણો ખીલવવા માટેનાં સાધનો તરીકેનો હતો. ખાદીનો ઉપયોગ થાય કે ન થાય પરંતુ આ ગુણોની જરૂર આઝાદી પછી પણ રહેવાની જ. અંતિમ પૃથક્કરણમાં ગાંધીજીને મન આઝાદી એટલે આત્મસંયમી માણસ.

ગાંધીજીએ સ્વદેશી સરકાર અને સારી સરકાર વચ્ચે ભેદ કર્યો જ હતો અને સ્વદેશી સરકાર જ હોવી જોઈએ એવું કહ્યું પણ હતું. પરદેશી સરકાર સારી હોય તો પણ આઝાદીની માંગનો ત્યાગ કરવા માટેની કોઈ ભૂમિકા પૂરી પાડી શકે નહિ, એમ તેમણે કહ્યું હોત. પરંતુ તેઓ જાણતા હતા કે સ્વદેશી સરકાર સારી સરકાર હોવી જ જોઈએ. એમના રચનાત્મક કાર્યક્રમનો હેતુ લોકોને સારી સરકાર માટેની તાલીમ આપવાનો હતો.

રાજકીય કાર્યક્રમ અને રચનાત્મક કાર્યક્રમ સાથોસાથ હોવાને કારણે હરિજનો, સ્ત્રીઓ, ગરીબ લોકો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ખેડૂતો, મુસલમાનો અને અન્ય ધાર્મિક જૂથો એમ જનતાના બધા વર્ગોનો ટેકો પ્રાપ્ત થયો. રાજકીય લડતમાં એ તબક્કે જુદાં જુદાં હિત ધરાવનારાઓની જમાવટ વિશાળ જનતાની જાગૃતિ માટે તથા આંદોલનને વિશાળ પાયા ઉપર મૂકવા માટેની ગુરૂચાવી હતી.

## બારડોલી આશ્રમ :

'યંગ ઈન્ડિયા'માં પ્રગટ થયેલા તેમના ત્રણ લેખો માટે ગાંધીજીની ઈ. સ. ૧૯૨૨ના માર્ચમાં ધરપકડ કરવામાં આવી અને



તેમને છ વરસની કેદની સજા કરવામાં આવી. જેલમાં જતી વખતે તેમણે ૧૯૨૨ના જાન્યુઆરીમાં સત્યાગ્રહના ઠરાવ પ્રમાણે બારડોલીના લોકોએ કપડાંની બાબતમાં આત્મનિર્ભરતાની લીધેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા માટેનું કામ મગનલાલ ગાંધીને સોંપ્યું. આથી તેઓ સાબરમતી આશ્રમમાંથી બારડોલી આવ્યા અને સ્વરાજ આશ્રમ શરૂ કર્યો. આ આશ્રમનો કાર્યક્રમ પૂણી, કાંતણ, વણાટ અને ખાદી બનાવવાની અન્ય પ્રક્રિયાઓનો પ્રચાર કરવાનો હતો. થોડા જ વખતમાં તાલુકામાં ઘણાં બધાં કેન્દ્રો ખાદીના કામ માટે સ્થપાયાં. આ કાર્યમાં ખૂબ જ વેગ આવ્યો. આ કાર્ય આદિવાસીઓના વિસ્તાર સુધી પણ પહોંચ્યું.

બારડોલીમાં જ્યારે વણાટના વર્ગો શરૂ કરવામાં આવ્યા ત્યારે લગભગ ૫૦ આદિવાસી યુવાનો તેમાં જોડાયા. આદિવાસી લોકો ૨૦-૨૫ માઈલ દૂરથી ચરખો લેતા અને તેમના સૂતરને વણાવવા માટે આવતા. જેમ આ કાર્યનો પ્રચાર વધતો ગયો તેમ લોકોએ પોતાનાં ગામડાંઓમાં આવાં કેન્દ્રો શરૂ કરવા માટેની માંગણી કરી. જુગતરામ દવે 'ખાદી ભક્ત ચૂનીભાઈ' નામના તેમના પુસ્તકમાં લખે છે કે આદિવાસી લોકોને રેંટિયો ગમતો હતો. તેનાથી તેઓ કપડાં મેળવી શકતા હતા અને નાણાં ધીરનારના પંજામાંથી ઊગરી શકતા હતા. તેઓને કપડાં ખરીદવા માટે દેવું કરવું પડતું હતું. તેઓએ તેમની જમીન અને ઘર આ દેવામાં ગુમાવ્યાં હતાં. વળી ગરીબાઈને કારણે કુટુંબના બધા જ સભ્યોને પૂરતાં કપડાં મળી શકતાં નહીં. આથી રેંટિયાની તથા ખાદી બનાવવાની પ્રક્રિયા શીખવાની માંગ વધી.

આ રીતે વેડછીથી જીવણ બાબર અને ગોમજી લાલા બારડોલી ગયા અને ત્યાં જઈ કહ્યું, "લોકોને શીખવવા માટે જો તમે કોઈને વેડછી મોકલો તો તેમનો રહેવા જમવાનો ખર્ચ તથા અન્ય સગવડો અમે પૂરાં પાડીશું." આ વિનંતીના જવાબરૂપે શ્રી ચૂનીભાઈ મહેતાને

ખાદીકેન્દ્ર શરુ કરવા માટે ઈ. સ. ૧૯૨૪માં વેડછી મોકલવામાં આવ્યા શ્રી કેશવજી ગણેશને વાલોડ તાલુકાના અલગટ ગામે મોકલવામાં આવ્યા. અલબત્ત; આ પહેલાં ઈ. સ. ૧૯૨૧માં વરાડ ખાતે અને ઈ. સ. ૧૯૨૩માં સરભોણ ખાતે એમ બે આશ્રમો (ખાદીકામ માટે) સ્થપાઇ ચૂકયા હતા.

વેડછી : આમ વેડછી આશ્રમ ખાદી કેન્દ્ર તરીકે ઈ. સ. ૧૯૨૪માં અસ્તિત્વમાં આવ્યો. વેડછી કેન્દ્ર શરૂ કરનાર ઉપરના બન્ને સજ્જનોએ લોકોમાં કાંતણ માટેનો રસ જાગ્રત કર્યો હતો અને વેડછીના આંબિયા, ગડત અને બેડકુવા એ દરેક ગામમાં ૨૦ ચરખા ફરતા થઇ ગયા હતા. આ ગામમાં ગેમજી માસ્તર અનાજ–કરિયાણાની દુકાન પણ ચલાવતા હતા. તેઓ દુકાનમાં કાંતતા અને જેઓને રસ હોય તેઓને શિખવાડતા.

જ્યારે ચુનીભાઈ વેડછી ગયા ત્યારે તેઓ તેમની સાથે બારડોલીથી જાનાભાઈ, વનમાળી અને ભાવસિંહભાઈને લેતા ગયા. તેઓ આદિવાસીઓ હતા. તેમનાં પત્ની અને બાળકોને તેઓ લગભગ મહિના પછી લઈ ગયા.

ઈ સ. ૧૯૨૫થી ૨૭ના બે વર્ષના ગાળામાં ખાદીકામ ઝડપથી પ્રસર્યું. શ્રી મહેતા બળદગાડામાં ગામડે ગામડે જતા અને એ ગામોમાં તેમણે કાંતનારા અને વણનારાઓ ઊભા કર્યા. આ રીતે તેઓ ૩૫ ગામોમાં ગયા. બધું થઇને ૬૫ ગામડાઓમાં ૭૯૦ કાંતનારાઓ અને ૧૪ વણનારાઓ ઊભા થયા.

ગાંધીજીનો ખ્યાલ હતો કે ખાદીકામ માત્ર આર્થિક કાર્યક્રમ ન રહેવો જોઈએ. તે સમાજસુધારાનું અને લોકોના સર્વાંગી વિકાસનું કેન્દ્ર બની રહેવું જોઈએ. તેઓ મુદત પહેલાં જેલમાંથી છૂટયા અને ઇ. સ. ૧૯૨૫માં ત્રીજી રાનીપરજ પરિષદને તેમણે



સંબોધી. આ પરિષદમાં તેમણે લોકોને દારૂતાડીનો ત્યાગ કરવાનો અને ખાદી અપનાવવાનો અનુરોધ કર્યો. આમ છતાં તેમણે એ વાત પર ભાર મૂકયો કે લોકોએ શિક્ષણ લેવું જોઈએ. અને પોતાના વિચારોને સમજવાની કોશિશ કરવી જોઇએ. જો આ વિચારો લોકોને ગળે ઊતરે તો જ તેમણે તેનું અનુસરણ કરવું જોઇએ. તેઓએ પોતાનો અને ખાદીનો સ્વીકાર દેવીના કે એવા કોઈ ચમત્કારિક તત્ત્વના નામે ન કરવો જોઈએ.

વેડછી ગામનાં બાળકો ચુનીભાઈના ઘરે જતાં. તેઓને ચુનીભાઈનાં પત્ની અને બાળકો તરફથી સારો આવકાર મળતો. તેઓ તેમને વાર્તાઓ કહેતા અને ગીતો ગાવાનું શિખવાડતાં. તેઓ તેમના વાળ ઓળી આપતા. અને જો તેમને ગુમડાં થયાં હોય તો દવા આપતા. જુગતરામભાઈ કહે છે તેમ ચુનીભાઈનું ઘર એક નાની બાલવાડી હતું.

જુગતરામ હજી વેડછીમાં જોડાયા ન હતા અને બારડોલી આશ્રમમાં કામ કરતા હતા. પણ સરભોણ ખાતે તેમણે આદિવાસીઓમાં કામ કરવાનો તથા શૈક્ષણિક કાર્ય કરવાનો નિર્ણય કર્યો. હતો ઈ. સ. ૧૯૨૬માં બારડોલી આશ્રમના કાર્યકરો વડોદરા જિલ્લામાં રેલરાહત કામ માટે ગયા, તે સમયે જ શ્રી જુગતરામ દવેએ બારડોલીમાં 'રાનીપરજ વિદ્યાલય' સ્થાપવાની યોજના ઘડી અને રેલ રાહત બાદ બારડોલી આવ્યા પછી 'રાનીપરજ વિદ્યાલય' શરૂ પણ કર્યું. આ વિદ્યાલય બે વર્ષ બારડોલી ખાતે ચાલ્યા બાદ 'રાનીપરજ માટેનું કામ રાનીપરજ વિસ્તારમાં જ હોવું જોઈએ' તેવું લાગતાં તેમણે આ વિદ્યાલય વેડછી ખાતે ઈ. સ. ૧૯૨૮માં ખસેડયું. વેડછીનું કામ જે હવે પછી પૂર્ણ રૂપે વિકાસવાનું હતું તેની વાત કરીએ તે પહેલાં આ સમયગાળાને રાજકીય આંદોલનના સંદર્ભમાં જોઈએ.

**રાજકીય આંદોલનનો સંદર્ભ :–**

બારડોલી આશ્રમ, શરુ ન થયેલી રાજકીય લડતના પરિણામ રૂપે અસ્તિત્વમાં આવ્યો. જો સ્વાતંત્ર્ય આંદોલનની લડત શરૂ થઈ ગઈ હોત તો આ કાર્યકરો લડતમાં જોડાયા હોત અને તેથી આશ્રમસંસ્થાની સ્થાપના અને રચનાત્મક પ્રવૃત્તિઓ વિલંબાઈ હોત. બન્નેના કાર્યકરો એક જ હોવાથી તેઓ કયાં તો સ્વાતંત્ર્યઆંદોલનની લડત લડે અથવા રચનાત્મક કામો કરે. આથી આ તબક્કામાં 'વેડછીનું કામ' જ્યારે લડત બંધ રહી ત્યારે ચાલુ રહ્યું. વેડછી કેન્દ્ર, બારડોલી આશ્રમના કેન્દ્ર તરીકે અસ્તિત્વમાં આવ્યું. ઉપર જોયું તે મુજબ તથા ગાંધીજીના ખ્યાલની દૃષ્ટિએ તેમ જ કોંગ્રેસના ઠરાવની દૃષ્ટિએ પરદેશી શાસન સામેની લડતના રાજકીય અને બિનરાજકીય પાસાંઓ અલગ નહોતાં. હકીકતમાં આ પાસાંઓની કલ્પના ગાંધીજીએ જુદી જુદી કરી જ નહોતી. એમને મન રાજકીય સ્વાતંત્ર્યનો અર્થ નવી આત્મનિર્ભર વ્યક્તિનું સર્જન અને સમગ્ર સમાજનું પુનઃનિર્માણ એટલો જ હતો. વેડછીના શરૂ થયેલાં કામનાં ઘટકો નીચે મુજબ રહ્યાં.

**કાર્યક્રમ :**

આર્થિક અથવા ખાદીકાર્યક્રમનો સ્વીકાર આદિવાસી અને બિન આદિવાસી બન્નેએ કર્યો. પરંતુ આદિવાસીઓમાં સમાજ–સુધારણાનું પાસું પણ સરખા જ ઉત્સાહથી સ્વીકારવામાં આવ્યું. એનો આરંભ તેઓએ પોતે જ કર્યો હતો. અને તેઓને સંબંધ છે ત્યાં સુધી વેડછી કાર્યક્રમ એ તેમના કાર્યક્રમની આગેકૂચ હતી. વેડછી કાર્યક્રમ એક રીતે લોકોની જરૂરિયાતો સંતોષતો હતો અને તેથી તેને સારો આવકાર પણ મળ્યો.

પરંતુ અહીં આદિવાસીઓ વિશેના ખ્યાલમાં થોડો તફાવત



પણ જોવા મળે છે. સમાજસુધારણાનું કાર્ય હવે રાષ્ટ્રિય અને રાજકીય હેતુ ધરાવતા વિશાળ આંદોલનના એક પાસા રૂપે હતું. આદિવાસીઓને એ આંદોલનના વમળમાં લાવવામાં આવ્યા અને તેમના બિન આદિવાસીઓ સાથેના સંપર્કને નવો અર્થ પ્રાપ્ત થયો. બિન આદિવાસીઓ સાથેના સંપર્કનો અગાઉનો તેમનો અનુભવ શોષણ અને દમન સાથે સંકળાયેલો હતો. જ્યારે આ વખતના સંપર્કના અનુભવમાં એવું કંઈ ન હોતું. બિન આદિવાસીઓ વિશેના ખ્યાલને બદલવામાં આ હકીકતે તેમને સહાય કરી.

**કાર્યકરો :–**

ગાંધીવાદી આદર્શ અને વિચારોને સમર્પિત થયેલા સ્વયંસેવકો સ્વાતંત્ર્ય માટેની લડતના કાર્યકરો હતા. તેઓએ તેમના જીવનને શિસ્તબદ્ધ બનાવ્યું હતું. અને તેમના દૈનિક કાર્યક્રમ અને જીવન વચ્ચે એકરાગિતા હતી. રાષ્ટ્રિય પુનર્નિર્માણના હેતુને સિદ્ધ કરવા માટેની આકાંક્ષા અને સેવા તથા આત્મબલિદાન માટેનો આવશ્યક ઉત્સાહ એ આ સમયગાળાના કાર્યકરોનાં વિશિષ્ટ લક્ષણો હતાં. આ કાર્યકરોમાં આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ બંનેનો સમાવેશ થતો હતો. તે પછીના તબક્કાની સરખામણીમાં આ ગાળાના કાર્યકરોની સંખ્યા ઓછી હતી. અને તેમની મુખ્ય પ્રવૃત્તિ ખાદીનો પ્રચાર કરવાની અને ખાદીનું ઉત્પાદન વધારવાની હતી. કાર્યનું ચોક્કસ વિભાજન કે ફરજની અમુક પ્રકારની સોંપણી ત્યારે થયાં નહોતાં. એવું થઈ શકે એમ પણ નહોતું. કારણ કે ખાદીકાર્ય "સમાજ સુધારણાનું અને જીવનના સર્વાંગી સુધારાનું" કેન્દ્ર હતું.

**સંગઠન :–**

આંદોલનના સંસ્થાકીય પાસાનું મુખ્ય લક્ષણ પરસ્પરને અનુકૂળ થવાની વૃત્તિ અને અંગત સંબંધોમાં બિનઔપ-

ચારિકતાનું હોવા છતાં; એક રીતે અન્ય કોઈ પણ આશ્રમના રહેનારાઓની પ્રવૃત્તિઓના સંગઠન કરતાં તેમજ આંદોલનના અન્ય કાર્યકરો કરતાં વધુ નિશ્ચિત આકાર વાળું હતું. ઈ. સ. ૧૯૨૬માં બારડોલી સ્વરાજ આશ્રમ સંઘ અસ્તિત્વમાં આવ્યો. બીજી એક સંસ્થા હતી ખાદી પ્રચારક મંડળ. બન્નેમાં સરદાર પટેલ પ્રમુખ અને લક્ષ્મીદાસ આશર મંત્રી હતા.

ઈ. સ. ૧૯૨૪માં શ્રી ચુનીભાઈ મહેતા મહિને રૂપિયા ૫૦ નો દરમાયો મેળવતા હતા અને ત્રણ આદિવાસી કાર્યકરોનું આવકનું સાધન તેમનું વણાટકામ હતું. આ ઉપરાંત વધારામાં તેમને દર મહિને રૂપિયા પાંચ મળતા. ૧૯૨૫-૨૬માં આ રકમ વધારીને રૂપિયા ૧૫ કરવામાં આવી હતી. સંસ્થાસંચાલન માટેની રકમ સરદાર પટેલ લઈ આવતા.

### ઉપસંહાર :

આમ ઈ. સ. ૧૯૨૨-૨૮ના ગાળામાં વેડછીના કામનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. વેડછીના પ્રથમ પુરુષ ચૂનીભાઈએ 'વેડછી આંદોલનનું એક મહત્ત્વનું કામ-ખાદીકામ શરૂ કરી દીધું હતું. પરંતુ ઈ. સ. ૧૯૨૮થી જુગતરામના પ્રવેશ બાદ શિક્ષણનો નવો કાર્યક્રમ શરૂ થતાં અને આગળથી ચાલ્યા આવતાં ખાદીકામ સાથે તેનું સંકલન થતાં વેડછીનાં કામની કથા વધુ મહત્ત્વ ધારણ કરનારી બનવાની હતી. ઈ. સ. ૧૯૨૮થી '૩૬ના તબક્કાની વાત હવે પછીનાં પ્રકરણમાં જોઈશું.



## ૪

# ખાદી કામનું ભણતર એટલે આત્મરચનાની કેળવણી

**(સમયગાળો : ઈ. સ. ૧૯૨૮-૩૬)**

### પ્રસ્તાવના :

ઈ. સ. ૧૯૨૪માં વેડછીના પ્રથમ પુરુષ ચૂનીભાઈ આદિવાસીઓમાં ખાદીકામ કરવા માટે વેડછી ગયા તે વાત આપણે આગલા પ્રકરણમાં જોઈ. પ્રથમ તબક્કામાં વેડછીનું કામ એટલે ચૂનીભાઈનું કામ. એટલે કે વેડછીના ખાદીકામમાં હજી સુધી જુગતરામનું કામ એટલે કે શિક્ષણના કામનો ઉમેરો થયો નહોતો. જુગતરામને ચૂનીભાઈની જેમ પલાંઠી મારી કામ કરી શકાય તેવું કોઇ કેન્દ્ર પ્રાપ્ત થયું નહોતું. તેઓએ પ્રથમ તબક્કામાં પોતાનું કેન્દ્ર શોધવાના પ્રયાસો કર્યા.

સાબરમતી આશ્રમમાંથી બારડોલી આવેલા જુગતરામ ઈ. સ. ૧૯૨૩માં સરભોણ ગયા. સરભોણ આદિવાસી ગામ ન કહી શકાય આ ગામમાં અનાવિલ, પાટીદાર અને દૂબળાઓને વસતિ હતી. સરભોણ આશ્રમમાં રહીને નરહરિ પરીખ જોડે તેમણે દૂબળાઓને અક્ષરજ્ઞાન આપવા માટે રાત્રીવર્ગો શરૂ કર્યા. પરંતુ ધણિયામાઓએ વિરોધ કર્યો, તેથી આવું "શિક્ષણનું નિર્દોષ કામ" છોડી દેવું પડયું.

હળપતિઓના રાત્રી વર્ગોનું કામ અટક્યું, પરંતુ જુગતરામનું શિક્ષણનું કામ ન અટક્યું. તેમણે ગાંધીજીના વિચારો મુજબની રાષ્ટ્રિય શિક્ષણની સંસ્થાનો વિચાર કર્યો. મિત્રોના સંતાનોથી પ્રારંભ કર્યો. બારડોલી આશ્રમના કેશવભાઈએ પોતાનાં કુટુંબનાં બે બાળકો મોકલ્યાં. લક્ષ્મીદાસ આશર પંચમહાલમાંથી પાંચ છોકરાઓ લઈ

આવ્યા. આમ રાષ્ટ્રિય શિક્ષણનું કાર્ય આરંભાયું. આ સંસ્થા પછી બારડોલી ખાતે લઈ જવામાં આવી. ત્યાં તેનું નામ 'રાનીપરજ વિદ્યાલય' પાડવામાં આવ્યું. સંસ્થાનું મોંમાથું હજી સુધી સ્પષ્ટ બંધાયું નહોતું. જો કે વહેલાં ઊઠીને પ્રાર્થના કરવાનું, પોતાનું ભોજન અને કપડાં તૈયાર કરવાનું, ખાદી ઉત્પાદન કરવાનું અને ત્યાર પછી વિદ્યાર્થીઓની કક્ષા મુજબ અક્ષરજ્ઞાન આપવાનું કાર્ય તો ચાલતું જ હતું. આમ આશ્રમજીવન અને અક્ષરજ્ઞાનના મિશ્રણ સમો આ ખ્યાલ હતો.

બારડોલીમાં ઘણી સુવિધાઓ હતી. પરંતુ જુગતરામ કહે છે તેમ બારડોલી રાનીપરજ અથવા આદિવાસીઓનો પ્રદેશ નહોતો, કે આદિવાસી જીવન સાથેનો જીવંત સંપર્ક પણ ન હતો. આથી તેમણે આ સંસ્થાને વેડછી ખાતે ખસેડી નાંખી.

તેમના કાર્ય દરમ્યાન જુગતરામે આદિવાસીઓની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને નક્કી કર્યું હતું કે સુરત જિલ્લામાં જો શૈક્ષણિક કાર્ય કરવું હોય તો આદિવાસીઓને કેન્દ્રમાં રાખીને જ થઈ શકે. એમ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે શિક્ષણનો ઉદ્દેશ "આદિવાસીઓમાંથી આદિવાસીઓના સેવકો પેદા થાય" તે રીતે તેમને કેળવવાનો રાખવો. આદિવાસી બાળકને ખાદીકાર્યમાં તાલીમ આપવી. આત્મવિશ્વાસ અને આત્મસંયમ પર આધારિત આશ્રમ જીવનના શિસ્તની કેળવણી આપવી એમ પણ નક્કી થયું.

આ સાધ્યને ધ્યાનમાં રાખીને વેડછી ખાતે શિક્ષણનું કાર્ય આરંભાયું. રાનીપરજ માટેનાં આ શિક્ષણને ખાદીના ઉદ્યોગ સાથે સાંકળ્યું હોવાથી તે શાળાને આશ્રમ ઉદ્યોગશાળા તેવું નામ આપવામાં આવ્યું. અહીં બે વર્ષ સુધી ઉદ્યોગશિક્ષણનું કાર્ય ચાલ્યું. આ પ્રયોગાત્મક કામને પરિણામે ખાદીતાલીમ અને ઉત્પાદનનો બે



વર્ષનો અભ્યાસક્રમ ઘડાયો. આંદોલનથી ખેંચાઈને ઘણા કાર્યકરો વેડછીમાં આવ્યા અને ખાદી કે શિક્ષણનું, જે મળે તે કામ કરવા લાગ્યા.

**સ્વાતંત્ર્ય આંદોલનનો સંદર્ભ :**

પરંતુ રાજકીય આંદોલન પૂર જોશમાં શરૂ થઈ જવાથી ફરી પાછું રચનાત્મક સ્વરૂપનું ખાદી અને શિક્ષણનું કામ બારંભે પડયું.

ઈ. સ. ૧૯૨૯માં બારડોલીમાં ના-કર આંદોલન થયું. વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ થયેલા આ આંદોલનને કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ અને વલ્લભભાઈ પટેલ ત્યારથી 'સરદાર' તરીકે ઓળખાતા થયા. આ સમયે બધાજ આશ્રમો યુદ્ધછાવણીઓમાં ફેરવાઈ ગયા અને તેમાં રહેનારા સૌ સત્યાગ્રહની લડતમાં સામેલ થઇ ગયા. લડત પૂરી થતાં ૧૯૨૯ માં સૌ પોતપોતાને કામે પાછા વળગ્યા અને રાનીપરજ વિદ્યાલય પણ વેડછી આવ્યું. ફરી પાછી ઈ. સ. ૧૯૩૦ માં ગાંધીજીએ રાષ્ટ્રિય સ્તરે સવિનય કાનૂન ભંગની લડત ઉપાડી અને સૌ આ રાજકીય આંદોલનમાં જોડાયા. જુગતરામનું શિક્ષણનું કામ ફરી બંધ થયું. પરંતુ આ વખતે સરદાર પટેલે સૂચના આપી કે ખાદીકાર્ય અને અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ અટકવી ન જોઈએ. તેથી ચૂનીભાઈનું ખાદીનું કામ ચાલુ રહ્યું. બ્રિટિશ સરકારે સૌ આગેવાનોની ઈ. સ. ૧૯૩૦માં ધરપકડ કરી. પરંતુ ચૂનીભાઈએ પોતે ખાદીકાર્ય કરે છે અને સવિનય કાનૂન ભંગમાં ભાગ લેનાર વ્યક્તિ નથીએવી રજૂઆત કરી તેથી તેમને છોડી મૂકવામાં આવ્યા. થોડા વખત પછી બારડોલી તાલુકાના કેટલાંક ગામડાંઓમાં લોકોએ જ્યારે ના-કર લડત ઉપાડી ત્યારે સરકારે બારડોલી તેમ જ અન્ય આશ્રમો જપ્ત કરી લીધા. ઇ. સ. ૧૯૩૧માં આ આશ્રમોનો કબજો પાછો સોંપવામાં આવ્યો. અને ચૂનીભાઈએ ફરીથી ખાદીકાર્ય શરૂ કર્યું.

પરંતુ ૧૯૩૨માં પાછા આ આશ્રમો જપ્ત થયા અને ૧૯૩૨ થી ૧૯૩૬ સુધી સરકારના કબજામાં રહ્યા. આ વખતે ચૂનીભાઈ શરૂઆતમાં બાજુના ગાયકવાડી વિસ્તારમાં ભુગર્ભમાં ચાલ્યા ગયા. પરંતુ જ્યારે તેમણે જોયું કે તેમના સહકાર્યકરો લડત આપી રહ્યા છે ત્યારે તેઓ પણ ખુલ્લેખુલ્લા સવિનય કાનૂન-ભંગમાં જોડાયા. તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને બાર માસની સજા થઇ. અહીં એ વાતનો ઉલ્લેખ કરવો જોઈએ કે ૧૯૨૮-૨૯ દરમિયાન જ્યારે લડત બંધ હતી ત્યારે ભૌતિક સામગ્રીઓની દૃષ્ટિએ આશ્રમનો વિકાસ ઘણો સારો થયો હતો. રૂપલા અઘલા ચૌધરી નામના એક આદિવાસી ખેડૂતે ૩૦ એકર જમીન આશ્રમને આપી અને સરદાર પટેલે ૧૯૨૮ની લડત માટે લોકો પાસેથી મેળવેલાં નાણાંમાંથી મકાનો માટે રૂા. ૩૦,૦૦૦ આપ્યા.

આદિવાસીઓ આઝાદી માટેની રાજકીય લડતમાં સામેલ થયા તે જુગતરામ અને બીજાઓની દૃષ્ટિએ રાષ્ટ્રિય શિક્ષણ અને તાલીમ માટેની એક ઉત્તમ તક હતી. તેઓએ પોતે અને બીજા સંખ્યાબંધ આદિવાસી કાર્યકરો તેમ જ કાર્યકરો ન હોય તેવા યુવાનોએ લડતમાં ભાગ લાધો અને લાઠીમાર સહન કર્યો તથા જેલ ભોગવી.

આદિવાસી તથા બિનઆદિવાસી ભાગ લેનારાઓએ આ લડતમાં ખભેખભા મિલાવી કામ કર્યું અને પરિણામે તેમને એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ. આ ભાગ લેનારાઓ આદિવાસી વિસ્તારના ૨૦૦ ગામડાંઓમાંથી આવ્યા હતા. રાજકીય લડતમાં ભાગ લેવાને પરિણામે તેમનામાં નવી જાગૃતિ અને ઉત્સાહનું સિંચન થયું અને એનો બહોળો પ્રચાર થયો. એક રીતે કહીએ તો આ લડતે તેમને રાષ્ટ્રિય જીવનમાં સક્રિય ભાગ લેવાની તક આપી. ૧૯૨૨ થી ૩૬ ના સમયગાળા દરમિયાનની ચળવળના મુખ્ય લક્ષણોને ટૂંકમાં નીચે મુજબ જોઈ શકાય:



**કાર્યકરો :**

હવે એ સ્પષ્ટ થઇ જાય છે કે વેડછી આંદોલનના કાર્યકરો રાજકીય સ્વાતંત્ર્ય માટેના વિશાળ આંદોલનના પણ કાર્યકરો હતા. સૌ આદિવાસી અને બિનઆદિવાસી કાર્યકરો પોતાનાં બન્ને કાર્યોને સમર્પિત હતા. આથી જ્યારે જ્યારે લડત બંધ રહેતી ત્યારે ત્યારે તે સમય-ગાળામાં રચનાત્મક કામ પણ કરી લેતા.

જેમ જેમ લડત આગળ ચાલતી ગઈ તેમ આંદોલનથી આકર્ષાઈને અનેક આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ આંદોલન માટે 'કંઈક' કામ કરવા આવી ચડયા. આ કાર્યકરોને 'કંઈક' કામ મળી પણ રહેતું. નિશ્ચિત કામ માટે નિશ્ચિત કાર્યકરો તેવા વિશેષીકરણનો અહીં સંપૂર્ણ અભાવ હતો. કાર્યકરોમાં જે કાંઈ આછુંપાતળું વર્ગીકરણ હતું તે ચૂનીભાઈના ખાદીકામના કાર્યકરો અને જુગતરામના શિક્ષણના કાર્યકરો તેવું હતું.

રચનાત્મક કામ અને રાજકીય લડત બંને જુદાં કામો નહોતાં ગણાતાં. તેથી આશ્રમમાં રચનાત્મક કામો કરનારા કર્યકરો, આવું કામ નહીં કરનારા માત્ર રાજકીય કાર્યકરોથી લડતના કામમાં ઊણા ઊતરે તેવાં નહોતા. તેમને મન રાજકીય લડતની કિંમત રચનાત્મક કામ જેટલી જ હતી. આથી જ કદાચ વેડછીના કાર્યકરોમાં હજી સુધી રચનાત્મક કાર્યકરો અને રાજકીય કાર્યકરો એવા તફાવતો ઊપસ્યા નહોતા.

**કાર્યક્રમ :**

વેડછીના કાર્યક્રમમાં આ આ તબક્કે ચૂનીભાઈના ખાદી-કામની સાથે જુગતરામનું શિક્ષણનું કામ પણ દાખલ થયું. ખાદીકામ સંસ્થીકૃત બની ચૂક્યું હતું. શિક્ષણની ભૂમિકા "ચૂનીભાઈના

ખાદીકામના વગર પૈસાના સેવકો" અને સ્વાતંત્ર્ય આંદોલનના સૈનિકો તૈયાર કરવાનું હતું. શિક્ષણકામનો પ્રારંભ થઈ ગયો હતો. પરંતુ તે ઠરીઠામ થઈને આગળ વધે તે પહેલાં લડતનો પ્રારંભ થઈ જતાં શિક્ષણના કાર્યકરો બિસ્તરા-પોટલાં સંકેલીને લડતના કામમાં પડયા. તો ચૂનીભાઈએ લડતમાં ન જતાં બાજુનાં ગાયકવાડી ગામોમાં જઈને પોતાનું ખાદીકામ ચાલુ રાખ્યું. ખાદીકામ અને શિક્ષણકામની આ જુદી જુદી ગતિ તેના ચાલકોની સ્વાતંત્ર્ય આંદોલનની લડત પ્રત્યેની ઓછીવત્તી પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિરૂપ હતી. ઈ. સ. ૧૯૨૮ થી ૧૯૩૬ના આઠ વર્ષના લાંબા ગાળા દરમ્યાન થોડીક દખલ સાથે ખાદીકામ ચાલતું રહ્યું, જયારે શરૂનાં બે વર્ષો પછી આશ્રમ ઉદ્યોગશાળા તદ્દન બંધ રહી. આશ્રમનાં મકાનોને સરકારે જપ્ત કર્યાં હતાં. જુગતરામ તથા અન્ય કાર્યકરો જેલવાસ ભોગવતા હતા. અલબત્ત, આદિવાસીઓ લડતના સક્રિય કાર્યકરો બન્યા હતા. તેમનામાં રાજકીય જાગૃતિ આવી હતી અને રાજકીય જાગૃતિના કામને પણ શિક્ષણના જ એક ભાગરૂપ ગણવામાં આવ્યું હતું.

**સંગઠન :**

સંસ્થાકીય રાહે વેડછી આશ્રમ આરંભથી જ બારડોલી સ્વરાજ્ય આશ્રમ સંઘનો સભ્ય હતો. એ સંઘ પૈસા લાવતો અને તેની વ્યવસ્થા કરતો. લડતને માટે જે ભંડોળ એકઠું થયું હતું તેમાંથી સરદાર પટેલે બારડોલી આશ્રમને ૩૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા. ઈ. સ. ૧૯૨૯માં પગાર સુધારવામાં આવ્યો હતો અને પૂર્ણ સમયના આદિવાસી કાર્યકરોને માસિક ૨૦ રૂપિયા મળતા હતા. બિન-આદિવાસીઓને વધારે પગાર મળતો. આ તફાવત આદિવાસીઓને ઉચિત જણાતો નહીં તેવું એક આદિવાસી કાર્યકર સાથેની મુલાકાતમાંથી જાણવા મળે છે.



વેડછી આશ્રમ જુદો સ્થપાતાં આદિવાસી વિસ્તારના કેન્દ્રરૂપ બન્યો. તેની ખાદી પ્રવૃત્તિએ આજુબાજુનાં ગામડાંઓમાંથી વિશાળ સંખ્યામાં આદિવાસીઓને આકર્ષ્યા હતા. આ વ્યાપ વધતો જતો હતો. પ્રવૃત્તિનો વ્યાપ વધતાં કાર્યકરો અને અનુયાયીઓની સંખ્યા પણ વધી. આમ થયું ત્યાં સુધી કાર્યકરોમાં કોઈ કોટીક્રમ નહોતો સ્થાપાયો. ત્યાર પછી સ્વયંસેવકો અને કર્મચારીઓની હરોળમાં તફાવતનો આરંભ થવા લાગ્યો.

વેડછીમાં સંસ્થાકીય રાહે ખાદી અને શિક્ષણનાં કામોને જુદાં પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. બન્ને કાર્યક્રમો માટે જુદા જુદા માણસો પણ હતા. પરંતુ વાસ્તવિક અમલમાં બંનેને જુદા પાડી શકાયા નહીં, કારણ કે બંને કાર્યક્રમો એક બીજા સાથે ગુંથાયેલા હતા. બધા જ કાર્યક્રમો રાષ્ટ્રિય પુનઃનિર્માણના કાર્યક્રમો ગણાતા હતા.

**ઉપસંહાર :**

તબક્કામાં વેડછીમાં જુગતરામ દવેનું આગમન થયું અને શિક્ષણનો કાર્યક્રમ ઉમેરાયો. એક બાજુ સ્વાતંત્ર્ય આંદોલન પૂર જોશમાં ચાલતું હોવાથી જેને રચનાત્મક કામો કહીએ છીએ તેવાં કામો વિપુલ પ્રમાણમાં ન થયાં. તેમ છતાં વેડછીની સ્વતંત્ર ઓળખ ઊભી થઈ. અમુક માણસો વેડછીના કાર્યકરો તરીકે સ્થાપિત થયા અને તેમનું કામ વેડછીનાં કામ તરીકે ગણાઈને વેડછીની આજુબાજુના વિસ્તારોમાં ફેલાવા લાગ્યું.

# ૫

# આંદોલનમાં ગુણાત્મક પરિવર્તન

## ( સમયગાળો : ૧૯૩૭–૪૨ )

ઈ. સ. ૧૯૩૭ થી ૧૯૪૭ વચ્ચેનો દશ વરસનો સમયગાળો રાજકીય સંદર્ભમાં આવેલા બે ટૂંકા સમયગાળાનાં પરિવર્તનની છાપ ધરાવે છે. કારણ કે થોડા સમય માટે મુંબઈ પ્રાંતમાં કોંગ્રેસ સત્તા પર આવી હતી. તો વળી એટલા જ ટૂંકા ગાળામાં સ્વાતંત્ર્ય માટેની આખરી લડતમાં પણ જોતરાઈ હતી. આગળ બન્યું હતું તેમ લડતના સમય દરમ્યાન કામકાજ ખોરવાઈ ગયું. પરંતુ સૂચક છે કે ટૂંકા ગાળા માટે કોંગ્રેસ જ્યારે સત્તા પર આવી ત્યારે વેડછી આંદોલનનું રચનાત્મક કાર્ય વૈવિધ્ય, તીવ્રતા અને વ્યાપકતાની દષ્ટિએ વિકાસ પામ્યું. આ સમયગાળો બદલાયેલા રાજકીય સંદર્ભ હેઠળ રાષ્ટ્રિય પુનનિર્માણનાં કાર્ય માટે આંદોલનમાં રહેલી શકયાતાઓનો તેમ જ એની સામે આવનારી સમસ્યાઓનો પણ નિર્દેશ કરે છે.

રાજકીય સંદર્ભમાં આવેલા પરિવર્તનની સાથે વેડછી આંદોલનમાં આવેલાં મહત્ત્વનાં પરિવર્તનો કાર્યક્રમના પ્રકાર અને તેની અંતર્ગત સામગ્રીની બાબતમાં હતાં. આમાં આંદોલન માટેનાં રાજકીય અને વ્યક્તિગત તત્ત્વોના ગર્ભિત અર્થોનો પણ સમાવેશ થતો હતો.

### કાર્યક્રમ

### (અ) ખાદી :

ખાદીનો કાર્યક્રમ વસ્ત્રો માટેની આત્મનિર્ભરતાના કાર્યક્રમ



તરીકે વિકસતો જતો હતો. પરંતુ હવે તેમાં એક નવા તત્ત્વનો ઉમેરો થયો, અને તે એ કે ખાદીકાર્ય ધંધાકીય કાર્ય પણ બન્યું. ખાદીકાર્ય ગુજરાન માટેનું સાધન બને એવું ગાંધીજી ઇચ્છતા હતા, અને એમાં રોકાયેલા માણસોને રોજ આઠ કલાક કામ કરવા માટે ઓછામાં ઓછા પચાસ પૈસાની ( આઠ આનાની ) રોજગારી મળી રહે એવી પણ એમની ઈચ્છા હતી. તે જમાનામાં ગુજરાન માટેનું આ વેતન હતું. આમ છતાં આ દર આપવાનું પણ મુશ્કેલ હતું કારણ કે એમ કરવા જતાં ઉત્પાદનખર્ચ વધતું હતું અને ખાદીના વેચાણ પર એની અસર પડે એમ હતું. ગુજરાત અને વેડછીમાં કાંતનારાને માટે રોજની છત્રીસ પૈસાની ( છ આનાની ) રોજગારી નક્કી કરવામાં આવી. પરિણામે ગુજરાતમાં ખાદીનું ઉત્પાદન ટોચે પહોંચ્યું. વેડછીમાં પણ ઉત્પાદનમાં વેગ આવ્યો. ઈ. સ. ૧૯૩૬ માં ધંધાકીય ધોરણે માત્ર ૧૨૦ વાર ખાદીનું ઉત્પાદન થયું હતું. જ્યારે ઈ. સ. ૧૯૪૬માં ૪૨૬૦૯ વાર થયું. આ જ સમયગાળા દરમિયાન આત્મનિર્ભરતા માટે ખાદીનું ઉત્પાદન ઈ. સ. ૧૯૩૬ માં ૩૬૫૭ વાર અને ઈ. સ. ૧૯૪૨ માં ૩૬૬૫૦ વાર હતું. આથી સ્પષ્ટ થાય છે કે ધંધાકીય ધોરણે ખાદીના ઉત્પાદનમાં વેગ આવ્યો હતો.

કાપડની જરૂરિયાત સાથે સરખાવતાં આ ઉત્પાદન નિઃશંક ઘણું ઓછું હતું. પરંતુ આંદોલનને સંબંધ છે ત્યાં સુધી એનું મહત્ત્વ વિશિષ્ટ છે. ઈ. સ. ૧૯૩૭માં ૧૮૧ સવેતન કાંતનારાઓ નવ ગામોમાં ફેલાયેલા હતા, જ્યારે ઈ. સ. ૧૯૪૧–૪૨માં ૧૧૬૦ સવેતન કાંતનારા ૭૫ ગામોમાં હતાં. ઈ. સ ૧૯૪૨ અને ૧૯૪૫ વચ્ચે 'ભારત છોડો' ના આંદોલનને કારણે આ પ્રવૃત્તિઓ અટકી ગઈ અને ઈ. સ. ૧૯૪૫ પછીના આંકડાઓ મળતા નથી. એ ગમે તે હોય, પરંતુ ૧૯૪ માં વેડછીએ ખાદી કાર્યક્રમ છોડી દીધો, તેમ છતાં વધુ ને વધુ ગામડાંઓ રેંટિયા અને સાળથી આ સમયે

ગુંજતા થતાં જતાં હતાં. આ હકીકત વેડછી આંદોલનના વધતા જતા વ્યાપનો નિર્દેશ કરે છે. અહીં એ બાબતની પણ નોંધ લેવી જોઈએ કે ખાદીના ધંધાકીય ઉત્પાદનમાં વધારો થવાને કારણે કેટલાક કાર્યકરોને ઑફિસના વહીવટી કાર્યમાં પરોવવા પડયા અને તેમનું બહાર જવાનું બંધ થયું. જે ખાદીકાર્ય લોકોના સર્વાંગી વિકાસ માટેનું સાધન હતું તે તેના હેતુમાંથી ચલિત થઈ રહ્યું હતું એમ લાગવા માંડયું. આમ સંસ્થાની દૃષ્ટિએ આત્મનિર્ભરતા માટેના ખાદીકાર્યનું જે મૂલ્ય હતું તે હવે રહ્યું નહીં. રોજગારી મેળવવા માટે જેઓ ખાદીના ઉત્પાદનમાં રોકાયા હતા તેઓ ખાદીને જીવન-પદ્ધતિના પ્રતીક તરીકે જોતા નહોતા.

કેટલાક કાર્યકરોને લાગ્યું કે ખાદીમાં પ્રવેશેલા વ્યાપારી તત્ત્વે કાર્યકરોના કાંતનારાઓ સાથેના સંબંધમાં પરિવર્તન આણ્યું હતું. સંબંધો પણ વધુ વ્યાપારી બની ગયા હતા. પહેલાં જ્યારે તેઓ ખાદી અને કાંતણ સ્વીકારાવવા માટે કોઈ માણસ પાસે જતા ત્યારે તે માણસને તેઓ સમગ્રપણે સ્પર્શતા. કાર્યકર પણ જીવન વિશેની જુદી દૃષ્ટિ અને જુદી જીવનપદ્ધતિનું પ્રતિનિધિત્વ કરતો હતો. જ્યારે હવે તેઓને લાગતું હતું કે ખાદીકાર્યક્રમમાં વ્યાપારી તત્ત્વોના પ્રવેશના કારણે લોકો તરફના અભિગમમાં પરિવર્તન આવ્યું હતું. આમ જ્યારે એક બાજુ ખાદીનું ઉત્પાદન વધ્યું, ત્યારે બીજી બાજુ સમાજસુધારણાના સાધન તરીકેની એની ઉપયોગિતામાં ધંધાકીય તત્ત્વોના પ્રવેશને કારણે ઘટાડો થયો.

(બ) શિક્ષણ :

રાનીપરજ વિદ્યાલય ઈ. સ. ૧૯૨૯માં વેડછી ખાતે ખસેડવામાં આવ્યું અને એના કાર્યક્રમને ખાદીકાર્ય સાથે સાંકળવા માટે તેનું નામ 'આશ્રમ ઉદ્યોગ શાળા' રાખવામાં આવ્યું. કાંતણ, વણાટ વગેરે શીખવવા માટે બે વરસનો અભ્યાસક્રમ રાખવામાં



આવ્યો. અંકગણિત અને ભાષા પણ શિખવાડાતાં, પરંતુ તેમનું મહત્ત્વ ગૌણ હતું. અભ્યાસક્રમ પાછળનો હેતુ ખાદીકાર્ય દ્વારા ગ્રામ કાર્યકરો તૈયાર કરવાનો હતો.

ઈ. સ. ૧૯૩૬માં સરકારે આશ્રમ પાછો સોંપ્યો ત્યારે અભ્યાસક્રમના સમયગાળામાં અને અભ્યાસક્રમના વિષયોમાં ફેરફાર કરવામાં આવ્યો. ગ્રામકાર્ય માટે જરૂરી આદર્શ અને સામર્થ્યવાળા વિદ્યાર્થીને તૈયાર કરવા માટે બે વરસ પૂરતાં જણાયો નહીં. આથી અભ્યાસક્રમનો સમયગાળો ચાર વરસનો કરવામાં આવ્યો. કાંતણ અને વણાટ ઉપરાંત ખેતીવાડી, સુથારીકામ, ઢોરોની સંભાળ, હિસાબ-કિતાબ વગેરે પણ શિખવાડવાનું શરૂ થયું. હિન્દી ઉપરાંત ગુજરાતી વગેરે ભાષાઓ, અંકગણિત, ટેકનીકલ વિષયોને લગતું જ્ઞાન તેમ જ સામાન્ય જ્ઞાન જેવા વિષયો પણ દાખલ કરવામાં આવ્યા. અભ્યાસક્રમના વિષયોમાં ફેરફાર કરવાનું કારણ એ હતું કે વિદ્યાર્થીઓ એમના કાર્યમાં તો પ્રભુત્વ મેળવતા હતા. તેમનામાં સેવાવૃત્તિનો ઉત્સાહ પણ જન્મતો હતો, પરંતુ બૌદ્ધિક સજ્જતાની તેમનામાં ઊણપ રહી જતી હતી. તેમની શિક્ષણપદ્ધતિના પુનર્મૂલ્યાંકનને આધારે ઉપરના ફેરફાર કરવામાં આવ્યા. આ ફેરફારો કરવામાં વર્ધા શિક્ષણ પદ્ધતિને અનુસરવામાં આવી. ઈ. સ. ૧૯૪૧-૪૨નો વેડછી આશ્રમનો વાર્ષિક અહેવાલ દર્શાવે છે : "જે હુન્નરો વિદ્યાર્થીઓ શીખે છે તેનો ઉપયોગ તેમની બુદ્ધિના વિકાસ માટે પણ કરવો જોઈએ. તેમના હાથના ઉપયોગમાં તેઓ પ્રભુત્વ મેળવે છે. તેમાં કંઈ સંતોષ પામવા જેવું નથી. તેઓ જ્યારે તેમના હુન્નરોના સર્વ પ્રકારના વિજ્ઞાનોમાં અને તત્ત્વજ્ઞાનોમાં ઊંડા ઊતરે ત્યારે તેમની બુદ્ધિ તીક્ષ્ણ બને. તેમની વિચારશક્તિ વૈજ્ઞાનિક બને, તેમના વિચારોને વ્યક્ત કરવા માટે વાણી ઉપર પ્રભુત્વ જન્મે અને સંશોધક કાર્યકરના ગુણોને તેઓ વિકસાવી શકે. આમ થવાથી આ હુન્નરોના તેઓ માત્ર સારા જાણકાર જ ન બનતાં તેના નિષ્ણાતો પણ બની શકે." આ

અવતરણથી તેઓ કયા પ્રકારના ગામડાના કાર્યકરને તૈયાર કરવા માંગતા હતા તેનો તથા શિક્ષણના સામાન્ય ઉદ્દેશનો નિર્દેશ સાંપડે છે.

ટૂંકા ગાળામાં કશુંક શીખવાની ઈચ્છાવાળા ઘણા લોકો ખાદી કેન્દ્રમાં માર્ગદર્શન માટે જતા. બીજા ઘણા નવી શિક્ષણપદ્ધતિનું નિરીક્ષણ કરવા અને આશ્રમજીવનનો અનુભવ કરવા જતા. આ બધા માત્ર આદિવાસીઓ ન હતા. તેમાંના મોટા ભાગના તો ગુજરાતના અને ગુજરાત બહારના બિનઆદિવાસીઓ હતા. આ રીતે તેમનો શૈક્ષણિક કાર્યક્રમ આદિવાસી વિસ્તાર અને આદિવાસીઓ પૂરતો મર્યાદિત રહ્યો નહીં. ઈ. સ. ૧૯૩૯માં મુંબઈની કોંગ્રેસ સરકારે સુરત જિલ્લાના બારડોલી અને વાલોડ તાલુકા બુનિયાદી તાલીમના પ્રયોગ માટે પસંદ કર્યા અને આ બે તાલુકાઓમાં નવી શાળાઓ શરૂ કરવામાં આવી. આમ વેડછી ચળવળના શૈક્ષણિક કાર્યક્રમને આદિવાસી વિસ્તારની બહાર પણ આવકાર મળ્યો.

ઉપર ઉલ્લેખેલા ચાર વરસના અભ્યાસક્રમ ઉપરાંત એક વર્ષના અભ્યાસક્રમાં નીચેના વિકલ્પોમાંથી એકની પસંદગી કરવાની રહેતી :

(૧) વર્ધા પદ્ધતિ મુજબ શાળાસંચાલન
(૨) બાલવાડી સંચાલન
(૩) ખાદીકેન્દ્ર સંચાલન
(૪) ગ્રામકાર્ય કેન્દ્રનું સંચાલન
(૫) ખેતીવાડી અને ઢોરની સંભાળના વર્ગો ચલાવવા

અથવા

(૬) આવા પ્રકારનું કાર્ય કરતી સંસ્થાની સંભાળ રાખવી.



આ અભ્યાસક્રમનો બીજો એક મહત્ત્વનો હેતુ એ હતો કે જો કોઇ વ્યક્તિની ઇચ્છા સામાજિક કાર્યકર થવાની ન હોય તો પણ તે તેનું ગુજરાન રળી શકે. અને લોકસેવાના આદર્શ મુજબનું જીવન જીવી શકે. આનો અર્થ એ થયો કે આ અભ્યાસક્રમ દ્વારા ગ્રામ વિસ્તારમાં નવા દૃષ્ટિબિંદુ અને નવા વલણવાળો એક નવો નાગરિક પેદા કરવાનો આ શિક્ષણનો હેતુ હતો.

નવા શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓનાં મગજ, હૈયું અને હાથને કેળવવાનો હતો, અગાઉની માફક માત્ર હાથને જ કેળવવાનો નહોતો.

આદિવાસી વિદ્યાર્થીઓનો ખર્ચ આશ્રમ દ્વારા અપાતો અને તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને જે કાંઈ વળતર મળતું તે આશ્રમ ખાતે જમા થતું.

બાલવાડી કાર્યક્રમનો ઉદ્દેશ જીવન માટેનાં નવાં દૃષ્ટિબિન્દુ અને નવી જીવનપદ્ધતિમાં બાળકનું વહેલું સામાજીકરણ થાય તે માટેનો હતો. ઈ. સ. ૧૯૩૭ થી '૪૭ વચ્ચેના સમયગાળાનો શૈક્ષણિક કાર્યક્રમ આંદોલનના રચનાત્મક કાર્યક્રમમાં નવી દિશા ખોલવા સમાન હતો. આદિવાસી વિસ્તારની બહારના લોકોનું એણે ધ્યાન ખેંચ્યું અને સરકારે એક પ્રયોગ તરીકે એનો સ્વીકાર કર્યો. મહત્ત્વની વાત એ છે કે રાજ્યવ્યવસ્થા સાથેના સંબંધમાં આવેલા પરિવર્તનના ટૂંકા ગાળામાં પણ આ કાર્યક્રમ શકય બની શકયો.

આંદોલનના અન્ય ઘટકો માટે પણ આ કાર્યક્રમના સૂચિતાર્થો મહત્ત્વના હતા. શૈક્ષણિક કાર્યક્રમને હવે વધારે માણસોની જરૂર પડવાની હતી અને આંદોલનમાંથી એ માણસો મેળવવાનું કામ મુશ્કેલ હતું. તો વળી મરજિયાત સેવાના પાયા પર નવી ભરતીનું કામ પણ મુશ્કેલ હતું. સાહિત્ય અને વિજ્ઞાનના વિષયો

શીખવવા માટે બહારના માણસોને છૂટક પગાર પર લાવવા પડે એવી પરિસ્થિતિ હતી. આ માણસો માત્ર વિશેષજ્ઞો જ હોય (આંદોલનના ભાવનાશાળી કાર્યકરો નહીં) એવું બને એમ હતું. અગાઉની જેમ બધું જાણનારા મળી શકે તેમ નહતું. આ બધાંનો અર્થ એ થતો હતો કે અત્યાર સુધી આંદોલનમાં જે બિનઔપચારિક સંગઠનનું તત્ત્વ હતું તેના સ્થાને ઔપચારિક સંગઠનનું તત્વ દાખલ થતું જતું હતું.

ઉપરની જરૂરિયાત ઉપરાંત શૈક્ષણિક કાર્યક્રમની અંતર્ગત સામગ્રીમાં થયેલા ફેરફારને કારણે પણ આંદોલન બહારના શિક્ષકોની જરૂર ઊભી થઈ હતી. તો વળી આ ફેરફારો પણ એવા હતા કે જેને પરિણામે આંદોલન હેઠળ તાલીમ પામેલા શિક્ષકોનો પુરવઠો ઓછો થઈ જાય. બૌદ્ધિક તત્ત્વના પ્રવેશને પરિણામે વધુ જ્ઞાન અને અભ્યાસની આકાંક્ષા જાગે તેમ હોવાથી તેઓ તરત નોકરી ન પણ સ્વીકારે. આંદોલનની નીતિ આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની હતી, નિરાશ કરવાની નહીં. હકીકતમાં તે પછીના સમયગાળા દરમ્યાન એમ બન્યું પણ ખરું.

શૈક્ષણિક કાર્યક્રમમાં બીજો ફેરફાર તેના હેતુ અંગે કરવામાં આવ્યો. વિદ્યાર્થીને માત્ર શિક્ષક કે નોકરિયાત બનાવવા માટેની તાલીમ નહોતી અપાતી. પરંતુ એક નાગરિક તરીકે તે ગ્રામ વિસ્તારમાં ઠરીઠામ થઈ શકે, તેનું ગુજરાન રળી શકે અને જીવન જીવવાની નવી તરેહ અને પદ્ધતિ માટે અન્યને ઉદાહરણરૂપ થઈ પડે તેવી તાલીમ અપાતી થઈ. આ ઉદ્દેશનું મહત્ત્વ એ હતું કે એ દ્વારા શિક્ષણમાં નાગરિકત્વના તત્વનો સમાવેશ થયો. જો કે ગ્રામ વિસ્તારમાં ઠરીઠામ થનાર-વિદ્યાર્થી ઊભા કરવાનો હેતુ એથી બર આવ્યો નહીં. પરંતુ બૌદ્ધિક તત્ત્વે વધુ અભ્યાસ અંગેની આકાંક્ષા પેદા કરી. અને એ કારણે આદિવાસી વિદ્યાર્થીઓ આદિવાસી વિસ્તારની બહાર જતા થયા.



## આર્થિક કાર્યક્રમ

પ્રાંતિક કક્ષાએ કોંગ્રેસ સત્તા પર આવી તે પછી ખેડૂતોના આર્થિક લાભ માટે તેણે કેટલાક કાયદાઓ પસાર કર્યા. આમાં બે પ્રકારનાકાયદાઓનો સમાવેશ થાય છે. (૧) ગણોત અંગેનો કાયદો અને (૨) ખેડૂતોને દેવામાંથી મુકત કરવા માટેનો કાયદો. આ બે લગતા કાર્ય સાથે તેઓએ હાળી અથવા હળપતિઓના પ્રશ્નો કાયદાઓને પણ ઉપાડી લીધા અને સહકારી મંડળીઓ પણ સ્થાપવાનું શરૂ કર્યું.

આ બંને કાયદાઓ સંબંધમાં તેઓએ આદિવાસીઓને જાગૃત કરવાના હતા. સમયસર તેનો અમલ થાય તે જોવાનું હતું અને યોગ્ય અધિકારીઓ પાસે તેઓ પોતાના કેસની રજૂઆત કરી શકે તે માટેની સમજણ આપવાની હતી. આદિવાસી ગણોતિયાઓ અને દેવાદારોને આ કાયદાઓની ખબર પડે તેમ ન હતું. ખબર પડે તો તે અંગેની ધારાકીય કાર્યવાહીનો ખ્યાલ આવે તેમ ન હતું. અને ખ્યાલ આવે તો પણ આ બધું તેમની પહોંચ બહારનું હતું.

ગાંધીજીએ આપેલી સૂચના અનુસાર આંદોલનના કાર્યકરોએ ગ્રામ કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ 'ગ્રામ ખેડૂત સમાજ'ની સ્થાપના કરી. જેસીંગભાઈ ચૌધરી નામના એક આદિવાસી એમના પ્રમુખ વરાયા. જગતરામ દવે ઉપ-પ્રમુખ વરાયા અને બીજા એક આદિવાસી વેલજીભાઈ ચૌધરી મંત્રી વરાયા.

ખેડૂતોને નાણાં ધીરનારાઓ પાસેથી પૈસા નહોતા મળતા. આથી સહકારી નાણાં ધીરનારી મંડળીઓ શરૂ કરવામાં આવી. વધારામાં તેમણે આદિવાસીઓ અને હળપતિઓ માટે મજૂર મંડળીઓ સ્થાપી તેમણે સહકારી ખેતી માટે પણ મંડળીઓ સ્થાપી; પરંતુ એવી મંડળીઓ નિષ્ફળ ગઈ.

આશ્રમમાં તાલીમ પામેલા કાર્યકરોએ જુદી જુદી મંડળીઓનું સંસ્થાકીય તથા મંત્રી વિષયક કાર્ય ઉપાડી લીધું.

આ પ્રવૃત્તિઓની અંતર્ગત આર્થિક સામગ્રીઓ ઉપરાંત આંદોલનમાં એક નવું પરિમાણ ઉમેરાયું. ઈ. સ. ૧૯૨૪ થી ૧૯૨૭ વચ્ચેના સમયગાળામાં તેમણે હળપતિઓની સમસ્યાઓ હાથપર લીધી હતી. પરંતુ તેમને એ હાળીઓના જમીનદારો સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું હતું. ગણોતના પ્રશ્ન સંબંધે પણ એ સંઘર્ષ સામો આવ્યો. તેમને એ સંઘર્ષથી આઘા રહેવાનું સલાહભર્યું લાગ્યું. હવે ગણોત વિશેના કાયદામાં તેમ જ દેવામુક્તિના કાયદામાં તેમને આદિવાસી તેમજ બિન-આદિવાસી જમીનદારો તથા શાહુકારોના સંઘર્ષમાં આવવું પડે એવી સ્થિતિ ઊભી થઈ. આમાં મોટે ભાગે તો બિન-આદિવાસી જમીનદારો અને શાહુકારો સાથે જ કામ પાડવાનું હતું.

પરદેશી સરકાર સામે લડત ચલાવતી વખતે આવી આંતરિક સમસ્યાઓને બાજુએ રખાતી. પરંતુ રાજકીય સત્તાનો ટેકો મળતાં જ એ સમસ્યાઓ હાથમાં લેવાતી. વાસ્તવમાં સામાજિક સંબંધોનો આ સુધારો ખાદી અને શિક્ષણના કાર્ય જેટલો જ રચનાત્મક હતો. પરંતુ આ સમસ્યા ઘણી જ નાજુક હતી અને ખૂબ જ કાળજીપૂર્વક એને હાથ ધરવાની હતી. આ કાર્યક્રમ હાથ ધરવામાં તેમને જમીન ધરાવનાર વર્ગોનો વિરોધ સહન કરવો પડે તેમ હતું તેમ જ તેમના અન્ય રચનાત્મક કાર્યક્રમમાં તેમ જ પરદેશી સરકાર સાથેની લડતમાં તેમની સહાનુભૂતિ અને સહાયથી વંચિત રહેવું પડે તેમ હતું. તેમણે કાર્યપદ્ધતિમાં જુદા જુદા વર્ગો વચ્ચેના કલેષથી અળગા રહેવામાં કાળજી રાખી હોવા છતાં આમ બન્યું તો ખરું જ. એ વાત સાચી છે કે આ કાર્યક્રમમાં તેમણે સુંદર રીતે અને સફળતાપૂર્વક કામ કર્યું. પરંતુ તેમને જમીનમાલિકોનો ટેકો તો ગુમાવવો



જ પડ્યો. આંદોલનનો રાજકીય સંદર્ભ ન બદલાયો હોત તો આ બધું ન બન્યું હોત. એમ લાગે છે કે નવા કાર્યક્રમ માટે રાજકીય સંદર્ભનો ફેરફાર આવશ્યક હતો જ. દા. ત. હળપતિઓની સમસ્યાની વાત કરીએ. સરદાર પટેલે જમીનમાલિકો અને હળપતિઓની એક સંયુક્ત સભા બોલાવી અને સંમતિ સાધી. ઝગડાના કિસ્સાઓનો નિકાલ કરવા માટે તેમણે એક લવાદપંચની પણ નિમણૂક કરી. હળપતિએ એક જ માલિકને ત્યાં જો બાર વરસ કામ કર્યું હોય તો તેને દેવામાંથી મુક્તિ આપવામાં આવી. એને ફાવે ત્યાં કામ કરવા જવા માટે તે મુક્ત બન્યો. મજૂરીની રકમ રોકડમાં આપવાનું નક્કી થયું.

મોટાભાગના કિસ્સાઓમાં હળપતિઓ તેમના જમીન માલિકોની જમીન ઉપર રહેતા હતા. જો તેઓ ત્યાંથી છૂટા થાય તો તેમને ઝૂંપડી બાંધવા માટે જમીન આપવી પડે. સરકારની મદદ વિના આ કામ શકય નહોતું. તેઓને શિક્ષણ પણ આપવાનું હતું અને વૈકલ્પિક રોજગારીની પણ વ્યવસ્થા કરવાની હતી. સરકાર આ જવાબદારી લેવા માટે આગળ ન આવે તો આ કામ પણ શકય નહોતું.

રાજકીય સંદર્ભમાં ફેરફારની અવશ્યકતા બતાવતી વખતે પણ એ નિર્દેશ કરવો જરૂરી છે કે સરકારનું વલણ ઘણું જ સહાનુભૂતિભર્યું હોવા છતાં આદિવાસીઓ તેમના હક્કનો લાભ લેતા થાય તે માટે બીજા કોઈકની મદદ જરૂરી પણ હતી જ.

વડોદરા રાજ્યના વ્યારા તાલુકાના ડોલવણ ગામના કોટલા મહેતા નામના એક આદિવાસી શિક્ષક હતા. તેમણે ભાડામુક્તિની સમસ્યા ઉપાડી લીધી. તેમણે આદિવાસીઓને જાગ્રત કર્યા અને તેમની એક કૂચ સયાજીરાવ ગાયકવાડ પાસે લઈ જઈ તેમનો કેસ

રજૂ કર્યો. એટલું તો સ્પષ્ટ છે કે આવા ખળભળાટ વિના કશું થઈ ન શક્યું હોત. તેઓ ગીતો રચતા અને "ચિનગારી" નામનું એક માસિક ચલાવતા. ગાયકવાડે હુકમ આપ્યો કે વડોદરા રાજ્યના માંગરોળ, મહુવા, વ્યારા અને સોનગઢ તાલુકામાં ગણોતિયા દ્વારા ખેડાતી જમીનનું ભાડું જમીન મહેસુલથી ચાર ગણા કરતાં વધારે ન હોવું જોઈએ. પરંતુ આ હુકમનો અમલ ન થયો. કોંગ્રેસ સરકારે આ બાબતના કાયદા પસાર કર્યા તે પહેલાંની, એટલે ઈ. સ. ૧૯૩૦ની આસપાસની આ વાત છે. ઉપરોક્ત પ્રયત્નને સફળતા ન મળી કારણ કે તેઓને મદદ કરવા માટે લોકોમાં કશી હિલચાલ ન હતી.

આવો બીજો એક પ્રયાસ દત્તુ પાંગરકરે કર્યો હતો. તેઓ ડાબેરી પક્ષો સાથે અને કિસાન સભા સાથે સંકળાયેલા હતા. એ આંદોલનના અવશેષો હજીયે માંગરોળ અને માંડવી તાલુકામાં છે. તેમની વિચારસરણી વર્ગસંઘર્ષ પર આધારિત હતી. વેડછી આંદોલનને આ વિચારસરણી માન્ય નહોતી. એમનું આંદોલન વર્ગસહકાર અથવા સર્વોદય પર આધારિત હતું.

આમ આંદોલન દ્વારા વસતિના જુદા જુદા વર્ગોના સંબંધોના પુનર્નિર્માણની સમસ્યાને હાથ ધરવા માટે રાજકીય સંદર્ભના ફેરફારની આવશ્યકતા હતી. આ સમસ્યાઓ શિક્ષણ કે ખાદી કાર્યની સમસ્યાઓ જેવી ન હતી. આ આવશ્યકતા અથવા રાજકીય સંદર્ભના ફેરફારની સાબિતી પ્રાંતિક કક્ષાએ કોંગ્રેસ સરકારના ટૂંકા સમયગાળાના કાર્યક્રમની પ્રવૃત્તિઓએ પૂરી પાડી.

## કાર્યકરો

ઉપર જોયું તેમ વૈવિધ્યની દૃષ્ટિએ તેમ જ ભૌગોલિક તથા સામાજિક વિસ્તારની દૃષ્ટિએ આંદોલનની પ્રવૃત્તિઓ વધી. એ માટે



કાર્યકરોની સંખ્યા અને પ્રકારમાં વધારો કરવાની જરૂર હતી. કાર્યના પ્રકારના પાયા ઉપર તફાવતો ઊભા થવાના હતા અને આ પ્રકારોના સંબંધમાં પણ તફાવતો ઊભા થવાના હતા પાછળ જોઈશું તેમ આને લીધે આંદોલનના સંસ્થાકીય તત્ત્વને અસર પહોંચવાની હતી. એનાથી આંદોલનના કાર્ય અને કાર્યકરોની શક્તિને પણ અસર પહોંચવાની હતી. અમુક ચોક્કસ પ્રકારની નોકરીમાં અમુક ચોક્કસ પ્રકારનું કામ કરનાર વ્યક્તિ વધુ ઉત્પાદક નીવડી શકે તેમ હતી. આ પહેલાંના સમયગાળામાં જ્યારે આંદોલન માટેના કાર્યકરોની ભરતી કરવામાં આવતી ત્યારે તેનો આધાર કાર્ય માટેની વિચારસરણીનો સ્વીકાર તથા તે વ્યક્તિના ઉત્સાહ, સેવાભાવના અને આત્મબલિદાનનીવૃત્તિ ઉપર રહેતો.

આ સમયગાળા દરમિયાન કાંતનારા અને વણનારાઓની સંખ્યા વધી હોવા છતાં મોટાભાગની ભરતી આશ્રમ અને આશ્રમ જીવનની તાલીમ પામેલા આદિવાસીઓમાંથી કરવામાં આવતી. આમાંના કેટલાક કાર્યકરો બહાર પડયા અને મઢી, ઇંટરવા, બેડા, પારડી, ખોજ વગેરે આદિવાસી વિસ્તારોમાં વેડછીના માર્ગદર્શન હેઠળ પોતાને માટે કાર્ય–કેન્દ્રો ઊભાં કર્યાં. કેટલાક કાર્યકરો જિલ્લાની બહાર પણ ગયા.

તો વળી આની સામે વણકર અથવા શિક્ષક તરીકે કેટલીક વ્યક્તિઓ બહારથી પણ આવી. તેમાંના બધામાં અને ખાસ કરીને વણકરોમાં આંદોલનની શિસ્ત અને ઉત્સાહનો અભાવ હતો.

ચૂનીભાઈ મહેતાએ આ વણકરોનાં બાળકો આશ્રમ સંસ્થાઓમાં શિક્ષણ લે તે માટેના તેમ જ તેઓ રોજ સ્નાન અને પ્રાર્થના કરે તે માટેના પ્રયત્નો કર્યા

આમ છતાં સમસ્યાએ હજી ગંભીર સ્વરૂપ ધારણ કર્યું નહોતું.

જો કે આંદોલનમાં સ્વેચ્છાથી કામ કરતા અને નિમાયેલા કાર્યકરો વચ્ચેનો ભેદ તો દેખાઇ આવતો, એટલું જ નહિ પરંતુ પ્રવૃત્તિઓની સંખ્યા અને વૈવિધ્ય તથા તેમાં રોકાયેલા કાર્યકરોએ આંદોલનના સંસ્થાકીય તત્ત્વ ઉપર પણ અસર કરી.

### સંગઠન

કાર્યકરોની સંખ્યા અને વિવિધતામાં વધારો થવાને કારણે એ સૌને એમના હોદ્દા અને જવાબદારી અનુસાર અમુક ચોક્કસ પ્રકારનું કામ સોંપવાનું જરૂરી બન્યું. આનો નિર્દેશ વેડછીના સ્વરાજ આશ્રમના ૧૯૪૧-૪૨ ના વાર્ષિક અહેવાલમાં કરવામાં આવ્યો છે. ૧૯૪૫-૪૬ ના વર્ષના અહેવાલમાં તો એ વાત ઘણી જ સ્પષ્ટ છે. મેનેજર અને ખાદી કારખાનાના મેનેજરને જુદા પાડવામાં આવ્યા. હોસ્ટેલ નિરીક્ષક, વણાટ શિક્ષક, સુથારી શિક્ષક તેમ જ અન્ય શિક્ષકોને પણ જુદા પડવામાં આવ્યા. એ જ રીતે હિસાબનીશો વગેરેને પણ જુદા પડાયા. અહીં દરેક કાર્યકરને તેના કામ મુજબનો ચોક્કસ હોદ્દો અપાયો.

આંદોલનના હાર્દ સમું આશ્રમનું સંગઠન હવે નિશ્ચિત સ્વરૂપ ધારણ કરતું હતું. વેડછીના સ્વરાજ આશ્રમની બધી મિલકત હવે બારડોલી ટ્રસ્ટની થઈ. આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠની ગ્રામ સેવા સમિતિ પણ ત્યાં હતી. એની નીતિ અને માર્ગદર્શન અનુસાર વેડછી આશ્રમનું સંચાલન થતું સમિતિ ત્રણ વ્યક્તિઓની બનેલી હતી. સરદાર પટેલ, મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખ. વેડછીને તેઓ નાણાંકીય રીતે પણ સહાય કરતા. વેડછીની બહાર આવેલી જિલ્લા શાળા બોર્ડ, અખિલ ભારતીય કાંતનાર સંઘ, નૂતન-શિક્ષણ સંઘ વગેરે સંસ્થાઓ સાથે પણ વેડછી આંદોલન સંકળાયેલું હતું. આ સંસ્થાઓ પાસેથી વેડછી આશ્રમને નાણાંકીય સહાય મળતી હતી. પરંતુ આંદોલન



માટેના આવા જોડાણોનો અર્થ એ હતો કે એ અનેક પ્રકારના સંબંધોથી બંધાય અને બહારનું આવું દરેક સંગઠન વેડછી આંદોલનના સંગઠન પર આ સંબંધોને નાતે અસર પાડે; દા. ત. ગુજરાત વિદ્યાપીઠની ગ્રામ સેવા સમિતિ ૫૦ ટકાથી વધારે નાણાંકીય સહાય કરતી હતી, પરંતુ વિદ્યાર્થીઓ કે શિક્ષકોની સંખ્યા વધારવાની બાબતમાં તેની સંમતિ લેવી પડતી. સંબંધની આવી સંકુલતા છતાં કાર્યકરોના અંગત સંબંધોમાં નિકટતા અને બિનઔપચારિકતાનું તત્ત્વ વધુ હતું અને આંદોલન ઔપચારિક નિયમો અને નિયમનોથી બંધાયું નહોતું. તેમની પાસે એક સામાન્ય વિચારસરણીની પૃષ્ઠભૂમિકા હતી. દરેક વ્યક્તિ બીજી વ્યક્તિને સમાન માનતી. પગારનાં સામાન્ય ધોરણ દાખલ કરવામાં નહોતાં આવ્યાં.

## ૧૯૨૨ થી ૧૯૪૭ સુધીના આંદોલનનો સાર

આંદોલનના બીજા અથવા સ્વાતંત્ર્ય પછીના તબક્કા તરફ આગળ વધતાં પહેલાં સ્વાતંત્ર્ય પૂર્વેના તેના અસ્તિત્વનાં ૨૫ વરસના તબક્કા ઉપર એક દષ્ટિપાત કરી લેવો જરૂરી છે.

આદિવાસીઓમાં આદિવાસીઓ દ્વારા એક પ્રકારની સમાજ-સુધારણાની પ્રવૃત્તિ તો ચાલતી જ હતી. જે આદિવાસીઓએ એનો આરંભ કર્યો હતો તેઓ ભણેલા આદિવાસીઓની પ્રથમ પેઢીમાંથી આવતા હતા. ધાર્મિક રંગે રંગાયેલી દેવી ચળવળે એને વેગ આપ્યો.

સમાજસુધારાના કાર્યક્રમમાં માંસાહાર અને દારૂતાડીના ત્યાગનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમનું સામાજિક પરિણામ એ આવે એમ હતું કે આદિવાસીઓ બિન-આદિવાસીઓના સમાજના ઊંચી જ્ઞાતિના જૂથ સાથે સમાન દરજ્જાનો હક્ક માંગી શકે. આ

એક પ્રકારની સાંસ્કૃતિકરણની પ્રક્રિયા હતી, જેને પરિણામે આદિવાસીઓ આજુબાજુના બિન-આદિવાસીઓના સુધરેલા સમાજમાં પ્રવેશી શકે.

આ કાર્યક્રમની સાથે તેઓ સ્વચ્છતાની ટેવો, જેવી કે રોજ સ્નાન કરવું, સ્ત્રીઓના હાથ ઉપરથી ઘરેણાં દૂર કરવાં વગેરેનો પણ ઉપદેશ આપતા. સ્વચ્છતા પણ એક એવું મૂલ્ય હતું કે જેને અપનાવવાથી તેઓ આજુબાજુના સમાજ સાથે સમાનતાનો દાવો કરી શકે.

આર્થિક પરિણામોની દૃષ્ટિએ જોઈએ તો દારૂતાડી ન પીવાની આદત તેમને પૈસા બચાવવા, ખેતીવાડી પર વધુ ધ્યાન આપવા અને વધુ કમાવા માટે શક્તિમાન બનાવી શકે તેમ હતી. આ રીતે તેઓ નાણાં ધીરનારાઓના પંજામાંથી પણ છૂટી શકે તેમ હતા. આ રીતે બચાવેલા પૈસા તેઓ ઘર, બાળકોનું શિક્ષણ વગેરે વધુ લાભકારી બાબતો માટે ખર્ચી શકે તેમ હતા. આના પરિણામે તેમનો દરજ્જો ઊંચો લાવવામાં પણ સહાય થાય તેમ હતી.

અહીં એ બાબતની નોંધ લેવાવી જોઈએ કે કોઈ બહારની વ્યક્તિએ તેમને આ કાર્યક્રમ આપ્યો નહોતો. બહારની વ્યક્તિઓમાં તેમનો સંપર્ક પોલીસ, જંગલખાતાના માણસો, દારૂ-પીઠાના માલિકો, જમીનદારો, શાહુકારો અને જંગલ કોન્ટ્રાક્ટરો સાથે ચાલુ રહ્યો હતો. આ લોકો સાથેનો તેમનો અનુભવ સુખદ નહોતો, અને દેખીતું જ છે કે આ તબક્કે બિન-આદિવાસીઓને આદિવાસીઓની સ્થિતિમાં આવનારું પરિવર્તન ગમ્યું ન હોત. આમ છતાં એમ કહી શકાય કે આ સંપર્ક દ્વારા આદિવાસીઓ જીવન જીવવાની જુદી પદ્ધતિ વિશે સજાગ બન્યા અને તેઓ એની પ્રસંશા પણ કરતા. આનું કારણ એ હોઈ શકે કે આ બાબત બિન-આદિવાસીઓના આર્થિક



અને રાજકીય સામર્થ્ય સાથે સંકળાયેલી હતી. જોકે આ તબક્કે તો આ એક માત્ર અનુમાન જ છે.

આદિવાસીઓના આજુબાજુના સમાજ સાથેના સંબંધોમાં જે નવું પરિમાણ ઉમેરાયું તે આદિવાસીઓમાં દાખલ થયેલું પ્રાથમિક શિક્ષણ હતું. અનેક આદિવાસીઓએ શિક્ષણ લીધું અને તેઓ શિક્ષકો, કારકુનો અને તલાટીઓ બન્યા. આને કારણે ગુજરાન કરવાની, કમાવાની એક નવી દિશા ઊઘડી. તો વળી એના દ્વારા એવા પ્રકારના માણસો ઊંચે આવ્યા કે જેઓ અમુક સમય બાદ એક સ્તર રચી શકે. આમ સામાજિક સ્તરીકરણની પ્રક્રિયાનાં બી વવાયાં. આદિવાસીઓમાં શિક્ષણનો વિકાસ ચાલુ રહ્યો અને તેની સાથે આદિવાસી સમાજમાં આ પ્રક્રિયા પણ ચાલુ રહી અને વિકસી.

દેવી ચળવળ લાંબો સમય ચાલુ રહી શકી નહિ. જીવન પ્રત્યેના નવીન દૃષ્ટિબિંદુ તેમ જ આજુબાજુના સમાજ સાથે વધુ એકરાગિતાથી જીવવાની વૃત્તિએ આદિવાસી સમાજના મોટા વર્ગ ઉપર દૃઢ છાપ પાડી. સ્થાપિત હિતોએ આનો વિરોધ કર્યો. આદિવાસીઓમાં બિન-આદિવાસીઓ તરફ એક પ્રકારનું અવિશ્વાસનું વલણ વિકસતું ગયું. એ જ વખતે આ જ પ્રકારનું એક આંદોલન આજુબાજુના બિન-આદિવાસી સમાજમાંથી આદિવાસી સમાજમાં પ્રવેશ્યું. આદિવાસીઓ તેમના કાર્યક્રમ અને નવા આંદોલનના કાર્યક્રમ વચ્ચેની સમાનતા જોઈ શક્યા અને તેમણે તેનો સ્વીકાર કર્યો. કાર્યક્રમના આ સ્વીકારને ગાંધીવાદી કાર્યકરોની વિચારસરણી, અભિગમ અને કાર્યપદ્ધતિએ વધુ સરળતા કરી આપી.

ગાંધીવાદી કાર્યકરોએ તેમના કાર્યનો આરંભ ખાદીકાર્યને વસ્ત્રો માટેની આત્મનિર્ભરતાનો કાર્યક્રમ ગણીને કર્યો. કાંતણ-પીંજણ વગેરેનું કામ શિખવાડવાનું હોવાથી તેઓએ આ ઉદ્દેશ માટે વ્યક્તિઓને મળવું પડતું. પરંતુ ખાદીકાર્યકરો તેઓને માત્ર કાંતણવણાટનું

કામ જ નહોતા શીખવતા. આદિવાસીના દૈનિક જીવન અને જીવનશૈલીને સ્પર્શતી બધી બાબતોના વિકાસ માટે તે કાર્ય કરતા. આવા કાર્યકરો આદિવાસીઓની વચ્ચે રહેતા અને તેમને દારૂબંધી, શાકાહાર, સ્વચ્છતા વગેરેનો ઉપદેશ આપતા. આદિવાસીઓના શોષક એવા બિનઆદિવાસીઓ જે પ્રકારનું સુખ અને સમૃદ્ધિસભર જીવન જીવતા હતા તેમનાં કરતાં આ કાર્યકરો ઘણું સાદું જીવન જીવતા. આંદોલનના કાર્યકરો અને લોકો વચ્ચે ઘરોબો ઊભો કરવામાં ઘણું કરીને આ બાબત સહાયરૂપ થઈ પડી.

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ગાંધીવાદી આંદોલને આ કાર્યક્રમમાં રાજકીય તત્ત્વ પણ દાખલ કર્યું. કેટલાક આદિવાસીઓ વડોદરા રાજ્યના પ્રદેશમાં રહેતા હતા. પરંતુ તેમના રાજકીય સત્તાધીશો સાથેના અનુભવને લાગેવળગે છે ત્યાં સુધી બ્રિટિશ સત્તાધીશો અને દેશી રાજ્યોના સત્તાવાળાઓ વચ્ચે કશું જ જુદાપણું નહોતું. આથી રાજકીય કાર્યક્રમને બધા આદિવાસીઓએ સરળતાથી અપનાવી લીધો. હકીકતમાં તે વખતે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ પોતાના રાજકીય કાર્યક્રમની ગતિ દેશી રાજ્યો સામે અને ખાસ કરીને વડોદરા રાજ્ય સામે ધીમી રાખી હતી. આ રાજકીય કાર્યક્રમે આદિવાસીઓની આંદોલનની લાગણીને વેગ પૂરો પાડયો. સમાનતાની ભૂમિકાએ બિનઆદિવાસીઓ સાથે કામ કરવાની તથા જીવન પ્રત્યેનાં વિવિધ દષ્ટિબિંદુઓના સંપર્કમાં આવવાની તક આપી.

રાજકીય કાર્યક્રમે ભારતના બાકીના ભાગમાંથી આદર્શવાદી તેમ જ સેવા અને આત્મબલિદાનના જુસ્સાવાળા માણસોને ઘણી મોટી સંખ્યામાં પોતાના તરફ ખેંચ્યા. તેમાંના ઘણાએ રાષ્ટ્રિય આઝાદી અને પુનર્નિર્માણના હેતુને પોતાનાં જીવન સમર્પી દીધાં હતાં. ૧૯૨૨માં સરકાર સામેની લડત અટકાવી દેવામાં આવી અને આવા



પ્રકારના મોટી સંખ્યાના કાર્યકરો ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમને પ્રાપ્ત થયા. આ કાર્યક્રમ સિદ્ધાંત અને અમલની દષ્ટિએ સવિનય કાનૂન ભંગ, અસહકાર અને સીધાં પગલાંઓના રાજકીય કાર્યક્રમથી જુદો ન હતો.

આદિવાસીઓ વચ્ચેના આ આંદોલને ૧૯૨૨ થી ૧૯૨૯ના સમયગાળા દરમ્યાન સારી પ્રગતિ કરી. તે વખતે તો એ મોટા ભાગે ખાદીકાર્યક્રમ જ હતો. રાજકીય કાર્યક્રમ સહિત અન્ય કાર્યક્રમોમાં આદિવાસીઓ આ કાર્ય દ્વારા જ જોડાયા. ૧૯૩૦ થી ૧૯૩૭ના સમયગાળા દરમ્યાન આ કાર્ય ખોરવાઈ ગયું. ૧૯૨૯માં મીઠા સત્યાગ્રહ, મહેસૂલબંધી વગેરે સીધાં રાજકીય પગલાં લેવામાં આવ્યાં. ૧૯૩૦માં ગાંધી–ઈરવીન કરાર થયા અને લંડન ખાતેની ગોળમેજી પરિષદમાં કોંગ્રેસે ભાગ લીધો. પરંતુ એમાં કંઈ વળ્યું નહીં અને કોંગ્રેસે ફરીથી સીધાં રાજકીય પગલાં શરૂ કર્યાં. આથી સરકારે બધાં કાર્ય–કેન્દ્રો જપ્ત કર્યાં, કાર્યકરોની ધરપકડ કરી અને તેમને જેલ ભેગા કર્યા. આદિવાસીઓ વચ્ચેનું કાર્ય ઢીલમાં પડયું. ૧૯૩૭ સુધીમાં કેન્દ્રો પાછાં સોંપવામાં આવ્યાં. કાર્યકરોને મુક્ત કરવામાં આવ્યા અને ભારત સરકારના ૧૯૩૫ના કાયદા મુજબ કોંગ્રેસ મુંબઈ સહિત અન્ય પ્રાંતોમાં સત્તા પર આવી. પ્રાંતિક સ્વાયત્તતાનો આ અખતરો હતો. પરંતુ ગાંધીજીની આગેવાની હેઠળ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૨માં કોંગ્રેસે 'ભારત–છોડો'ની ચળવળ શરૂ કરી અને ૧૯૪૨થી ૧૯૪૫ સુધી કામ પાછું ખોરવાઈ ગયું. ૧૯૪૫થી એ પાછું વ્યવસ્થિત થયું અને ૧૯૪૭ સુધી ચાલુ રહ્યું.

સરકાર સાથેની લડતના કામચલાઉ વિરામે આદિવાસી અને બિન–આદિવાસી કાર્યકરોને મોટા પ્રમાણમાં જેલમુક્ત કર્યા અને તેઓએ રચનાત્મક કાર્ય ફરી પાછું ઉપાડી લીધું.

આઝાદી પૂર્વેના સમય દરમ્યાન આંદોલનની વિચારસરણી

સંપૂર્ણપણે ગાંધીવાદી રહી. ભરતી કરવામાં આવતા કાર્યકરો મોટે ભાગે આ વિચારસરણીને વરેલા, સેવા અને આત્મબલિદાનની ભાવનાને સમર્પિત થયેલા હતા. આમ છતાં આર્થિક અને શૈક્ષણિક કાર્યક્રમોની પ્રવૃત્તિઓ સંખ્યા અને વિવિધતાની દષ્ટિએ તેમ જ ભૌગોલિક વિસ્તારની દષ્ટિએ એટલી બધી વધી ગઈ કે તેના અમલ માટે મોટી સંખ્યામાં માણસોની અને જુદા પ્રકારની સજ્જતાની જરૂર ઊભી થઈ.

આંદોલનમાં જ તાલીમ પામેલા અને શિસ્તબદ્ધ થયેલા માણસોથી જ હવે કામ ચાલે એમ નહોતું. ખાદી ઉત્પાદનના કાર્યનો પ્રયોગ જ્યારે ધંધાકીય પાયા ઉપર કરવામાં આવ્યો ત્યારે કેટલાય હરિજન-વણકારોને બહારથી લાવવા પડયા. તેઓ રોજી રળનારા તરીકે આવ્યા અને કાંતનારાઓને પણ રોજી ચૂકવાતી થઈ. આ લોકોને માટે રોજીની પ્રાપ્તિ જ કાંતણ અને વણાટ માટેની પ્રેરણા આપનાર બાબત હતી. રોજગારીનો આ પ્રયોગ છોડી દેવામાં આવ્યો અને ખાદી કાર્યક્રમ ફરીથી માત્ર વસ્ત્રો માટેની આત્મનિર્ભરતાનો કાર્યક્રમ બન્યો.

આ જ પ્રમાણે શિક્ષણના કાર્યક્રમમાં હુન્નરોનો ખાસ અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો. ભાષા અને વિજ્ઞાનના અભ્યાસક્રમો પણ દાખલ કરવામાં આવ્યા. આ બધું વર્ધા શિક્ષણ પદ્ધતિને (બુનિયાદી તાલીમને) અનુસરીને તેમ જ જ્ઞાનને જીવનલક્ષી બનાવવાના દષ્ટિબિંદુથી કરવામાં આવ્યું. એમ પણ વિચારવામાં આવ્યું કે આ પહેલાંના અભ્યાસક્રમોમાં હાથને વધારે મહત્ત્વ આપવામાં આવતું હતું અને બુદ્ધિના વિકાસમાં ઊણપ રહી જતી હતી. નવા અભ્યાસક્રમોનો હેતુ હાથ, મસ્તક અને હૈયાના ઉપયોગમાં સંતુલન સાધવાનો હતો. આ અભ્યાસક્રમો અસરકારક રીતે શિખવાતા હતા કે કેમ એ અલગ પ્રશ્ન છે. પરંતુ શૈક્ષણિક સજ્જતાવાળા



માણસોની એમાં જરૂર હતી અને આંદોલનના સક્રિય માણસોમાંથી જ એમાં સો ટકા ભરતી કરવાનું શકય નહોતું. આથી આંદોલનના વિસ્તારની બહારથી માણસો આવ્યા.

આ સમયગાળા દરમ્યાન કાર્યક્રમમાં એક નવું પરિમાણ ઉમેરાયું. ગણોતના કાયદાના, ખેડૂતોની ઋણમુક્તિના અને ખેત-મજૂરોમાં કરેલા કાર્યના અમલે જમીનદારો અને ગણોતિયાઓ વચ્ચેના, શાહુકાર અને ખેડૂતો વચ્ચેના દાસની કક્ષાએ પહોંચેલા હાળી અને જમીનદાર વચ્ચેના પ્રવર્તમાન સામાજિક સંબંધો પર અસર કરી હતી. અને આ અસરને માટે આંદોલનના કાર્યક્રમો કારણભુત બન્યા હતા. તો બીજી બાજુ જમીન ધરાવનાર વર્ગે સવિનય કાનૂન ભંગના કાર્યક્રમમાં અને ખાસ કરીને મહેસૂલ ન ભરવાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. શાહુકારોનું વલણ આ માટે સહાનુભૂતિભર્યું હતું અને આમાંના ઘણા જમીનમાલિકો પણ હતા. આ બધા જ હાળીઓના માલિકો અર્થાત્ ધણિયામા હતા.

જંગલ વિસ્તારમાં ન રહેતા હાળીઓ માટે કામ કરવાના અગાઉના અનુભવમાં જમીન ધરાવનાર બિન-આદિવાસીઓનો વિરોધ વેઠવો પડયો હતો અને વેડછી આંદોલને ૧૯૨૭થી એ કાર્ય સ્થગિત કરવું પડયું હતું. પરંતુ ૧૯૩૭ થી ૧૯૪૭ વચ્ચેના સમયગાળા દરમ્યાન આમ બન્યું નહીં.

આદિવાસીઓના અન્ય આદિવાસીઓ સાથેના તેમ જ બિન-આદિવાસીઓ સાથેના સંબંધમાં કેટલાક ફેરફારોને ટકાવી રાખવા માટે ખાદી અને શિક્ષણના કાર્ય દ્વારા આદિવાસીઓને તૈયાર કરવામાં આવતા. બિન-આદિવાસીઓમાં પણ ગણોતિયાઓ તથા દેવાદારો હતા અને તેઓને પણ આ જ કાયદાઓ લાગુ પડતા. પરંતુ તેઓને અને ખાસ કરીને જમીનની આવકમાં જેઓ બીજી

નોકરી વડે પૂરક આવક ઉમેરતા હતા એવા નાના જમીનદારોને ગણોતના આ કાયદાથી માઠું લાગ્યું. આવી વિષમ પરિસ્થિતિ હોવા છતાં આંદોલને આ કાર્યક્રમ ઉપાડી લીધો અને સફળતાપૂર્વક પાર ઉતાર્યો. જો કે બિન–આદિવાસીઓના ઉપલા વર્ગનો ટેકો તેઓએ ગુમાવવો પડયો હતો. રાજકીય રીતે બિન–આદિવાસી જમીનદારો પછીથી પક્ષના ટેકેદારો બન્યા.

અન્ય કાર્યક્રમો સાથે સુસંગત એવો બીજો ચોક્કસ કાર્યક્રમ નાણાં વ્યાજે મેળવવાની ઓછી થયેલી સગવડની અસર નિવારવા નાણાં ધીરનારી મંડળીઓ સ્થાપવાનો હતો. તો વળી મજૂર સહકારી મંડળીઓએ આદિવાસીઓએ નોકરી માટે કોન્ટ્રાકટર પર જે આધાર રાખવો પડતો હતો તે ઓછો કર્યો.

આમ વેડછી આંદોલનના કાર્યક્રમમાં મહત્વનું પરિવર્તન આવ્યું. તેણે વિશાળ સંખ્યામાં હકકોથી વંચિત એવા લોકોને પોતાના પ્રત્યે આકર્ષ્યા. રાજકીય લડતમાં ભાગ લેનાર આદિવાસીઓની સંખ્યામાં વધારો થયો. તેમની રાજકીય જાગૃતિનો વિકાસ અને વિસ્તાર થયો. ૧૯૪૭ સુધીમાં તો રાજકીય આંદોલનમાં જેની ગણતરી કરવી પડે તેવું આદિવાસીઓનું એક જૂથ ઊભું થયું. આ વિકાસને કારણે આદિવાસીઓમાં અસ્મિતાની લાગણી જન્મી.

આંદોલનની નીતિ ઘડનારાઓ અને તેનો અમલ કરનારા કાર્યકરો હજી બિન–આદિવાસીઓમાંથી જ આવતા હતા. તેમની વિચારસરણી અને જુસ્સો પણ અગાઉના જેવાં જ હતાં. પરંતુ પ્રવાહ પાતળો પડી ગયો હતો. દરમિયાન આંદોલનમાં આદિવાસીઓ પણ તાલીમ પામ્યા અને ખાસ કરીને કાર્યક્રમના અમલની કક્ષાએ તેમની સંખ્યા વધી.

પ્રવૃત્તિઓની વિવિધતા વધવાને લીધે તેમ જ કાર્યકરોની



સંખ્યા અને વિવિધતામાં વધારો થવાને લીધે સંબંધોમાં અંગત અને બિન–ઔપચારિક તત્ત્વ ઓછું થાય તેમ હતું. તો વળી ઔપચારિક બિન–અંગત ધોરણે માનવ સંબંધોની વ્યવસ્થા કરવાની સમસ્યા પણ ઊભી થાય એમ હતી. આમ છતાં નીતિ ઘડવાની કક્ષાએ તથા અધિકારી કક્ષાએ કેટલીક વ્યક્તિઓના માન–મરતબાના સંબંધમાં જડ પ્રકારના નીતિ નિયમોની આવશ્યકતા નહોતી. હજી પરસ્પરની સમજણ અને અનુકૂળતાથી કામ કરવાની વૃત્તિ અસ્તિત્વ ધરાવતી હતી. પરંતુ નાણાંકીય હેતુ માટે ધારાકીય ઔપચારિકતા પૂરી પાડવા કેટલાંક મંડળો અને રજિસ્ટર્ડ સંસ્થાઓ રચવાં પડયાં.

નાણાંની વ્યવસ્થા મોટે ભાગે સરદાર તરફથી થતી અને આઝાદી પહેલાંના સમયગાળામાં કાર્યકરોને તેની ફિકર કરવી પડતી નહીં.

રાજકીય સંદર્ભના ફેરફાર સાથે જ આંદોલનમાં પણ ફેરફાર થતા હતા એની નોંધ લેવી જોઈએ. ત્રણ વરસના ટૂંકા ગાળા માટે ભારતીયોની સરકાર સત્તા પર હતી ત્યારે પણ વેડછી આંદોલનની તીવ્રતા અને વિસ્તારમાં ઝડપી વિકાસ થયો હતો. પરંતુ રાજકીય સંદર્ભનું પરિવર્તન આંદોલન સંબંધે એક પ્રશ્ન ઊભો કરે છે કે જો રાજકીય સત્તાનો ટૂંકા ગાળાનો ફેરફાર પણ આટલો બધો અસરકારક પુરવાર થતો હોય તો પહેલાં એના ઉપર ધ્યાન કેન્દ્રિત કરી પછી રચનાત્મક કાર્યક્રમનો વિચાર શા માટે ન કરવો? સદ્ભાગ્યે થોડા જ સમયમાં રાજકીય સત્તા પ્રાપ્ત થઈ અને પરદેશી વિરુદ્ધ ભારત સરકારના સંબંધમાં આ પ્રશ્નનું કોઈ મહત્વ રહ્યું નહીં. પરંતુ બીજા સંદર્ભમાં એનું મહત્વ વધ્યું. ૧૯૪૭ પછી ભારત સરકાર તરીકે ભારતીયોની સરકાર આવી. પરિવર્તનના સાધન તરીકે હવે રાજકીય સત્તાની ઈચ્છા કરી શકાય એમ હતું. શું રાજકીય સત્તાની આવી

સમજણની આંદોલન ઉપર કોઈ અસર હોઈ શકે ખરી? વળી આદિવાસી સમાજમાં પણ પરિવર્તન આવ્યું હતું. શિક્ષણ, વ્યવસાય અને ધનસંપત્તિ ઉપર આધારિત તફાવતોની સ્થિતિ આદિવાસીઓમાં સ્થાન લઈ રહી હતી. આ બધાની અસર પણ આંદોલન ઉપર પડી શકે તેમ હતું. તે પછીના સમયગાળામાં રાજકીય સત્તા વિશેની સમજણ અને તે તરફનું વલણ તથા આદિવાસી સમાજની બદલાયેલી સ્થિતિ ચળવળને અસર કરનારાં વધારાનાં કારણો બન્યાં.

૬

# સ્વાતંત્ર્યોત્તર સમય અને વેડછી આંદોલન

## ( સમયગાળો : ઇ. સ. ૧૯૪૭–૬૭ )

### પૂર્વભૂમિકા

૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું. એટલે સ્વાતંત્ર્ય આંદોલનનો મુખ્ય ઉદ્દેશ પરિપૂર્ણ થયો. વેડછી આંદોલન સ્વાતંત્ર્ય આંદોલનનો એક ભાગ હતું, એટલે એનો મુખ્ય ઉદ્દેશ પણ પરિપૂર્ણ થયો. સરકાર બદલાઈ તેની સાથે વેડછી આંદોલનના બાહ્ય સંદર્ભો – રાજકીય, આર્થિક અને શૈક્ષણિક – બદલાયા.

### બદલાતો રાજકીય સંદર્ભ

સ્વરાજ્ય આવતાં હવે રાજ્ય સામે સંગ્રામનો સવાલ રહેતો નહોતો. હવે પોતાનું જ રાજ્ય હતું. તેની સામે લડવાનું કેવું? મૂંઝવણ એ હતી કે આ રાજ્ય વેડછી આંદોલનનો આદિવાસી



સમાજમાં ગાંધીવાદી વિચારસરણી મુજબના પરિવર્તનનો જે હેતુ હતો તે બાબતમાં કેવી નીતિ રાખશે?

ભારતનું રાષ્ટ્રીય સાર્વભૌમ રાજ્ય હવે અસ્તિત્વમાં આવ્યું. પુખ્તવય મતાધિકાર પર આધારિત લોકશાહી મુજબ સરકાર રચવાની હતી. કાયદાની દૃષ્ટિએ ધર્મ, જ્ઞાતિ, ભાષા વિગેરેના ભેદભાવો વિના બધી વ્યક્તિઓ સમાન હતી. વેડછી આંદોલનનો એક હેતુ આમ વૈધાનિક રીતે બર આવ્યો હતો. આમ છતાં વાસ્તવિક સમાનતા લાવવા માટે ચોક્કસ પ્રકારના નક્કર કાર્યક્રમો અને તે માટેની નીતિઓ અમલમાં લાવવાની જરૂર હતી. કાયદાની દૃષ્ટિએ મળેલી સમાનતા ભોગવવા માટે દરેક વ્યક્તિને આર્થિક અને શૈક્ષણિક રીતે સજ્જ થવાની તક મળે તે જરૂરી હતું. ભારતીય ગણરાજ્યને કલ્યાણરાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું અને સમાનતાની સ્થિતિ નિર્માણ થાય એવો કાર્યક્રમ અમલમાં મુકાશે એમ પણ જાહેર થયું. આવા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમ અમલમાં મુકાયા પણ ખરા.

### ઔદ્યોગિકરણ અને શહેરીકરણ (બદલાતો આર્થિક સંદર્ભ)

વિશાળ પાયા પરના ઔદ્યોગિક ઉત્પાદનનો કાર્યક્રમ આરંભાયો. ઔદ્યોગિક ઉત્પાદનની રીતોને વધુ આધુનિક બનાવવાની જરૂર વધી અને ખેતઉત્પાદનમાં પણ વિજ્ઞાન અને ટેકનોલૉજી દાખલ કરવાની શક્યતા ઊભી થઈ. ઔદ્યોગિક કાર્યક્રમને લીધે શહેરી વિસ્તારોનો વધારો થયો અને શહેરોની વસતિમાં પણ વધારો થયો. ભણેલા અને અભણ માણસોનો તથા કુશળ અને બિન-કુશળ કારીગરોનો પ્રવાહ શહેર તરફ વહેવા લાગ્યો. શિક્ષણ માટેની સગવડો વધી તથા એ સગવડોની શહેરના અને ગામડાના વિસ્તારમાં માંગ પણ વધી. શહેરીકરણની આ પ્રક્રિયા અગાઉના કરતાં વધુ ઝડપી બનતી જતી હતી. શહેર અને ગામડાંઓના સંબંધમાં શહેર તરફનો

પ્રવાહ વધતો રહ્યો. ઘણા લોકો આ પ્રવાહમાં ભળવાથી શહેરીકરણ તરફના વલણમાં, તેના સામાજિક અને સાંસ્કારિક સૂચિતાર્થો સહિત, પરિવર્તન આવ્યું. આ પરિવર્તન ટુકડે ટુકડે આવ્યું એટલું તો ચોક્કસ. શહેરીકરણની આ પ્રકિયાને વાહનવ્યવહાર તથા સંદેશ-વ્યવહારની સુવિધાઓએ ઘણી સહાય કરી.

ભારતીય સમાજને એકીકરણ તરફ દોરી જનારા પ્રવાહ તરીકે આ શહેરીકરણની ગણના થઈ શકે. સુરત જિલ્લાના તથા વેડછી વિસ્તારના આદિવાસીઓ પણ આ પ્રક્રિયા અને પ્રવાહથી અલિપ્ત રહી શકયા નહીં. જંગલ વિસ્તાર પણ હવે ન પહોંચી શકાય કે અવારનવાર ન જઈ શકાય તેવો વિસ્તાર રહ્યો નહીં નવા વિકાસે સર્જેલી ધંધાકીય તકોથી આદિવાસીઓએ પણ બહાર જવા માંડયું. જેમ બિન-આદિવાસીઓમાં બન્યું તેમ નોકરી માટે બહાર ગયેલા આ આદિવાસીઓએ શહેરી વિસ્તારના બિન-આદિવાસીઓના વિચાર, અભિપ્રાય, ફેશન અને જીવન પદ્ધતિઓનું અનુકરણ કરવા માંડયું. આદિવાસી વડીલોની એ વિશેની નારાજી હતી, પરંતુ જુવાનો તો એ તરફ આકર્ષાયા. કદાચ શિક્ષતો આ તરફ વધુ આકર્ષાયા હશે. તેમને બિન-આદિવાસી વિસ્તારમાં વધુ તકો દેખાઈ.

## બદલાતો શૈક્ષણિક સંદર્ભ

ભારતનાં રાજ્યોમાં અમલમાં મુકાયેલો મફત ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાર્યક્રમ, રાજ્ય દ્વારા સમનતાની તકના વિચારને વધુ વાસ્તવિક બનાવવા માટેનો પ્રયત્ન હતો. ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યામાં પણ સરકારે વધારો કર્યો. ગુજરાત રાજ્યમાં, અને ખાસ કરીને સુરત જિલ્લામાં, શૈક્ષણિક સગવડ વધારવાના કાર્યક્રમમાં પ્રત્યેક ગામડાને આવરી લેવામાં આવ્યું. શૈક્ષણિક સુવિધાઓના સર્જને એવી સ્થિતિ નિર્માણ કરી કે જો



આદિવાસીઓ તેને ફાયદો ઉઠાવે તો આદિવાસી વિસ્તારની બહાર થતી પરિવર્તનની પ્રક્રિયામાં ભાગ લેવા તેઓ શક્તિમાન બને. આને લીધે તેઓ વિશાળ સમાજના સંપર્કમાં આવી શકે. આ રીતે આદિવાસી સમાજની બહાર જે પરિવર્તન થઈ રહ્યું હતું તે આદિવાસી સમાજને પણ, એ પરિવર્તનના બળોને કારણે, અસર કરી શકે તેમ હતું. એના આંદોલન ઉપર શું પરિણામ આવ્યાં હશે ?

## આદિવાસી વિસ્તાર, બદલાતી પરિસ્થિતિ અને આંદોલન

વેડછી આંદોલનનો આરંભ સરકાર વિરોધી વાતાવરણમાં થયો અને ટૂંકા ગાળાને બાદ કરતાં એનો વિકાસ પણ એ જ વાતાવરણમાં થયો. આદિવાસીઓ સરકારને જુલમ માટેના સાધન તરીકે જોતા. ૧૯૪૭ પછીની સરકારની નીતિ આદિવાસીઓની કલ્યાણ અને પ્રગતિ માટેની હતી. આથી આંદોલને સરકાર સાથેના સંબંધો અને સરકાર તરફનાં વલણો અંગે પુનઃવિચારણા કરરવાની હતી.

વેડછી આંદોલન તેના હેતુ પરત્વે રાજ્યથી જુદું પડે તેમ નહોતું. પરંતુ આ હેતુઓને કઈ રીતે સિદ્ધ કરવા, તેમ જ આદિવાસીઓના શિક્ષણ અને કલ્યાણની અંતર્ગત સામગ્રી શી હોય શકે તે બાબતમાં મતભેદને અવકાશ હતો. ૧૯૪૭ પહેલાં, ટૂંકા ગાળાને બાદ કરતાં, સરકાર સાથે ચર્ચા માટે આ પ્રશ્ન આવ્યો ન હતો. પરંતુ હવે ૧૯૪૭ પછી આ પ્રશ્ન વારંવાર ઉપસ્થિત થાય છે. આદિવાસીઓ માટેના સારા શિક્ષણ અને કલ્યાણમાં કઈ કઈ બાબતો હોઈ શકે તેનો સમાવેશ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં થયો હતો. શિક્ષણને લાગેવળગે છે. ત્યાં સુધી વેડછી આંદોલને નથી તાલીમનો સ્વીકાર કર્યો હતો. સરકારના કાર્યક્રમમાં સમાયેલાં દષ્ટિબિંદુ અને આ દષ્ટિબિંદુ વચ્ચે કોઈ સામ્ય છે ખરું ?

આ રીતે વિચારતાં ફિલસૂફીની કક્ષાએ મતભેદને વધુ અવકાશ રહે છે. સરકારના કાર્યક્રમમાં સમાવિષ્ટ થયેલો સમાજનો ખ્યાલ અને વેડછી આંદોલનમાં સમાવિષ્ટ થયેલ સમાજનો ખ્યાલ એક છે ખરો ? જો ન હોય તો શું ?

ગાંધીજીના સિદ્ધાંત અને આચાર મુજબ રાજકીય સત્તાનો ઉપયોગ સમાજિક પરિવર્તન અથવા પુનઃ નિર્માણના સાધન તરીકે થઈ શકે. પરંતુ અમુક પ્રકારનો સમાજ ઊભો કરવાનો ખ્યાલ પ્રાપ્ત થયા પછી ગાંધીવાદી વિચાર મુજબ રાજકીય સત્તા પ્રાપ્ત થાય ત્યાં સુધી વાટ જોવાનું જરૂરી નથી. આવો ખ્યાલ જેમને આવ્યો હોય તેમણે એ માટે કામ કરવાનું શરૂ કરી દેવું જોઈએ. જેઓએ સામાજિક નવનિર્માણ માટે કામ કર્યું હોય તેઓ રાજકીય સત્તા પ્રાપ્ત કરવા માટેની લડતમાં પણ ભાગ લે તો જ રાજ્યનું સ્વરૂપ એવું થઈ શકે, જે રાજકીય લડતમાં કાર્ય કરનારના વિચાર મુજબ સમાજનું પુનઃનિર્માણ કરવામાં સહાય રૂપ થાય. જેને માટે ગાંધીવાદીઓએ લડત આપી એ અસ્તિત્વમાં આવેલું રાષ્ટ્ર–રાજ્ય (નેશન-સ્ટેટ) એવા સ્વરૂપનું છે ખરું•કે જેમાં વેડછી આંદોલનના અથવા ગાંધીવાદીઓના આદર્શોનો સમાવેશ થતો હોય ? આનો જવાબ જો 'હા'માં હોય તો વેડછી આંદોલન અને સરકાર વચ્ચેના સંબંધો ઘણા સરળ હોઈ શકે. પરંતુ આ સાબિત કરવાની જરૂર રહે છે. જો જવાબ 'ના'માં હોય તો સરકાર સાથેના સંબંધમાં વેડછી આંદોલન કયાં ઊભું છે તે જોવાનું રહે છે.

આ આદિવાસી સમાજની બહારના સમાજિક, આર્થિક ફેરફારો અને રાષ્ટ્રિય સરકારનો ઉદ્ભવ, એ બે એવી ઘટનાઓ હતી કે જેની અસર વેડછી આંદોલન પર થઇ શકે. આ ઘટનાઓ આંદોલનનો હેતુ પાર પાડવામાં મદદરૂપ કે બાધારૂપ પુરવાર થઈ શકે.



આ અસરની પૂરેપૂરી તપાસ કરવા માટે આદિવાસી સમાજમાં આવેલા સામાજિક–આર્થિક પરિવર્તનની તથા રાજકારણની તપાસ કરવી જરૂરી બને છે. આવા પ્રકારની તપાસની જવાબદારી આ પૂછપરછમાં લઇ શકાય તેમ નથી. આદિવાસી સમાજમાં થયેલા ફેરફારો કયા હતા, તેમ જ આંદોલનનાં સંબંધમાં રાજકીય સત્તા પ્રત્યે તેમનું વલણ કેવું હતું તે અંગેના પ્રશ્નો કાર્યકરોને પૂછીને જ અમે સંતોષ માન્યો છે. આ ફેરફારોનું પ્રતિબિંબ કંઈક અંશે આંદોલનના ત્રણ અંગો— કાર્યક્રમ, સંગઠન તથા કાર્યકરો વિશેની ચર્ચાઓમાં પડશે; તો કંઈક અંશે એનું પ્રતિબિંબ તેઓ ભવિષ્યના કાર્યક્રમ માટે શું વિચારે છે તથા કાર્યક્રમના અમલ માટે તેમને કેવા કાર્યકરોની જરૂર છે, તેની ચર્ચામાં પણ પડશે. આદિવાસી સમાજમાં આવેલા પરિવર્તનની અસર ભવિષ્યના કાર્યક્રમ તથા ભવિષ્યના કાર્યકરો ઉપર પણ પડવાનો સંભવ ખરો. એટલે આપણે ઉપરના ત્રણ ઘટકોનો વિચાર કરીએ

### કાર્યક્રમ

ઈ. સ. ૧૯૩૭ થી ૪૭ના ગાળા દરમિયાન વેડછી આંદોલનમાં જે કાર્યક્રમ હતો તેમાં બહુ ફેરફાર થયો નહીં. કાર્યક્રમ આ મુજબ હતો :

(૧) ખાદી,
(૨) ગણોતનો કાયદો તથા દેવા મુક્તિ,
(૩) સહકાર,
(૪) શિક્ષણ,
(૫) હળપતિઓ અને કોટવાળીઆઓમાં કાર્ય,
(૬) રેલ અથવા આવી કુદરતી આફતો જ્યારે આવે ત્યારે રાહત કામ.

## ખાદી અને અન્ય આર્થિક કાર્યક્રમો

અગાઉના ગાળા દરમ્યાન ખાદીનું ઔદ્યોગિક ઉત્પાદન અટકી ગયું હતું. વસ્ત્રોમાં આત્મનિર્ભરતાના કાર્યક્રમ તરીકે ખાદીનું કાર્ય ચાલુ રહ્યું હતું. આની પાછળનો ખ્યાલ આત્મસહાય અને આત્મવિશ્વાસના ગુણો ખીલવવાનો હતો.

ઈ. સ. ૧૯૪૭માં મુંબઈ રાજ્યની સરકારે ખાદી અને ગ્રામ ઉદ્યોગના વિકાસ માટે એક સમિતિની નિમણૂક કરી. વસ્ત્રો માટે આત્મનિર્ભરતા અંગેની વેડછીએ આપેલી યોજનાનો સમિતિએ સ્વીકાર કર્યો અને એ યોજના પ્રમાણે કાર્ય ચાલુ રહ્યું. યોજના આ મુજબની હતી: પોતે બનાવેલી ખાદી પહેરનાર વ્યક્તિઓની સંખ્યા જ્યાં ૨૦૦ જેટલી હોય ત્યાં ખાદી ઉત્પાદનની પ્રક્રિયાઓ જાણનાર એક કાર્યકરની નિમણૂક કરવી. ૪૨ ગામડાંઓને તથા ૨૧૦૧ વ્યક્તિઓને આવરી લેતાં આવાં ૧૩ કેન્દ્રો શરૂ થયાં, તેમ સ્વરાજ આશ્રમ વેડછીના ૧૯૪૮ના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે.

આ કેન્દ્રોના કાર્યકરોને વેડછી ખાતે તાલીમ આપવામાં આવતી. પરંતુ પછીથી ખાદી કાર્યનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું. અને સ્વતંત્ર ખાદી મંડળો તથા સહકારી મંડળીઓએ આ કામ કરવા માંડ્યું. સમય પસાર થતો ગયો તેમ વેડછી ખાતેનું તથા એની સાથે સંકળાયેલી સંસ્થા સાથેનું ખાદી કાર્ય ઓછું થતું ગયું. ૧૯૬૭ થી વેડછી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગ કમિશનની દેખરેખ હેઠળ જુદી જુદી સંસ્થાઓમાં ખાદી કાર્ય થાય છે. વેડછી આંદોલનના ખાદી કાર્યક્રમને સંબંધ છે ત્યાં સુધી રાજ્યે તેનો સ્વીકાર કરી લીધો અને વેડછીને તેમાંથી મુક્તિ મળી. આ અર્થમાં વેડછી આંદોલને એક હેતુ સિદ્ધ કરેલો કહેવાય. આ પળે ચાર અંબર ચરખા કેન્દ્રો અને ત્રણ ખાદી ઉત્પાદન કેન્દ્રો રાનીપરજ સેવા સભા દ્વારા ચાલે છે. આ સેવા સભા વેડછી આંદોલનની એક નવી સંસ્થા છે.



૧૯૫૧ માં તે સ્થપાઈ. અહીં એ વાત યાદ રાખવી જોઈએ કે ઔદ્યોગિક ધોરણે ખાદીનું ઉત્પાદન અગાઉના સમયગાળા દરમ્યાન છોડી દેવામાં આવ્યું હતું. આમ સ્વતંત્રતા પછીના સમયગાળા દરમ્યાન ખાદી કાર્યક્રમે વેડછી આંદોલનમાંથી પીછેહઠ કરી.

## ગણોતધારા અને ઋણમુક્તિ અંગેનું કાર્ય

ગણોતધારો અને ઋણમુક્તિનો ધારો એ ભારતીઓના હાથમાં રાજકીય સત્તા આવી તેનું પરિણામ છે. આ કાયદાઓ બિનઆદિવાસીઓ જેટલા જ આદિવાસીઓ માટે પણ લાભકર્તા હતા. પરંતુ એની વહીવટી કાર્યવાહીથી આદિવાસીઓ અજાણ હતા અને તે માટેની સલાહ લેવા જવા માટે પણ બીજાઓ જેટલા તેઓ ટેવાયેલા નહોતા. આથી આવું કાર્ય વેડછી આંદોલન દ્વારા ચાલુ રહે એ જરૂરી હતું.

વેડછી આશ્રમ જ્યારે સરકારના કબજામાં હતો ત્યારે વેડછીનાં કેટલાંક કેન્દ્રોનો વિકાસ થયો હતો. આ કેન્દ્રોએ શિક્ષણ, દારૂબંધી વગેરે કાર્યો સાથે આ કાર્ય પણ ઉપાડી લીધું હતું. પરંતુ ઋણમુક્તિના કાર્યનો વધુ વિકાસ થયેલો જણાતો નથી. આ કેન્દ્રોના ૧૯૪૯ પછીના અહેવાલોમાં આ કાર્યનો ઉલ્લેખ જોવા મળતો નથી.

ગણોતધારાનું કાર્ય ૧૯૪૭ થી ૧૯૬૭ ના વીસ વરસના સમયગાળા દરમ્યાન સતત ચાલુ રહ્યું. વેડછીના માર્ગદર્શન હેઠળ કાર્ય કરતાં કેન્દ્રો જેમ વધતાં ગયાં તેમ આ કાર્ય પણ વિસ્તરતું ગયું. જેઓ વેડછી આંદોલનથી સ્વતંત્રપણે કામ કરતા હતા તેઓ પણ આ કાર્યમાં જોડાયા, દા. ત. ઝીણાભાઈ દરજી અને તેમના સહકાર્યકરો.

આ કાર્યકરોએ સૌથી પહેલો પ્રયત્ન કાયદાની મર્યાદામાં રહીને સમાધાન ઉપર આવવાનો કર્યો. જ્યાં આમ ન બન્યું ત્યાં તેઓએ ધારાકીય કાર્યવાહીઓનો આશરો લીધો.

આમાં અનેક પ્રકારની સમસ્યાઓ છે. જે ગણોતિયાઓ હવે જમીનમાલિકો બન્યા છે તેમનાં નામો હજી સુધી પત્રકમાં દાખલ નથી થયાં. જે ગણોતિયાઓએ જમીન મેળવી છે તેઓ નિયમિત પણે હપતા ભરી શકતા નથી. કેટલીકવાર આવા ગણોતિયાઓ જમીન ગીરવે પણ મૂકી દે છે; કારણ કે કાયદા મુજબ નક્કી થયેલી જમીનની કિંમત તેઓ ચૂકવી શકતા નથી.

## આદિવાસીઓમાં જમીનમાલિકોના સ્તરનો આરંભ

આ કાર્યની સાથે સાથે ૧૯૪૭ પહેલાંના આંદોલનના કાર્યકરોએ જેની નોંધ લીધી છે તે સ્તરીકરણનો ઉલ્લેખ કરવો અહીં જરૂરી છે. સ્વતંત્રતા પહેલાં જમીનના માલિકો ઊંચી કામના બિન-આદિવાસીઓ હતા. આ સમસ્યાને આદિવાસીઓ અને બિન-આદિવાસીઓની વચ્ચેની સમસ્યા તરીકે જોવાનો અવકાશ હતો. અને ગણોતિયા તેમ જ જમીનમાલિક તરીકેની લાગણીને બદલે અથવા તેની સાથે સાથે આદિવાસી બિન-આદિવાસી તરીકેની લાગણીનું પ્રભુત્વ વધારે હતું પણ ખરું. આજે પરિસ્થિતિમાં ફેર પડયો છે ખરો, પરંતુ લાગણીમાં ખાસ ફેર વર્તાતો નથી. જેઓને ઓછા પ્રમાણમાં જમીન મળી એવા અસંખ્ય આદિવાસી ગણોતિયાઓ તેને નિભાવવાની સ્થિતિમાં નહોતા. આવી વ્યક્તિઓએ આદિવાસી જમીનમાલિકો પાસે અથવા અન્યો પાસે ખાનગી રીતે જમીન ગીરવે મૂકી. આ અન્યોમાં કેટલાક આદિવાસી પ્રાથમિક શિક્ષકોનો પણ સમાવેશ થાય છે. આવી ગીરો મુકાયેલી જમીનો 'બોણી' તરીકે ઓળખાય છે.



જેઓને કાયદા દ્વારા લાભ થયો છે તે લોકો આદિવાસીઓમાં સામાજિક અને આર્થિક રીતે વગ ધરાવનારાં બળો બનવાનો સંભવ ખરો. તેઓ કદાચ આદિવાસીઓને આપવામાં આવેલી રાહતનો લાભ લે, ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરે, પોતાના અનુયાયીઓ ઊભા કરે અને આદિવાસીઓમાં વગ ધરાવનારા બની રહે. વળી તેઓ બિન-આદિવાસી-સુધરેલા-સમાજના સભ્યો બનવાનો અને આદિવાસીઓથી સામાજિક અંતર રાખવાનો પ્રયત્ન પણ કરે. આદિવાસી અને બિન-આદિવાસી વચ્ચેના સંબંધમાં એક નવું પરિમાણ એ ઉમેરાય છે કે જેમાં વિશાળ સમાજ સાથેની એકતા અથવા જુદાઈની એમ બંને પ્રકારની લાગણી પ્રાપ્ત કરવાની અને એ લાગણીથી અળગા થવાની સંભાવના રહેલી છે. ભવિષ્યમાં જે થવાનું હશે તે થશે પરંતુ આ પળે તો વેડછી આંદોલન સ્થાપિત સામાજિક-આર્થિક સંબંધોને અસર કરનારી પ્રવૃત્તિઓમાં રોકાયેલું છે. એને સ્થાપિત હિતોનો સામનો કરવાનો રહેશે. તેમનો સામનો કરવો કે ન કરવો અથવા કઈ રીતે કરવો એ નીતિ અને તેના અમલ સંબંધેના નવા પરિમાણ માટેનો એક મહત્ત્વનો મુદ્દો બની રહેશે. આ પળે તો તેઓ ધારાકીય અને આર્થિક પાસાને દઢતાથી વળગી રહ્યા છે.

## સહકારી પ્રવૃત્તિઓ

નવા સમાજની આર્થિક વ્યવસ્થાના સ્વરૂપે અને સામાજિક સંબંધોના અથવા નવા સમાજના સામાજિક સંગઠનના સ્વરૂપે સહકારી વ્યવસ્થાનો સમાવેશ ગાંધીવાદી વિચારસરણીમાં કરવામાં આવ્યો હતો. આથી બહુ જ સુસંગતપણે વેડછી આંદોલને સહકારી મંડળીઓની રચનામાં તથા તેની કામગીરીમાં ભાગ લીધો. સહકારી મંડળીઓનો કાયદો તો સ્વતંત્રતા પૂર્વે પણ અસ્તિત્વ ધરાવતો હતો પરંતુ સ્વતંત્રતા પછી રાજ્યની નીતિ સહકારી પ્રવૃત્તિઓને

પ્રોત્સાહન આપવાની રહી છે. અને આ સાધ્યને દૃષ્ટિ સમક્ષ રાખીને કાયદામાં કેટલાક ફેરફારો પણ કરવામાં આવ્યા છે.

સ્વતંત્રતા પૂર્વે પણ આદિવાસીઓમાં કેટલીક સહકારી પ્રવૃત્તિઓ થઈ હતી. પરંતુ આદિવાસીઓમાં સહકારી આંદોલનનો વિકાસ થઈ શકે તેવી પરિસ્થિતિ તો રાજકીય સ્વતંત્રતાએ જ સર્જી. બિન-આદિવાસીઓ કરતાં આદિવાસીઓમાં મૂડીની તથા સંગઠનની શક્તિની ઊણપ હતી. આ પ્રકારની ઊણપને દૂર કરવા માટે અને સહકારની ભાવનાને ઉત્તેજન આપવા માટે વેડછી આંદોલને આ દિશામાં કાર્ય કર્યું. સહકારી આંદોલનને ઉત્તેજનને એ વેડછી આંદોલનનો એક મહત્ત્વનો કાર્યક્રમ રહ્યો.

ગણોતધારા હેઠળ આદિવાસીઓને જમીન પ્રાપ્ત થઈ અને સહકારી ખેતીનો એક પ્રયોગ કરવામાં આવ્યો. ૧૯૪૮માં વાલોડ મહાલમાં ત્રણ સહકારી ખેતી મંડળીઓ સ્થાપવામાં આવી. શેઢી ફળિયા મંડળી, અંબાચ મંડળી અને કોંકણવાડ મંડળી. આ પછી બીજી મંડળીઓ પણ રચવામાં આવી. પરંતુ આજે એમાંની એકેય હસ્તી ધરાવતી નથી. અને આ પ્રવૃત્તિ વેડછી આંદોલનની એક પ્રવૃત્તિ તરીકે પણ અસ્તિત્વ ધરાવતી નથી.

રાનીપરજ સેવા સભાનો ૧૯૫૭-૫૮નો અહેવાલ સહકારી ખેતી મંડળીઓ ચાલુ રાખવામાં નડેલાં ત્રણ વિઘ્નોનો ઉલ્લેખ કરે છે :

(૧) શરૂઆતમાં ગણોતિયા ખેડૂતોએ સહકારી મંડળીઓ સ્થાપી હતી. જમીન માલિકોને આ પ્રવૃત્તિમાં કશુંક રંધાઈ રહ્યાની ગંધ આવી અને તેઓએ જમીનનો કબજો લઈ લીધો. સબળ કાયદાનું રક્ષણ લઈ શકયા નહિ. તેઓ કાયદો જાણતા કે સમજતા નહોતા



તેમ જ તે માટે કોઈની મદદ લેવા ટેવાયેલા નહોતા.

(૨) ૧૯૫૦ પછીનાં બે ત્રણ વરસો ખેતીવાડી માટે ખરાબ વરસો હતાં અને પાક નિષ્ફળ ગયો હતો. મંડળીઓ ઉપરનું દેવું વધી ગયું હતું અને તે તૂટી પડવાની અણી ઉપર જ હતી.

(૩) કેટલીક મંડળીઓ પાસે પૂરતી જમીન નહોતી. જે હતી તે આર્થિક રીતે નફાકારક એકમો રૂપે નહોતી.

અહેવાલમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ મંડળીઓની પુનર્વ્યવસ્થા માટે યોજનાઓ વિચારવામાં આવી હતી. પરંતુ એમ લાગે છે કે તેઓને તેમાં સફળતા મળી નહિ અને આજે એ દિશામાં કોઈ પ્રવૃત્તિ થતી નથી. આમ છતાં અન્ય ક્ષેત્રોમાં સહકારી પ્રવૃત્તિઓની સંખ્યા અને વિવિધતામાં વધારો થયો. સેવા સહકારી મંડળીઓ, બચત મંડળીઓ વગેરે શરૂ થઈ અને તે સમૃદ્ધ પણ થઈ.

## જંગલ સહકારી મંડળીઓ

જે સહકારી મંડળીઓ વધુ પાંગરી અને જેનું મહત્ત્વ સામાજિક અને આર્થિક એમ બંને પ્રકારનું છે તે છે જંગલ મજૂર સહકારી મંડળી. ૧૯૬૭માં ૧૦ જંગલ મજૂર સહકારી મંડળીઓ હતી. અને તે બધીનું સંચાલન રાનીપરજ સેવા સભા દ્વારા થતું હતું.

આ મંડળીઓ જંગલો કાપવાનો ઠેકો લે છે. તેઓ લાકડાનો વેપાર કરતી નથી. એવું નથી કે એમ કરવાની તેમની ઇચ્છા નથી. રાનીપરજ સેવા સભાના એક કાર્યકરે કહ્યું હતું કે તેમણે જુગતરામ નાગળ વેપાર કરવા વિકસાવવાનો વિચાર રજૂ કર્યો હતો. તેઓએ મુંબઈની ફર્નિચર બનાવતી એક વેપારી પેઢીનો સંપર્ક સાધ્યો હતો અને તેને જુદા જુદા કદનું લાકડું મોકલવવાનું વિચાર્યું હતું. પરંતુ

આ વેપારની વ્યવસ્થા કરી શકે એવી કોઈ શક્તિશાળી વ્યક્તિ એમને મળી નહિ. આથી હજી સુધી તેઓ જંગલ સહકારીના વેપાર વિષયક પાસાંનો વિકાસ કરી શકયા નથી.

વેડછી આંદોલનના કાર્યકરો મંડળીના સંગઠનમાં અને હોદ્દેદારો નીમવામાં સહાય કરે છે, તેમ જ મંડળીનાં રોજનાં કાર્યો બાબત, તેમ જ સામાન્ય નીતિ સંબંધમાં સરકારને સલાહ આપે છે.

આ મજૂર સહકારીઓનું સામાજિક મહત્ત્વ તેમણે તેમના બંધારણમાં અને ઉદ્દેશોમાં સમાવેલી અન્ય પ્રવૃત્તિઓ ઉપરથી સમજી શકાય છે.

જંગલ મંડળીઓએ વેડછી ખાતે નવી સ્થપાયેલી ગાંધી વિદ્યાપીઠ માટે રૂ. ૭૦ હજારનું દાન આપ્યું હતું. ૧૯૫૮–૫૯માં સોનગઢ અને વ્યારા તાલુકાની ૧૦ મંડળીઓએ સ્ત્રીઓની સાંસ્કારિક તાલીમ માટેના ૧૭ વર્ગોનું સંચાલન કર્યું હતું.

આ જ રીતે તેઓએ મજૂર સહકારી મંડળી માટેના કાર્યકરોને તાલીમ આપવા માટેના વર્ગો પણ ચલાવ્યા હતા. આ કાર્યક્રમ ઉપરાંત તેઓએ જંગલ મજૂરો માટે કામ કરવાની મોસમ દરમ્યાન ઘરની, રમતગમતની અને દવાદારૂ માટેની મદદની પણ વ્યવસ્થા કરેલી છે.

જંગલ મંડળીઓ ઉપરાંત રાનીપરજ સેવા સભાએ હળપતિઓ માટે ઘર બાંધનારી મંડળીઓના, વાંસ કાર્યકરોની સહકારી મંડળીઓના તથા નીરા-તાડ-ગોળ મંડળીઓના સંગઠનમાં મદદ કરી છે.

આદિવાસીઓ માટે વ્યાવસાયિક તકો ઊભી કરવાનું, તેમની



સામાજિક સેવા કરવાનું તથા તેમની આર્થિક સ્થિતિ સુધારવાનું કામ તો મંડળીઓએ કર્યું જ છે, પરંતુ સૌથી અગત્યનું કામ તો તેમણે આદિવાસીઓને અધિકારીઓના તથા જંગલ કોન્ટ્રાકટરોના જુલમમાંથી બચાવવાનું કર્યું છે. આદિવાસીઓમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માન જન્મે એવી નક્કર પરિસ્થિતિનું નિર્માણ આ મંડળીઓએ કર્યું છે.

અહીં એ વાતની નોંધ લેવી જોઇએ કે વેડછી આંદોલને ખાદીકાર્યમાંનો રસ એટલા માટે ઓછો નહોતો કર્યો કે તેઓ તેને ઓછી અગત્યનું કામ માનતા હતા અથવા તે અંગેની તેમની પ્રતીતિમાં કશુંક પરિવર્તન આવ્યું હતું. બીજી સંસ્થાઓએ એ કામ ઉપાડી લીધું છે અને હજી તેઓ ખાદીને આત્મ-સહાય અને આત્મ-વિશ્વાસને પ્રોત્સાહન આપનાર સાધન તરીકે જ જુએ છે. પરંતુ ગણોતધારા અને સહકારી પ્રત્યેનો આંદોલનનો રસ તેની પરિવર્તન-શીલતાનો, તે માટેની તેની વૃત્તિનો તથા તેના વ્યવહારુપણાનો નિર્દેશ કરે છે.

વેડછી આંદોલનના આર્થિક કાર્યક્રમનું મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે એણે આદિવાસી સમાજની ભારતીય સમાજ સાથેની ઔપચારિક ધારાકીય એકતાને સાર્થક બનાવી આદિવાસીઓ નવી સુવિધાઓ અને તકોને જાણતા થયા. વેડછી આંદોલને આ સુવિધાઓ જાણવામાં તેમને સહાય કરી અને એવી સ્થિતિ નિર્માણ કરી કે જેથી તેઓ એ તકો અને સુવિધાઓનો ઉપયોગ કરવાને શક્તિમાન થઈ શકે આંદોલનકાર્યનાં અમુક ચોક્કસ પરિણામો પણ આવ્યાં. જેમાંનાં કેટલાંક અપેક્ષિત હતાં તો કેટલાંક અપેક્ષિત નહોતાં. આ કાર્યની ફળશ્રુતિ એ થઈ કે આદિવાસીઓમાંથી જ નવાં આર્થિક હિતો અને સમૂહો બહાર આવ્યા તેમ જ આદિવાસીઓ અને બિન-આદિવાસીઓના સંબંધમાં પરિવર્તન આવ્યું.

## શૈક્ષણિક કાર્યક્રમ

ઈ. સ. ૧૯૪૭ થી ૧૯૬૭ વચ્ચેનાં વીસ વરસ દરમ્યાન શૈક્ષણિક પ્રવૃત્તિઓના શિક્ષણકાર્યના પાસાને સંબંધ છે ત્યાં સુધી એ મોટે ભાગે અગાઉના ગાળાનાં છેલ્લાં વરસોમાં નક્કી થયા મુજબ વધી પદ્ધતિનું જ રહ્યું. વધારાની પ્રવૃત્તિઓમાં ગામડાના કાર્યકરો માટેના, પંચાયત રાજના કાર્યકરો માટેના, બાલવાડી-શિક્ષકો માટેના ટૂંકા ગાળાના અભ્યાસક્રમોનો સમાવેશ થઈ શકે. શૈક્ષણિક પ્રવૃત્તિઓને મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વહેંચી શકાય.

| સંસ્થાકીય | પછાત જાતિ માટે છાત્રાલયો | ટૂંકા ગાળાના અભ્યાસક્રમો |
|---|---|---|
| (૧) બાલવાડી | (૧) છોકરાઓ માટેનાં છાત્રાલયો | (૧) ગામડાના કાર્યકરો માટે |
| (૨) પ્રાથમિક શાળાઓ | (૨) કન્યાઓ માટેનાં છાત્રાલયો | (૨) પ્રાસંગિક અભ્યાસક્રમો દા. ત. પંચાયત રાજ |
| (૩) ઉત્તર બુનિયાદી અર્થાત્ માધ્યમિક શાળાઓ | | (૩) બાલવાડી તાલીમ અભ્યાસક્રમો |
| (૪) યુનિવર્સિટી શિક્ષણ | | |
| (૫) શિક્ષકોની તાલીમ માટેની સંસ્થાઓ | | |

આ ગાળા દરમ્યાનની શૈક્ષણિક પ્રવૃત્તિના વિકાસનો ખ્યાલ નીચેના કોઠા ઉપરથી આવી શકશે :



| | | ૧૯૪૭ સંખ્યા | ૧૯૬૭ સંખ્યા |
|---|---|---|---|
| (૧) બાલવાડી (૧૯૪૦) | | ૨ | ૨૭ |
| (૨) પ્રાથમિક શાળાઓ (૧૯૪૫) | | ૧ | ૯૭ |
| (૩) ઉત્તર બુનિયાદી અથવા | છોકરા | – | ૧૧ |
| માધ્યમિક શાળાઓ (૧૯૪૯) | છોકરી | – | ૮ |
| (૪) કૉલેજો (૧૯૬૭) | | – | ૧ |
| (૫) કુમાર છાત્રાલયો (૧૯૪૭) | | – | ૧૭ |
| (૬) કન્યા છાત્રાલયો (૧૯૪૭) | | – | ૧૧ |
| (૭) પ્રાથમિક શિક્ષકો માટેની ટ્રેઈનિંગ કૉલેજ (૧૯૫૦) | | – | ૨ |
| | કુલ | ૩ | ૧૭૪ |

એ સ્પષ્ટ છે કે ૧૯૩૭ થી ૧૯૪૭ વચ્ચેના સમયગાળા દરમ્યાન શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે વૈચારિક અને પાયાનું ઘણું કામ થયું. પરંતુ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ખરેખરો વિસ્તાર તો આઝાદી પછીના ૧૯૪૭ થી ૧૯૬૭ ના ગાળા દરમ્યાન થયો.

### બાલવાડી

બાલવાડીની પ્રવૃત્તિ સ્થિર થઈ છે. એનો વિકાસ મોટે ભાગે મઢી અને વેડછીના પ્રયોગોને આધારે થયો છે. આદિવાસી વિસ્તારનાં નાનાં ગામડાઓમાં આ બાલવાડીઓ ચાલે છે. એનું સંચાલન નયી તાલીમની સંસ્થાઓમાં તાલીમ પામેલી બહેનો કરે છે. પરિવર્તન માટેનું પાયાનું કામ અહીં થાય છે. આ સંસ્થાઓમાં થતું સામાજિકીકરણનું કાર્ય, જેને આધુનિકીકરણ કહેવાય છે તેવું કદાચ નથી. પરંતુ એ આદિવાસી બાળકને એના આજુબાજુના વાતાવરણમાં આગવી રીતે ગોઠવાઈ જવામાં સહાય કરે છે. આ ગોઠવણ વધુ સારી જીવનપદ્ધતિ માટેની હોવા છતાં બાળકને એ મૂળમાંથી જ બદલી નાંખતી નથી.

## પ્રાથમિક શિક્ષણ

સુરત જિલ્લામાં, જિલ્લા શાળા બોર્ડે ૧૯૪૬ માં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કર્યું પરંતુ ૭૦૦ થી ઓછી વસ્તીવાળાં ગામોમાં તેણે શાળાઓ ખોલી નહોતી. આની પાછળની નીતિ એ હતી, કે જો આવાં સ્થળોએ ખાનગી સંસ્થાઓ શાળા ખોલે અને અમુક સંખ્યા થાય તો તેને મંજૂરી અને અનુદાન મળે. આવી શાળાઓ 'લોકશાળા' તરીકે ઓળખાતી. ૧૯૫૩–૫૫માં રાનીપરજ સેવા સભા આવી ૮૨ શાળાઓનું સંચાલન કરતી હતી. વખત જતાં આ શાળાઓ જિલ્લા શાળા બોર્ડ પાસે ગઈ અને હવે એ જિલ્લા પંચાયત પાસે છે.

૧૯૫૨માં સુરત જિલ્લા શાળા બોર્ડે ૧૯૬૩ સુધીમાં વર્ધા પદ્ધતિ મુજબનું શિક્ષણ બધી શાળાઓમાં દાખલ કરવાનો ઠરાવ પસાર કર્યો. પરંતુ ૧૯૫૩માં મુંબઈ રાજ્યના શિક્ષણ પ્રધાનની સલાહ મુજબ એમ નક્કી કરવામાં આવ્યું કે જ્યાં સર્વોદય કેન્દ્રો ચાલતાં હોય અને જ્યાં આવા પ્રકારના કાર્યનું કેન્દ્રીકરણ થયું હોય, ત્યાં જ વર્ધા પદ્ધતિનું શિક્ષણ દાખલ કરવું. પરિણામે બારડોલી, માંડવી, નવસારી, મહુવા, સોનગઢ, વાલોડ, ચોર્યાસી અને ઓલપાડ તાલુકાની ૬૫ શાળાઓને બુનિયાદી શાળાઓમાં ફેરવવામાં આવી. આ તાલુકાઓ પૈકી ચાર તાલુકાઓ આદિવાસીઓના હતા તેની નોંધ લેવાવી જોઈએ. ૧૯૬૩માં જિલ્લાની ૨૧૦૩ શાળાઓમાંથી ૬૧૪ (લગભગ ૩૦ ટકા) બુનિયાદી શાળાઓ હતી. ૧૯૬૭માં વેડછીના કાર્યકરો ૯૭ શાળાઓ ચલાવતા હતા.

## આશ્રમશાળા

૧૯૫૩માં મુંબઈ રાજ્યની સરકારે પછાત વર્ગના અને આદિવાસી વર્ગના લોકો માટે આશ્રમશાળાને નામે ઓળખાતી શાળાઓ શરૂ કરી.



તત્ત્વતઃ આ શાળા ૧૮૮૫માં વડોદરાના ગાયકવાડે સોનગઢ ખાતે શરૂ કરેલ ધાનકા વસતિગૃહથી જુદી નહોતી. આશ્રમશાળા રહેવાજમવાની વ્યવસ્થાવાળી સાતમા ધોરણ સુધીની શાળા છે. ખેતીવાડી માટે એની સાથે ૧૦ એકર જમીન જોડાયેલી હોય છે. ૩૦ વિદ્યાર્થીઓ દીઠ એને બળદની એક જોડી અને બે ગાયો આપવામાં આવે છે. ૧૨૦થી વધારે વિદ્યાર્થીઓને આમાં પ્રવેશ આપી શકાય નહીં, તેમજ છોકરા અને છોકરીઓનું પ્રમાણ અડધું અડધું રહેવું જોઈએ. આમાં બુનિયાદી શિક્ષણ માટેની શાળા પણ હોય છે.

વેડછી આંદોલનમાં ન આવતી એવી એક સંસ્થાએ આવી એક શાળા ૧૯૫૩માં સુરત જિલ્લામાં શરૂ કરી હતી રાનીપરજ સેવા સભાએ આવી પ્રથમ શાળા ૧૯૫૪માં સોનગઢ તાલુકાના ઓરીસાવર ગામે શરૂ કરી અને ૧૯૬૭ સુધીમાં આવી ૧૮ શાળાઓ થઈ. સોનગઢ શાળાના વડા એવા વેડછીના એક કાર્યકર જણાવે છે કે જ્યારે શાળા શરૂ કરવામાં આવી ત્યારે એ વિસ્તારમાંથી પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ નહોતા મળતા, પરંતુ હવે બધાજ વિદ્યાર્થીઓ એ વિસ્તારના છે.

## માધ્યમિક શિક્ષણ

બુનિયાદી શિક્ષણના સિદ્ધાંત ઉપર આધારિત માધ્યમિક શાળાનો પહેલો વર્ગ ૧૯૪૮ માં શરૂ કરવામાં આવ્યો હતો. અને એમાં પ્રાથમિક તબક્કાની અંતિમ પરીક્ષા પસાર કરનારા વેડછી આશ્રમના ૧૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. વેડછીના સ્વરાજ આશ્રમના ૧૯૪૮–૪૯ ના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે નયી તાલીમ અને ગામડાના કાર્ય માટે શિક્ષકો પૂરા પાડવા એ પાયાની સમસ્યા હતી. એમ વિચારવામાં આવ્યું કે પ્રાથમિક શાળાની અંતિમ પરીક્ષા પસાર કરનારાઓ આ કાર્ય માટે પાકી વયના ન હતા. તેમને આગળ તાલીમ આપવાની જરૂર હતી.

હિન્દુસ્તાની તાલીમી સંઘમાં પ્રાથમિક શિક્ષણ આઠ વર્ષનું હતું. મુંબઈ રાજયનું શિક્ષણ ખાતું પ્રાથમિક તબકકા પછીનાં બે વરસ માટે વિચારતુ હતું. વેડછી આંદોલનના કાર્યકરોની માન્યતા મુજબ વિદ્યાર્થી ઉત્તર બુનિયાદીની બે વરસની તાલીમ લે અને તે પછી ગ્રામ સેવકની અથવા શિક્ષકની તાલીમ લે એ વધારે યોગ્ય હતું. ૧૯૫૩–૫૪ સુધીમાં ઉત્તર બુનિયાદીના ત્રણ વર્ષના અભ્યાસક્રમના નિર્ણય પર તેઓ આવ્યા. તેમનો ઉદ્દેશ છોકરાછોકરીઓને પાયાના હુન્નરો અને સામાજિક સેવા દ્વારા શિક્ષણ આપવાનો હતો.

## વિદ્યાર્થીઓના બદલાયેલા પ્રેરકો

વેડછીના કાર્યકરોની કલ્પના એવી હતી કે આ વિદ્યાર્થીઓ ગામડામાં સેવા કરવા માટે અથવા શિક્ષણ આપવા માટે જશે. આમ છતાં એમ પણ બન્યું કે આ સંસ્થામાં તાલીમ પામેલા કેટલાક વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ માટે ગયા. તેઓ સૌરાષ્ટ્રના સણોસરાની લોકભારતી સંસ્થામાં ગયા. જેમ સમય પસાર થતો ગયો તેમ આગળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓનો પ્રવાહ એટલો બધો વધ્યો કે વેડછીના અભ્યાસક્રમોને લોકભારતીના અભ્યાસક્રમો મુજબ ગોઠવવા પડયા, જેથી વિદ્યાર્થીઓને ત્યાં ગોઠવવામાં મુશ્કેલી ન પડે. વેડછીના કાર્યકરોના મત મુજબ વિદ્યાર્થીઓ લોકભારતીમાં જોડાતા હતા તેનું કારણ એ હતું કે તે સરકારની મંજૂરી પામેલી ગ્રામ વિદ્યાપીઠ હતી અને તેના સ્નાતકો સરકારી નોકરી માટે લાયક ગણાતા હતા.

૧૯૫૨–૫૩નો અહેવાલ કહે છે કે, વેડછીના સ્વરાજ આશ્રમમાં વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક સંસ્થાઓમા તેમના ભવિષ્ય વિશેના ભય અને શંકા સાથે આવતા. કદાચ તેમને આશ્રમ જીવન ગમતું હતું, પરંતુ શિક્ષણને અંતે જો તેમને નોકરી ન મળે તો તેઓ મુશ્કેલીમાં મુકાઈ જાય. આથી જ વેડછીએ સરકારી મંજૂરીવાળી શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવાનુ નક્કી કર્યું. પરિણામે અભ્યાસક્રમના



વિષયો એસ. એસ. સી. પરીક્ષા બોર્ડની મંજૂરી મળે તે મુજબ ગોઠવવામાં આવ્યા અને ૧૯૬૩ થી ઉત્તર બુનિયાદીના વિદ્યાર્થીઓ એસ. એસ. સી.ના વિદ્યાર્થીઓની બરોબરના ગણાતા થયા.

૧૯૬૪માં અડધાથી થોડા વધારે વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ માટે ગયા. યુનિવર્સિટીમાં પ્રવેશ મળે તેવા વિષયો સાથે પસાર થનાર એક કે બે વિદ્યાર્થીઓ સનદ વડે રક્ષિત યુનિવર્સિટીમાં ગયા. જ્યારે બાકીના અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં અને સણોસરાની લોકભારતીમાં ગયા.

વેડછી આંદોલનના શૈક્ષણિક કાર્યક્રમમાં આ રીતનો ફેરફાર થયો તેથી સામાન્યતઃ વેડછી આંદોલન અને વિશેષતઃ શૈક્ષણિક કાર્યક્રમ બહારના–વ્યાપક સમાજની વધુ નજીક આવ્યાં. સૈદ્ધાંતિક રીતે એસ. એસ. સી. પરીક્ષા બોર્ડે વેડછીના અભ્યાસક્રમોને બધા વિદ્યાર્થીઓ માટે મંજૂરી આપી. પરંતુ વ્યવહારમાં માત્ર વેડછીના વિદ્યાર્થીઓએ જ એ અપનાવ્યા. વિશાળ સમાજ વેડછીને સાનુકૂળ થાય તેને બદલે વેડછી વિશાળ સમાજને સાનુકૂળ થતું જતું હતું. એ સ્પષ્ટ છે કે આદિવાસી વિદ્યાર્થી વેડછી ખાતે જ્ઞાન અને તાલીમ મેળવવાની ઇચ્છાથી જેટલો પ્રેરાયેલો હતો તેટલો જ નોકરી મેળવવાની ઇચ્છાથી પણ પ્રેરાયેલો હતો. તેને આગળ અભ્યાસ કરવાની પણ ઈચ્છા હતી. શિક્ષણ માટેનો એનો હેતુ બિન–આદિવાસી વિદ્યાર્થીઓના જેવો જ હતો. આ અર્થમાં આદિવાસી સમાજ તેના વિસ્તાર બહારના સમાજ સાથે સુગ્રથિત થઈ રહ્યો હતો. હવે વેડછીના શિક્ષણશાસ્ત્રીઓએ પણ સમય અને સંજોગો મુજબ વિચારવાનું હતું.

## અધ્યાપન મંદિર

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે બે ટ્રેનિંગ કોલેજો છે :

પુરુષો માટે વેડછીમાં છે અને સ્ત્રીઓ માટે બોરખડી ખાતે છે. વિદ્યાર્થીઓ પૈકીના ૪૦ ટકા શિક્ષકો નથી અને આ ૪૦ ટકા પૈકી બિન–આદિવાસીઓ ૪૦ ટકા છે. સ્ત્રીઓની કોલેજમાં બુનિયાદી વિદ્યાર્થીઓ તરીકે આવતી બહેનો પચાસ ટકા છે અને આ પચાસ ટકામાંથી પચ્ચીસ ટકા બિન–આદિવાસીઓ છે.

અભ્યાસક્રમ પણ સરકારે નક્કી કર્યા મુજબના છે અને પરીક્ષા પણ ગુજરાત સરકારનું શિક્ષણ ખાતું જ લે છે.

## ગાંધી વિદ્યાપીઠ

ઉચ્ચતર શિક્ષણ માટેની એક સંસ્થા શરૂ કરવા માટે રાનીપરજ સેવા સભાએ ઈ.સ. ૧૯૬૨માં એક સમિતિની નિમણૂક કરી. સમિતિએ એક વિદ્યાપીઠ શરૂ કરવાની ભલામણ કરી અને ઈ.સ. ૧૯૬૭માં ગાંધી વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. તેઓએ એની શરૂઆત સમાજ વિજ્ઞાનની કોલેજ તરીકે કરી. એસ. એસ. સી. પરીક્ષા પછીનાં ચાર વરસનો એનો અભ્યાસક્રમ છે.

પ્રથમ વરસમાં ૪૮ વિદ્યાર્થી હતા. એની નોંધ લેવી જોઈએ કે પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઉપર અહીં મર્યાદા મૂકવામાં આવી છે. આ ૪૮માં ૩૪ વિદ્યાર્થીઓ અને ૧૪ વિદ્યાર્થિનીઓ હતી. આ ૪૮ વિદ્યાર્થીઓ પૈકીના ૨૫ બુનિયાદી એસ. એસ. સી. હતા. જો આ વહેણ ચાલુ રહે તો એનો અર્થ એ થાય કે બિન–બુનિયાદી વિદ્યાર્થીઓને પણ ગાંધી વિદ્યાપીઠમાં રસ છે. ૪૮ વિદ્યાર્થીઓ પૈકી ૧૧ બિન–આદિવાસી વિદ્યાર્થીઓ હતા.

બીજાં સ્થળોએ પણ કોલેજો શરૂ કરવાનો વિચાર છે. અભ્યાસના મુખ્ય વિષયો સમાજ વિજ્ઞાનો, શિક્ષણ ટેકનોલોજી, ખેતીવાડી વગેરે છે.

વિદ્યાપીઠના કાર્યનું મૂલ્યાંકન કરવાનું કામ ઘણું વહેલું



ગણાશે. પરંતુ બિન–બુનિયાદી એસ. એસ. સી. ના વિદ્યાર્થીઓ એમાં જોડાઈ રહ્યા છે તે ઉપરથી તેમ જ અભ્યાસક્રમના વિષયોનો હેતુ જુદા જુદા પ્રકારની નોકરીમાં તેમ જ ખેતીવાડીમાં ઉપયોગી થવાનો છે તે જોતાં એમ લાગે છે કે વિદ્યાપીઠનો ખ્યાલ પ્રણાલિકાગત નથી. તેમ જ તે વાસ્તવિકતા સાથે બાથ ભીડવાનો પ્રયત્ન કરી રહી છે. એ નોંધવાની પણ જરૂર છે કે તેઓ વૈજ્ઞાનિક પ્રકારના વાતાવરણને ખૂબજ ઉચ્ચ કક્ષાએ રાખવા માંગે છે.

## શૈક્ષણિક કાર્યક્રમની સમાલોચના

વિદ્યાપીઠ સમક્ષનો પ્રશ્ન એ છે કે આદિવાસી વિદ્યાર્થીઓની પ્રેરણાઓ બિન–આદિવાસી વિદ્યાર્થીઓની પ્રેરણાઓથી જુદી ન હોય તો આદિવાસીઓ માટે અલગ પ્રકારની સામગ્રીવાળા અભ્યાસક્રમો રાખવામાં સુસંગતા કેટલી ?

આ પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયત્ન વેડછીની શૈક્ષણિક પદ્ધતિ પાછળ રહેલા ઇરાદાઓના સંબંધમાં કરવાનો રહે છે. ૧૯૩૭–૪૭ના સમયગાળાના અહેવાલમાં આપણે જોયું તે મુજબ આ પદ્ધતિનો હેતુ જ્ઞાનના શોધકો પેદા કરવાનો સમાજમાં તેમના કાર્યકરો પેદા કરવાનો તથા નવા પ્રકારની અભિમુખતાવાળા, ગ્રામજીવન માટેના નાગરિકો પેદા કરવાનો હતો.

દેશની સરકાર કે ભારતીય શૈક્ષણિક પદ્ધતિનો હેતુ પણ જ્ઞાનના શોધકો તેમ જ નોકરીના શોધકો પેદા કરવાનો છે. નોકરી શોધવા માટેનો હેતુ પણ અનિચ્છનીય નથી. આ પદ્ધતિના પક્ષકાર શિક્ષણશાસ્ત્રીઓ તેમ જ કમિશનોના અહેવાલો પણ સમાજ સેવાઓ ઉપર ભાર મૂકે છે અને આજે તો ગ્રામ પુનઃનિર્માણ તથા કુટુંબ નિયોજનનો કાર્યક્રમ પણ શિક્ષણ પદ્ધતિમાં સમાવેશ પામી શકે તેમ છે. તો પછી તફાવત ક્યાં રહ્યો ?

વેડછી પદ્ધતિના ઉદ્દેશો ચોક્કસ પ્રકારના અને મર્યાદિત છે. એનો આખરી સંબંધ ગ્રામ સમાજ સાથે છે. ગ્રામ સમાજના શહેરી સંદર્ભની જો એ ઉપેક્ષા કરે તો તે એને માટે ગળાફાંસો બની રહે. એ વાતનો સાર્વત્રિક સ્વીકાર થાય છે કે આજની ભારતીય શિક્ષણ વ્યવસ્થા નોકરી શોધનારાઓ પેદા કરવા સિવાય બીજી બાબતમાં નિષ્ફળ નીવડી છે. શિક્ષણ વ્યવસ્થાને બીજી ઘણી બાબતો માટે દોષ દઈ શકાય પરંતુ નોકરીની તકો ઊભી ન કરવાનો દોષ એને ન દઈ શકાય. એ નિષ્ફળતા શિક્ષણેતર વ્યવસ્થાઓની છે.

શિક્ષણ સિવાયની અન્ય વ્યવસ્થાઓ જ્યારે નિષ્ફળ નીવડી રહી છે ત્યારે વેડછી પ્રથા કશુંક સારું કરી શકશે ખરી? આ દષ્ટિએ વેડછી અને આજની વ્યવસ્થા વચ્ચેની સરખામણી માત્ર શૈક્ષણિક કક્ષાએ જ થઈ શકે. ઉપર ઉલ્લેખ્યું છે તેમ ગાંધી વિદ્યાપીઠનું મૂલ્યાંકન કરવાનું કામ ઘણું વહેલું છે એટલે પ્રશ્ન એ પૂછાય છે કે જેમ ગાંધીવાદીઓએ સ્થાપેલી અન્ય સંસ્થાઓ આજની શિક્ષણ પ્રથાઓની સંસ્થાઓ જેવી જ બની ગઈ છે તેમ જો ગાંધી વિદ્યાપીઠના પણ એ જ હાલ થવાના હોય તો તેની હસ્તીમાં સુસંગતા કેટલી ?

અક્ષરજ્ઞાન અને સમાજશિક્ષણના કાર્યક્રમથી આરંભીને વેડછીનો શૈક્ષણિક કાર્યક્રમ પૂર્વ પ્રાથમિકથી માંડીને યુનિવર્સિટી કક્ષા સુધીના બધા તબક્કાને આવરી લેનારી શિક્ષણ વ્યવસ્થાનો સંપૂર્ણ કાર્યક્રમ બન્યો છે. અભ્યાસક્રમની અંતર્ગત સામગ્રીમાં પહેલા હાથ ઉપર ભાર મૂકાતો હતો પણ તે પછી હાથ, હૈયું અને મસ્તકનો સમતોલ વિકાસ સાધવા પર ભાર મુકાતો થયો. આરંભના તબક્કામાં અભ્યાસક્રમનો હેતુ આર્થિક રીતે આત્મનિર્ભર એવા સમાજસેવકો પેદા કરવાનો હતો. પરંતુ સેવા, બલિદાન અને, 'અન્યના હિતાર્થે ત્યાગની' વિચારસરણી ઉપર વધુ ભાર મૂકવામાં આવતો હતો. વિદ્યાર્થીઓ ક્યાં



તો ગામડાનાં કાર્યકરો થતા અથવા એવા કાર્યકરોને તાલીમ આપનારા શિક્ષકો થતા. પરંતુ સ્વતંત્રતા પછીના સમયગાળામાં વિદ્યાર્થીઓ અને સંસ્થાઓની સંખ્યા વધી. ખુરસી ટેબલની નોકરી મેળવવા માટેની ઈચ્છા શિક્ષણ લેવા પાછળનો વધારાનો હેતુ બની. શિક્ષણની અંતર્ગત સામગ્રીને આ ઈચ્છા સાથે સાનુકૂળ કરવામાં આવી અને વ્યવસ્થાતંત્રની દષ્ટિએ માધ્યમિક કક્ષા સુધીની શિક્ષણ વ્યવસ્થાને રાજ્યની શિક્ષણ વ્યવસ્થા સાથે સાંકળવામાં આવી. આમ છતાં આંદોલન દ્વારા ચાલતી શાળાઓમાં સરકારની શિક્ષણ વ્યવસ્થાની મંજૂરી પામેલા એવા બુનિયાદી અભ્યાસક્રમ ઉપર જ ભાર મૂકવામાં આવતો હતો. તેમની શિક્ષણવ્યવસ્થા હજી ગ્રામજીવનને અભિમુખ રહી છે તે હકીકત સ્વીકારવી રહી.

જેઓ આંદોલનની સાથે નથી એવા આદિવાસીઓના એક વર્ગને લાગે છે કે નયી તાલીમની એક માત્ર ફલશ્રુતિ એ છે કે આદિવાસીઓ ઊતરતી સ્થિતિમાં મુકાયા છે. આ વર્ગ કેટલો મોટો કે નાનો છે તે મહત્ત્વનું નથી. પરંતુ મહત્ત્વની વાત એ છે કે આ ટીકાને હકીકતનો કેટલો આધાર છે?

## આંદોલનનાં સંગઠનમાં ફેરફાર—રાનીપરજ સેવા સભા

૧૯૪૭ થી ૧૯૬૭ સુધીના વીસ વરસના સમયગાળા દરમ્યાન વેડછી આંદોલને જે આર્થિક અને શૈક્ષણિક કાર્યક્રમો અમલમાં મૂક્યા તે બતાવે છે કે વેડછી આંદોલન આદિવાસીઓના નાના વિસ્તાર પૂરતું જ મર્યાદિત નહોતું રહ્યું, પરંતુ આદિવાસી વિસ્તારમાં લાંબે સુધી તેમ જ આદિવાસી વિસ્તારની બહાર પણ તે ફેલાયું હતું. સંસ્થાઓની સંખ્યા, તેમની વિવિધતા અને તેના કાર્યકરોની સંખ્યામાં એટલો બધો વધારો થયો કે આંદોલનનાં સંગઠનને લગતા અંગમાં ફેરફાર કરવાનું જરૂરી બન્યું. હકીકતમાં તો દરેક જગ્યાની દરેક પ્રવૃત્તિને

એક સંસ્થાની જરૂર હતી. અનૌપચારિક અને અંગત પદ્ધતિ મુજબ થતું કામ હવે શક્ય નહોતું. કાર્યક્રમો હાથ ધરવા માટેની તેમ જ તેના અમલ માટેની, ભરતી માટેની તથા સંચાલન માટેની, વ્યક્તિઓ માટેની તથા નાણાં માટેની સમસ્યાઓને કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણ બંનેની જરૂર હતી. તેટલું જ નહીં, સત્તા અને કર્તવ્ય; કક્ષા, હકકો અને ફરજો તેમ જ વેતન વગેરે બાબતોમાં અમુક પ્રકારની ચોકસાઈ અને વ્યવસ્થાની પણ આવશ્યકતા હતી.

આંદોલનના કાર્યકરોને આનો ખ્યાલ આવી ગયો હતો અને તેઓ બધા ત્રણ ચાર મહિને એક વાર આ બધી સમસ્યાઓના વિચાર વિનિમય માટે ભેગા થતા. આ પ્રકારની બેઠકોમાંથી જ 'રાનીપરજ સેવા સભા'નો ૧૯૫૧માં જન્મ થયો. એક ટ્રસ્ટ તરીકે એને રજિસ્ટર્ડ કરવામાં આવી. વેડછીની દેખભાળ હેઠળ કામ કરનારા બીજા બધા આશ્રમો અને કેન્દ્રો રજિસ્ટર્ડ થયેલાં અંગો નહોતાં. આમ છતાં તેઓ સરકાર, ગાંધી નિધિ, કસ્તૂરબા નિધિ વગેરે પાસેથી નાણાંકીય સહાય મેળવતાં હતાં. કોઇ એક રજિસ્ટર્ડ સંસ્થા તેમના વતી સહાય માટે જાય તેમ જ હિસાબ માટેની જવાબદારી સ્વીકારે તે જરૂરી હતું.

સંગઠનની દૃષ્ટિએ રાનીપરજ સેવા સભા ત્રણ દિશામાં પ્રવૃત્તિ કરતી હતી. તે પ્રવૃત્તિઓ

(૧) નવી સંસ્થાઓ સ્થાપવાની,

(૨) સંકળાયેલી સંસ્થાઓને ભંડોળ વહેંચી આપવાની, અને

(૩) આ બધી સંસ્થાઓને દૃષ્ટિબિંદુના વિનિમય માટે તેમ જ ચર્ચા માટે તકો પૂરી પાડવાની તેમ જ તેમને માર્ગદર્શન આપવાની હતી.



૧૯૬૩માં રાનીપરજ સેવા સભા સાથે સંલગ્ન એવી ૩૧ સંસ્થાઓ હતી.

બારડોલી, સરભોણ, કઠોર અને અન્ય સ્થળોના આશ્રમો પહેલેથી જ રજિસ્ટર્ડ થયેલાં ટ્રસ્ટો છે તે સેવા સભાના સભ્યો નથી. પરંતુ તેઓ રાનીપરજ સેવા સભા સ્થાપવાના નિર્ણયના પક્ષકારો હતા અને તેઓ એકબીજાના સહકારથી જ કામ કરતા હતા.

સેવા સભા કાયદેસરની સંસ્થા હોવા છતાં તેમ જ કાયદેસરની બધી જવાબદારીનો એમાં સમાવેશ થતો હોવા છતાં, સંસ્થાઓનાં કાર્યો અને વહીવટની બાબતમાં એની નીતિ વિકેન્દ્રીકરણની રહી છે. એ જવાબદારી લેનારી સંસ્થા રહી છે પરંતુ વિચારસરણીની દૃષ્ટિએ, કાર્યકરોનીએ દૃષ્ટિ તેમ જ સંગઠન તંત્રની દૃષ્ટિએ બધાને ભેગા થવા માટેના એક મંચ તરીકેનો જે ભાગ એ ભજવે છે તે વધારે મહત્ત્વનો છે. આંદોલનમાં કામ કરનારાઓના કોઈપણ પ્રકારના પ્રતિબંધને એ બાકાત રાખે છે અને એ એક સારી બાબત છે.

## સરકારનો ટેકો અને તેની સંગઠન પર અસર

સંગઠનની દૃષ્ટિએ મહત્ત્વનું તત્ત્વ એ છે કે સરકાર આ સંસ્થાઓને સંપૂર્ણપણે કે આંશિક રીતે નાણાંકીય સહાય કરે છે. સેવા સભાએ સરકારને તેના પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમમાં તેમ જ જંગલના ગામડાંઓના વિકાસના કાર્યક્રમમાં સહકાર આપ્યો છે. કયા પ્રકારના હોદ્દાઓ અથવા જગ્યાઓનું નિર્માણ થયું છે અથવા કેટલો પગાર, કેવા હક્કો અને અધિકારો હસ્તી ધરાવે છે તેનું વર્ણન કરવું જરૂરી નથી. પરંતુ મહત્ત્વની વાત એ છે કે સંગઠનનો આ વિકાસ આંદોલનને કેવી અસર કરશે. નીતિ નક્કી કરવાની કક્ષાએ તેમ જ સંચાલનની કક્ષાએ કામ કરતા આંદોલનના કાર્યકરોની મુલાકાત વખતે આ મુદ્દો ઉપસ્થિત થયો હતો.

## નિશ્ચિત કામ માટે નિશ્ચિત માણસો

આજે છે તેમ અગાઉ પણ અલગ સંસ્થાઓ હતી. પરંતુ જુદી જુદી સંસ્થાઓના કાર્યકરો ભેગા થતા અનેક કાર્યક્રમની તેમ જ તેના અમલની ચર્ચા અને તે આધારે નિર્ણય કરતા. કાર્યકરો પોતાની પસંદગી, રસ અને શક્તિ મુજબનાં કામ લઈ લેતા. કોઇ ઔપચારિક લાયકાતની જરૂર ન હતી. નક્કી પગારવાળી કોઈ જગ્યાઓ ન હતી, આગળથી નક્કી કરેલાં હક્કો અને ફરજો નહોતાં. ૧૯૪૭ પછી ઔપચારિક સ્થિતિવાળાં, નિશ્ચિત પગારવાળાં, હક્કો અને ફરજવાળાં કામની વહેંચણી અને ચોકસાઈ અસ્તિત્વમાં આવ્યાં. કોઈ એક કાર્યકર કોઇ એક સંસ્થાનો પગારદાર નોકર હતો, એનો અર્થ એ ન હતો કે કોઈપણ કાર્યકરની અને ખાસ કરીને ૧૯૪૭ પહેલાં આંદોલનમાં જોડાયેલા કાર્યકરની સેવા અને સમર્પણની ભાવના ઉપર એની અસર પડે.

એક કાર્યકરના શબ્દોમાં કહીએ તો અગાઉ બધા કાર્યકરોને રચનાત્મક કાર્યકરો માનવામાં આવતા હતા. તેઓ સમાજ સેવા કરતા હતા. જે જગ્યા માટેનો પગાર મળતો તેનું જ તેઓ કામ કરતા અને બીજું કોઈ કામ કરતા નહીં એમ નહોતું.

૧૯૪૧માં જોડાયેલા એક કાર્યકર તેમનું કામ આ મુજબ વર્ણવે છે : "વેડછી ખાતે વણાટનો અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ મને કોંકણવાડમાં મૂકવામાં આવ્યો. એ વેડછીથી ૨ માઇલ દૂર આવેલા દેગામા ગામનો એક મહોલ્લો છે. ચરખા સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનો ત્યાં અમલ કરવાનો હતો. એક ઝૂંપડી બનાવી હું ત્યાં રહેવા લાગ્યો. હું બાળકોને ત્યાં સૂવા માટે બોલાવતો, તેમને પ્રાર્થના શીખવાડતો અને સવારનો નાસ્તો આપતો. આ રીતે હું ત્યાં એક રાત્રી છાત્રાલય ચલાવતો થયો. એનો ખર્ચ આશ્રમ પાસેથી મળતો. ચરખા લોન ઉપર આપવામાં આવતા. એક ચરખાની કિંમત ત્યારે



અઢીથી ત્રણ રૂપિયા જેટલી હતી. કાંતનારાઓને રોજના ત્રણ આના મળતા. આ વેતનમાંથી ચરખા માટેની લોનના પૈસા વસૂલ થતા અને અન્ય જરૂરિયાતો પણ પૂરી થતી; આ મારું કામ હતું.

"૧૯૪૧માં ગુજરાતમાં જ્યારે રેલ આવી ત્યારે ગુજરાત કોંગ્રેસે કાર્યકરોની માંગણી કરી અને મેં મરોલી તથા ધરમપુર વિસ્તારમાં બેથી ત્રણ માસ કામ કર્યું. હળપતિઓને રસ્તા સુધારવાના કામે લગાડવામાં આવ્યા હતા અને તેમને અઢી શેરથી પાંચ શેર જુવાર આપવામાં આવતી હતી. તેઓને માટે નવાં ઝૂંપડા પણ બાંધવામાં આવ્યાં. આ સમયે પણ મારો પગાર હું આશ્રમમાંથી મેળવતો.

"રેલ રાહતનાં કામમાંથી હું પાછો આવ્યો ત્યારે ગાંધીજી એક મહિનાના આરામ માટે બારડોલી આવ્યા હતા. સરદાર પટેલ પણ ત્યાં હતા. વેડછીમાંથી મને ત્યાં મોકલવામાં આવ્યો. મારે ત્યાં રસોડા 'સ્વયંસેવક' તરીકે જવાનું હતું. મને રસોડા વિભાગ સોંપવામાં આવ્યો. આ બધો વખત મારો પગાર મને આશ્રમમાંથી મળતો હતો."

આ ઉદાહરણ બતાવે છે કે ગામડાના કાર્યકર તરીકે વણાટની તાલીમ પામેલા માણસે કાંતણ શીખવ્યું, રાત્રી છાત્રાલય ચલાવ્યું, રેલ રાહતનું કામ કર્યું અને રસોડાની પણ સંભાળ રાખી. આ બધું એણે જુદે જુદે સ્થળે કર્યું. આવી સ્થિતિ હવે રહી નહોતી.

## ભરતીની કાર્યવાહી અને કાર્યકરોની ગુણવત્તા

હવે પછી પરિવર્તન આવ્યું અને તે સૌ પહેલાં શૈક્ષણિક સંસ્થાઓમાં આવ્યું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની અમુક લાયકાત તો હોવી જ જોઈએ. બીજી શાળાઓની માફક નઈ તાલીમની શાળાઓને પણ આ નિયમો લાગુ પાડવામાં આવ્યા. ગાંધી

વિદ્યાપીઠમાં, દારૂબંધીમાં અને હળપતિના કાર્યમાં પણ આમ જ બની રહ્યું છે. ઔપચારિક લાયકાતો, નક્કી કરેલા પગાર ધોરણો વગેરે હવે સર્વત્ર પ્રચલિત થયાં છે તથા સભાનપણે તેનો સ્વીકાર પણ થયો છે.

ગાંધી વિદ્યાપીઠની કૉલેજમાં ૧૯૬૭માં એક વ્યક્તિની અધ્યાપક તરીકે નિમણૂક કરવાની હતી. પરંતુ તે વ્યક્તિ માત્ર સ્નાતક હોવાને કારણે એ નિમણૂક જતી કરવી પડી હતી. બીજી વ્યક્તિ અનુસ્નાતક ઉપાધિ ધરાવતી હતી. પરંતુ તે એમ ઇચ્છતી હતી કે તેની પસંદગી તેની શક્તિને આધારે થાય અને પોતાનું મૂલ્ય એક કાર્યકર તરીકે અંકાય. તેણે જણાવ્યું કે પોતે એમ. એ. હોવાને કારણે અરજી કરશે નહિ. ગાંધી વિદ્યાપીઠના કાર્યવાહકોમાં આ પ્રશ્નની ચર્ચા થઇ અને તેમની નિમણૂક કરવાનો નિર્ણય લેવાયો. પરંતુ એક મુદ્દો એ ઉપસ્થિત થયો કે તે વ્યક્તિ પોતાની ઉપાધિનો ઉલ્લેખ ન કરે તો તેને પગાર કયા ધોરણે આપવો ? આ વહીવટી પ્રશ્ન સાથે કાર્યવાહક સમિતિના ઘણા સભ્યોએ પોતાનો અભિપ્રાય બદલ્યો અને નક્કી કર્યું કે વિદ્યાપીઠમાં હવે પછીથી ઉપાધિનો વિચાર કરવામાં આવશે. વહીવટી સગવડને માટે પણ આમ કરવું જરૂરી હતું. પરંતુ હજી તેઓ જાહેરખબર આપતા નથી.

પરંતુ દારૂબંધી સમિતિ, જે પ્રચારકાર્યના કાર્યકરો માટેની પગારની રકમ સરકાર પાસેથી મેળવે છે, તેણે તો જગ્યા માટેની જાહેરખબર આપવી પડે તેમ હતું. આ જ રીતે હળપતિ સેવા સંઘ દ્વારા નિમાનારા કાર્યકરો માટે પણ તેમણે જાહેરખબર આપવી પડે તેમ હતું. આ જાહેરખબરો ૪–૧૨–૬૮ ના ગુજરાતમિત્રમાં પ્રગટ થઈ હતી. જાહેર ખબરોમાં જરૂરી લાયકાતોનો તથા કયા પ્રકારનું કામ કરવાનું રહેશે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પગારનો



ઉલ્લેખ કરવામાં આવ્યો નહતો. આંદોલનના ઇતિહાસમાં કદાચ આ પહેલીવારની જાહેરખબર હતી. એમ પણ હોઇ શકે કે તેમની સંસ્થામાં તાલીમ લેનારાઓની સંખ્યા હવે વધી હતી અને કોઈના વ્યક્તિગત અભિપ્રાય કે રુચિ અનુસાર નિમણૂક થાય તેના કરતાં સ્પર્ધાના ધોરણે થાય તો વધારે સારું એમ એમને લાગ્યું હશે.

## પગાર ધોરણો

૧૯૨૮થી કામ કરતા કાર્યવાહક કક્ષાના એક કાર્યકરે કહ્યું : "હા, પગારના ધોરણો છે. દરેક ખાતાને સરકારની ગ્રાન્ટ મળે છે તેથી અહીં પણ બીજી જગ્યાઓની જેમ પગારના ધોરણો સરખાં છે. ગ્રામશાળાના શિક્ષકોને જિલ્લા પંચાયતે નક્કી કર્યા મુજબનો પગાર મળે છે અને ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષકોને બીજી માધ્યમિક શાળાના શિક્ષકો જેટલો જ પગાર મળે છે. અગાઉ અમે જ્યારે ગ્રાન્ટ નહોતા લેતા ત્યારે આવા પ્રશ્નો મહત્વના નહોતા. બધા જ કાર્યકરો સેવાની ભાવનાથી જોડાતા હતા. એમાં કંઈ નોકરી જેવું હતું નહીં. તેમ જ હકકો અને અધિકારો જેવી વસ્તુઓ પણ હતી નહીં. આમ છતાં આજે કાર્યકરોની સંખ્યા વધી છે. અગાઉ પગાર તરીકે આપવાની રકમ વ્યક્તિની જરૂરિયાત મુજબ નક્કી કરવામાં આવતી. આજે જો અમે એમ કરવા જઈએ તો ઘણી મુશ્કેલી પડે. તેથી કોઈક નિશ્ચિત વ્યવસ્થા હોય એ ઇચ્છવા યોગ્ય છે. આથી જ અમે આ ધોરણો સ્વીકાર્યાં છે."

## પરિવર્તન અને આંદોલન માટે તેનો અર્થ

એ સ્પષ્ટ છે કે પહેલાં ઔપચારિક અને અંગત વિચારણા હતી, તેને બદલે હવે ઔપચારિક અને બિનંગત વિચારણા થાય છે. આ બધું સરકારની ગ્રાન્ટ સાથે આવ્યું છે. માણસોની સંખ્યામાં થયેલો વધારો પણ આ પરિવર્તનમાં એટલું જ અગત્યનું પરિબળ છે. અને હવે તો જે કેટલીક સંસ્થાઓ સરકારી ગ્રાન્ટ નથી મેળવતી

ત્યાં પણ આ બિનંગત અને ઔપચારિક વિચારણા તથા નિયમો દાખલ કરવામાં આવ્યા છે. બાકી રહેલી સંસ્થાઓમાં એ દાખલ કરવા માટેની વિચારણા ચાલે છે.

સૂચક પરિવર્તન નાણાંકીય સાધનોમાં આવ્યું છે. ઉચ્ચ કક્ષાના એક કાર્યકરે કહ્યું હતું : "નાણાં જિલ્લા પંચાયતમાંથી, સરકાર પાસેથી તથા કસ્તુરબા સેવા સંઘ જેવા ટ્રસ્ટો અને સંસ્થાઓમાંથી આવતાં થયાં છે. આ બધા ખાસ હેતુઓ માટેનાં ભંડોળો છે. આ ઉપરાંત દાતાઓ પાસેથી પણ રકમો મળે છે." દાનની બાબતમાં તેઓએ કહ્યું હતું : "એની આશ્ચર્યજનક નોંધ લેવી જોઈએ કે આ સંસ્થા કેટલાક વરસોથી અસ્તિત્વ ધરાવે છે. ગાંધીજી અને બીજાઓએ એના કામ માટે તેમ જ રાનીપરજમાં એવાં કામની જરૂર માટે લખ્યું છે. પરંતુ થોડાંક મિત્રોને બાદ કરતાં હવે કોઈ મદદ માટે આગળ આવતું નથી. બીજી બાજુ બહારના દેશોને આ સંસ્થાઓ ગમે છે અને તેઓ ઘણી મદદ મોકલે છે. એક ઓસ્ટ્રેલિયન સન્નારી અહીં આવ્યાં હતાં. તેઓ પાછા ગયાં ત્યારે રૂા. ૮૦,૦૦૦ની સહાય આપતાં ગયાં. આવી મદદ આવે છે પરંતુ બધી સંસ્થાઓને નાણાંની ભારે તંગી છે. કેટલીક સંસ્થાઓ પાસે નિભાવ ભંડોળ નથી તો કેટલાંક પાસે વિકાસ ભંડોળ નથી."

આંદોલનની પ્રગતિ અને વિકાસ સાથે કાર્યકરોની સંખ્યા અને પ્રકારોમાં તથા નાણાંની જરૂરિયાતમાં વધારો થયો છે. આ બંને ક્ષેત્રોમાં થયેલા વધારાએ સંગઠનને અસર પહોંચાડી છે. સંગઠન તંત્ર ઘણું સંકુલ બને છે અને ઔપચારિક બિનંગત તત્વો એનું સ્વરૂપ ઘડવામાં આગળ આવે છે. કદાચ આની અસર કાર્યક્રમનાં સ્વરૂપ ઉપર પણ પડે. જે કાર્યક્રમો માટે ભંડોળ છે તે વિકસી શકે અને જેને માટે ભંડોળ નથી તે રખડી પડે. પગારદાર નોકર તરીકે



કામ કરતો કાર્યકર ભલે પહેલાંની જેમ જ શુદ્ધ અને સમર્પણુ ભાવનાવાળો હોય, પરંતુ પ્રવૃત્તિઓ સાથે તે છૂટ લઈ શકે નહીં. નિયત માર્ગથી ચળવાનું કે પ્રયોગ કરવાનું એને માટે મુશ્કેલ છે, કારણ કે વિકાસ માટે મર્યાદા ઊભી થાય છે અને નક્કી થયેલું રોજનું કામ કરવાની વૃત્તિને ઉત્તેજન મળે છે. નક્કી થયેલું રોજનું કાર્ય કરવાની વૃત્તિ સંસ્થા પર અસર પાડી શકે છે. સંસ્થા સામાજિક પ્રગતિ પર અસર પાડે કે ન પણ પાડે. આંદોલનને માટે તો તે હેતુ પાર પાડવામાં વિઘ્નરૂપ બની જાય.

રોજનું નક્કી થયેલું કામ કરવું એટલે શિસ્ત પાળવી. ગાંધીવાદી કાર્યકરો તો શિસ્તબદ્ધ મનવાળા હોવાથી આ શિસ્ત તેમને ખૂંચે નહીં, પણ એક પ્રકારની શિસ્તમાંથી બીજા પ્રકારની શિસ્તમાં ગતિ કરવાનું કામ થોડું મુશ્કેલ લાગે. દરેકને એમ લાગે છે કે તેઓ એક પ્રકારની ઘરેડમાં ફસાઇ ગયા છે અને પ્રયોગ કરવાની, પહેલ કરવા માટેની વૃત્તિ, ઈચ્છા અને તક ઝૂંટવાઇ ગયાં છે. એક કાર્યકર કહે છે તેમ "અમારા કાર્યક્રમો ગ્રાન્ટ અભિમુખ કાર્યક્રમો થઈ ગયા છે."

આ કાર્યક્રમો મોટે ભાગે સરકારના કાર્યક્રમો થઈ ગયા છે અને આ લોકોને ભાગે એ કાર્યક્રમોને અમલમાં મૂકવાનું કામ જ રહ્યું છે. કાર્યક્રમોનો અમલ કરતી વખતે તેઓને નોકરશાહી કાર્યવાહીઓને તાબે થવું પડે છે. કેટલાક કાર્યકરોએ ફરિયાદ કરી હતી તેમ તેમનો ઘણો બધો સમય આ પ્રકારની કાર્યવાહી અને વલણોએ ઊભાં કરેલાં વિઘ્નો દૂર કરવામાં જ વેડફાય છે. જ્યારે પણ ઔપચારિક પ્રકારનું સંગઠન વિસ્તરે ત્યારે આમ જ થાય. આને કારણે સર્જાયેલી સમસ્યાઓ અનૌપચારિક અને અંગત સંબંધના તત્વોનું સ્વરૂપ ધરાવનાર ઢીલા સંગઠનવાળાં મંડળની માન્યતાઓ અને વલણથી હલ થઈ શકે નહીં. પરંતુ નોંધપાત્ર બાબત એ છે કે આંદોલનના સંગઠનનાં તત્વોમાં

આ પ્રકારનાં લક્ષણો પોતાની રીતે સમય જતાં આવ્યાં જ હોત. આવી સ્વયંભુ પ્રક્રિયાને બદલે અહીં એમ બન્યું કે આ લક્ષણો બાહ્ય પરિસ્થિતિ સાથે, તેમ જ બધી બાબતો હાથ લેવાની સરકારની નીતિને પગલે પગલે રાજકીય વહીવટ સાથે બદલાયેલા સંબંધને કારણે આવ્યાં. આ પરિણામને લીધે નવી પરિસ્થિતિ સાથે સાનુકૂળ થવાની મુશ્કેલીમાં ઓર વધારો થયો.

## પરિવર્તન-કાર્યકરોની નજરે

કાર્યકરો બરાબર જાણે છે કે તેમના કાર્યક્રમોનો આધાર અનુદાન ઉપર છે અને અનુદાનનો આધાર સરકારના વલણ ઉપર છે. જો આ સરકારનું વલણ પ્રતિકૂળ થાય, અથવા પ્રતિકૂળ વલણ ધરાવતી સરકાર સત્તા પર આવે, તો ક્યાં તો તેઓએ તેને તાબે થવું પડે અથવા તો તેનો ટેકો ગુમાવવો પડે. કાર્યકરો સામે બે પ્રશ્નો આવીને ઊભા છે :–

(૧) એમ માનીએ કે સરકારી અનુદાન વગર કામ ચલાવવાનું શક્ય નથી, તો સરકાર પરનું અવલંબન દૂર કરવા તેમ જ તેમાં સમાયેલી અન્ય બાબતો હલ કરવા માટે કયા વિકલ્પો છે?

(૨) બીજો પ્રશ્ન એ છે કે રાજકીય સત્તા સાથે કયા પ્રકારનું વલણ રાખવું તેમ જ રાજકીય પ્રક્રિયાઓમાં સક્રિયપણે અને સીધી રીતે ભાગ લેવો કે નહીં?

આ નવી ઘટનાઓ તરફ આંદોલનના કાર્યકરોની આંખો બંધ નથી. ત્રણ દિશામાં વિચારણા ચાલે છે :–

(૧) સંસ્થાઓને આત્મનિર્ભર કરવી.

(૨) સંસ્થાઓને માત્ર પ્રજા ઉપર આધારિત કરવી, અને



(૩) રાજકીય સત્તા તરફનાં વલણમાં ફેરફાર કરવો.

કાર્યવાહક કક્ષાના એક કાર્યકરે કહ્યું : "સંસ્થાઓએ સરકારની સહાય વિના પોતાનાં બળ ઉપર કામ કરવું જોઈએ. આજે આ સંસ્થાઓ સરકાર ઉપર આધાર રાખી ઊભી છે. અમે તે દિશામાં (આત્મનિર્ભર થવાની દિશામાં) વિચારી રહ્યા છીએ. અમે ખેતીવાડી વિકસાવવા પ્રયત્ન કરી રહ્યા છીએ. જો અમને એક એકર જમીનમાંથી એક હજાર રૂપિયા મળી રહે અને દરેક સંસ્થા પાસે ૨૦ એકર જમીન હોય તો અમારે નાણાં માટે બીજે નજર ન નાંખવી પડે. વળી આ જંગલ મંડળીઓ અને બીજા થોડું આપે અને બે છેડાઓ મળી રહે."

ઉત્તર બુનિયાદી શાળામાં કાર્ય કરતા એક શિક્ષકે કહ્યું હતું : "પ્રજા ઉપર આધાર' નો જુગતરામનો એક વિચાર છે પણ તે વ્યવહારુ નથી. આ વિચાર મુજબ એક કાર્યકર કોઈ એક સ્થળે રહે. તે ત્યાં સમાજ સેવાનું કામ કરે અને લોકો તેને નભાવે. આવા કામ માટે કોણ આવશે? કોણ તેની પાસે ભણવા અને રહેવા જશે? તેને પગાર કોણ આપશે? આ બધાં કારણોસર એ વિચાર હવામાં રહ્યો છે, એ વ્યવહારુ બન્યો નથી."

બીજા એક કાર્યકર જેઓ ૧૯૪૫થી ત્યાં કામ કરે છે અને એક સંસ્થાનું સંચાલન કરે છે તેમણે કહ્યું હતું : "વિનોબાજી કહે છે કે આપણે સરકાર ઉપર આધાર રાખવાને બદલે પ્રજા ઉપર આધાર રાખતાં શીખવું જોઈએ. પણ જો અમે એસ. એસ. સી. થયેલા માણસને ન લઈએ તો તેના હાથ નીચે ભણનાર વિદ્યાર્થીઓ થાય ખરા? પ્રજા ઉપર આધાર રાખવાનો વિચાર અજમાવવા જેવો છે ખરો. પરંતુ તેટલી હિંમત કોનામાં છે? એકલદોકલ માણસ આ કરી શકે નહીં. એને માટે એક જૂથ હોવું જોઈએ આવું કોઈ એક

જૂથ ઊભું થાય તો મને આનંદ થાય. પણ આવું કોઈ જૂથ નજરે પડતું નથી. જો આવું કોઈ જૂથ હોય તો હું તેમાં જોડાઈ જાઉં."

'પ્રજા ઉપર આધાર'ના વિચારને અમલમાં મૂકવાની મુશ્કેલીની દૃષ્ટિએ બીજું એક સૂચન એવું છે કે સરકારે પૈસા આપવા, પરંતુ સંસ્થાઓને પોતાની રીતે કામ કરવા દેવું. પરંતુ એક કાર્યકરે કહ્યું હતું કે: "આ સૂચનમાં એ વાતોનો સમાવેશ થાય છે કે સંસ્થાઓના હેતુઓ, ઉદ્દેશો અને કાર્ય કરવાની પદ્ધતિની બાબતમાં સંસ્થાઓ અને સરકાર વચ્ચે દુશ્મનાવટ ન હોવી જોઇએ." તેમણે ઉમેર્યું હતું : "આજે બધી સંસ્થાઓ સરકારના આધારે ઊભી છે. જો સરકારે બદલાઈ જાય તો ગ્રાન્ટમાં ૫૦ થી ૬૦ ટકાનો કાપ આવી જાય. આથી સંસ્થાઓએ પ્રજાનો આધાર શોધવો જોઈએ."

તેમની સામેની સમસ્યાનો આ મહત્ત્વનો મુદ્દો છે. બહુમતી એક દૃષ્ટિબિંદુ ધરાવે છે કે બીજું તે અગત્યની બાબત નથી. ખરી પરિસ્થિતિ એ છે કે સંસ્થાઓ સરકારના ટેકે ઊભી છે અને આનો અર્થ શું થાય તે વિષે કાર્યકરો ખૂબ જ સજાગ છે. આ આધાર જતો કરવાનો અર્થ એ થાય કે સંસ્થાઓ કોઈ બીજાને સોંપવી. કારણ કે તેઓ પોતે તો એ નિભાવી શકે એમ નથી. અર્થાત્ ૫૦ વરસના કાર્યને કોઈ બીજાના હાથમાં સોંપી દેવું. આ ઈચ્છનીય છે ખરું ? એમ બનશે ખરું ? આંદોલન સામે રહેલો એક માત્ર વિકલ્પ એ છે કે ગાઢસંબંધોની સામે તેણે તેનાં વલણો અને સંબંધોનું રક્ષણ કરવું. દાખલા તરીકે રાજકીય સત્તા તરફનું વલણ અને રાજકીય વહીવટકર્તાઓ સાથેના સંબંધો. આ મુદ્દા ઉપર કાર્યકરોને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો તેના જવાબ અંગેની વાત પછીનાં પ્રકરણમાં કરીશું.

બધી કક્ષાએ કાર્યકરોનાં શાણપણ, દીર્ઘદૃષ્ટિ, સહિષ્ણુતા



અને કુશળતાને કારણે સંગઠનની આંતરિક ઘટનાઓ બાબતમાં સમયના વહેવા સાથે સાનુકૂળતા સાધી શકાઈ છે. આંતરિક નવી ઘટનાઓ સાથેની સાનુકૂળતાની બાબતમાં એ વાતની નોંધ લેવાવી જોઈએ કે ખુદ કાર્યકરો પણ સભાનપણે માને છે કે વ્યવસ્થા અને ઔપચારિક સંગઠનની જરૂર છે. રાનીપરજ સેવા સભાની વાર્ષિક સભામાં, (જ્યાં અમારા નિરીક્ષક પણ હાજર હતા), 'ગ્રામદાન' અંગેનું કાર્ય ઉપાડવાની દરખાસ્તની ચર્ચા થઇ હતી. સામાન્ય અભિપ્રાય એવો હતો કે યોગ્ય સંગઠન વિના આવી પ્રવૃત્તિઓની જવાબદારી લેવી નહિ. એક કાર્યકરે એ સભામાં કહ્યું હતું તેમ "આપણી પ્રવૃત્તિઓ સામાન્યપણે તાત્કાલિક હોય છે. પછી આપણે પશ્ચાત્તાપ કરીએ છીએ. જ્યારે વ્યવસ્થિત અને ચોક્કસ યોજના હોય ત્યારે જ આવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ."

૧૯૪૭ની ચળવળમાં કામ કરતા અને પોતાની પ્રવૃત્તિઓ રાષ્ટ્રિય પુનર્નિર્માણની છે એમ માનનારા બીજા એક ઉચ્ચ કક્ષાના કાર્યકરે તેમની સાથેની મુલાકાતમાં કહ્યું હતું : "રાષ્ટ્રિય પુનર્નિર્માણના આ કાર્યમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓની જરૂર છે એમ હું માનું છું. વિજ્ઞાન વિના કશું જ થઈ શકે નહીં. ભાવના કે જુસ્સાથી કાંઈ થાય નહીં. વિજ્ઞાન વિના એ બધું અધૂરું છે. એનાથી કોઈ પરિણામો આવી શકે નહીં. ભૂદાનવાળા લોકો કહે છે કે તમે 'મંત્ર'થી બધું કરી શકો. હું કહું છું કે 'તંત્ર'—સંગઠન વિના કશું થઈ શકે નહીં. અમે 'તંત્રવાળા' છીએ."

## કાર્યકરો

આઝાદી પછીના બે દાયકા દરમ્યાન સંગઠનના અંગમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. આગળના સમયગાળાનો કાર્યકર બધું જાણનારો સમાજસેવાની ભાવનાવાળો કાર્યકર હતો. તે

ઔપચારિક શૈક્ષણિક લાયકાત ધરાવતો અથવા ન પણ ધરાવતો. સમાજ સેવા કરવાની તેની ઇચ્છા પૂરતી હતી. પરંતુ જીવનના અમુક પ્રકારના શિસ્ત પાલનની તેમ જ સાથે સંકળાયેલા સિદ્ધાંતો સ્વીકારવાની તેની પાસે અપેક્ષા રાખવામાં આવતી. સંગઠનના અંગમાં આવેલાં પરિવર્તનનો અર્થ એ હતો કે કાર્યકરોના ગુણોમાં પણ પરિવર્તન આવ્યું હતું. કાર્યકર હવે એક પગારદાર નોકર થયો હતો. તેનામાં સમાજ સેવાની ભાવના હોય કે ન હોય તો ય ચાલે તેમ હતું. પરંતુ એનામાં શૈક્ષણિક લાયકાત આવશ્યક હતી. ચોક્કસ ક્ષેત્રોમાં કામ કરવાની શક્તિની તેનામાં જરૂર હતી. તેમ જ એ શક્તિ માટેનું પ્રમાણપત્ર પણ જરૂરી હતું. કાર્યકરની વ્યાખ્યામાં આ રીતનું પરિવર્તન આવ્યું હતું.

૧૯૪૫માં સરકારે વેડછીનો સ્વરાજ આશ્રમ કાર્યકરોને પાછો સોંપ્યો. તે વખતે ખાદી, સહકાર, શિક્ષણ તેમ જ અન્ય કાર્યમાં રોકાયેલા બધું થઈને ૩૦ કાર્યકરો હતાં. ૧૯૭૬માં સહકાર, શિક્ષણ જેવી જુદી જુદી પ્રવૃત્તિઓમાં રોકાયેલા કાર્યકરોની સંખ્યા હજાર જેટલી થઈ હતી.

સંગઠનમાં આવેલાં આ પરિવર્તન સાથે પ્રમાણપત્રો વધુ અગત્યનાં બન્યાં અને કેટલાંક લોકોને ઊંચો હોદ્દો અને વધુ પગાર મેળવવા માટે ઉચ્ચતર શિક્ષણ લેવાની પ્રેરણા એના દ્વારા મળી.

આશ્રમશાળાના વડા એક આદિવાસી કાર્યકરે કહ્યું હતું કે તે સ્નાતક હતો અને ૧૯૬૮ થી બુનિયાદી તાલીમનો અભ્યાસક્રમ શીખવા તેણે જવું પડે તેમ હતું. કારણ કે જુગતરામ ઉત્તરબુનિયાદી વિદ્યાલય શરુ કરવાના હતા, અને તેમાં તેને ઊંચો હોદ્દો મળે તેમ હતો.

બીજા એક આદિવાસી કાર્યકર ૧૯૪૯ થી પ્રાથમિક શાળાના



શિક્ષક તરીકે જોડાયા હતા. આ પછી તેમણે પ્રાથમિક શાળાના શિક્ષકો માટેની પરીક્ષા પસાર કરી અને એસ. એસ. સી. ની પરીક્ષા પણ પસાર કરી. ૧૯૫૩–૫૪ સુધી તે માસિક રૂ. ૮૦ ના પગારે કામ કરતા હતા. તેમને હજુ વધુ અભ્યાસ કરવાની ઈચ્છા હતી, કારણ કે તેમની એવી ગણતરી હતી કે એસ. એસ. સી. સુધીના અભ્યાસથી ભવિષ્યમાં કંઈ વળે તેમ ન હતું. તેથી તે સણોસરા (લોકભારતી) ગયા અને સ્નાતક થયા. તે પછી ઉત્તર બુનિયાદી શાળામાં માધ્યમિક શિક્ષક તરીકે જોડાયા. તેમને રૂ. ૧૫૦ નો પગાર આપવામાં આવતો. તે પછી તેમણે તેમની બી. એડ. ની પરીક્ષા પસાર કરી અને મહિને રૂ. ૨૨૫નો પગાર મેળવ્યો.

આમ શૈક્ષણિક કાર્યક્રમના ફેલાવાએ ઉચ્ચતર લાયકાતવાળા માણસોની જરૂર ઊભી કરી અને તેણે કેટલાકને ઉચ્ચતર શિક્ષણ માટેની પ્રેરણા આપી. પરંતુ એમ જણાય છે કે ખાસ કરીને સંગઠનમાં ફેરફારને કારણે અન્ય ક્ષેત્રોમાં પણ આવી જરૂર ઊભી થઈ છે. શૈક્ષણિક લાયકાતવાળા માણસોની સંખ્યામાં આથી જ વધારો થયો છે.

### અશિક્ષિતો અને શિક્ષિતોનું પરસ્પર વલણ

આ વિકાસ પહેલાં પણ શૈક્ષણિક લાયકાતવાળા હતા અને ઓછું ભણેલા માણસો પણ તેમની સાથે કામ કરતા હતા. હવે કાર્યકરોની સંખ્યામાં વધારો થયો છે અને ઉચ્ચતર શિક્ષણ લેનારાઓને ઊંચો હોદ્દો અને વધુ પગાર બંનેનો લાભ મળે છે. એમ બનવા પણ સંભવ ખરો કે માણસોને 'ભણેલા' અને 'અભણ' તરીકે ઓળખવામાં આવે છે. આને કારણે કદાચ જૂથબંધી રચાય કે ન પણ રચાય. પરંતુ 'ભણેલા' અને 'અભણ' ને આધારે વ્યક્તિઓનાં પારસ્પરિક વલણમાં તો ફેર પડે જ. આ પ્રકારની સમજ જો જુદા જુદા સભ્યોમાં પ્રવેશ પામે તો સંગઠનનાં કાર્યને એની અસર પહોંચે.

૩૬ વરસની ઉંમરના એક સ્નાતક શિક્ષકે તેના અભણ સહકાર્યકર વિશે આમ કહ્યું હતું : "ગાંધી અને જુગતરામ પસેથી તે જે કંઈ શીખ્યો છે તેટલું જ એની પાસે છે. અને તેટલું તે કામ કરે છે. શિક્ષણ, વાચન, વિચાર એમાંનું એની પાસે કશું જ નથી. એ રીતે અમે એકબીજાના પૂરક છીએ." આ એક પ્રકારનું વલણ છે. પરંતુ કેટલીક વખત આ પ્રકારના ભેદભાવથી ભણેલો કાર્યકર, નહીં ભણેલા સહકાર્યકર તરફ ઊતરતી નજરે જોતો પણ થઈ જાય છે. બીજી બાજુએ ૧૯૨૦–૨૨ થી કામ કરતા આદિવાસીઓને લાગે છે કે નવા ભણેલા કાર્યકરો ફક્ત નોકરી, પગાર અને મોજમઝા પર જ ધ્યાન રાખે છે. તેમનામાં સેવાની ભાવના નથી.

ઓછું ભણેલાઓને કદાચ સેવા અને બલિદાનની ભાવનાવાળી કક્ષામાં મૂકવામાં આવે અને વધુ ભણેલાઓને એવી ભાવના વિનાની વ્યક્તિઓની કક્ષામાં મૂકવામાં આવે. જો કે આ હમેશાં સાચું હોતું નથી, પણ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પ્રવેશતાં આવાં મૂલ્યાંકનને બાજુએ રાખીએ તો પણ સંસ્થાના સંચાલકો કે જેમને માથે સંસ્થામાં નવા માણસોને લેવાની જવાબદારી છે તેમની દ્વિધા મહત્ત્વની છે. ઉમેદવાર લાયક હોય પણ તેનામાં સેવાની ભાવના ન હોય, તેનામાં સેવાની ભાવના હોય અને જરૂરી લાયકાત ન હોય, આવે વખતે શું કરવું ?

## પૂર્વેની અપેક્ષાઓ અને કાર્યકરની બદલાયેલી વ્યાખ્યા

અગાઉની ભરતીની પદ્ધતિથી આ પદ્ધતિ જુદી છે. અગાઉ માણસ પોતાની સેવાવૃત્તિ પ્રગટ કરતો અને કામ કરવાની તૈયારી બતાવતો, એટલે તેને માટે કામ શોધી કાઢવામાં આવતું. ૪૮ વરસથી કામ કરતા અને નીતિ ઘડવાની કક્ષા સુધી પહોંચેલા એક કાર્યકરે કહ્યું હતું : "મોટા ભાગના કાર્યકરો અહીં તાલીમ પામ્યા છે. તેઓએ અહીં અભ્યાસ કર્યો છે, અહીં મોટા થયા છે અને તે પછી



આ સંસ્થામાં જોડાયા છે. હા, કોઈકવાર કોઈક બહારથી પણ આવતું ખરું, પણ બહારથી એટલે આ જ પ્રકારની બીજી સંસ્થાઓમાંથી. જેથી વ્યક્તિ અમારી જાણીતી હોય એટલે આશ્રમમાં એ ગોઠવાઈ જશે કે કેમ તે જ જોવાનું રહેતું. જે કોઈ આશ્રમમાં રહેવા ઈચ્છતું હોય તેણે તેમાં ભળી તો જવું જ પડે. તેણે ખાદી પહેરવી જોઈએ અને તે તેમાં માનતો હોવો જોઈએ. તેને 'શ્રમ' માં અને રચનાત્મક કાર્યમાં શ્રદ્ધા હોવી જોઈએ. આવી બધી વસ્તુ તેમાં અત્યંત જરૂરી હતી. આટલી પાયાની બાબતો છે : ખાદી, ઈશ્વરમાં શ્રદ્ધા, સવાર–સાંજની પ્રાર્થનામાં સામેલ થવું. જો કોઈ માણસ આ બધામાં માનતો હોય તો તે ભણેલો ન હોય છતાં આવકારપાત્ર છે. પરંતુ કોઈ માણસ ખૂબ જ વિદ્વાન અને ઘણું ભણેલો હોય છતાં આ પાયાની બાબતમાં જુદો પડતો હોય તો તેને અહીં રાખવાનું કામ મુશ્કેલ છે.

કાર્યકર પાસેથી એક તરફ શી અપેક્ષા રાખવામાં આવતી હતી તેની આ વાત થઈ. બીજી તરફ કાર્યકરની વ્યાખ્યા બદલાય છે. હવે એ ચોક્કસ પ્રકારનું કામ કરનાર પગારદાર નોકર છે. કામ માટે ચોક્કસ પ્રકારની લાયકાત, તેમ જ નિયમો અને શરતોને આધીન રહીને એને નોકરીએ રાખવામાં આવે છે. બે પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ વચ્ચેનો આ સંઘર્ષ સ્પષ્ટ છે. પરંતુ આ બધું ચુસ્ત નથી. સમાધાન પણ કરવામાં આવે છે. કાર્યકરોની નીતિમત્તા પર આની અસર પડવાનો સંભવ ખરો. એવું બની રહ્યું છે કે નોકરી માટેની વિચારણા આશ્રમપદ્ધતિ તેમ જ આશ્રમના જીવનવિષયક દૃષ્ટિબિંદુથી જુદી પડે છે.

ત્યાં પંદર વરસથી કાર્ય કરતા એક કાર્યકર જૂના કાર્યકરો સાથે પોતાને સરખાવીને કહે છે : "આ લોકો કાંતે છે અને પોતે કાંતેલા સુતરનાં કપડાં જ પહેરે છે.

અમે એ છોડી દીધું છે. અમારી આ સંસ્થામાં પ્રમુખ સિવાય બધા જ નવા છે. તેઓ બધી બાબતને વળગી રહ્યા છે. પરંતુ તેમણે અમારી નબળાઈ સ્વીકારી લીધી છે. અમારી નબળાઈ એ છે કે અમારાં કાંતેલા સુતરના કપડાં અમે નથી પહેરતા. નાનાં ગામડાંને મદદ કરવા ખાદી ખૂબ જ જરૂરી છે અમે એ રીતે માનીએ છીએ તેથી અમે ખાદીનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ એ બધા માટે ફરજિયાત નથી. પત્નીએ પણ ખાદીનો ઉપયોગ કરવો જોઈએ એવું નથી. કેટલીક વાર એ પ્રશ્ન ઊભો થાય છે કે કાર્યકરના ઘરમાં ખાદી સિવાય અન્ય કાપડનો ઉપયોગ શા માટે થવો જોઈએ? પરંતુ સંસ્થા એ બાબતમાં ઉદાર વલણ રાખે છે"

આ કાર્યકરે જે પ્રમુખનો ઉલ્લેખ કર્યો છે તેઓ કહે છે: "પગાર બાબતના અસંતોષની સમસ્યા અમારી સંસ્થા સમક્ષ ઉપસ્થિત થઈ છે. પરંતુ બધી જ વસ્તુઓ સરકારના ધોરણ અનુસારની છે. એથી કોઈ પ્રશ્ન નથી. પરંતુ ઓછું સ્વીકારીને ઓછાથી ચલાવવાનું વલણ ખાસ દેખાતું નથી. પહેલાનાં વખતમાં સાદગીમાં આનંદ હતો. આજે એવું નથી. પરંતુ એ પણ સાચું છે કે એ દિવસોમાં તેઓ ઝાઝું આપતા પણ નહીં. અમારી સંસ્થાની એ નીતિ છે કે સરકારી ગ્રાન્ટ મળતી હોય કે નહીં, પરંતુ સરકારી ગ્રેડ દરેકને આપવા. એક દષ્ટિબિંદુ એવું છે કે કોઈએ અગવડોને આમંત્રણ આપીને થાય એટલું કામ કરવું નહીં. બીજું દષ્ટિબિંદુ એ છે કે અમારે શક્ય હોય તેટલા સાદા રહેવું અને બલિદાનની ભાવનાથી જીવવું. એની લોકો ઉપર સારી છાપ પડે છે. મને બીજું દષ્ટિબિન્દુ ગમે છે પરંતુ અમે એ મુજબ જીવતા નથી. અમે પહેલા દષ્ટિબિંદુ મુજબ જીવીએ છીએ."

ઉચ્ચ કક્ષાના એક કાર્યકર આ વાતને આ રીતે મૂકે છે. "ઇચ્છા એ છે કે કામનો વિસ્તાર કરવાનો છે. તો વળી બહારના



કાર્યકરોને પણ આમંત્રવાના છે તેથી ઉદાર થયા વિના છૂટકો નથી. આ ઉદારતાનું મૂળ આંદોલનની વિચારસરણીથી ચલિત થાય છે પરંતુ એ તકવાદી નથી. આ ઉદારતાનું મૂળ આંદોલનની હેતુસિદ્ધિમાં છે. હેતુ આદિવાસીઓમાં પરિવર્તન લાવવાનો હતો. આ હેતુની સિદ્ધિ માટે વિસ્તાર જરૂરી હતો, આ વિસ્તાર માટે કાર્યકરો જરૂરી હતા. કાર્યકરોની બાબતમાં થોડી છૂટછાટો અને સમાધાનની વાત હેતુના દષ્ટિબિંદુમાં હતી જ. છૂટછાટો નાની હોય અને તકવાદથી પ્રેરાયેલી ન હોય એ જોવાનું હતું. આંદોલનને માટે તેનું પણ એક મહત્ત્વ હતું. અને તે ગુમાવવું ન જોઈએ.

આજે પરિસ્થિતિ એ છે કે બાલવાડીના શિક્ષકો, પ્રાથમિક શાળાના શિક્ષકો, સહકારી મંડળીના મંત્રીઓ, હિસાબનીશો અને બીજા બધા, (જેમાં એસ. એસ. સી. સુધીના શિક્ષણની લાયકાતની આવશ્યકતા છે), આદિવાસીઓ છે. ૧૯૬૫-૬૬માં ૧૮ આશ્રમ શાળાઓ હતી અને એ શાળાઓના બધા જ શિક્ષકો આદિવાસીઓ હતા. ઉકાઈ સર્વોદય યોજનાના કામ માટે અંતરાળ વિસ્તારમાં કાર્ય કરવા અનેક કાર્યકરોની જરૂર હતી. એ બધા આદિવાસીઓમાંથી મળી રહ્યા. બાલવાડીના ૧૮ શિક્ષકો, પ્રાથમિક શાળાના ૮૭ શિક્ષકો અને અન્ય ૧૮ કાર્યકરોમાંથી ૧૭ કાર્યકરો આદિવાસીઓ હતા.

આ ખાસ યોજનાની વાતને બાજુએ મૂકીએ તો પણ સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષકો પૈકી ૫૦ ટકા શિક્ષકો આદિવાસીઓ છે. આદિવાસીઓમાં થયેલા શિક્ષણના વ્યાપને લઈને આ શક્ય બન્યું છે. આ બાબતમાં વેડછી આંદોલનના ફાળાની તેના દુશ્મનો પણ ના કહી શકે તેમ નથી. શિક્ષણના વ્યાપ માટેના શિક્ષકો પણ આંદોલનને તેના દ્વારા અને તેના ટેકા વડે ચાલતી સંસ્થાઓમાંથી મળી રહ્યા. પરંતુ કેટલાક કાર્યકરો બહારથી પણ લેવા પડ્યા. એક કાચા અંદાજ મુજબ માધ્યમિક શાળાના ૪૦ થી ૫૦ ટકા

શિક્ષકો એવા બિન-આદિવાસીઓ છે જેમણે 'નઈ તાલીમ'ની સંસ્થાઓમાં શિક્ષણ નથી લીધું.

આમ આદિવાસીઓને તાલીમ આપવા માટે બિન-આદિવાસીઓને તેમ જ આંદોલન બહારના માણસોને અંદર લાવવા પડયા એનો અર્થ એ થયો કે બહારની અસરને અંદર લાવવી પડી. પરંતુ બહારની આ અસર ફક્ત બિન-આદિવાસીઓ દ્વારા જ નથી આવી. આ જ પ્રકારની પરંતુ વેડછી બહારની અમદાવાદ, સણોસરા અને આંબલાની સંસ્થાઓમાં તાલીમ પામેલા આદિવાસીઓ પણ ત્યાં હતા. તેઓએ એક જુદા પ્રકારની હવામાં શ્વાસ લીધો હતો અને તેને તેઓ વેડછી લઈ આવ્યા હતા. જન્મજાત કાર્યકરો પૂરતી સંખ્યામાં મળે એમ તો હતું જ નહીં; તેથી બહારની અસર અનિવાર્ય હતી વિચારસરણીમાંથી ચલિત થવાનું તેમ જ સમાધાન કરવાનું આંદોલનની હેતુ સિદ્ધિ માટે આવશ્યક હતું પરંતુ વિચાર અને વલણમાં એકવાકયતા ધરાવતા કાર્યકરો હવે રહ્યા નથી.

સ્વતંત્રતા પછીના વિકાસે વિશાળ સંખ્યામાં કાર્યકરોને ખેંચ્યા છે. પરંતુ આંદોલનના આરંભના કાર્યકરો જે આદર્શવાદ, વલણ અને વર્તન ધરાવતા હતા તે આ કાર્યકરોમાં નથી.

આંદોલનના ત્રણ અંગો કાર્યક્રમ, સંગઠન તંત્ર અને કાર્યકરો વિશેનો રજૂ થઈ ગયેલો અહેવાલ એ ત્રણેમાં સ્વતંત્રતા પછીના સમયગાળામાં સ્વતંત્રતા પહેલાંના સમયગાળા કરતાં જે ફેરફારો થયા તે હકીકતની પૂરતી સાબિતી આપે છે. આ તફાવત તેના વિશાળ સમાજ, ગુજરાત અને ભારત સાથેના સંબંધોનું તથા ખુદ આદિવાસી સમાજમાં થયેલા ફેરફારનું પ્રતિબિંબ પાડે છે. વિશાળ સમાજમાં થયેલા ફેરફારોએ આંદોલનમાં આ ફેરફારો જન્માવ્યા, તથા આ ફેરફારો એકબીજા પર અસર કરનારા કે અસર ન કરનારા છે. તે સંબંધી પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયત્ન કરવાનું કામ ઘણું વહેલું છે. આંદોલનમાં થયેલા ફેરફારો તેમ જ વિશાળ સમાજના



પરિવર્તન વચ્ચેના સંબંધોની ઝીણવટ ભરી તપાસ સીધી રીતે એ બંને ઉપરથી અને આડકતરી રીતે આદિવાસી સમાજના પરિવર્તન દ્વારા થઈ શકે. સ્વતંત્રતા પહેલાના સમયગાળાના આદિવાસીઓએ જે કાર્યક્રમનો સ્વીકાર કર્યો એ કાર્યક્રમનો સ્વીકાર સ્વતંત્રતા પછીના આદિવાસીઓ કદાચ ન પણ કરે. આવા પૃથક્કરણ માટે અમારી પાસે કોઈ સામગ્રી નથી. આ પળે તો અમે આંદોલનનાં અંગો બાબતના થોડાંક નિરીક્ષણોથી સંતોષ માનીએ છીએ.

## કાર્યક્રમો

### આર્થિક

આર્થિક કાર્યક્રમ ખાદીની પીછેહઠ તેમ જ જંગલ સહકારી મંડળીઓ તથા ખેતીવાડીની સુધારણાથી અંકિત થયેલો છે. ખેતીવાડીનો કાર્યક્રમ આદિવાસીઓ જમીનમાલિક બન્યા તે સાથે તાર્કિક સંબંધ ધરાવે છે. રાજ્ય સરકારના કાયદાને લીધે જમીનની માલિકી શકય બની. સરકારના સ્વરૂપમાં થયેલા ફેરફારે આ શકય બનાવ્યું. રાજ્ય સરકાર પણ ખેતીવાડીના વધુ ઉત્પાદનને વરેલી છે. આ કાર્યક્રમના અમલમાં આંદોલને સરકારી સંસ્થાઓને સહકાર આપ્યો.

જુદી જુદી સહકારી મંડળીઓની સ્થાપના એ એક બાજુ આદિવાસી ખેડૂતો અને મજૂરોના, તેમ જ બીજી બાજુ નાણાં ધીરનાર તથા જંગલ ઠેકેદારો અને સરકારના બદલાયેલા સબંધોનું પરિણામ છે. ખેતીવાડી કરનારાઓને નાણાં પૂરાં પાડવાનાં હતાં; તેમ જ જંગલો કાપવામાં વચ્ચે આવતા ઠેકેદારોને દૂર કરવા માટે કોઈ સંસ્થા ઊભી કરવાની હતી. સહકારી મંડળીઓને કારણે આ થઈ શકયું. એ વાત સાચી છે કે સરકારે સગવડો પૂરી પાડી, પરંતુ ખરેખરી વ્યવસ્થા તો વેડછી આંદોલનના કાર્યકરોએ કરી. તેઓએ

કરેલું આ કામ કોઈ પણ રીતે સહેલું ન હતું. અને સૌથી વધારે ગૌરવ લેવા જેવી વાત એ છે કે આજે આ સહકારી મંડળીઓની બધી વ્યવસ્થા આદિવાસીઓ પોતે જ સંભાળે છે.

## શૈક્ષણિક

શૈક્ષણિક કાર્યક્રમ હવે પૂર્વ-પ્રાથમિકથી વિદ્યાપીઠ કક્ષા સુધી વિસ્તર્યો છે. ગામડાના કાર્યકરો પેદા કરવા માટે જે કાર્યક્રમનો આરંભ થયો તે આજે ખેતીવાડીના જાણકાર, ગામડા માટેના ટેકનીશ્યનો તથા ટેબલ ખુરસીના કામ માટેના કારીગરો સર્જવાની કલ્પના કરે છે. આ કાર્યક્રમ હેઠળ સર્જાયેલો માણસ પગાર લેનાર સામાજિક કાર્યકર બને અથવા ગામડાનો નાગરિક પણ બને. તેમના શિક્ષણનો હેતુ મસ્તક, હૈયું અને હાથના સમતોલ વિકાસનો છે. એ પણ નોંધવું જોઈએ કે આ પ્રથાના મૂળમાં ગામડાનો ખેતીવાડી કરનારો સમાજ રહેલો છે. જે વિસ્તારમાં આ આંદોલનનો અમલ થઈ રહ્યો છે તેની આસપાસના પ્રદેશની દૃષ્ટિએ આ હકીકત કંઈક સાર્થકતા ધરાવે છે. પરંતુ આ જ હકીકત વિશાળ સમાજ સાથેના સંબંધની દૃષ્ટિએ કદાચ તેની મર્યાદા પણ બની રહે. ગ્રામવિસ્તારને શહેરીકરણનો અને શહેરી સભ્યતાનો ધક્કો ન લાગે તે પણ તેણે ધ્યાનમાં લેવાનું રહેશે. આદિવાસી અને બિન-આદિવાસી ગ્રામવિસ્તારમાં આવેલાં, આર્થિક અને સામાજિક સંબંધોનાં પરિવર્તનનો તથા મૂલ્યો, વલણો અને આકાંક્ષાના પરિવર્તનોનો તેણે સામનો કરવાનો રહેશે. આ બધું આંદોલનના સૂત્રધારોને કદાચ પસંદ ન પણ પડે. શૈક્ષણિક પ્રથા કદાચ તેમને બદલવાનો પ્રયત્ન કરે અથવા આજુબાજુના પ્રદેશમાં આવેલાં પરિવર્તનને ખુદ સાનુકૂળ થવાનો પ્રયત્ન કરે. અત્યારે જે સ્થિતિ છે તેને માટે વધું નજીકના અને સહાનુભૂતિભર્યાં નિરીક્ષણોની જરૂર છે. આ પ્રયોગની અવગણના કરવાનું કામ તો એક ભૂલ જ ગણાય.



## સંગઠન

રાનીપરજ સેવા સભા અને હળપતિ સેવા સંઘ એ રજિસ્ટર્ડ થયેલ સંસ્થાઓ છે. તેઓ એક પ્રકારની મધ્યસ્થ સંસ્થાઓ છે. કાર્યક્રમ ઘડવાની અને તેના અમલની બાબતને સંબંધ છે ત્યાં સુધી વાસ્તવમાં મોટા ભાગની સંસ્થાઓ સ્વતંત્ર છે. બધા જ વ્યવહારુ હેતુઓ માટેની વ્યવસ્થા આ સંસ્થાઓના હાથમાં છે. પોતાની આવશ્યક નિમણૂકો તેઓ પોતે જ કરે છે. જેમને આશ્રમો કહેવામાં આવે છે તે સંસ્થાઓનો દૈનિક ક્રમ પણ વેડછી કરતાં જુદો છે. આમ પૂરેપૂરું વિકેન્દ્રીકરણ અસ્તિત્વ ધરાવે છે. હજી તેમને પરસ્પર સાંકળનારી કડી સામાન્ય વિચારસરણીના કેટલાક અંશો તથા આંદોલનને ઘડનારી વ્યક્તિઓનું વ્યક્તિત્વ છે. આ સંસ્થાઓ હવે અમુક ચોક્કસ ઉદ્દેશોવાળી મંડળીમાં પરિવર્તન પામી છે. તેમની સંદેશવાહક તરીકેની, તેમ જ સક્રિય પ્રચારક તરીકેની ક્રાંતિકારી ભૂમિકા હવે પુરી થાય છે.

આ વિકેન્દ્રીકરણના કરતાં, તેમ જ સંસ્થાઓ મંડળો બની તેના કરતાં વધુ અગત્યની બાબત તેમના બાહ્ય સંબંધો અંગેની છે. તેઓને પ્રજા પાસેથી પૈસા મળતા નથી. તેમના પાસે આવક માટેનાં પોતાનાં કોઈ સાધનો નથી. તેથી ચોક્કસ પ્રકારના હેતુઓ માટે ચોક્કસ પ્રકારનાં સરકારી અનુદાનો ઉપર તેમણે આધાર રાખવો પડે છે. આને કારણે સંગઠનનાં સ્વરૂપમાં પરિવર્તન કરવાની જરૂર ઊભી થઈ છે. અનૌપચારિકતા અને અંગત વિચારણા દ્વારા એ પ્રકારનું ભાઈચારાનું સ્વરૂપ ધરાવતી સંસ્થાઓને બદલે ઔપચારિક અને બિન-અંગત તત્ત્વો ઉપર આધારિત સંસ્થાઓ બને તે વધારે જરૂરી જણાયું.

હવે આ બધી સંસ્થાઓ નક્કી થયેલા ચોક્કસ અને મર્યાદિત હેતુઓ ધરાવતાં તેમ જ નક્કી કરેલાં જ કર્તવ્યો અને પ્રવૃત્તિઓ

કરતાં મંડળોમાં પરિવર્તન પામી છે. આ ફેરફાર આંદોલનના બાહ્ય સંબંધો પૈકીના એક, સરકારી તંત્ર સાથેના સંબંધનું પરિણામ છે.

## કાર્યકરો

સ્વતંત્રતા પૂર્વેના સમયગાળા દરમિયાન આંદોલનમાં તેમની જ અથવા તેમના જેવી જ સંસ્થાઓમાં તાલીમ પામેલા કાર્યકરો આવતા, પરંતુ હવેના કેટલાક કાર્યકરો સ્વતંત્રતા પૂર્વેનાં આંદોલનના દૃષ્ટિબિંદુ અને જીવન જીવવાના માર્ગ સાથે સંમત થતા નથી. હવે બધા જ કાર્યકરો એક જ હેતુ ને સમર્પિત થયેલા સ્વયંસેવકો નથી. તેમના કામ સાથે કદાચ પ્રતિબદ્ધ હોય છતાં આ કામને તેઓ નોકરીના કામ તરીકે જુએ છે. પરંતુ આ જ પ્રમાણે તેઓ તેમની જાત કુટુંબ, સગાંવહાલાં અને ન્યાતિ સાથે પણ પ્રતિબદ્ધ થયેલા છે. બદલાતા સમાજમાં તેઓ પોતાનું એક સ્થાન ઊભું કરવા માગે છે. સરકાર તરફથી જેમાં નાણાં મળતાં હોય તેવી યોજનાઓમાં નોકરીએ રખાયેલા માણસોને માટે શૈક્ષણિક લાયકાત જરૂરી રહી છે. આવી યોજનાઓમાં જેઓ નોકરીએ લાગેલા નથી એવા કાર્યકરો માટેના પણ આ વિશિષ્ટ લક્ષણો બની રહ્યાં છે. આ બધું સામાન્ય બની રહ્યું છે. સ્વતંત્રતા પૂર્વેના સમયગાળા બાદ થયેલો આ ફેરફાર કંઈક અંશે બાહ્ય સમાજમાં થયેલા ફેરફારને આભારી છે. કારણ કે આ બાહ્ય સમાજ આદિવાસી સમાજ ઉપર અસર પાડી શકે છે.

ઉપરનાં નિરીક્ષણોમાંથી નીચેના પ્રશ્નો ઉદ્ભવે છે. આંદોલનના કાર્યકરો, તેના સરકાર સાથેના સંબંધ અંગે શું વિચારે છે ? આદિવાસી સમાજમાં થયેલા સુધારા વિશે તેઓ શું વિચારે છે ? ભવિષ્યના કાર્યક્રમ અંગે તેઓ શું વિચારે છે ? ભવિષ્યમાં જે પ્રકારના કાર્યકરોની જરૂર પડશે તે અંગે તેઓ શું વિચારે છે ? આ બધા પ્રશ્નોની વિચારણા હવે પછીનાં પ્રકરણમાં કરવામાં આવી છે.



એ પ્રકરણ તરફ આગળ વધતા પહેલાં વેડછી આંદોલનના કાર્યકરોએ બિનઆદિવાસી વિસ્તારમાં પણ કામ કર્યું છે, તે જોઈ લઈએ.

## હળપતિઓમાં થયેલું કાર્ય—આંદોલનના વિસ્તારનો દાખલો

બિન–આદિવાસી વિસ્તારમાં થયેલાં કામોમાં હળપતિઓમાં થયેલું કાર્ય મહત્ત્વનું છે. હળપતિઓ હાળી તરીકે જમીનમાલિકોને ત્યાં કામ કરતા હતા. તેઓ લગભગ જમીનવિહોણા ખેતમજૂરો છે. સ્વાતંત્ર્ય આંદોલન દરમ્યાન તેમના ઉત્થાન માટે તૂટક તૂટક પ્રયત્નો થયા, પણ તેનું ખાસ પરિણામ આવ્યું નહીં.

સુરત જિલ્લામાં હળપતિઓની વસતિ લગભગ એક લાખથી વધારે છે. તેઓ જમીનદારો પાસેથી મોટે ભાગે લગ્ન માટે નાણાં ઉછીના લેતા. આ નાણાં ઉછીના આપવાની એક શરત એ હતી કે નાણાં પરત ન થાય ત્યાં સુધી નાણાં લેનારે જમીનદારને ત્યાં કામ કરવું. આ શરતને રૂઢ માન્યતા મળી ગઈ હતી. માલિકો જ્યારે તેમનું શારીરિક બળ કામ ન આવે ત્યારે પોલિસની મદદ લેતા, પરંતુ કાયદાની કોર્ટમાં જતા નહીં. હળપતિ જે કામ કરતો તેની ચૂકવણી વસ્તુઓ રૂપે થતી અને તેથી તે નાણાં કદી પાછાં ચૂકવી શકતો નહીં. જે માણસ પાસેથી તે નાણાં ઉછીના લેતો તેને ત્યાં લગભગ આખી જિંદગી તે કામ કરતો. તેનો દીકરો પણ આ જ રીતે લગ્ન કરતો અને તે પણ નાણાં ધીરનાર સાથે આમ જ બંધાતો. ઘણું કરીને વંશપરંપરાગત રીતે આ ચાલ્યું આવતું હતું. કાયદેસર રીતે તેમ જ સિદ્ધાંતની દૃષ્ટિએ હળપતિ નાણાં ચૂકવી શકતો અને મુક્ત થઈ શકતો. પરંતુ વાસ્તવમાં એમ કદી બનતું નહીં. કોઈક વાર એવું બનતું કે બીજો જમીનદાર એના નાણાં ચૂકવી આપતો અને હળપતિએ એ નવા માલિક સાથે કામ કરવાનું થતું. માલિક બદલાતા, પણ હળપતિ કદી મુક્ત થતો નહીં.

હળપતિઓ અને આદિવાસીઓ વચ્ચે અગત્યનો તફાવત એ હતો કે હળપતિઓ મોટે ભાગે વચલા મેદાની પ્રદેશમાં ઊંચી કોમના લોકો સાથે આજુબાજુનાં ગામડાંમાં રહેતા. તેમાંના કોઈની પાસે, જેમ આદિવાસીઓ પાસે હતી તેમ, જમીન નહોતી. કોક બીજાની જમીન ઉપર તેઓ ઝૂંપડાં બાંધીને રહેતા. તેઓ જ્યાં રહેતા એમાંના ઘણાં બધાં ગામોમાં શાળાઓ હતી. પરંતુ ૧૯૪૭ પહેલાં હળપતિઓમાં ૧૦૦ ટકા નિરક્ષરતા હતી. આજે પણ તેમનામાં હરિજનો અને આદિવાસીઓનાં કેટલાંક જૂથો કરતાં ભણતરનું પ્રમાણ ઓછું છે, ગામના બીજા લોકો સાથેનો હળપતિનો સંબંધ મર્યાદિત હતો. તે માલિક માટે ખેતરમાં કામ કરતો, ઘરમાં કામ કરતો અને લગ્ન તેમ જ મરણ જેવા પ્રસંગોમાં પણ કામ કરતો. પરંતુ આ સંપર્કની તેના પર કોઈ અસર થતી નહીં. તે ગામડાના સમાજમાંના ઊંચી જ્ઞાતિના માલિકોની જીવનપદ્ધતિનું અનુકરણ કરતો નહીં. ગામડાના એ સમાજનો તે એક ભાગ થઈ શકતો નહીં. મોટે ભાગે તો એ પોતાનું નિરાળું જીવન જ જીવતો.

બિન-આદિવાસી વિસ્તારમાં રહેતા હોવા છતાં આ હળપતિઓની સ્થિતિ દરેક બાબતમાં આદિવાસીઓ કરતાં વધારે ખરાબ તો નહીં. પરંતુ તેમના જેવી જ હતી. ગાંધીવાદીઓએ ૧૯૨૨ થી ૨૯ માં તેમના પ્રથમ ઉમળકા વખતે તેઓ સાથે કામ કરવાનો પ્રયત્ન કર્યો હતો. તે સમયગાળાના અહેવાલમાં આ મુદ્દાની ચર્ચા કરવામાં આવી છે. પરંતુ ઊંચી કોમના જમીન માલિકોના અવરોધને કારણે તેમણે એ કામ અટકાવી દેવું પડયું હતું.

૧૭-૨-૧૯૨૪ ના 'ગુજરાતમિત્ર' અને 'ગુજરાત દર્પણ'માં લખ્યું છે : "એ ગામના લોકોએ સરભોણ આશ્રમનો બહિષ્કાર કર્યો છે. કારણ કે આશ્રમના શ્રી નરહરિ પરીખે એ આશ્રમમાં એક શાળા શરૂ કરી છે અને તેમાં દૂબળા (હળપતિઓ) ઓને અને



કાળીપરજ (આદિવાસીઓ)ને ભણાવવામાં આવે છે." અમૃતલાલ ઠક્કરે એક લેખમાં લખ્યું છે કે દૂબળાઓને શિક્ષણ આપવું જોઈએ અને તેમને સુધારવા જોઇએ. જમીનદારો તેમને ખૂબ તંગ કરે છે તેથી તેમને કામ ન કરવા માટે કહેવું જોઈએ. આ લખાણે લોકોની લાગણીને ઉશ્કેરી અને તેઓએ આશ્રમનો બહિષ્કાર કર્યો. પરીખે સાત દિવસના ઉપવાસ કર્યા. મહાદેવ દેસાઈ ગાંધીજીની સલાહ લેવા પૂના ગયા અને બે પત્રો લઈ આવ્યા. એક ગામના લોકો માટે અને બીજો પરીખનાં પત્ની માટે. વલ્લભભાઈ પટેલ અમદાવાદથી સરભોણ સમાધાન માટે ગયા. તેમણે સમાધાન સાધ્યું અને પાછા ગયા.

કોંગ્રેસ સરકારના ટૂંકાગાળાના શાસન દરમિયાન આ પ્રશ્ન ફરીથી ઉપાડવામાં આવ્યો. ૧૯૩૮માં સરદાર પટેલની આગેવાની હેઠળ હળપતિઓ અને તેમના જમીનદાર માલિકોની એક સંયુક્ત પરિષદ યોજાઈ. સૈદ્ધાંતિક રીતે હળપતિઓની મુક્તિનો સ્વીકાર કરવામાં આવ્યો. નાણાંચૂકવણીના પ્રકાર અંગે તેમ જ નાણાં ચૂકવણી અંગે ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા. દરેક ગામમાં હળપતિઓ અને જમીનમાલિકોની સંયુક્ત સમિતિ સ્થાપવાનું પણ નક્કી થયું. પરંતુ જુગતરામ 'હળપતિ મુક્તિ'માં કહે છે તેમ તેઓને એક પણ ગામમાંથી પ્રતિભાવ સાંપડયો નહિ. હળપતિની સ્ત્રીઓએ તેમના માલિકોનું ઘરકામ કરવાનું બંધ કર્યું અને હળપતિઓએ હડતાળ પાડી તે પછી જ રોકડમાં નાણાં ચૂકવાતાં થયાં.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને ત્યાર પછીના સમયગાળા દરમિયાન હળપતિઓને ભોજન અથવા દાણા લેવાનું (એ મેળવવાની મુશ્કેલીને કારણે) વધુ લાભકારક જણાયું. આથી ફરી પછી રોકડ ચૂકવણી બંધ થઇ. યુદ્ધ પછી, ઈ. સ. ૧૯૪૫-૪૬ પછી, વેડછી આંદોલનના કાર્યકરોએ હળપતિઓના કામ માટે પાછું ધ્યાન

કેન્દ્રિત કર્યું.

૧૯૪૬માં સત્ય, અહિંસા અને લવાદી પર આધારિત હળપતિઓનું એક મહાજન રચાયું. આ મહાજન અમદાવાદના મજૂર મંડળની લાઇન ઉપર રચાયું. તેણે હળપતિઓને કાયદાવિષયક મદદ કરવા માંડી.

૧૯૫૧ થી ૧૯૬૧ ના સમયગાળા દરમિયાન સેવાની પ્રવૃત્તિઓ ચાલુ રહી. રાજ્યના સમાજ કલ્યાણ ખાતા તરફથી ચાલુ થયેલી પછાત વર્ગ માટેની ઘર યોજનાનો લાભ હળપતિઓને પણ મળે તે માટે એક હાઉસીંગ સોસાયટી રચવામાં આવી.

હળપતિઓ માટે ચાલતી રાત્રિશાળાઓ અને નિરક્ષરતા નિવારણના વર્ગો ઉપરાંત એક આશ્રમશાળા અને બે છાત્રાલયો પણ શરૂ કરવામાં આવ્યાં.

ખાદીકાર્ય ઢીલું પડી ગયું. પરંતુ આંદોલનના કાર્યકરોએ સરકારી યોજનાઓનો તેમને લાભ મળે તે માટે અનેક કાર્યક્રમો ઉપર ધ્યાન આપવા માંડયુ. હળપતિઓ અને તેમના જમીન માલિકો વચ્ચેના ઝઘડામાં તેઓને સમજૂતી કરાવવાનું કામ પણ કરવું પડતું.

૧૯૬૧ થી '૬૭ ના સમયગાળા દરમિયાન છોટુભાઈ દેસાઈ, જુગતરામ દવે અને ઝવેરભાઈ પટેલે 'સુરત જિલ્લા હળપતિ સેવા સંઘ'ની સ્થાપના કરી. તેમની સાથે કેટલાક હળપતિ આગેવાનો પણ હતા. આ સંઘ પણ 'રાનીપરજ સેવા સંઘ' જેવો જ હતો. તેના ઉદ્દેશો નીચે મુજબ હતા :

(૧) હળપતિઓનાં સર્વાંગી વિકાસ માટે કામ કરવું. તેમના જીવનમાં અને કાર્યમાં તેમને ન્યાય મળે તે માટે મદદ કરવી.



(૨) શિક્ષણ, હુન્નર, આરોગ્ય અને સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓ હાથ પર લેવી. આવી પ્રવૃત્તિઓ માટેની સંસ્થાઓ શરૂ કરવી અને ચલાવવી.

(૩) હળપતિઓમાંથી જ આગેવાનો તૈયાર કરવા.

(૪) હળપતિઓના વિકાસ માટે સરકારને યોજનાઓ સૂચવવી.

(૫) હળપતિઓમાં કામ કરવા માટે ભણેલાં હળપતિ સ્ત્રીપુરુષોને આકર્ષવાં.

(૬) સત્ય અને અહિંસાનાં સાધનો દ્વારા હળપતિઓના વિકાસ માટેની બધી પ્રવૃત્તિઓ કરવી.

હાલમાં 'સુરત જિલ્લા' શબ્દો પડતા મૂકવામાં આવ્યા છે. અને સંઘ 'હળપતિ સેવા સંઘ'ના નામે કામ કરે છે, જેથી પડોશના ભરૂચ અને વલસાડ જિલ્લાઓના હળપતિઓમાં પણ સંઘના કાર્યકરો કામ કરી શકે.

## શૈક્ષણિક પ્રવૃત્તિ

પૂર્વશાળેય વયનાં બાળકો માટે પાંચ તાલુકાઓમાં વહેંચાયેલી ૬ બાલવાડીઓ છે અને ૧૯૦ બાળકો તેનો લાભ લે છે. વધારાની ચાર બાલવાડીઓ સર્વોદય વિકાસ યોજના હેઠળ કામ કરે છે અને ૩૨૦ બાળકો તેનો લાભ લે છે. આશ્રમશાળા પ્રકારની ત્રણ પ્રાથમિક શાળાઓ છે. જેમાં ૨૬૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે, (જેમાં ૧૩૦ છોકરાઓ અને ૧૩૦ છોકરીઓ છે.) આ બધી રહેવાજમવાની સગવડવાળી શાળાઓ છે અને તેનું બધું ખર્ચ સરકાર આપે છે. કામરેજ તાલુકા અને બારડોલી તાલુકામાં આવેલાં બે છાત્રાલયોમાં ૪૫ છોકરાઓ અને ૪૫ છોકરીઓ રહે છે. તેઓ માધ્યમિક શાળાઓમાં ભણે છે. આઠમા ધોરણથી શરૂ થતી એક શાળા હમણાં જ પલસાણા તાલુકામાં ચાલુ કરવામાં આવી છે.

ટેકનોલોજીકલ જ્ઞાન મળી રહે તે માટે પણ સંઘે વ્યવસ્થા કરી છે. હળપતિ છોકરાઓને શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. બારડોલીનો એક પ્રિન્ટીંગ પ્રેસ સંપુર્ણપણે હળપતિ અને આદિવાસી છોકરાઓ માટે ચાલે છે. ૧૯૬૪માં ટેકનીકલ તાલીમ લેતા પ્રત્યેક વિદ્યાર્થીને રૂપિયા ૩૫ આપવા અને જે સંસ્થામાં એ ભણતો હોય તે સંસ્થાને રૂા. ૧૦ આપવા સંઘે સરકારને સમજાવી.

૧૯૬૭માં જુદી જુદી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે ૧૭૫ વિદ્યાર્થીઓ તાલીમ લેતા હતા.

**હાઉસીંગ**

૧૯૬૫માં સરકારે અટકાવી દીધેલી ઘર યોજનામાં ૩૩ સહકારી ઘર મંડળીઓમાં કામ કરતી હતી અને તેમણે હળપતિઓ માટે ૨૦૦૦ ઘર બાંધ્યાં હતાં.

સુરત અને વલસાડ જિલ્લાના હળપતિઓની ઘર જરૂરિયાત માટેની એક મોજણી સંઘે હાથ ધરી હતી. તેને પરિણામે જણાયું હતું કે ૩૫,૩૩૩ કુટુંબોને ઘર માટે ૧,૭૭૨ એકર જમીનની જરૂર હતી. સરકાર જમીનની પૂરી કિંમત ચૂકવવા સંમત થઈ. હળપતિઓને જમીન મળી રહે તે માટેની અરજી કરાવવામાં સંઘ સક્રિયપણે રોકાયેલો છે. અને ૧૯૬૭ સુધીમાં તેમનાં ૧૫,૦૦૦ કુટુંબોને જમીન મેળવવામાં સહાય કરી છે. આમ ૫૦ ટકાથી થોડા ઓછા હળપતિ કુટુંબોએ ઘર માટે જમીન મેળવી છે.

કેટલીક જગ્યાએ હળપતિઓએ પોતે પણ મજૂર સહકારી-મંડળીઓ ઊભી કરી.

**વેતન**

૧૯૬૪માં સંઘે ખેતમજૂરો માટે ઓછામાં ઓછા રોજગારીના દરો નક્કી કરવા માટે સરકારને ભલામણ કરી. ૧૯૬૫માં સરકારે એક સમિતિની નિમણૂંક કરી. સંઘે સમિતિને રૂા. ૩-૫૦ રોજગારી દરની અથવા વર્ષે રૂપિયા ૭૫૦ ની ભલામણ કરી.



હળપતિઓના લાભ માટે શિક્ષણ અને સહકારી ક્ષેત્રોમાં સંઘ અનેક પ્રવૃત્તિઓ કરી રહ્યો છે આ ઉપરાંત દારૂબંધી અને લગ્નસુધારણા માટે પણ તેઓ કામ કરે છે. લગ્ન કરવા માટે હળપતિએ બંધાયેલા મજૂર બનવું પડતું હતું. લગ્નના ખર્ચ માટે હવે તેમને પૈસા મળે એમ નહોતું કારણ કે એ પ્રથા દૂર કરવામાં આવી છે. પરંતુ ખર્ચ તો હજુએ થાય છે અને જ્યાં સુધી એ ઓછું ન થાય ત્યાં સુધી હળપતિને માટે લગ્ન કરવાનું મુશ્કેલ છે. ખરેખર તો તેમને માટે એ એક સમસ્યા છે. આથી સેવા સંઘ 'ફૂલ અને હાર' પ્રકારનાં લગ્નના વિચારનો પ્રચાર કરે છે. ખર્ચને ઓછું કરવા માટે એક જ દિવસે ઘણાં લગ્નો(સમૂહલગ્નો)નો પણ તેઓ ઉપદેશ આપે છે. આ સુધારો સ્વીકૃતિ પ્રાપ્ત કરતો જાય છે.

હળપતિઓ માટેનાં આંદોલનના કાર્યકરો શાળાઓ અને વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ સ્થાપી રહ્યા છે. તેનું નિરીક્ષણ કરવાનું પણ જરૂરી છે. હવે તેમની પાસે માત્ર આશ્રમો જ નથી. તેમની પાસે સેવા સંઘની એક ઓફિસ પણ છે. હળપતિઓ સરકારની યોજનાઓનો લાભ લેતા થાય એ પણ સંઘની પ્રવૃત્તિઓનો એક હેતુ છે. આ સંસ્થાઓ માટેની જવાબદારી સંઘની નથી. રાજકીય સ્વતંત્રતા અને આર્થિક સામાજિક વિકાસની પરિસ્થિતિ હેઠળ કાર્યક્રમ અને કાર્ય કરવાની પદ્ધતિ વચ્ચેનો આ સંભવિત તફાવત છે. પરિસ્થિતિના આ ફેરફાર સાથે આંદોલને અનુકૂલન સાધ્યું છે.

પરંતુ એ પણ નોંધવા યોગ્ય બાબત છે કે હળપતિઓને

તેમ જ આદિવાસીઓને સહાય કરતી વખતે જુદાં જુદાં સ્થાપિત હિતોનો સામનો કરવો પડયો છે. બિન-આદિવાસી સમાજના આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક હિતો તરફનો આ વિરોધ રહ્યો છે. ખાસ કરીને આ બે વર્ગો વચ્ચેના સંબંધોની સમસ્યાઓ છે. વેડછીના કાર્યકરો વર્ગવિગ્રહની આ ફિલસૂફીમાં માનતા નથી અને કલ્યાણ માટેના કાર્યકરો તરીકે પોતાની રીતે સમસ્યાને હલ કરવાનો પ્રયત્ન કરે છે. હળપતિ સેવા સંઘ કલ્યાણ કાર્ય કરનારી એક એજન્સી છે. ટ્રેડ યુનિયન નથી.

આઝાદી પછીના સમયગાળામાં કાર્યક્રમમાં, કાર્યકરોમાં, સંગઠનમાં અને કાર્ય કરવાની પદ્ધતિમાં કયા પ્રકારનું પરિવર્તન આવ્યું છે તેનું ઉદાહરણ હળપતિમાં થયેલું કાર્ય પૂરું પાડે છે. વળી આ કાર્ય મેદાનનાં ગામડાઓમાં વસતા લોકોમાં આવેલા પરિવર્તનનો ખ્યાલ આપે છે.

ખાદી કાર્યક્રમ લગભગ ગેરહાજર છે. ઊલટું તેઓએ નોકરીએ રાખનાર અને નોકરીએ રહેનાર વચ્ચેનાં વેતન અંગેની સમસ્યા હાથ ધરવી પડી છે. આ કામ તેઓ સરકારી સમિતિઓ દ્વારા તથા કાયદેસરની વ્યવસ્થા દ્વારા કરે છે. જે શિક્ષણને તેઓ પ્રોત્સાહન આપે છે તે માત્ર સારા ખેતી કરનારા બનાવવા માટેનું જ નથી. હળપતિ પાસે જમીન નથી. પરંતુ તેઓ તેમને પ્રિન્ટીંગ પ્રેસ તથા અન્ય ઔદ્યોગિક વ્યવસાયોની નોકરીમાં તાલીમ પામેલા કુશળ કારીગરો તરીકેનો લાભ ઉઠાવવા પ્રોત્સાહન આપે છે. ઘર માટેનો કાર્યક્રમ પણ અગત્યનો છે. કારણ કે ઘર બાંધવા માટે તેમની પાસે પોતાની જમીન નથી તેમ જ નાણાં પણ નથી.

તેમની પાસે રાનીપરજ સેવા સભા જેવું કામ કરનારું સંગઠન હોવા છતાં તેમની પાસે આશ્રમ જેવાં કેન્દ્રો નથી. તેમની



પાસે સ્વેચ્છાથી કામ કરનારા કાર્યકરો છે. તો જાહેર ખબર દ્વારા લેવાયેલા પગારદાર કાર્યકરો પણ છે. કારણ કે એ માટેનાં નાણાં સરકાર પાસેથી મળે છે. આ રીતે કદાચ તેમની પાસે નોકરીએ રખાયેલા પોતાના જ કાર્યકરો છે. પરંતુ ભરતીની પદ્ધતિ અગાઉના કરતાં જુદી છે. અને તેથી કામની બાબતમાં સંસ્થા દ્વારા જેમને પગાર અપાય છે એ સ્વેચ્છાથી કાર્ય કરનાર કાર્યકરો અને ભરતી થયેલા કાર્યકરો વચ્ચે તફાવત પડવાની શકયતા ઊભી થાય છે.

હળપતિઓમાં થયેલું કાર્ય વેડછી આંદોલનનું વિસ્તરણ જ છે પરંતુ આ કાર્ય એક જુદા તબક્કે તેમ જ વિશાળ સમાજના વિકાસના એક જુદા સમયગાળામાં થયું છે. સ્વતંત્રતા પછી હળપતિઓનું કાર્ય એક સંગઠન સાથે શરુ થાય છે અને તે આશ્રમ પદ્ધતિથી જુદી પદ્ધતિએ કામ કરે છે. વળી હળપતિમાંના આ કાર્યને જમીનદારોના જૂથ દ્વારા સહાનુભુતિપૂર્વક જોવાતું નથી. આ પ્રવૃત્તિ વિશેનો કોઈ નિર્ણય જાહેર કરતાં એને હજુ વધુ નિકટથી જોવાની જરૂર રહે છે. આદિવાસી આંદોલન અને હળપતિ આંદોલન પાછળ અપાયેલાં વરસો અને કરાયેલા પ્રયત્નોની દૃષ્ટિએ જોતાં હળપતિ આંદોલનની સિદ્ધિ જરાય ઊતરતી કક્ષાની નથી. હળપતિઓની સમસ્યા અને કાર્યનું સંગઠન આદિવાસીઓ કરતાં જુદાં છે. પરંતુ આંદોલનનો હવાલો સંભાળનારા કાર્યકરો વેડછીમાં તાલીમ પામેલા ન હોવા છતાં આઝાદી પૂર્વેના સમયગાળામાં વેડછીના કાર્યકરોમાં જે ભાવના અને ઉત્સાહ હતાં તેવાં ભાવના અને ઉત્સાહ ધરાવે છે.

૭

# ભાવિ કાર્યક્રમની ઝાંખી

## આદિવાસી સમાજમાં પરિવર્તન

આગલા પ્રકરણના આરંભમાં ઉલ્લેખેલા બાહ્ય સંદર્ભો અથવા આદિવાસી વિસ્તાર બહારના વિશાળ સમાજના રાજકીય – આર્થિક ફેરફારો આદિવાસીઓની સામાજિક – આર્થિક પરિસ્થિતિમાં પણ ફેરફાર લાવે એ અપેક્ષિત હતું. આ ફેરફારો વેડછી આંદોલનમાંથી અને વેડછી આંદોલનને લીધે પણ આવ્યા હોત. કયા પ્રકારના ફેરફારો થયા છે તેનું નિરીક્ષણ કરવા અલગ અને વિગતવાર તપાસની જરૂર રહે છે. પરંતુ આંદોલન ઉપર જેની અસર પડવાનો સંભવ રહે તે બાબત છે આ ફેરફારો અંગેની આંદોલનના કાર્યકરોની સમજણ. કેટલાક કાર્યકરોને આ ફેરફાર અંગે શું કહેવાનું છે તે નીચે રજૂ કરીએ છીએ.

૪૫ વરસના એક આદિવાસી કાર્યકર કહે છેઃ "અમારા તાલુકામાં વેપારી ધોરણે બે તેલ મિલો અને બે રાઈસ મિલો સ્થપાઈ છે, પરંતુ સહકારી ધોરણે સ્થપાઈ નથી. આમ, અમને લાગે છે કે આત્મનિર્ભર ગામડાં માટેનું ગાંધીવાદી દૃષ્ટિબિન્દુ જોવા મળતું નથી. ગામડાંની સહકારી મંડળીઓ પણ વેપારી મંડળીઓ થઈ ગઈ છે."

તેમણે એમ પણ જણાવ્યું હતું કે શિક્ષણના વ્યાપને કારણે નોકરીમાં તેમ જ બિન–ખેતીવાડી વ્યવસાયોમાં જનારાઓની સંખ્યા વધી છે. લોકોનાં જીવન અંગેના દૃષ્ટિબિંદુમાં પણ ફેરફાર થયો છે. દા. ત. તેઓને પીવાનું વ્યસન નથી અને તેઓને સ્વચ્છતાપૂર્વક રહેવાનું ગમે છે. જીવનની પદ્ધતિ બદલવામાં આર્થિક લાભોએ પણ ભાગ ભજવ્યો છે.



લગભગ ૬૦ વરસની વયના એક કાર્યકરે કહ્યું હતું કે "અહીં રહેલા કાર્યકરો પાસેથી જ લોકો સાદું પણ સારું જીવન જીવવું જોઈએ એવું શીખ્યા હતા. તેમની દૃષ્ટિએ સારાનો અર્થ થતો હતો સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને સામાન્ય રીતે વ્યવસ્થિત અથવા શિસ્તવાળું."

સ્ત્રી શિક્ષણના ક્ષેત્રમાં કામ કરનાર લગભગ ૪૦ની વયના એક કાર્યકરે કહ્યું હતું "શિક્ષણ પુરુષોના વિચાર અને વર્તનને અસર કરે છે, પરંતુ સ્ત્રીઓને આપવામાં આવતું શિક્ષણ સમગ્ર ઘરને અસર કરે છે. આ અસર અમે અમારા ગામમાં જોઈ શકીએ છીએ. લોકો ઘર ચોખ્ખું રાખે છે. ભોંયતળિયું સારી રીતે લીંપે છે અને ચુલા બનાવે છે. અને હવે અમારા ઘરોમાં વાસણો છે. બાલવાડીને લીધે દરેકે રોજ સ્નાન કરવાની ટેવ કેળવી છે."

આશ્રમશાળાના લગભગ ૩૫ વરસની વયના આદિવાસી શિક્ષકે કહ્યું હતું "ગામડામાં નેતૃત્વ ખીલ્યું છે. જંગલ સહકારી મંડળીઓમાં તથા અન્ય સમાજસેવાની સંસ્થાઓમાં મંત્રી, હિસાબનીસો અને પ્રમુખો સ્થાનિક આદિવાસીઓ છે. ઉકાઈ બંધમાં નોકરી મળવાના કારણે તેઓ પૈસા કમાય છે. અને એ પૈસામાંથી તેમના બાળકોને ભણાવવા લાગ્યા છે. આ સાથે મોજમઝાની વૃત્તિ, ઉડાઉપણું અને પીવાવાળું કામ પણ વધ્યાં છે.

"અમારી સંસ્થાઓમાં તેઓ ખેતીવાડી વિશે શીખ્યા છે અને તેમની ખેતીવાડીની પદ્ધતિ પણ બદલાઈ છે. તેમની ખેતીવાડી આજે વધુ પદ્ધતિસરની છે. શિક્ષણ વધ્યું છે. કેટલાક એમ. એ. સુધી ગયા છે. લોકો પોતાની મેળે જ શિક્ષણ ઇચ્છે છે.

બિન–આદિવાસી પરંતુ પછાત વર્ગના ૩૫ વરસની વયના એક કાર્યકરે કહ્યું : "રીતરિવાજોમાં તેમ જ દરેક બાબતમાં

આદિવાસીઓ આર્થિક રીતે અને સાંસ્કૃતિક રીતે ઉપર આવ્યા છે. અહીં શિક્ષણનું એકેય ચિહ્ન ન હતું. આજે બાજુના ગામડામાં પણ કોઈ શિક્ષણ વગરનું ભાગ્યે જ હશે. દરેક ઘરમાં બેથી ત્રણ શિક્ષકો છે. હું અહીં જોડાયો ત્યારે આખા ગામમાં ભાગ્યે જ એકાદ શિક્ષક હતો. આજે તેમની જીવવાની પદ્ધતિ બદલાઈ છે. જીવન ધોરણ ઊંચું ગયું છે. સામાજિક રીત રિવાજો બદલાયા છે. ખેતીવાડીનું ધોરણ સુધર્યું છે. અને સરકારી મદદ વિશે તેઓ વધુ જાગ્રત બન્યા છે."

એક બિનઆદિવાસી સ્નાતક કાર્યકાર ૧૯૫૯ની અને આજની પરિસ્થિતિની સરખામણી કરતાં કહે છે : "ખેતીવાડીમાં સુધારો થયો છે. કૂવા એન્જીનો વધ્યાં છે. તેઓ ખાતરનો ઉપયોગ કરતાં શીખ્યા છે. વહેમનું તત્ત્વ ઓછું થયું છે. અગાઉ ડોકટર માટેની પસંદગી ૫૦ ટકા દરદીઓ કરતા હતા. આજે ૭૦–૮૦ ટકા થયા છે. બધા જ સામાજિક પરિબળોમાં પરિવર્તન આવ્યું છે."

વેડછી આંદોલનમાં શિક્ષણના ક્ષેત્રથી પોતાની કારકિર્દી શરૂ કરનાર લગભગ ૫૦ વરસની વયના એક બિનઆદિવાસી કાર્યકરે કહ્યું હતું : "આર્થિક અને રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક માન્યતાઓ બધું જ આ વરસોમાં બદલાયું છે. આ લોકોએ પ્રગતિ સાધી છે. જો કે તેમની સમગ્ર પ્રગતિ અમારા કાર્યક્રમને આભારી નથી. દેશમાં વિકાસ પામતી પરિસ્થિતિઓએ પણ તેમાં ભાગ ભજવ્યો છે."

લગભગ ૫૦ વરસની વયના બિનઆદિવાસી અને મતભેદને કારણે સંસ્થા છોડી જનાર એક કાર્યકરે કહ્યું હતું : 'લોકો શિક્ષણ મેળવતા થયા અને સરકારે નોકરીની તકો પૂરી પાડી. આમ તેમના જીવનમાં એક પ્રકારની આર્થિક સ્થિરતા આવી. બીજી પણ એક વસ્તુ થઈ, જે બધા છોકરાઓની શાળામાં તથા છોકરીઓની શાળામાં



ભણતા હતા, તેઓ ખાદી મેળામાં અને કેમ્પમાં ભેગા થવા લાગ્યા. ત્યાં તેઓ એક બીજાના પરિચયમાં આવતા થયાં અને લગ્નો ગોઠવતાં થયાં. આમ પણ તેમનામાં મેળામાં લગ્ન ગોઠવવાનો રિવાજ છે. આ પણ એના જેવું જ છે. સુધારાવાદીઓનાં સુધારાવાદીઓમાં, તેમ જ ભણેલાંઓનાં ભણેલાઓમાં લગ્ન ગોઠવાતાં થયાં. તેઓમાંના બંને નોકરી સ્વીકારે છે અને કમાય છે. અગાઉ જેને ૫૦ રૂપિયા પણ જોવા ન મળતા તે આજે તેની પત્ની સાથે મહિને ૨૫૦ થી ૩૦૦ રૂપિયા કમાય છે. વળી ભણેલા અને અભણો એ પ્રકારની જુદી ન્યાતો ઊભી થઈ છે. ગણોતના કાયદાને લીધે તથા દેવા મુક્તિનાં પગલાંને લીધે શોષણ અટકી ગયું તેનો પણ પરિવર્તન તરીકે વિચાર કરવો જોઈએ. પણ એવું ય બની રહ્યું છે કે કેટલાક આદિવાસીઓ ખુદ શોષણખોર થઈ રહ્યા છે."

બીજા લગભગ ૪૦ની વય ધરાવતા બિનઆદિવાસી કાર્યકરે કહ્યું હતું : "અમે આદિવાસીઓ સાથે બેસીએ છીએ અને પ્રેમથી તેમનામાં ભળીએ છીએ. પરંતુ ભણેલો આદિવાસી ફક્ત ફરજને કારણે આમ કરે છે. આશ્રમની સંસ્થાઓમાં કે અન્યત્ર શિક્ષણ લેનાર બધા જ આદિવાસીઓમાં આ જોવા મળે છે."

આની સામે બીજા એક બિનઆદિવાસી કાર્યકરે કહ્યું હતું : "ભણેલો આદિવાસી તેના સમાજ તરફ માનપૂર્વક જુએ છે. તેના સમાજ તરફ તેને બહુ જ ઓછો અણગમો છે. તેનો સમાજ કેવી રીતે શક્તિશાળી બને તે જોવા માટે તે ઘણો જ આતુર છે."

આ જ કાર્યકરના મત મુજબ બિનઆદિવાસીઓની માન્યતામાં પણ ઘણો ફેરફાર થયો છે. "પહેલાં એમ માનવામાં આવતું હતું કે આ આદિવાસીઓ સુધરશે નહીં. એક સ્થાપિત સત્ય તરીકે આ વાત માની લેવામાં આવી હતી. આદિવાસીઓ પણ આમ જ માનતા

હતા. પરંતુ આ વિચારો આજે બદલાયા છે. તેઓમાં વિશ્વાસ જન્મ્યો છે. તેઓ માને છે કે તેઓ પણ નાગરિકો છે. આ હિંમત અને વિશ્વાસનું ઉદાહરણ એ છે કે આ આદિવાસીઓ કોંગ્રેસના ઉમેદવારની સામે ઊભા રહે છે અને ચૂંટાય છે. જંગલ મંડળીઓમાં તેઓ લાખો રૂપિયાનો વહીવટ કરે છે. અગાઉ એસ. ટી. બસમાં નીચે બેસતા તે હવે સીટ પર બેસે છે. તે તલાટી વિરુદ્ધ તેમ જ સરકારી અધિકારીઓ વિરુદ્ધ સમાજસેવક આગળ ફરિયાદ પણ કરે છે.”

લગભગ ૩૯ વરસની વયના ખેતીવાડીમાં નિષ્ણાત એક બિન-આદિવાસી કાર્યકરના મત મુજબ તેમની જીવન પદ્ધતિ પણ બદલાઈ છે. અગાઉ તેઓ ગમે ત્યાં ખાતા. હવે એઓ જમવા માટે રસોડામાં બેસે છે. અને ચોખ્ખાં કપડાં પહેરે છે. હવે તેમને મિલકત માટે આસક્તિ છે. પૈસા હોય તો યે શું અને ન હોય તોય શું તેવી જૂની માન્યતા બદલાઈ છે અને હવે ધનોપાર્જનની ઇચ્છા રાખે છે. આ પ્રકારની આકાંક્ષા ઘણામાં પ્રગટી છે.

ભણેલા આદિવાસીઓનાં તેમના લોકો તરફનાં વલણ અંગે આ ભાઈ માને છે કે બધા જ ભણેલાઓ તેમના લોકોની સેવા કરતા નથી. તેઓ મોજમઝા તરફ અને બહારની દુનિયા પાછળ દોડે છે. ભણેલાઓનાં આવાં વર્તનને આ ભાઈ સ્વાભાવિક ગણતા હતા.

ઉપર નોંધેલા કાર્યકરોના જુદા જુદા દૃષ્ટિબિંદુઓમાં એક બાબતની એકમતી દેખાય છે કે આદિવાસી સમાજ ખુદ બદલાઇ રહ્યો છે. અને આંદોલને તેમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. આ મુદ્દાની અગત્ય એ છે કે જે પરિસ્થિતિ હેઠળ આંદોલનનો આરંભ થયો તે પરિસ્થિતિ આજે બદલાઈ છે.

પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે પરિસ્થિતિનો આ ફેરફાર ભવિષ્યમાં કાર્યક્રમને, કાર્યકરોના પ્રકારને અને કાર્યની પદ્ધતિને



અસર કરશે કે કેમ ?

**કાર્યકરોના પ્રકારો અને ભાવી કાર્યક્રમ વિશે તેમના ખ્યાલો :**

ભવિષ્યનો કાર્યક્રમ શું હશે ? કયા પ્રકારના કાર્યકરોની જરૂર પડશે ? કાર્ગકરોની ઉંમર, શિક્ષણ અને વ્યક્તિત્વ મુજબ આ પ્રશ્નોના જવાબો જુદા જુદા હોઈ શકે. આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ વચ્ચે પણ આ બાબતમાં મતભેદ હોઈ શકે.

લગભગ ૪૦નું વય ધરાવતા એક કાર્યકર જેમાં સમાજ-સેવાની પ્રણાલિકા ચાલી આવે છે, તેવા કુટુંબમાંથી આવે છે. તેમાના પિતા વેડછી આંદોલનમાં હતા અને તેમના કાકા આઝાદી લડતમાં હતા. તેમના ભાઈ પણ આંદોલનમાં છે. તેમના પિતાએ જ્યારે સરકારી નોકરી સ્વીકારી ત્યારે પોતે હલકા પડયા હોય એમ લાગ્યું હતું તેઓએ ઔપચારિક શિક્ષણ ઝાઝું મેળવ્યું નથી. ‘ભવિષ્યનો કાર્યક્રમ શું હશે?’ એ પ્રશ્નનો તેમનો જવાબ વધારે આદર્શવાદી હતો. તેમણે કહ્યું હતું “પાયાનું કામ તેમને સારાસારના વિવેક માટે તેમ જ રાષ્ટ્રિયતા માટે જાગ્રત કરવાનું છે. આ કાર્યક્રમ હંમેશ માટે રહેવાનો છે. પરંતુ આજ સુધી તો આ આદિવાસીના શોષણખોરો, સરકાર અને ખુદ આ સંસ્થા તેમની સ્વતંત્રતાને મર્યાદિત કરનારાં રહ્યાં છે. હવે પછીના બધા કાર્યક્રમો તેમના દ્વારા અને તેમને માટે હોવા જોઈએ જેથી થોડા વખતમાં તેઓ ‘સ્વયં’ વિકાસના પાયા પર ચઢી શકે.”

“આજની પદ્ધાતિ દયા ભાવના પર આધારિત છે હવે પછીની પદ્ધતિ એવી હોવી જોઈએ કે જેની લોકોને કામ માથે લેવાની ફરજ પડે.”

“આ બધાં રાહતકાર્યો છે. આ બધાં ઢંગધડા વગરનાં કામો છે.

એ ક્રાંતિકારી કાર્યો કહેવાય નહીં. એ જાગૃતિ માટેનાં કાર્ય છે. એને ક્રાંતિકારી કાર્યો કહેવાની મારામાં હિંમત નથી.”

“વિનોબા કહે છે કે, તે ક્રાંતિકારી કાર્ય છે જેમાં સમાજના પુનર્નિર્માણનો ખ્યાલ છે. એમાં પાયાના પરિવર્તનનો ખ્યાલ છે. અત્યારે જે થાય છે તે ક્રાંતિકારી કાર્ય નથી. પેલા (ક્રાંતિકારી) કાર્યમાંથી આત્મ-વિશ્વાસુ, પ્રેમાળ અને સ્નેહાળ તથા આત્મ-સન્માનિત રાષ્ટ્રિય સમાજ ઊભો થશે. અત્યારે તો આપણે હળપતિને હળપતિ રહેવા દેવા ઈચ્છીએ છીએ. તેને અન્યાય કરવા ઈચ્છીએ છીએ. સમાજ બદલાઈ રહ્યો છે તેથી સ્વાભાવિક પરિવર્તનને કારણે કેટલાક ઉઝરડા પડયા છે. આપણે તેને મલમ લગાડીએ છીએ.”

લગભગ ૬૭ની વયના એક આદિવાસી કાર્યકરે કહ્યું હતું, “નવા નહીં પરંતુ દારૂબંધી, સામાજિક સુધારણા અને ખેતીવાડીના વિકાસ જેવા જૂના કાર્યક્રમોમાં પ્રાણ પૂરવા જોઈએ.” કયા પ્રકારના કાર્યકરોની જરૂર પડશે ? એવા પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું હતું કે જેમનામાં સમાજને ઊંચો લાવવાનો ખ્યાલ હોય એવા પાંચ કાર્યકરો દરેક ગામમાંથી નીકળવા જોઈએ. તેઓને પગાર આપવો ન જોઈએ.”

આજે લગભગ ૪૫નું વય ધરાવતા બીજા એક આદિવાસી કાર્યકર ખાદી અને દારૂબંધીને ભવિષ્યના કાર્યક્રમની દૃષ્ટિએ અગત્યના માને છે. તેમાં તેઓ ખેતીવાડીના વિકાસને પણ ઉમેરે છે.

“કાર્યકરો નવા પ્રકારના હોવા જોઈએ. તેઓ આજના સમાજને સમજતા હોવા જોઈએ અને સમાજ સુધારકો થઈ શકવા જોઈએ. તેમનામાં ખૂબ જ શક્તિ હોવી જોઈએ. ગામડાંઓમાં પણ હવે બુદ્ધિશાળી અને ભણેલા માણસો મળે છે તેઓ તેમનો સામનો કરવા માટે અને તેમને બદલવા માટે શક્તિશાળી હોવા જોઈએ.”



૩૫ વરસની ઉંમરના, શિક્ષણક્ષેત્રે કામ કરતા એક કાર્યકરે કહ્યું હતું કે આદિવાસીઓને ભોજન માટેની વાનગીઓ તૈયાર કરવાનું શીખવવાની જરૂર છે. તેમનું કહેવું હતું કે આદિવાસીઓ બરાબર ચડેલા ‘રોટલા’ તૈયાર કરતા નથી. તેમને ઘણી વિવિધતાની ખબર નથી. આ હેતુ માટે બહેનોના વર્ગો ચલાવવા જોઈએ. આવા વર્ગોમાં બાળ–ઉછેર માટેના વાર્તાલાપો પણ ગોઠવી શકાય.

તેઓ માને છે કે અંબર ચરખા, હાથ-સાળ અને બીજી ઘણી બાબતોને વિજળીથી ચાલતી કરવી જોઈએ. “તેમાં નુકસાન શું છે ? ભલે ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ થતું પરંતુ દળવાની ઘંટીઓ અને તેલની મિલો વિજળીથી ચાલવી જોઈએ. આદિવાસીઓમાં કારીગરી નથી, મજૂરી છે. તેમને લુહારી, મોટર ડ્રાઈવીંગ, ફીટર વગેરે હુન્નરો શીખવી શકાય, જો જુદા જુદા વ્યવસાયોનો વિકાસ થાય તો વેપાર પણ વિકસે અને તેઓ એ પણ શીખી શકે. આજે તો બહુ થોડા ગાંધીવાદી વિચારસરણી મુજબનું જીવન જીવે છે. આપણું બધાનું જીવન સગવડોથી ભરેલું થઈ ગયું છે. એ (ગાંધીવાદી વિચારસરણી) બહુ અસરકારક રહી નથી. તેથી એ જ જૂનો કાર્યક્રમ અને એ જ જૂનાં મૂલ્યો કામ નહીં આપી શકે.”

“નવા કાર્યકરોમાં વિશાળ દૃષ્ટિબિંદુની જરૂર રહેશે. દાખલા તરીકે કાર્યકરે આખો દેશ અને આખી દુનિયા એની નજર સમક્ષ રાખવાં પડશે. વળી આ કાર્યકર ઘણી ઉચ્ચ લાયકાતવાળો હોવો જોઈશે. ઓછામાં ઓછો તે સ્નાતક તો હોવો જ જોઈએ. કારણ કે આ કાર્યમાં તે પ્રવર્તમાન, આર્થિક, રાજકીય અને સામાજિક પ્રવાહોને જાણે તે ઘણું જરૂરી છે. તે ગાંધીવાદી વિચારોમાં માનતો હોવો જોઈએ.”

લગભગ ૪૭ વરસના એક આદિવાસી કાર્યકર માને છે કે

ખાદીકાર્ય જરૂરી છે પરંતુ અગાઉ કાર્યકરો તેમાં માનતા હોવાને કારણે એ થતું હતું. આજે કાર્યકરો એ કરે છે, કારણ કે તેઓ તે માટે નિમાયા છે, લોકોને ખેતીવાડીની નવી પદ્ધતિઓ શીખવવાની જરૂર છે.

"આજે એવા કાર્યકરોની જરૂર છે જેમનામાં ગામડાંને સજીવન કરવા માટેનો વિશ્વાસ હોય. જેઓ નોકરી તરીકે કાર્ય કરતા હોય તેવાની જરૂર નથી. તેઓને ગામડાનો અનુભવ હોવો જોઈએ. એ સમાજનો અભ્યાસ તેમને હોવો જોઈએ. તેઓ સમાજને સમજવા માટે શક્તિશાળી હોવા જોઈએ તેમ જ સખત કામ કરવા માટે તૈયાર હોવા જોઈએ."

જેઓ હવે આંદોલનના કાર્યકર નથી એવા ૫૦ વરસની ઉંમરના એક આદિવાસી કાર્યકર માને છે કે જૂના કાર્યક્રમો નવા સ્વરૂપમાં રજૂ થવા જોઈએ. દાખલા તરીકે જે ભજન મંડળીઓ દ્વારા થઈ શક્યું, તે વિદ્યાર્થીમંડળો દ્વારા થઈ શકે. તેમના મતે આદિવાસીઓમાં હજી જાહેર હિંમત નથી. આદિવાસીઓના બિનઆદિવાસીઓ સાથેના સંપર્ક, ગુજરાતી ભાષા અને સામાન્ય જ્ઞાનનો વિકાસ થવો જોઈએ. આર્થિક નિર્ભરતા માટેના પ્રયત્નો થવા જોઈએ.

તેઓ માને છે કે ખેતીવાડી, ખાદી, ગામડાના ઉદ્યોગો તથા નાના ટેકનિકલ ઉદ્યોગો માટેના કાર્યક્રમો ઘડવાની જરૂર છે. ઘણી બધી આશ્રમશાળાઓ પણ હોવી જોઈએ.

કાર્યકરોના પ્રકાર અંગે તેમણે કહ્યું હતું : "આજના સમય પ્રમાણે હવે સંસ્થાઓએ પણ તેમનાં સ્વરૂપ બદલ્યાં છે. અમે બધા શૈક્ષણિક લાયકાત ધરાવનારા નહોતા. અમે લાગણી અને વિશ્વાસના બળે કામ કરતા. આજે તો લાયકાતવાળા માણસો મેળવવાનું



ફરજિયાત છે. આજે માત્ર લાયકાત ધરાવનારા નવા માણસો જૂના માણસો જેટલું કામ નથી કરતા." સંસ્થાઓ લાયકાતવાળા માણસો દ્વારા ચાલે એવું તેઓ સ્વીકારે છે. પરંતુ લાગણી અને વિશ્વાસવાળા માણસોને તેઓ વધુ પસંદ કરે છે.

લગભગ ૪૦ ની વયના અનુસૂચિત જાતિના એક કાર્યકરે કહ્યું હતું : "કામ કરવાની જરૂર છે. તેમનું બૌદ્ધિકજ્ઞાન વિકસવું જોઈએ. ખેતીવાડી અને વનનું કામ ટેકનિકલ બુદ્ધિથી કરવા માટે તેઓ શક્તિશાળી બનવા જોઈએ. સરકાર અથવા ખાનગી સંસ્થાઓ આ કરી શકે."

લગભગ ૩૦ વરસની ઉંમરના પછાત વર્ગના એક કાર્યકર માને છે કે હવે સાહિત્યિક શિક્ષણની સાથે સાથે ટેકનીકલ શિક્ષણ પણ વધે એ જરૂરી છે. કાર્યકરોના પ્રકાર વિશે તેમણે કહ્યું હતું : "હવે અમે સરકાર સાથે કામ કરતા હોવાને કારણે અમારી સાથે ડિગ્રી ધરાવનારાઓ હોય એ જરૂરી છે, એમ ન હોય તો પણ સમજણવાળા, ભણેલા માણસોની જરૂર તો છે જ. તેઓ સેવાભિમુખ હોવા જોઈએ, તેમણે ગાંધીવાદી વિચારસરણી સમજવી જોઈએ અને તેઓમાં સમાજની બદલાતી પરિસ્થિતિ મુજબ તે વિચારસરણીને સાનુકૂળ કરવાની શક્તિ હોવી જોઈએ. સમાજના બદલાતા બળોને ઓળખીને તેની સાથે અનુકૂળ થવા માટે તેઓ શક્તિશાળી હોવા જોઈએ."

સંગઠનમાં જવાબદારીભર્યું સ્થાન ધરાવતા લગભગ ૪૫ વરસના બિન–આદિવાસી કાર્યકરને લોકો સાથેનો સંપર્ક વધારનારા કાર્યક્રમો જરૂરી લાગે છે. આવા કાર્યક્રમોમાં ગ્રામદાન અને ગ્રામએકતાના કાર્યક્રમોનો સમાવેશ થઈ શકે છે. પરંતુ આવા કાર્યક્રમોને લોકો વધાવતા નથી.

કાર્યકરો અંગેની વાત કરતાં તેમણે ચારિત્ર્યની પવિત્રતાનો તથા લોકો સાથેના વ્યવહારમાં પવિત્રતાનો ઉલ્લેખ કર્યો હતો. વધારામાં તેમણે કહ્યું હતું, "કાર્યકર સખત કામમાં માનતો હોવો જોઈએ. અગાઉના કરતાં શિક્ષણનું ધોરણ પણ ઊંચું હોય એ જરૂરી છે."

લગભગ ૫૩ની વયના એક સ્નાતક કાર્યકર માને છે કે કાર્યકરોને ગરીબો પ્રત્યે સહાનુભૂતિ હોવી જોઈએ. તેમની તંદુરસ્તી સારી હોવી જોઈએ. અને તેઓ સાદું જીવન જીવવાની ઈચ્છાવાળા હોવા જોઈએ. તેમનામાં શૈક્ષણિક લાયકાત હોય તો સારી વાત છે. તેઓ માત્ર ગાંધીજી અને વિનોબામાં માનનારા જ ન હોવા જોઈએ. કામમાંથી ઉદ્‌ભવતું તત્વજ્ઞાન એ જ સારું તત્વજ્ઞાન છે, નહીં કે પુસ્તકોમાંથી સ્વીકારાયેલું.

લગભગ ૫૦ની વયના એક ખૂબ જ જવાબદાર કાર્યકર માને છે કે ખેતીવાડી સુધારણાનો કાર્યક્રમ અત્યંત જરૂરી છે. તેમને લાગે છે કે યુવાનોની શક્તિ હિંસક લક્ષ્યો, બુરાં વ્યસનો તથા જરૂરી કરતાં વધારે મોજમઝા જેવા નુકસાનકારક માર્ગોએ વળી ગઈ છે. આ શક્તિને સાચે માર્ગે વાળવા રમતગમતની પ્રવૃત્તિઓ, પ્રવાસો, ચર્ચાઓ ઉજવણીઓ તથા ગ્રામ સંરક્ષણ એકમો વગેરેની વ્યવસ્થા કરવાનું જરૂરી છે. તેમના મત મુજબ કાર્યકર પ્રામાણિક, લોકો માટે માનવૃત્તિવાળો અને શુદ્ધ ચારિત્ર્યનો હોવો જોઈએ.

સ્ત્રી શિક્ષણના ક્ષેત્રમાં કાર્ય કરતા લગભગ ૫૦ વયના એક કાર્યકર કહે છે કે શિક્ષણાભિમુખ હુન્નરો, ઉદ્યોગો અને ઉત્પાદન જરૂરી છે. આવું શિક્ષણ આપી શકે એવા કાર્યકરોની જરૂર રહેશે.

શિક્ષણના ક્ષેત્રમાં કામ કરતા લગભગ ૩૮ની વયના એક કાર્યકર કહે છે કે આદિવાસીઓમાં હવે ડૉકટરોની, ગામડાના



એન્જિનીયરોની અને ટેકનિશ્યનોની જરૂર છે. કાર્યકરોને આવા કાર્યક્રમો માટે તાલીમ આપવી પડશે. તેઓને આદિવાસીઓ માટે માન અને સ્નેહ હોવાં જોઈએ. જુગતરામે વિકસાવેલી શિસ્તનો તેમણે ભંગ ન કરવો જોઈએ. તેઓ એની ચર્ચા કરીને ભલે ફેરફાર કરે.

લગભગ ૩૯ની વયના બિનઆદિવાસી સ્નાતક કાર્યકર કહે છે : "જૂનું એટલું સોનું નથી. તેથી જૂનાનો નિકાલ કરવો જોઈએ. મોટા માણસો કહે છે કે ખાદીમાં જ સમૃદ્ધિ છે. અમે તેમાં માનતા નથી. તે કાર્યક્રમ ચાલતો આવ્યો હોય તો ભલે ચાલે પરંતુ બધું જ તેનાથી પ્રાપ્ત કરી શકાશે એમ અમે માનતા નથી. આજે તો ખાદી વિના યે વિશાળ અવકાશ છે."

"નવા કાર્યક્રમનો હેતુ બિન–આદિવાસીઓને મળે છે તેવી જ બધી તકો આદિવાસીઓને પણ મળે તે માટેનો હોવો જોઈએ. ખેતીવાડીને લગતાં ઉદ્યોગોનો વિકાસ થવો જોઈએ. તે માટેના અભ્યાસક્રમો દાખલ થવા જોઈએ."

"તેમના પોતાના ક્ષેત્રોમાં કાર્યકરો સારી રીતે તાલીમ પામેલા હોવા જોઈએ. અલબત્ત તેમનામાં સમર્પણ માટેની તૈયારી હોવી જોઈએ."

કાર્યકરોને જ્યારે ભવિષ્યના કાર્યક્રમ અને કાર્યકરો અંગેના તેમના ખ્યાલ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમની પાસેથી કોઈ યોજનાની અપેક્ષા રાખવામાં આવી ન હતી. તેઓ કઈ દિશામાં વિચારતા હતા તે જાણવાની જ અમારી ઇચ્છા હતી.

ભવિષ્યના કાર્યક્રમ અંગે તેઓ ત્રણ ક્ષેત્રોમાં વિચારે છે— આર્થિક, શૈક્ષણિક અને સામાજિક.

એ નોંધવું મહત્ત્વનું છે કે આર્થિક ક્ષેત્રમાં ખાદીને ખાસ

મહત્ત્વ આપવામાં આવતું નથી. આંદોલનના કાર્યક્રમને ખાસ તપાસતી વખતે જોયું હતું તેમ, ખાદી આંદોલનમાંથી પીછેહઠ કરી રહી છે. આંદોલનના શરૂઆતના ગાળામાં ખાદીને જે મહત્ત્વ આપવામાં આવ્યું હતું તેવું ભવિષ્યના કાર્યક્રમમાં આપવામાં આવતું નથી. એના તરફ માત્ર સહિષ્ણુતા દાખવવામાં આવે છે. કારણ કે લાંબા સમયથી એ તેમની સાથે છે અને આવકમાં પૂરક થાય છે.

હવે ખેતીવાડીને મહત્ત્વ આપવામાં આવે છે. ખેતીવાડીમાં ખાતરના ઉપયોગ ઉપર, જંતુનાશક દવાઓ ઉપર, ખેડવાની પદ્ધતિ ઉપર, પંપના ઉપયોગ ઉપર, તેમ જ વિજળી વગેરે ઉપર ભાર મૂકવામાં આવે છે.

ખેતીવાડી ઉપરના ભારની સાથે સાથે બિનખેતી વિષયક વ્યવસાયો વિકસાવવાની જરૂર માટેની જાગૃતિ પણ જણાય છે. તેમનામાં કેટલાક ખેતવાડી ઉપર આધારિત છે તો કેટલાક ખેતીવાડીથી સ્વતંત્ર.

બિન-આદિવાસી ગ્રામ વિસ્તારોમાં સરકાર પણ આ જ કાયક્રમોને પ્રોત્સાહન આપે છે. આ રીતે આદિવાસીઓને બાકીના સમાજ સાથે ભળવાનું થશે.

શૈક્ષણિક કાર્યક્રમને હવે શિક્ષણની સુવિધાઓના વિચારની જરૂર છે. અભ્યાસક્રમની અંતર્ગત સામગ્રીને આર્થિક ફેરફારની દિશામાં ફેરવવાની ભલામણ થઈ છે. અર્થાત્ એ ભલામણ નોકરી-અભિમુખ તથા ઉત્પાદન-અભિમુખ અભ્યાસક્રમો ઉમેરવા માટેની છે. આ વસ્તુનો સ્વીકાર થઈ ગયો છે, અને આંદોલનની શિક્ષણ પ્રથામાં એનો સમાવેશ પણ કરી દેવામાં આવ્યો છે. દરેક વ્યક્તિ માટે ખોરાક અને આરોગ્ય માટેના સમાજશિક્ષણના ટૂંકા ગાળાના અભ્યાસક્રમનો પણ ઉલ્લેખ કર્યો હતો.



કેટલાકે સમાજ સુધારણાના કાર્યક્રમો અપનાવવાની વાત પણ કરી હતી.

જેની નોંધ લેવી અગત્યની છે તે તો કેટલાક, જવાબ આપનારાઓએ કરેલાં, વિશિષ્ટ કથનો છે. એક વ્યક્તિએ કહ્યું કે કાર્યક્રમ ક્રાંતિકારી નથી. બીજાએ કહ્યું જૂનાં મૂલ્યો સાથેનો જૂનો કાર્યક્રમ કામ આપશે નહીં. ત્રીજી વ્યક્તિએ કહ્યું કે જૂનું એટલું સોનું નથી તેથી તેનો નિકાલ કરવો જોઈએ. અસ્પષ્ટ છતાં સામાન્ય ખ્યાલ એવો છે કે આદિવાસીઓને તકની સમાનતા આપવી જોઈએ અને તે માટેની પરિસ્થિતિ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા સર્જાવી જોઈએ. એની પણ નોંધ લેવી જોઈએ કે આ બાબત યુવાન કાર્યકરોમાં વધુ સામાન્ય છે.

ભવિષ્યમાં જે પ્રકારના કાર્યકરોની જરૂર પડવાના છે તેમાં પણ કાર્યક્રમનું પ્રતિબિંબ પડે છે. સામાન્ય માન્યતા એવી છે કે કાર્યકરો 'ભણેલા' અથવા 'ઔપચારિક લાયકાતવાળા' અને ચોક્કસ પ્રકારના કામ માટે તાલીમ પામેલા હોવા જોઈએ. આની સાથે સાથે એવા પ્રકારના કાર્યકરોની જરૂરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જેઓ ઇચ્છાપૂર્વક ગ્રામ જીવનની મુશ્કેલી અને અગવડો વેઠવા તૈયાર હોય અને જેમને આદિવાસીઓ પ્રત્યે સહાનુભૂતિ હોય. સખત કામ કરવાની વૃત્તિ, પ્રામાણિકતા અને ચારિત્ર્યની સામાન્ય પવિત્રતા જેવા ગુણો પર પણ એટલો જ ભાર મૂકવામાં આવ્યો હતો.

જવાબ આપનારાઓએ આવા પ્રકારના કાર્યકરોની અછત વિશે સંમત થતી વેળા એવા કાર્યકરો મળી રહેશે એવી આશા પણ વ્યક્ત કરી હતી.

ભવિષ્યના કાર્યક્રમ તથા કાર્યકરોના પ્રકાર અંગેના

કાર્યકરોના દૃષ્ટિબિંદુઓ રજૂ કરવા પાછળનો ખ્યાલ એ છે કે એમાં આદિવાસી સમાજમાં આવેલા પરિવર્તનનું પ્રતિબિંબ જોઈ શકાય છે કે એમાં આદિવાસી સમાજમાં આવેલા પરિવર્તનનું પ્રતિબિંબ જોઈ શકાય છે કે કેમ ? તેઓ બાહ્ય રીતે કે આંતરિક રીતે આ માનતા હતા કે કેમ તે જોવાની પણ અમારી ઇચ્છા હતી. આ દૃષ્ટિબિંદુઓના સામાન્યપણે બે ખુલાસાઓ છે : આદર્શવાદી અને વાસ્તવવાદી. તેમની અભિવ્યક્તિ થાય ત્યારે તે ખુલાસા ટૂંકા અને પૃથક્કરણાત્મક હોઈ શકે અથવા સમજૂતી આપનારા હોઈ શકે.

જુગતરામનો હેતુ એવી સ્થિતિના નિર્માણનો છે કે જેમાં આદિવાસી પોતે જુદો છે એવું વિચારતો અટકી જાય.

બીજા એક યુવાન કાર્યકર પાયાનું પરિવર્તન અને સર્વ-ક્ષમતાવાદી સમાજ ઇચ્છે છે. અને માને છે કે એ પ્રાપ્ત કરવા માટે અત્યંત ક્રિયાશીલ માણસની જરૂર છે.

ત્રીજું દૃષ્ટિબિંદુ ખેતીવાડી અને ખેતીવાડી ઉપર આધારિત ઉદ્યોગો ઉપર તથા ટેકનોલોજીના વ્યાપ ઉપર ભાર મૂકે છે. કાર્યકરો ખાદી જેવી એક જ આઈટેમને મહત્ત્વ આપી બેસી રહી શકે નહીં. તેઓ વ્યવહારુ દૃષ્ટિવાળા તેમ જ ઉત્પાદન તથા ટેકનોલોજીમાં માનવાવાળા છે.

ચોથું દૃષ્ટિબિંદુ લગભગ ત્રીજાને મળતું છે. ફેર એટલો છે કે એમાં શબ્દાળુતા નથી. ખેતીવાડીની સુધારણા, ગ્રામ ઉદ્યોગો, વિજળીકરણ, યાંત્રિકરણ વગેરે ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

સામાજિક અને સાંસ્કૃતિક ફેરફારના કાર્યક્રમોનો વાતચીતમાં ઘણાયે ઉલ્લેખ કર્યો હતો, કેટલાકમાં એ બાબત અંતર્ગત હતી.



ખૂબ જ મહત્ત્વનું વિધાન એ હતું કે નવા કાર્યક્રમનો જૂનાં મૂલ્યો સાથે મેળ નહીં પડે. કાર્યકરોની બાબતમાં ચારિત્ર્ય, સખત કામ, સાદાઈ, આદિવાસીઓ માટેની સહાનુભૂતિ જેવા અંગત ગુણોનો ઉલ્લેખ કરતી વખતે શિક્ષણ અથવા બાહ્ય લાયકાત ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવ્યો હતો. સમાજવિજ્ઞાનોના જ્ઞાનનો પણ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેમાં વ્યક્તિગત ગુણો અને પગાર વગર કામ કરવાની ઇચ્છા ઉપર ભાર મૂકાયો હોય તેવું એક દૃષ્ટિબિંદુ પણ હતું.

ખેતીવાડી, ઉદ્યોગ, ટેકનોલોજી અને સમાજવિજ્ઞાનોનું જ્ઞાન વગેરેનો સમાવેશ તેમની માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની પ્રથા માટે નવો કે અસંગત ન હતો.

ભૌતિક પ્રગતિનો ખાસ ઉલ્લેખ કરતી વખતે સામાજિક સંબંધો તથા સામાજિક અન્યાય વગેરેનો ખાસ ઉલ્લેખ કરવામાં નહોતો આવ્યો. હા—અપવાદ રૂપે એક વ્યક્તિએ તેનો ઉલ્લેખ કર્યો હતો.

## રાજકીય સંદર્ભ

રાજકીય સંદર્ભે આંદોલનને સતતપણે અસર કરી છે તેથી તેના વિના ભાવિ કાર્યક્રમની ઝાંખીની સમજૂતી અધુરી ગણાય.

તપાસ વખતે નિરીક્ષકે બધાને જ પ્રશ્ન પૂછ્યો હતો કે આંદોલનમાં જોડાયેલાઓએ રાજકારણમાં ભાગ લેવો જોઈએ કે નહીં ? હા, અને ના, ના બે સ્પષ્ટ અભિપ્રાયો મળ્યા હતા.

રાનીપરજ સેવા સભાનું તેમ જ અન્ય સંસ્થાઓનું બંધારણ સ્પષ્ટપણે કહે છે કે તેમને રાજકારણ સાથે સંબંધ નથી.

પરંતુ કેટલાક કાર્યકરો રાજકારણમાં રસ લે છે અને બીજા કેટલાક વ્યક્તિગત રીતે તેમાં ભાગ પણ લે છે. આ કેવી રીતે બન્યું એ જાણવું પણ રસપ્રદ છે. એક કાર્યકર તેનું વર્ણન નીચે મુજબ કરે છે :

"આજ સુધી ૯૦ ટકા કાર્યકરો રાજકારણમાં ભાગ લેતા નહોતા તેથી રાજકર્તાઓ ઉપર એવી છાપ ઊભી થઈ કે આ રચનાત્મક કાર્યકરો અગત્યના નથી. તેમણે રાજકારણમાં રસ લીધો નહીં અને પક્ષનું કામ પણ કર્યું નહીં. બધા જ રચનાત્મક કાર્યકરો કોંગ્રેસમાંથી છૂટા થઈ ગયા હતા. પરંતુ એ વખતે દરેક જણ સમર્પણની ભાવનાથી પ્રેરાયેલો હતો. અને રાજકારણીઓ તેમના તરફ જુએ કે ન જુએ તેની તેઓને ખાસ પડી ન હતી. હા, આંદોલનમાં નવા આવનારાઓને લાગતું હતું કે તેમની અવગણના થાય છે. તેમની લાગણી એવી છે કે 'આપણે પાયામાં રહ્યા છીએ. તેમના ટેકેદારો છીએ અને રાજકીય હેતુ ધરાવતા કાર્યકરો આપણો લાભ લે છે.' પાયાના કાર્યકરોને આમ લાગે છે. જો રાજકારણમાંના આગેવાનોએ આ લોકોને કહ્યું હોત કે અમે તમારા લીધે છીએ અને અમે તમારી અવગણના કરી નથી તો આ રચનાત્મક કાર્યકરોમાંથી કોઈએ પણ રાજકારણમાં રસ લીધો ન હોત. આ પ્રત્યાઘાત ૧૯૫૭ની ચૂંટણીઓ વખતે આવ્યો. તે વખતે જિલ્લા કોંગ્રેસમાં કોઈક હોદ્દો ધરાવતી કોઈ એક વ્યક્તિ જિલ્લા લોકલ બોર્ડના ઉમેદવારો પસંદ કરવા આવી. એમને લાગ્યું કે એની પસંદગી માટે અમારી પાસે ફક્ત 'હા' જ કહેવડાવવા માંગે છે. અમારી અવગણના કરી અમારો ઉપયોગ કરવા માંગે છે. આથી કાર્યકરોએ રાજકારણમાં રસ લેવાનું શરૂ કર્યું. એક કાર્યકરે કહ્યું : "રચનાત્મક કાર્યકરો જો રાજકારણમાં ન પડયા હોત તો લોકોમાં તેમનું વજન ઘટયું ન હોત. રાજકારણમાં જવાને લીધે લોકોનો મત રજૂ કરનારી એક એજન્સી ચાલી ગઈ. ધારાસભાનો સભ્ય આવી એજન્સી નથી, તે પક્ષનો માણસ છે. ધારાસભા લોકોની એજન્સી નથી, એ વાત સાચી છે કે રચનાત્મક કાર્યકરો રાજકારણમાં જવાથી તેમની સંસ્થાઓને અનુદાનની સરળતા થઈ અને આર્થિક બોજો હળવો બન્યો. થોડા જ વખતમાં મુશ્કેલીઓનું નિવારણ થયું, પરંતુ એનો અર્થ એ થયો કે લોકોનો ટેકો ગુમાવ્યો અને કાર્યની ગુણવત્તા ઓછી થઈ."



રાજકીય રીતે સક્રિય એવા એક કાર્યકરે નીચે મુજબ કહ્યું હતું : "કછોલીમાં ગાંધી મેળા વખતે અમારે રાજકારણમાં ભાગ લેવો કે નહીં તે અંગેની ચર્ચા વખતે મેં મારો અભિપ્રાય બદલ્યો અને કહ્યું કે આપણે રાજકારણમાં ભાગ લેવો જોઈએ. જુગતરામ અને બીજા અગત્યના કાર્યકરો તથા અન્ય કેટલાક એ મતના હતા કે આપણે રાજકારણમાં ભાગ ન લેવો જોઈએ. પરંતુ ધીમે ધીમે ઘણા મારા મતને મળતા થતા જાય છે."

બીજા એક કાર્યકર જેઓ એક ગામડામાં સંસ્થા ચલાવે છે તેમણે કહ્યું હતું : "તે વખતે હું સર્વોદયની અસરમાં હતો અને માનતો હતો કે અમારે રાજકારણથી દૂર રહેવું જોઈએ. પરંતુ હવે હું એ માટે તૈયાર છું."

બીજા એક કાર્યકર જેઓ એક જાહેર સંસ્થામાં તથા રાજકારણમાં ઊંચો હોદ્દો ધરાવે છે એમણે કહ્યું હતું : "આજે લોકશાહીમાં સારાને સારું અને ખરાબને ખરાબ કહેવાની શક્તિ ધરાવતી આવી સ્વૈચ્છિક સંસ્થાઓની જરૂર છે. સરકારની ટીકા કરવા માટેની તેમ જ તેની ભૂલો ચીંધી બતાવવા માટેની નૈતિક હિંમત કેળવાય તે માટે અમારા જેવી સંસ્થાઓએ રાજકારણથી દૂર રહેવું જોઈએ. અમે રાજકારણમાં છીએ, કારણ કે અમે રાજકારણ દ્વારા રચનાત્મક કામ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. સંસ્થાઓને રાજકારણમાં ખેંચવી

ન જોઈએ. જો રચનાત્મક સંસ્થાઓ રાજકારણમાં ખેંચાશે તો તેઓ પાયમાલ થઈ જશે.

"અમારામાંના કેટલાક દાવો કરે છે કે અમે રાજકારણમાં નથી. પરંતુ એવું નથી. એનાથી કોઈ પણ અલિપ્ત નથી. શ્રી. અ. મોટી મોટી વાતો કરે છે પરંતુ તેઓ રોજ મને પૂછે છે કોણ ક્યાં નક્કી થયું અને શું બન્યું. તમે શા માટે રસ લો છો? આ રાજકારણ થયું. હું માનું છું કે રાજકારણ એક સાધન છે. રચનાત્મક કાર્યકરોએ એનાથી દૂર ન રહેવું જોઈએ."

બીજા કેટલાક એવા પણ છે કે જેઓ પક્ષાતીત રાજકારણ ચલાવવામાં માને છે. સર્વોદય તરફ ઝૂકેલા કેટલાક કાર્યકરોનું આવું માનવું છે.

હકીકતમાં તો રાનીપરજ સેવા સભાના આગેવાન અને પૂરા સમયના કાર્યકરો રાજકારણમાં સક્રિય છે જ. સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ, સેવા સભા સાથે જોડાયેલી સંસ્થાઓના સભ્યો હતા. તેઓ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી લડયા હતા અને હોદ્દાઓ શોભાવ્યા હતા. એક કાર્યકર તો વિધાનસભાના સભ્ય છે.

આંદોલનના બાહ્ય સંબંધો અંગેનો પ્રશ્ન કાર્યકરોના મનને ઉત્તેજિત કરે છે. રાજકીય સત્તા સાથેના કાર્યકરોના વલણ અંગે હજી કશું નિશ્ચિત થયું નથી. રાજકીય સત્તાને હજુ કેટલાક ખુદ અનિચ્છનીય વસ્તુ તરીકે જુએ છે. આમ છતાં કેટલીક અનૌપચારિક ચર્ચાઓ થાય છે પરંતુ કોઈ ઔપચારિક ચર્ચા થઈ નથી, કદાચ થશે પણ નહીં. એક પરિસ્થિતિ એવી આવશે કે જ્યારે તેઓએ કંઈક નક્કી કરવું પડશે, અને તેનાથી આંદોલનના બાહ્ય સંબંધો અંગેનો



નિર્ણય થશે: પરંતુ સવાલનો જવાબ આપ્યા વિના તેમ જ આ કે તે નિર્ણય લીધા વિના છૂટકો નથી.

# ૮

# સમાપન

## કેટલાંક તારતમ્યો

જેનો આરંભ આદિવાસીઓએ પોતે જ કર્યો હતો એવું આદિવાસીઓમાંનું સામાજિક, આર્થિક સુધારણાનું આંદોલન ગાંધીવાદી કાર્યકરો એ વિસ્તારમાં પહોંચ્યા તે પહેલાં જ કામ કરતું થઈ ગયું હતું. આદિવાસીઓમાં શિક્ષણ લેનારી પ્રથમ પેઢીએ આંદોલનની આગેવાની લીધી હતી. સામાજિક સુધારણા–માંસાહાર અને દારૂતાડીના ત્યાગ–તરફ દૃષ્ટિપાત કરતાં એમ લાગે છે કે તેમની નજર તેમની આસપાસના ઉચ્ચ જ્ઞાતિના સમાજ ઉપર હતી. તેમની પાસે સ્વીકાર અને સમાનતાનો દાવો કરવા માટે સૌએ તેમના જેવા થવાનું હતું. આ સુધારણાના આંદોલનને વ્યાપક બનાવવા માટે 'ગવલી' અથવા દેવી ચળવળ અસરકારક સાધન હતું. આ અસરકારકતાને પિછાની શકનારાઓ આરંભમાં શિક્ષણ લેનારા આદિવાસીઓ હતા. પ્રાથમિક અવસ્થામાં રહેતા લોકોમાં ઔપચારિક પ્રકારના અક્ષરજ્ઞાનના શિક્ષણે ભજવેલી આ ભૂમિકા હતી. એવું બન્યું હશે કે શાળાના શિક્ષકોએ અને કેટલાક દયાળુ અને વિચારશીલ અધિકારીઓએ, ઠેકેદારોએ અથવા જમીન માલિકોએ તેમના વર્તન દ્વારા આદિવાસીઓનાં જીવન વિષયક દૃષ્ટિબિંદુ ઉપર તથા જીવન જીવવાની પદ્ધતિ ઉપર અસર પાડી હશે. તે દિવસોમાં તેઓ ઊંચી જ્ઞાતિના માણસો હતા. તેમણે ભજવેલી ભૂમિકા નકારી શકાય તેમ નથી. એવો પ્રશ્ન

સ્વાભાવિકપણે જ થાય કે ગુજરાતી છઠ્ઠા કે સાતમા ધોરણ સુધી ભણેલા લોકો શું વિચારી શકતા હશે અને શું કરી શકતા હશે ! પરંતુ હકીકત છે કે આ સામાજિક સુધારણાના આંદોલનનો આરંભ એ લોકોએ કર્યો અને તેની આગેવાની પણ તેઓએ જ લીધી હતી. માત્ર ભણતરે ભજવેલા ભાગનો જો અસ્વીકાર કરવો હોય તો ભણેલાઓની પ્રથમ પેઢી વિશેની સમજણ કાંઈ જુદી રીતે આપવી પડશે. ભણતરે ભજવેલા ભાગની કદર બૂઝવા તે વખતના અભ્યાસ-ક્રમની અંતર્ગત સામગ્રી તરફ ધ્યાન આપવું પડે તેમ છે.

ગાંધીવાદી આંદોલન તેમની પાસે પહોંચ્યું તે પહેલાં સામાજિક અને આર્થિક સુધારણાની ઇચ્છા આદિવાસીઓમાં અસ્તિત્વ ધરાવતી હતી. ગાંધીવાદી કાર્યક્રમને આદિવાસી આગેવાનો અને લોકો દ્વારા સારો આવકાર મળ્યો. કારણ કે તે કાર્યક્રમ તેમની ઈચ્છા સાથે બરાબર બંધ બેસતો થતો હતો. ગાંધીવાદી કાર્યક્રમમાં એવું કશું જ ન હતું કે જેનો આદિવાસીઓ વાંધો લઈ શકે. બધું જ સ્વીકાર્ય હતું.

તે દિવસોમાં ગાંધીવાદીઓ ફક્ત એક જ મુદ્દાના, ખાદીના કાર્યક્રમ દ્વારા કામ કરતા હતા. ચરખો અને ખાદી આદિવાસીઓ માટે આર્થિક અપીલના સાધનો હતાં. આ રીતે એકવાર સંપર્ક થયો કે તરત ગાંધીવાદીઓ જેમની સાથે તેઓને અગાઉ સંપર્ક હતો એવા બિન-આદિવાસીઓથી ભિન્નપણે વર્તતા થઈ જતા. તેમનામાંના એકની જેમ તેઓ જીવવાનો પ્રયત્ન કરતા અને તેમના જીવનમાં રસ લેતા. ગાંધીવાદી કાર્યકરોએ ખાદીની સાથે સાથે ઉદાહરણો અને ઉપદેશ દ્વારા આદિવાસીઓમાં એવી વ્યક્તિઓ ઊભી કરી કે જે ખાદી પહેરતી હોય, કાંતતી હોય, શાકાહારી ખોરાક લેતી હોય કે દારૂતાડીથી દૂર રહેતી હોય, રોજ સ્નાન કરતી હોય અને ઘર સાફ રાખતી હોય. આવા માણસો જ તેમનો વારો આવ્યો ત્યારે



ગાંધીવાદી સંદેશના વાહકો બન્યા. વાસ્તવમાં ખાદી પહેરનાર વ્યક્તિ પરિવર્તનનું પ્રતીક બની.

વરંડામાં, ચૂલા પાસેની વાતચીત દ્વારા, સભાઓ અને પરિષદો દ્વારા; ગાંધીવાદી કાર્યકરોએ પરિવર્તન માટેનું એક પ્રકારનું સર્વસામાન્ય વાતાવરણ સર્જ્યું. કંઈક અસ્પષ્ટ અને દૂરના એવા આત્મશાસન અથવા રાજકીય સ્વતંત્રતા માટેના હેતુ માટેની ભાવનાનો એને ટેકો સાંપડ્યો. વાસ્તવમાં આદિવાસી સમાજની બહાર અને બિનઆદિવાસી કાર્યકરોની સાથે બિનસ્થાનિક વિશાળ અને દૂરના મુદ્દાઓમાં આદિવાસીઓને સાંકળનારા કાર્યોની બધી જ તકો ગાંધીવાદી કાર્યકરોએ ઝડપી હતી. આણે આદિ-વાસીઓના દૃષ્ટિબિંદુમાં પરિવર્તન લાવવામાં તથા તેમનામાં આત્મ-વિશ્વાસ જન્માવવામાં સહાય કરી. આ બાબતે તેમના પોતાના સમાજ વિશેની અને બિનઆદિવાસી સમાજ વિશેની આદિવાસીઓની સમજણ ઉપર અસર કરી હશે.

લગભગ ૧૯૨૮થી ૧૯૩૭ સુધી ગાંધીવાદી કાર્યકરોની મુખ્ય પ્રવૃત્તિ રાજકીય પ્રવૃત્તિ હતી. રચનાત્મક કાર્ય સાવ થંભી ગયું નહોતું, પરંતુ રાજકીય કાર્યક્રમે સામાન્ય જાગૃતિનાં જે વ્યાપ અને ઊંડાણ સર્જ્યાં હતાં તેની સાથે તેની ગતિનો મેળ બેસતો નહોતો.

આ દરમ્યાન જુગતરામ દવેએ રચનાત્મક કાર્યક્રમમાં સંસ્થા-કીય શિક્ષણના કાર્યક્રમનો ઉમેરો કર્યો અને તે ખાદીના કાર્યક્રમની સમાંતરે ચાલતો કાર્યક્રમ બન્યો. આ શૈક્ષણિક કાર્યક્રમનો હેતુ ભણતરના વ્યાપની સાથે સાથે પરિવર્તનના સંદેશાનો ફેલાવો કરનારા અને તેને વધુ આગળ લઈ જવામાં તેમ જ દઢ કરવામાં સહાય કરનારા સામાજિક કાર્યકરો આદિવાસીઓમાંથી જ તૈયાર કરવા માટેનો પણ હતો.

૧૯૩૦થી ૧૯૩૯ની વચ્ચે ટૂંકા સમયગાળા દરમ્યાન કોંગ્રેસ જ્યારે સત્તા પર હતી ત્યારે વર્ધાની શિક્ષણ પ્રથાને અપનાવીને વેડછીના શૈક્ષણિક કાર્યક્રમને દૃઢ કરવામાં આવ્યો હતો. આ જ સમયગાળા દરમ્યાન ગણોતધારાએ અને ઋણમુક્તિધારાએ આદિવાસીઓ માટે આર્થિક રીતે લાભકારક પુરવાર થાય એવું કામ ગાંધીવાદી કાર્યકરો માટે ઊભું કર્યું. આ કાર્યક્રમે આદિવાસીઓમાં મિલકત ધરાવવાના સ્તરને મજબૂત કર્યો અને વેડછી આંદોલન માટે ટેકો આપનાર આધાર પૂરો પાડ્યો.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કોંગ્રેસે સત્તાત્યાગ કર્યો, જેમનો પ્રથમ પ્રેમ રાજકીય સ્વતંત્રતા માટેનો હતો એવા ગાંધીવાદી કાર્યકરો રાજકીય આંદોલનના વમળમાં સપડાયા અને આદિવાસીઓ પણ તેમની સાથે ગયા. બધું જ રચનાત્મક કાર્ય ફરીથી ધીમું પડી ગયું. આમ છતાં નીતિની બાબત તરીકે રચનાત્મક કાર્યકરોએ રાજકીય આંદોલનથી અળગા રહેવાનું હતું. અને વ્યવહારમાં તેઓ અળગા રહ્યા પણ ખરા. પરંતુ બ્રિટિશ સરકારે આવો કોઈ ભેદ સ્વીકાર્યો નહિ અને તે સૌની ધરપકડ કરવામાં આવી. તેઓને કેદમાં પૂરવામાં આવ્યા વિખેરી નાખવામાં આવ્યા. આશ્રમો જપ્ત કરવામાં આવ્યા. આમ છતાં આવી મુશ્કેલ પરિસ્થિતિમાં બીજા સ્થળોથી ખાદીનું કાર્ય ચાલુ જ રહ્યું. પરંતુ ચાલીસીની મધ્યમાં ખાદીમાં વ્યાવસાયિક તત્ત્વોનો ઉમેરો થયો. ખાદીનું ઉત્પાદન વધ્યું, છતાં આ નવું તત્ત્વ વેડછીના કાર્યકરોને પસંદ આવ્યું નહીં, કારણ કે એનાથી સારા એવા પ્રમાણમાં ઑફિસ કાર્ય કરવાનો વખત આવ્યો અને તેણે લોકો સાથેના સંપર્કની દિશા બંધ કરી દીધી. ખાદી, જે પહેલાં આત્મસહાય, આત્મનિર્ભરતા અને આત્મ-વિશ્વાસનું સાધન હતી તેને બદલે તેનું ઉત્પાદન રોજી રળવા માટેની વ્યવહારુ પ્રવૃત્તિ બની ગઈ. વાપરનારાઓ માટે પણ રાજકીય અને સામાજિક પરિવર્તનનાં પ્રતીકને બદલે તે એક આર્થિક બાબત અથવા



રોજના ઉપયોગની વસ્તુ બની ગઈ. ૧૯૪૬ સુધીમાં ખાદીમાં પ્રવેશેલું વેપારી તત્ત્વ પડતું મૂકવામાં આવ્યું.

આઝાદીની પૂર્વ સંધ્યાએ, અર્થાત્ ૧૯૪૭ સુધીમાં વેડછી આંદોલને બે સામાજિક આધારો સર્જ્યા હતા :

(૧) જમીન ધરાવતા આદિવાસીઓનું સ્તર, અને

(૨) શિક્ષણ પામેલાં તથા નવા દૃષ્ટિબિંદુ અને આકાંક્ષા-વાળા શિક્ષણાભિમુખ આદિવાસીઓનું એક નાનું પણ ગણનાપાત્ર સ્તર. બીજા સ્તરે પરિવર્તનના વાહક તરીકેની અને પ્રથમ સ્તરે પરિવર્તનના લાભ લેનાર તરીકેની ભૂમિકા ભજવી. જેઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું, તેઓ ઘણું કરીને સારી સ્થિતિ ધરાવતાં આદિવાસી કુટુંબોમાંથી આવ્યા હતા. આનાથી પણ પરિવર્તનને જરૂરી મોભો પ્રાપ્ત થયો. આદિવાસીઓનો વિશાળ સમૂહ એવા વાતાવરણમાં આવ્યો કે જેને કારણે એમનામાં પરિવર્તનની ઇચ્છા જાગે અને તેને તેઓ સ્વીકારવા બહુ ઉત્સુક બને.

એક વાતની નોંધ લેવી જોઈએ કે આદિવાસીઓમાં શિક્ષણ લેનારી પ્રથમ પેઢીએ ગુમાવેલી જમીન પાછી મેળવવાના સ્વરૂપમાં સામાજિક આર્થિક સુધારણાનાં બી વાવ્યાં હતાં. રાજકીય સત્તાના સક્રિય કાર્યક્રમના અધિકૃત એજન્ડા ઉપર આર્થિક સુધારણાની વાત મૂકવામાં આવી હતી. અને તેનો કાયદા સ્વરૂપે આવિષ્કાર થતાં તેની સારી પ્રગતિ થઈ પણ ખરી. સામાજિક સુધારણાનું આંદોલન પણ વેડછી આંદોલનના એજન્ડા ઉપર હતું અને તેનો સ્વીકાર તથા પ્રચાર નવા સ્તરીકરણનાં બે તત્ત્વો : જમીન પ્રત્યે મિલકત તરીકેની આસક્તિ તેમ જ શિક્ષણ સાથે આનુષંગિક હતાં. આદિવાસીઓએ રાજકીય લડતમાં લીધેલા ભાગે પરિવર્તનની ગતિ અને વ્યાપમાં વધારો કર્યો. સક્રિય કે નિષ્ક્રિય પણે રાજકીય આંદોલનમાં ભાગ

લેનાર વ્યક્તિ સમાજ સુધારણામાં પણ એટલો જ ભાગ લેતી હતી. રાજકીય કાર્યક્રમ, આર્થિક કાર્યક્રમ અને સમાજ સુધારણાનો કાર્યક્રમ એ બધા જ એક ભૂમિકામાં ગોઠવાયા હતા. અને એ ભૂમિકાઓ ભજવનારાઓ પણ સ્વતંત્રતા પહેલાં તેના તે જ હતા.

સ્વતંત્રતા પછી એ કાર્યક્રમો અલગ થતા જાય છે. વેડછી આંદોલનની ભૂમિકાનો પ્રદેશ પણ વિશાળ સમાજ સુધીનો બન્યો છે. આંદોલન માટે આનાં અમુક પરિણામો પણ આવ્યાં છે.

રાજકીય સ્વતંત્રતાની પ્રાપ્તિ પછી વેડછી આંદોલનના કાર્યકરોની ભૂમિકામાં પણ પરિવર્તન આવ્યું છે. પહેલાં તેઓ રાજકીય સત્તાના વિરોધીઓ હતા; હવે સહકાર આપનારા થયા છે. નવી ભૂમિકા અને નવી પરિસ્થિતિ સાથે સાનુકૂળતા સાધવામાં થોડી મુશ્કેલીઓ તો છે જ, કદાચ એ આંદોલનના ઉલ્લાસને પણ અસર કરે. પરંતુ આગલા સમયગાળા કરતાં વધારે સિદ્ધિઓની અપેક્ષા આ સમયગાળા દરમ્યાન રાખી શકાય તેમ છે.

શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રોમાં સિદ્ધિઓનું પ્રમાણ મોટું રહ્યું છે. વળી શૈક્ષણિક અને આર્થિક બંને પ્રથામાં આદિવાસી સમાજ વિશાળ સમાજ સાથે વધુ ને વધુ ભળતો જાય છે. આંદોલનના કાર્યકરોના અભિપ્રાયમાં આવેલું પરિવર્તન પાયાનું છે.

ગુજરાતના અન્ય ભાગોની જેમ અહીં પણ વધુ જમીન ધરાવનારા ખેડૂતોનો એક નાનકડો વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે. આ વર્ગ નફાકારક ઉત્પાદન અભિમુખ થતો જાય છે. તે હવે ખાતર સિંચાઈપદ્ધતિઓ, વધારે સારું બિયારણ તથા જંતુનાશક દવાઓના ઉપયોગથી ટેવાતો જાય છે.



આદિવાસીઓ દ્વારા ચલાવાતી જંગલ મજૂર સહકારી મંડળીઓ તથા અન્ય સહકારી મંડળીઓ આર્થિક સંગઠન તંત્રના અગત્યનાં સ્વરૂપો બની રહી છે.

પ્રાથમિક શાળાના શિક્ષકો, કલાર્કો વગેરે પ્રકારની ટેબલ–ખુરશીની નોકરીની ઈચ્છાવાળા ભણેલાઓનું એક સ્તર પણ વિકસી રહ્યું છે. કેટલાક વધુ ભણેલાઓ આદિવાસી વિસ્તારની બહાર સારા હોદ્દાઓ ઉપર કામ કરી રહ્યા છે. તેઓમાં શિક્ષણનું પ્રમાણ એટલી ઝડપથી વધતું જાય છે કે બાકીના ગુજરાતની જેમ ફાયનલ સુધી ભણેલાઓ માટે બેકારીનું જોખમ વધતું જાય છે.

કુશળ અને અકુશળ મહેનત–મજૂરીનું કામ કરનારા આદિવાસીઓ ગુજરાતના શહેરી વિસ્તારોમાં કામ કરી રહ્યા છે. જમીન, વ્યવસાય અને શિક્ષણ ઉપર આધારિત એવા સ્તરીકરણનો ફેરફાર આદિવાસી સમાજમાં આવી રહ્યો છે.

આદિવાસીનાં મૂલ્યો, માન્યતાઓ અને વ્યક્તિત્વમાં થયેલા ફેરફારો પણ એટલા જ અગત્યના છે. આદિવાસી વધુ આત્મવિશ્વાસ અને વધુ આત્મસન્માનવાળો બનતો જાય છે. શિક્ષણ, સ્વચ્છતા, શારીરિક આરોગ્ય અને પૈસા તેમને માટે મૂલ્યો બનતા જાય છે. આ બાબતોમાં પણ ગુજરાતના બાકીના ખેડૂત વર્ગથી તે જુદો નથી.

જે બદલાયા તે બધા ગાંધીવાદીઓ થયા છે એવું નથી. ગાંધીવાદી વિચારસરણીને અભિમુખ એવો એક વર્ગ છે. પરંતુ બીજો એક વર્ગ એવો પણ છે જે સમકાલીન શહેરી જીવનપદ્ધતિ તથા વર્તન તરફ અભિમુખ છે. ભવિષ્યના કોઈપણ કાર્યક્રમે આ સામાજિક તફાવતને લક્ષમાં રાખવાનો રહેશે.

## આ ફેરફારના સૂચિતાર્થો આંદોલન માટે શા છે?

રાજકીય સંદર્ભમાં આવેલા ફેરફારથી, આંદોલનના કાર્યક્રમ, સંગઠન અને કાર્યકરોને અસર પહોંચી છે. કાર્યક્રમો મોટેભાગે સરકારી કાર્યક્રમો બની ગયા છે. ખાસ કરીને તેમની પ્રવૃત્તિઓના સૌથી મોટા ક્ષેત્ર સમો શૈક્ષણિક કાર્યક્રમ વગેરે મોટે ભાગે સરકારની મંજૂરી પામેલા અને સરકારની નાણાંકીય સહાય મેળવતા કાર્યક્રમો થઈ ગયા છે. ઘણા કિસ્સાઓમાં કામે વળગેલા માણસો સરકારના અથવા પંચાયતના નોકરો બની ગયા છે. કેટલાક કિસ્સાઓમાં વેડછીના કોઈ એક સંગઠનના કદાચ તેઓ કાર્યકરો રહી શકે, પરંતુ બધા જ કિસ્સાઓમાં તેમની ભરતી સરકારી ધારાધોરણ મુજબ થાય છે અને તેમનું નિયમન પણ સરકારના નિયમો મુજબ થાય છે. કદાચ એવું બને ખરું કે તેમના આંદોલનની અસર હેઠળ આવેલાઓની તેઓ ભરતી કરે પરંતું સ્વતંત્રતા પહેલાંના સમયગાળાના આદર્શવાદ અને હેતુઓવાળી 'સ્વૈચ્છિક' ભરતી હવે રહી નથી. એમાંનો કાર્યકર આધુનિક કોઇપણ સંસ્થામાં કાર્ય કરતા પગારદાર નોકર બની જેવો પગારદાર નોકર રહ્યો છે.

ખુદ વેડછી આંદોલનમાં પણ રાનીપરજ સેવા સભા નામે ઓળખાતું નોંધાયેલું મંડળ કેન્દ્રીય સંગઠન તરીકે કામ કરે છે. એની સાથે જોડાણ પામેલી બીજી ઘણી સંસ્થાઓ છે. પરંતુ સભાની નીતિ પણ દરેક કાર્ય માટેના અલગ સંગઠન તથા સંસ્થાઓના વિકેન્દ્રીકરણની છે. દરેકને પોતાની નોખી હસ્તી અને કાર્યક્ષેત્ર છે. સંસ્થાકીય જીવન આશ્રમ જીવનથી દૂર ભલે ન જતું હોય, પરંતુ આશ્રમ જીવનની અસર ઓછી ને ઓછી થતી જાય છે. તેમાંની એક સંસ્થા નાણાં માટે સરકાર પર આધાર રાખે છે અને અમુક મર્યાદા ધરાવતા કોઈપણ આધુનિક ઔપચારિક મંડળ જેવી બનતી જાય છે.



અમુક ખાસ પ્રકારનું કાર્ય કરનાર તેમ જ શૈક્ષણિક લાયકાત ધરાવનાર કાર્યકરોની જરૂર વધી જાય છે. આંદોલનની સંસ્થાઓમાં તાલીમ પામેલાઓમાંથી તેમની વિચારસરણી અને શિસ્તને સમર્પિત થયેલા બધા કાર્યકરો કદાચ ન પણ મળે. તેમની સંસ્થાઓમાં તાલીમ પામેલાઓમાં પણ નોકરી માટે વિશાળ સમાજમાં જવાનું વલણ દ્વિમાર્ગી વ્યવહાર સ્થાપી આપે ત્યાં સુધી સામાજિક રીતે ઈચ્છનીય છે. પરતુ આંદોલન માટે તો આનો અર્થ એ થાય છે કે સ્વતંત્રતા પહેલાંના સમયગાળામાં કાર્યકરોના દૃષ્ટિબિંદુઓ અને હેતુઓ વચ્ચે જે એકવાક્યતા દૃષ્ટિગોચર થતી હતી તે હવે અદૃશ્ય થતી જાય છે.

આંદોલનનાં વિવિધ ઘટકોમાં આ પ્રકારનું પરિવર્તન આવ્યું તેથી આંદોલતના મૂળ સ્વરૂપ અને આભાનો હ્રાસ કરનારી, સ્થગિત થયેલી અને પરિપાટીમાં સરી પડેલી પ્રવૃત્તિઓનું પ્રમાણ વધતું જતું હોય તેમ લાગે છે. તેના ઉદ્દેશો પૂર્ણ કરવામાં આંદોલન પોતે ખોવાઈ ગયું છે. પ્રવૃત્તિઓ ચાલી રહી છે, પરંતુ આંદોલન મરી ગયું હોય એવું દેખાય છે. જે બની રહ્યું છે તે અંગેની અર્ધસભાનતા કાર્યકરોમાં જણાય છે. આનું કોઈ સ્પષ્ટ નિદાન ન હોવા છતાં સરકાર સાથેના તેના સંબંધને કેન્દ્રમાં રાખીને વિચારણા ચાલે છે. હાલ જણાય છે તે મુજબ તો નાણાં માટેનું સરકાર સિવાય બીજું કોઈ સાધન નથી. આથી જો તેમણે સરકાર ઉપર આધાર રાખવાનો હોય તો સરકારે તેમના તરફ અને તેઓએ સરકાર તરફ સહાનુભૂતિભર્યું વલણ રાખવું ઘટે. પરંતુ આની ખાતરી આપી શકાય નહીં. આ માટે તેઓએ રાજકીય પ્રક્રિયાઓમાં ભાગ લેવો જોઈએ કે નહિ? આ પ્રશ્નના જવાબમાં એકવાક્યતા નથી. એક વલણ મુજબ રાજકીય સત્તા પરિવર્તન માટે યોગ્ય સાધન નથી. બીજું દૃષ્ટિબિંદુ તેને પરિવર્તનના સાધન તરીકે પ્રયોજી શકાય તેવી શ્રદ્ધા ધરાવે છે. આ દૃષ્ટિબિંદુઓમાં થોડો ફેરફાર આ રીતે

કરી શકાય કે મંડળોને રાજકારણની બહાર રાખવાં અને સત્તાનો ઉપયોગ પરિવર્તન માટે કરવો.

આ લાઈન ઉપર કાર્યકરોમાં હજી ભાગલા પડયા નથી. જ્યારે ભાગલા પડશે ત્યારે પણ તેઓ એકબીજા સાથે યુદ્ધની પરિસ્થિતિમાં મુકાવાના નથી. આનું પહેલું કારણ એ છે કે હજી દષ્ટિબિંદુની એકવાકયતા છે અને બીજું કારણ એ છે કે અંતિમવાદીઓમાં અને ઉદારમતવાદીઓમાં આંદોલન માટેનો જે વિરોધ દેખાય છે તેની સામે તેઓએ ભેગા ઊભું રહેવું પડશે અથવા નષ્ટ થવું પડશે. મૃતઃપ્રાય બનતા જતાં આંદોલનને ફરી ચેતનવંતુ બનાવવા માટે કાર્યકરોને ત્રણ રસ્તા દેખાય છે : શુદ્ધ ગાંધીવાદ, ગાંધીવાદી-ઉદારમતવાદ અને શુદ્ધ ઉદારમતવાદ.

વેડછી આંદોલનનો આરંભ થયો ત્યારે તેણે જે પરિસ્થિતિનો સામનો કરવો પડયો હતો તે પરિસ્થિતિનો તો નહીં પરંતુ તેના જેવી અન્ય પરિસ્થિતિનો તે હમણાં સામનો કરી રહ્યું છે. આંદોલન માટેનો ધક્કો આદિવાસી વિસ્તારની બહારથી તેમ જ રાજકીય આંદોલનમાંથી આવ્યો. આ રાજકીય આંદોલન માત્ર રાજકીય સત્તા હસ્તગત કરવા માટે નહોતું, પરંતુ તે સત્તાનો ગાંધીવાદી પદ્ધતિએ સમાજના પુનર્નિર્માણ માટે ઉપયોગ પણ કરવા માંગતું હતું. તે વખતના આદિવાસી સમાજને આ માફક આવ્યું. પુનર્નિર્માણ માટેના વિરોધી દષ્ટિબિંદુઓ પણ ત્યારે નહોતાં. આજે આવાં વિરોધી દષ્ટિબિંદુઓ છે અને આદિવાસી સમાજ પણ સામાજિક અને સાંસ્કૃતિક રીતે તે વખતના જેવી સમાનતા ધરાવતો નથી. આજે સામાજિક મતભેદો છે, પરસ્પર સંકળાયેલાં હિતો છે, આકાંક્ષાઓ છે અને વલણો છે. આ બધાં પરિબળો સામાજિક પુનર્નિર્માણ અને કાર્યક્રમની જુદી જુદી વિચારસરણી અને ખ્યાલોને જુદી જુદી રીતે અસર કરી શકે તેમ છે. કાર્યની પદ્ધતિએ તથા કાર્યના સંગઠને આ નવી પરિસ્થિતિ



સાથે એકરાગિતા કેળવવી પડશે.

વેડછી આંદોલન સ્થગિતતાના એક બિંદુએ આવીને ઊભું છે. ખરેખર તો તે ત્રિભેટે આવી ઊભું છે તેમ કહી શકાય. આનું કારણ તેની નિષ્ફળતા નહીં પણ સફળતા છે. આદિવાસીઓમાં થયેલી શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિ દ્વારા રાજકીય આંદોલન સાથેના એના એ અનુસંધાન દ્વારા અને છેલ્લાં ૨૦ વરસ દરમ્યાન સરકાર સાથેના સહકાર દ્વારા તેણે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તે તેની જ્વલંત સફળતાની સાક્ષી પૂરે છે. એણે વિશાળ સમાજ સાથેના આદિવાસી સમાજના ઔપચારિક અને કાનૂની એકીકરણને આધાર આપ્યો છે, એકીકરણના માર્ગને સરળ બનાવ્યો છે અને એ પ્રક્રિયાની ગતિને ઝડપ આપી છે. જેના પર ધ્યાન આપવાની જરૂર છે તે બાબત એ છે કે આવું એકીકરણ જેટલી સમસ્યાઓ હલ કરે છે તેનાથી વધારે સમસ્યાઓ સર્જે છે. આ સમસ્યાઓ એકીકરણ પૂર્વેની સમસ્યાઓ હોતી નથી. આ સમસ્યાઓની વિચારણાની દષ્ટિએ નહીં કે નિષ્ક્રિયતાની દષ્ટિએ, આંદોલન સ્થગિત થઈ ગયેલું જણાય છે, વિચારોની જીવંતતાની દષ્ટિએ પણ આંદોલન સાવ નિષ્ક્રિય છે એમ ન કહીશકાય. સક્રિય વિચારણા તો ચાલે છે. માત્ર નિર્ણય લેવાતો નથી.

નવી સમસ્યાઓના મુખ્ય બે સ્રોત છે :

(૧) ગુજરાત અને સમગ્ર ભારતના સમાજમાં પરિવર્તન, અને

(૨) આદિવાસી સમાજમાં પરિવર્તન.

વિશાળ સમાજની, અગાઉના કરતાં વધુ સબળ, અસર હવે આદિવાસી સમાજ ઉપર પડે છે. આદિવાસી સમાજ પણ આજે એને સ્વીકારવા અગાઉના કરતાં વધુ તૈયાર છે. આને માટે વેડછી આંદોલનનો આભાર માનવાનો રહે છે. જેનો ખ્યાલ રાખવાની

જરૂર છે તે એ છે કે આદિવાસી સમાજ હવે બીજા અને નવા પરિવર્તનના તબક્કામાં પ્રવેશી રહ્યો છે. જો વેડછીની પ્રવૃત્તિઓ એક આંદોલન તરીકે ચાલુ રહેવા માંગતી હોય, બીજા તબક્કાના પરિવર્તનમાં અસરકારક બની રહેવા ઈચ્છતી હોય અને તેના પહેલા તબક્કાની સફળતાને આગળ લઈ જવા માંગતી હોય તો તેઓએ એ ધ્યાન રાખવાનું રહેશે કે તેઓ ૫૦ વરસ પહેલાંના આદિવાસી સમાજ સાથે કામ નથી પાડી રહ્યા. જેના નિર્માણમાં આંદોલને બહુ જ રચનાત્મક ભાગ ભજવ્યો છે એવો આ નવો સમાજ છે. સામાજિક રીતે, સાંસ્કૃતિક રીતે અને માનસિક રીતે એ વધુ બદલાયેલો સમાજ છે.

વેડછી આંદોલને તેની વિચાર સરણીને આ નવી ઘટના સાથે ગોઠવવાની જરૂર રહેશે. એનું પણ ધ્યાન રાખવાનું રહેશે કે પરિસ્થિતિ ભૂતકાળના જેવી નથી. આજે તો વિરોધી વિચારસરણીઓ પણ આવી છે. તેના તરફ પણ આદિવાસીઓનું ધ્યાન ખેંચાય છે. જોકે આ જિલ્લાના આદિવાસીઓએ હજી તેનો સ્વીકાર કર્યો નથી. આનું કારણ આ વિચારસણીઓમાં રહેલું કોઈ સેતાની તત્ત્વ નહીં, પરંતુ આદિવાસી સમાજમાં આવેલું પરિવર્તન છે. તેઓ તેમની સામાજિક વસ્તુસામગ્રીને રાજકીય પક્ષો દ્વારા પીરસી રહ્યા છે. સમગ્ર ભારતમાં બની રહેલી આ ઘટના છે જે આદિવાસી સમાજને પણ ઘેરી રહી છે. આદિવાસી સમાજ ઉપર સૂર્યને પ્રકાશતો અટકાવી શકાય તો જ આ વસ્તુને અટકાવી શકાય. જો વેડછી આંદોલન રાજકરણનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરે તો તેણે પોતાના અસ્તિત્વનો અને વિકાસનો પણ ત્યાગ કરવો પડે. આંદોલનની સફળતામાં સ્વતંત્રતા પહેલાંના અને સ્વતંત્રતા પછીના રાજકીય જોડાણે, નિસ્વાર્થ કાર્યકરોની ટુકડી જેટલો જ મોટો ફાળો આપ્યો છે. ગાંધીજીએ તેમના ભવિષ્યના ભારતીય સમાજના વિચારને તેનાથી વધુ સુદૃઢ



અને નિશ્ચિત એવા ભવિષ્યના ભારતીય રાજ્યના વિચાર સાથે જોડયો હતો. આથી તો સ્વરાજ્ય માટે જ્યારે પણ યુદ્ધ કરવાનું આવતું, ત્યારે આંદોલનના કાર્યકરો બીજું બધું જ બાજુએ મૂકી દેતા. આદિવાસીઓ આ લડતમાં સામેલ થયા તેનાથી તેમના એકીકરણ માટે જે કાંઈ થયું તે પછીથી શિક્ષણ અને કાનૂન દ્વારા થયેલા એકીકરણથી ઓછું મહત્ત્વનું નથી. સમાજને સિદ્ધ કરવા માટેના પ્રયત્નોને રાજકીય આંદોલન સાથે સાંકળવું એ કઈ રીતે અનૈતિક અને અનિચ્છનીય ગણાય એવો પ્રશ્ન વેડછી આંદોલન સામે આવી ઊભો છે.

## પુરવણી

આ નિબંધ પાંચ વર્ષ પહેલાં ડિસેમ્બર, ૧૯૬૯માં પૂરો થયો. આ એક નાનકડો અભ્યાસ છે—વેડછીમાં થયેલી સર્વોદય ચળવળનો અભ્યાસ વેડછીમાં જે પરિબળોએ કામ કર્યું, જે પ્રશ્નો ઊભા થયા અને જે પરિણામો આવ્યાં તે અખિલ ભારતીય સર્વોદય ચળવળને પણ લાગુ પડે છે. આ પાંચ વર્ષોમાં (૧૯૬૯–૭૪) જે કંઈ બન્યું અને ખાસ તો છેલ્લાં બે વર્ષોમાં, તે આ અભ્યાસમાં વ્યક્ત થયેલા દૃષ્ટિબિન્દુ ને સમર્થન આપે છે. અને આ દૃષ્ટિબિંદુ તે એ કે, સુધારાની ચળવળે જેમ કરવું જ પડતું હોય છે તેમ આ ચળવળે પણ કયાં તો સ્વાભાવિક મૃત્યુ વહોરી લેવું જોઈએ, કયાં તો ફરી નવચેતન પ્રાપ્ત કરવા માટે રાજકારણ સાથે સંબંધ જોડવો જોઈએ.

સર્વોદય ચળવળની અખિલ ભારતીય સંસ્થા સર્વ સેવા સંઘ સ્પષ્ટપણે બે વિભાગમાં વહેંચાઈ ગયેલ છે. એક વિભાગ ખુલ્લી અને સીધી રીતે પોતાને રાજકારણ સાથે સાંકળે છે, બીજો વિભાગ ગુપ્ત અને આડકતરી રીતે તેમ કરે છે. તેઓ તેમની આ



સામેલગીરીને ભલે લોકશક્તિ તરીકે, ભ્રષ્ટાચાર સામેની ચળવળ તરીકે, સત્તાના કેન્દ્રીકરણ સામેની ચળવળ વગેરે તરીકે વર્ણવે પરંતુ સાચી બાબત એ છે કે તેઓ બિન–રાજકીય કયારેય નહોતા. અને રાજકારણથી સંપૂર્ણ મુક્ત તો જરાય હતા જ નહીં. આઝાદી બાદ તેઓ વિરોધના રાજકારણમાંથી બદલાઈને સહકારના રાજકારણ તરફ વળ્યા. અને મોટે ભાગે તો ભાગીદારીના રાજકારણ તરફ વળ્યા. હવે તેઓ રાજકારણ સાથેના સંબંધની શરતો બદલી નાખવા માગે છે. તેઓ તેમના સહકારની અથવા ભાગીદારીની કિંમત માગે છે.

વેડછીમાં આ પ્રક્રિયા વહેલી આરંભાઈ એવું વેડછી ચળવળના કાર્યકરોની વિચારણામાંથી જોઈ શકાય. તેઓમાંના કેટલાક ભ્રમમાં રહ્યા નહીં અને સીધા જ સરકારમાં જોડાયા. તેઓ અખિલ ભારતીય સંસ્થા કરતાં પ્રમાણમાં વહેલા અને વધારે સાચા ઠર્યા.

૧૯૬૯માં કોંગ્રેસના ભાગલા પડયા ત્યારથી તેમની દ્વિધા આરંભાઈ. એક અથવા બીજી કોંગ્રેસ તરફના તેમના વ્યક્તિગત વલણ મુજબ તેઓ વહેંચાવા લાગ્યા. ૧૯૭૪ના ગુજરાતની નવનિર્માણની ચળવળ વખતે ઘણી તીવ્ર પરિસ્થિતિ ઊભી થઈ. જે કોન્ગ્રેસે તેમને ટેકો આપ્યો અને જે કોંગ્રેસને તેમણે ટેકો આપ્યો તેના કેટલાક ટુકડાં થયા. નવનિર્માણ ચળવળને જુગતરામ દવેએ (ખાસ કરીને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં) ખાસ સ્વરૂપે જમીનવિહોણા

મજૂરો સામેની અને સામાન્ય સ્વરૂપે આદિવાસીઓ સામેની ચળવળ તરીકે ઘટાવી.* વેડછી ચળવળના કોંગ્રેસ (ઓ)ના ટેકેદારોએ જુદું દૃષ્ટિબિંદુ અપનાવ્યું અને તેઓએ બળ પણ મેળવવા માંડયું. બળોનું આ જોડાણ ચળવળના દરેક વિભાગને જાણીતું હતું. તેમની સભાઓમાં ઘણો કાદવ પણ ઊછળતો. ભ્રષ્ટાચારના, નાણાંકીય તથા અન્ય અનીતિઓના આરોપો દરેક વિભાગની વ્યક્તિઓ ઉપર લગાવવામાં આવતા. પરંતુ તેઓ એક મુદ્દા પર સંમત થયા કે જેઓ રાજકરણમાં સક્રિય છે તેઓએ સંસ્થાઓના હોદ્દાઓની ચૂંટણીમાં ભાગ લેવો નહીં. એટલે કે રાનીપરજ સેવા સભામાં. પરિણામે જેઓ ખુલ્લી રીતે રાજકારણમાં હતા તેઓને દૂર કરાયા. અને તેઓ મોટે ભાગે કોંગ્રેસ (આર)ના ટેકેદારો હતા. કોંગ્રેસ (ઓ) પક્ષનો હાથ સંસ્થામાં ઉપર રહ્યો. સ્પષ્ટપણે આ પક્ષીય રાજકરણ હોવા છતાં તેઓ બિન-રાજકીય હોવાના ભ્રમને પોષતા રહ્યા છે.

બિહારની ચળવળ તો હવે ખુલ્લી રીતે ચૂંટણી માટેની જ ચળવળ છે. કોંગ્રેસ (ઓ) વાળા તેને ટેકો આપે જ કારણ કે તે કોંગ્રેસ (આર) સામેની ચળવળ છે. કોંગ્રેસ (આર) વાળા ઈર્ષ્યા-પ્રેરક નહીં એવી સ્થિતિમાં છે. તેઓએ તેમના રાજકીય પક્ષને ટેકો આપવો જ પડે. પરંતુ પોતાના પક્ષની સામેના બિહાર ચળવળે ઊભા કરેલા નૈતિક મુદ્દાઓને પણ તેમણે ટેકો આપવો પડે છે. જેઓ બિન-રાજકીય હોવાના ભ્રમને પોષે છે તેમની મુસ્કેલી વધારે છે.

* 'આંદોલનનાં ભયસૂચક કાંટા', 'વટવૃક્ષ' મે, ૧૯૭૪ પાનું— ૩.



વેડછી ચળવળ સામેનો મુદ્દો પુર્વ-આઝાદી કાળમાં હતો તે જ છે. રાજકીય લડત તેમની પ્રાથમિક પ્રવૃત્તિ છે કે કહેવાતી રચનાત્મક પ્રવૃત્તિ? અભિગમ સ્પષ્ટ છે. પોતાના પ્રાથમિક હિત તરીકે તેઓ રાજકીય પ્રવૃત્તિઓની ફરતે, તેવું કહ્યા વિના પણ ફરી રહ્યા છે. તેઓ એવું કહેતા નથી. કારણ જો તેઓ એવું કહે તો, રાજકીય સત્તા શા માટે? એવા પ્રશ્નનો જવાબ તેમણે આપવો પડે. પુર્વ-આઝાદી કાળમાં જવાબ સ્પષ્ટ હતો. અને તે એ કે પરદેશી રાજને હટાવવા માટે. પરંતુ હવે જવાબ એટલો સરળ નથી. સર્વોદયના બે પ્રવાહના મૂળ માણસો જયપ્રકાશ નારાયણ અને વિનોબા ભાવે પણ તેમની કલ્પનાના સમાજના સામાજિક-આર્થિક પ્રકાર વિશે કશું ચોક્કસતા-પૂર્વક કહેવા સમર્થ નથી. આ પળે તેમની સ્થિતિ તદ્દન સરળ છે. રાજ્યકર્તા કોંગ્રેસ પક્ષ બધાં અનિષ્ટોનું મૂળ છે. એ પક્ષને ચલાવનાર અને બળ પુરું પાડનાર ઇંદિરા ગાંધી છે. આથી ઇંદિરાને હટાવો અને બીજું બધું બરાબર થઈ જશે. ઇંદિરા ગાંધીને સામ્યવાદીઓનો ટેકો છે. આથી સામ્યવાદીઓ સામે ચળવળ ચલાવો. આમ જયપ્રકાશ નકારાત્મક સૂત્ર વડે સામ્યવાદ વિરોધી ચળવળને ટેકો આપવાના પ્રયત્ન કરી રહ્યા છે. કયા પ્રકારનો સમાજ જોઈએ છે તેના રચનાત્મક ખ્યાલ વિનાનો સામ્યવાદનો વિરોધ એટલે એની એ જ સ્થિતિ, અર્થાત્ મૂડીવાદી સમાજ. પરંતુ તેઓ મૂડીવાદનો પણ વિરોધ કરે છે. તો પછી તેમને જોઇએ છે શું? જ્યાં સુધી આ બાબત સ્પષ્ટ ન થાય ત્યાં સુધી વાસ્તવમાં એનો અર્થ એની એ જ સ્થિતિનું સમર્થન કરવું એવો થાય. વિનોબા મૌનમાં

સરકી ગયા છે.

સામ્યવાદનો વિરોધ અને સામ્યવાદ વિરોધી સૂત્ર સામાન્ય સ્વરૂપમાં ગુજરાત માટે અને ખાસ સ્વરૂપે વેડછી માટે અપ્રસ્તુત છે. જો કે ગુજરાતી છાપાંઓ આ વાતથી ભરેલાં હોય છે. વેડછી વિસ્તારમાં દ્વિધા જુદા પ્રકારની છે. વેડછીના કાર્યકરો, તેમનામાંના આદિવાસીઓ સહિત મધ્યમ વર્ગના છે. આ આદિવાસી કાર્યકરો મૂળભૂત રીતે ગરીબ વર્ગના હતા. પરંતુ તેઓ પણ હવે ઉપર તરફ ગતિ કરતા અને ઉપર તરફ જોતા મધ્યમ વર્ગમાં આવી ગયા છે. આથી સામ્યવાદનો વિરોધ તેઓને જચ્યો. પરંતુ તેઓ તેમના મતોનું બળ ગરીબ લોકોમાંથી મેળવે છે. તેઓને આપવા તેમની પાસે વધારે ડાબેરી સૂત્રો સિવાય શું છે? પરંતુ તેઓ વધારે પડતા ડાબેરી થઈ શકે નહીં, નહિતર તેઓ સામ્યવાદીઓનો ખિતાબ પામે.

વેડછી ચળવળને ગાંધીવાદી અને પછીથી સર્વોદયવાદી ચળવળ તરીકે લાગેવળગે છે ત્યાં સુધી એનો હેતુ સિદ્ધ થઇ ચૂક્યો છે. એ ફરીથી નવચેતન પામી શકે નહીં. એ સામાન્ય પ્રવાહના રાજકારણમાં બહુ ઝડપથી પરિવર્તિત થઈ રહી છે.

તા. ૨૫-૩-૧૯૭૫ —આઈ. પી. દેસાઇ